
વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-
વર્ષ : ૪૩મું
ડિસેમ્બર - ૨૦૧૮
અંક : ૪૮૭
મંગલ મંદિર ● ડિસેમ્બર-૨૦૧૮ ● ૧
(કુલ પાના : ૭૮)

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર




: મુખ્ય કાર્યાલય :
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુમીમવાલા)
**શ્રી કચ્છી જૈન ભવન**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060
Email : kjssmangalmandir@gmail.com • website : www.kuthijainahd.org


A NAVNEET PRODUCT
EVERYBODY HAS IDEAS.
HERE'S ALL YOU NEED TO GIVE THEM SHAPE.
Ask for the cool range of Youva stationery at a bookstore near you.
HQ
NOTE BOOK
DRAWING BOOK
LONG BOOK
PRACTICAL BOOK
GEOMETRY BOX
DOUGH
STRIPES PENCIL
TEMPERA COLOURS
OIL PASTEL

**DEEP Industries Limited**

**Oil & Gas Exploration Production & Services**





- EXPLORATION AND PRODUCTION OF OIL AND GAS BLOCKS
- EXPLORATION AND PRODUCTION OF COAL BED METHANE
- NATURAL GAS COMPRESSION SERVICES
- OIL & GAS PROCESSING EQUIPMENT
- WORK OVER AND DRILLING RIGS
- HIGH PRESSURE MOBILE AIR COMPRESSION
- NATURAL GAS BASED POWER GENERATION
- GAS DEHYDRATION UNIT

• CONTACT DETAILS •

**Deep Industries Limited**

**Address :** 12A & 14, Abhi Shree Corporate Park,
Ambli Bopal Road, Ambli, Ahmedabad-380 058, Gujarat, INDIA.
**Phone # :** +91-2717-298510 **Fax # :** +91-2717-298520
**Website :** www.deepindustries.com **E-mail :** info@deepindustries.com



# પુષ્પાંજલિ

## સ્વ. મધુબેન જીતેન્દ્ર ચંદુલાલ શાહ

**અરિહંતશરણ**
**તા. ૬-૪-૨૦૧૮**

સેવા જેમની સાધના, ત્યાગ જેમનો વ્રત, કરૂણા જેમનો કર્મ, સાદગી જેમનો સ્વભાવ,
કુટુંબ પ્રત્યે વાત્સલ્ય, સૌ પ્રત્યે સ્નેહ સદ્ભાવના.
એવા કર્મયોગી વડીલના પ્રેમ અને પરિત્યાગ કદી નહીં ભૂલાય.
આપ જીવન એવું જીવી ગયા કે, આપની પ્રેમાળ છબી સદાય સ્મૃતિમાં રહેશે.
આપના પુનિત આત્માના પુરૂષાર્થની છે ખાત્રી,
સદ્ભાવના થકી આપ નિશ્ચયે બન્યા હશો મોક્ષમાર્ગના યાત્રી

**લિ.**

| | | | |
|---|---|---|---|
| સ્વ. ચંપકબેન ચંદુલાલ શાહ | (સાસુ - સસરા) | અ.સૌ. હંસાબેન મહેશભાઈ શાહ | (દેરાણી - દેર) |
| સ્વ. લીલાવંતીબેન કાંતીલાલ શાહ | (માતા - પિતા) | શ્રી પ્રકાશભાઈ ચંદુલાલ શાહ | (દેર) |
| અ.સૌ. ચંદ્રાબેન ચંદ્રકાંતભાઈ શાહ | (જેઠાણી - જેઠ) | અ.સૌ. હર્ષાબેન બીપીનભાઈ શાહ | (દેરાણી - દેર) |
| અ.સૌ. જયાબેન હિંમતલાલ શાહ | (જેઠાણી - જેઠ) | અ.સૌ. મૈત્રીબેન કપીલભાઈ શાહ | (પુત્રવધુ - પુત્ર) |
| શ્રી જીતેન્દ્રભાઈ ચંદુલાલ શાહ | (પતિ) | અ.સૌ. મમતાબેન હીરેનભાઈ શાહ | (પુત્રી - જમાઈ) |

દા. ખુશ કપીલભાઈ શાહ (પૌત્ર)

**મુંબઈ - ભુજ**

છેલ્લા ૪૨ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchijainamd@gmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી**

પ્રતાપ નારાણજી દંડ

***અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.***

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

***– મુખ્યતંત્રી***

# અનુક્રમણિકા

**તંત્રી લેખ :**

- ભારતનો અવકાશ ક્ષેત્રે વિક્રમ : નવું કીર્તિમાન ઈસરોની ઉત્તરોત્તર પ્રગતિ ........ ૭
- આગામી કાર્યક્રમોની એક ઝલક ........ ૯

**દીપશીખા**

- સફળતાનું ઝરણું ● સદ્કાર્યમાં સફળતા ........ **ડૉ. પૂજા કોટક** .... ૧૦

**YOUTH CLUB**

- **A schedule for your snooze time** ........ ૧૧
- **A device that gets under your skin** ........ ૧૧

**લેખ વિભાગ**

**વિચાર મંથન**

- આપણે સમયનું આયોજન કેમ નથી કરતા? ........ **ડૉ. યાસીન દલાલ** .... ૧૩
- શોધ કોને કહેવાય? ........ **મુરજી ગડા** .... ૧૫

**કચ્છ**

- બંધારણસભામાં કચ્છી સપૂતો ........ **સંજય પી. ઠાકર** .... ૧૯
- પોર્ટુગીઝ સત્તાનો જુલ્મી કાયદો નાબૂદ કરાવનાર – કચ્છના રણચંડી જેઠીમા ........ **પ્રા. સૂર્યકાંત ભટ્ટ** .... ૨૧
- ભુજનો કલાત્મક રામકુંડ ........ **ડૉ. મિહિર એમ. વોરા** .... ૨૨
- મોટા જિલ્લાની પ્રજાની સમસ્યાઓ પણ મોટી! ........ **શશીકાંત ઠક્કર, એડવોકેટ** .... ૨૩
- કચ્છ વિશે હાઈલાઈટ્સ ........ ૨૪
- કચ્છ જિલ્લાના જોવાલાયક સ્થળો ........ ૨૫

**સફળતા**

- પ્રામાણિક હોવું એ તમારી જીત છે! ........ **પાર્થ દવે, પત્રકાર** ..... ૨૬

**સાયન્સ**

- રો રો ફેરી સર્વિસ એટલે શું? ........ **ભાર્ગવ ત્રિવેદી** .... ૨૮

**વાર્તા**

- નિયતિનો ખેલ ........ **હરેશ ધોળકિયા** .... ૩૦
- આઘાત - પ્રતિઘાત ........ **ડૉ. ઊર્મિલા શાહ** .... ૩૪

**પ્રજાતંત્ર**

- આખરે દાંડીકુટિર મારફત ગાંધીનગરને નામની ઓળખ મળી ........ **પૃથ્વી શાહ** ..... ૩૬
- ઈતિહાસના પાને જુનાગઢ, આઝાદી દિન અને આરઝી હકુમત ........ **નરેશ પી. અંતાણી** .... ૩૭

**હાસ્ય લેખ**

- આવા નામ ક્યારેય સાંભળ્યા છે?!!! ........ **ચિત્રસેન શાહ, નિવૃત્ત કાર્યપાલક ઇજનેર (જીઈબી)** ..... ૩૯

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૦૭૯- ૨૬૪૦૫૦૪૭ મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**ઉપપ્રમુખ-૨**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
ઘર : (૦૨૭૧૭) ૨૩૪૪૫૫ મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**માનદ્ મંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
ઘર : ૨૬૬૦૩૪૫૮, ઓ. : ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**સહમંત્રી**
શ્રી પ્રદીપ સૂરજલાલ મહેતા
ઘર : ૨૬૬૧૨૦૮૯
મો. ૯૮૨૫૦ ૬૧૧૬૦

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨. ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kutchijainahd.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**

## આરાધના

● રાત્રે હોમ વિઝિટ ........ **ડૉ. સુધીર શાહ**.... ૪૦

## ધારાવાહિક નવલકથા

● છોરાંવછોઇ – (૨૬)
વતનમાં જતાં દીકરીઓ યાદ આવી ........ **હંસરાજ સાંખલા**.... ૪૨

## પ્રવાસ

● મારો પ્રવાસ – કલેશ્વરી તથા પાનમ ડેમ ........ **અશોક વી. શાહ**.... ૪૫

## વૈવિધ્ય

● અમદાવાદના પ્રાચીન જિનાલયો - ૨ ........ **ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)**..... ૪૬
● ૧૦ રૂા.ની નોટની કમાલ ........ **ભાવના એ. ઝવેરી** ..... ૪૮
● જૈન સમાજની પ્રગતિ ........ ૪૯
● જોક્સ જંક્શન ........ ૫૦
● પુસ્તક સમીક્ષા : "ગુજરાતી કથાગીતો" ........ **દિનેશ આર. મહેતા** ..... ૫૧

## મનોરમ્ય

● કબાટના પુસ્તકો ........ **શંકર વૈદ્ય**.... ૫૩
● આંસુ ........ **અલ્કા અરવિંદ સંઘવી**.... ૫૩
● બોલો 'હું' ક્યાં છું? ........ **'આરસી' શાહ**.... ૫૩
● દર્પણ ........ **કુંતલ શાહ**.... ૫૩
● 'હું' અને 'તું' ● સ્ત્રી એટલે જ કવિતા........ **બીના પીયૂષ ભણસાળી**.... ૫૪
● ન કરવાના કામ જુઓ તો કરે છે........ **નિશિત જોશી**.... ૫૪

## નિયમિત વિભાગો

● અન્ય સમાચાર – સંક્ષિપ્તમાં ........ ૫૪
● બાલુડેં જ્યું ગાલિયું ........ **ગુલાબચંદ ધારશી રાંભિયા**.... ૫૫
● *Nano Nine* શબ્દ રમત-૧૪૭ ........ **સંકલન : રજનીકાંત પારેખ**..... ૫૭
● *Nano Nine Sudoko* (ક્રમાંક : ૧૧૦૪)........ **સંકલન : રજનીકાંત પારેખ**..... ૫૯
● જાણવા જેવું........ **સંકલન : રજનીકાંત પારેખ**...... ૬૦
● વલોવતન ........ **સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ**...... ૬૧
● સમાજ દર્પણ ........ ૬૭
● સંસ્થા સમાચાર ........ ૬૭
● ઊડતી નજરે ........ ૬૪

Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Pratap Dand ● Yearly Subscription : Rs.150/-**

તંત્રી લેખ

# ભારતનો અવકાશ ક્ષેત્રે વિક્રમ : નવું કીર્તિમાન
# ઇસરોની ઉત્તરોત્તર પ્રગતિ

ઈસરોએ ચાલુ વર્ષની શરૂઆતમાં 'પીએસએલવી-૪૦' (પોલાર સેટેલાઇટ લોન્ચ વ્હીકલ) મિશન દ્વારા એક સાથે ૩૧ ઉપગ્રહ લોન્ચ કરીને નવો ઈતિહાસ સર્જ્યો હતો. આ લોન્ચિંગ શ્રી હરિકોટા ખાતેથી થયું હતું. પીએસએલવી રોકેટની એ ૪૨મી ઉડાન હતી. ભારતના આ મિશનમાં સૌથી મહત્ત્વનો ઉપગ્રહ 'કાર્ટોસેટ-૨' હતો. **આ પ્રકારના ઉપગ્રહની કામગીરી અર્થ ઓબ્ઝર્વેશન એટલે કે પૃથ્વીની તસવીરો લેવાની હોય છે.** રિમોટ સેન્સિંગ પ્રકારના આ ઉપગ્રહનું વજન ૭૧૦ કિલોગ્રામ જણાવવામાં આવ્યું હતું. એક અહેવાલ પ્રમાણે જમીન પર રોડ નેટવર્ક, કેનાલ બાંધકામ, જળ વ્યવસ્થાપન વગેરે જેવા વિવિધ આયોજનો કરવામાં આ ઉપગ્રહની તસવીરો અગત્યની ભૂમિકા અદા કરતી હોય છે. નોંધનીય છે કે, કાર્ટોસેટ સિરીઝનો પ્રથમ ઉપગ્રહ લગભગ દસ વર્ષ અગાઉ ૨૦૦૭માં લોન્ચ કરવામાં આવ્યો હતો. છેલ્લે જુલાઈ-૨૦૧૬માં લોન્ચ કરવામાં આવ્યો હતો. આ કાર્ટોસેટ ૩થી ૪ વર્ષ સુધી કામગીરી બજાવશે.

ઉપરોક્ત ૩૧ ઉપગ્રહોમાં ૨૮ વિદેશના અને ૩ ભારતના હતા. ભારતના કાર્ટોસેટ ઉપરાંત એક માઇક્રો અને એક નેનો સેટેલાઇટ હતા. અન્ય ૨૮ ઉપગ્રહો કેનેડા, ફ્રાન્સ, યુ.કે., ફિનલેન્ડ, કોરિયા અને અમેરિકાના હતા. આ તમામ ઉપગ્રહોનું વજન ૧૩૨૩ કિલોગ્રામ જેટલું હતું. લોન્ચિંગ પછી ૨ કલાક અને ૨૧ મિનિટમાં તો તમામ ઉપગ્રહોને તેમની નિશ્ચિત કક્ષામાં ગોઠવી દેવામાં આવ્યા હતા. ૩૧ પૈકી ૩૦ ઉપગ્રહો એક સરખી ઊંચાઈએ એટલે કે ૫૦૫ કિલોમીટર ઊંચે આવેલી સન ફ્રાન્સિસ્કો ઓરબિટમાં ગોઠવાયા હતા. જ્યારે એક માઇક્રો સેટેલાઇટ ૩૬૯ કિલોમીટરની કક્ષામાં ગોઠવાયો હતો. રોકેટમાં ગોઠવામાં આવેલ ઉપગ્રહોનો ભાગ તેની નિર્ધારીત કક્ષાએ પહોંચે એટલે તેના દરવાજા ખૂલે અને તેમાંથી એક પછી એક ઉપગ્રહો બહાર આવતા જાય – તેવી ગોઠવણી તેમાં હોય છે.

આ આખીય પ્રક્રિયામાં એક જ કક્ષામાં એકથી વધુ ઉપગ્રહોને ગોઠવવા તથા રોકેટને એક ઊંચાઈએ લઈ ગયા પછી તરત જ બીજી ઊંચાઈએ બીજો ઉપગ્રહ લોન્ચ કરવાની બાબત ખૂબ મહત્ત્વની હોય છે. **વૈજ્ઞાનિક રીતે આ કામગીરીને 'મલ્ટિપલ બર્ન ટેકનોલોજી' કહેવામાં આવે છે.** બીજી અગત્યની બાબત એ છે કે ભારતનો આ ૧૦૦મો ઉપગ્રહ હતો. ૨૦૧૮ના વર્ષનું આ પ્રથમ મિશન હતું. ભારતના અગાઉના ૯૯ સેટેલાઇટમાં ૩નો ઉમેરો થતાં ભારતના ઉપગ્રહોની સંખ્યા ૧૦૨ થઈ ગઈ હતી. જો કે આ ૧૦૨ પૈકી બધા કાર્યરત નથી. આ કુલ સંખ્યામાં **પ્રથમ ઉપગ્રહ આર્યભટ્ટ**થી ગણતરી થાય છે. હાલ કાર્યરત હોય એવા ઉપગ્રહોની સંખ્યા ૪૨ જેવી બતાવવામાં આવી હતી. ૨૦૧૮ વર્ષની ધમાકેદાર શરૂઆત કરીને તે વર્ષના અંત સુધીમાં ઈસરોએ અવકાશ ક્ષેત્રે ઊંચી છલાંગ લગાવી દીધી છે અને આવનારા સમયમાં પણ મહત્ત્વાકાંક્ષી મિશનો દ્વારા સ્પેસ રેસમાં ઇસરો અગ્રેસર બનશે તેવું નિશ્ચિતપણે કહી શકાય.

૧૯૫૭માં સોવિયેત સંઘે માત્ર ૨૯ સેમીના સૌપ્રથમ સેટેલાઇટ સ્પુટનિક-૧ ને અવકાશમાં તરતો મૂકીને વિશ્વમાં હલચલ મચાવી દીધી હતી. આ રોમાંચ ભારતમાં પણ અનુભવાયો હતો. **તેનાં પરિણામે ૧૯૬૧માં ભારતીય અંતરિક્ષ વિભાગની સ્થાપના થઈ હતી. જેમાં વિખ્યાત વિજ્ઞાની હોમી જહાંગીર ભાભાનો મુખ્ય રોલ હતો.** ૧૯૬૯માં અમેરિકાએ જ્યારે સૌપ્રથમ સમાનવ અવકાશયાન ચંદ્ર પર મોકલાવ્યું અને **નીલ આર્મસ્ટ્રોંગે ચંદ્ર પર પહેલો કદમ માંડ્યો** એ જ વર્ષે ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન – ઇસરોની સ્થાપના થઈ હતી.

અવકાશને લગતા સંશોધનો હવે નવા યુગમાં પ્રવેશ કરી રહ્યા છે. આવનારા સમયમાં સેટેલાઇટ લોન્ચિંગ જ નહીં પરંતુ સમાનવ અવકાશયાત્રાના આયોજન માટે સ્પેસ એજન્સીઓ તૈયાર થઈ રહી છે. ઇસરોએ પણ એ દિશામાં આગળ વધવાની શરૂઆત કરી છે. એટલું જ નહીં પરંતુ ઇસરોએ સ્વદેશી ટેકનિક અને પોતાની પ્રતિભાના જોરે વિશ્વમાં નામના મેળવી છે. તાજેતરમાં ઇસરોએ જીએસએલવી – MK III રોકેટ દ્વારા અત્યાધુનિક સંચાર ઉપગ્રહ જીએસએટી-૨૯ લોન્ચ કરીને સ્પેસ ટેકનોલોજીના ક્ષેત્રમાં મહત્ત્વપૂર્ણ સફળતા હાંસલ કરી છે. તે ઉપરાંત નવા વર્ષની શરૂઆતમાં ચંદ્રયાન-IIનું પણ લોન્ચિંગ થઈ શકે છે. આ બધી ઘટનાઓ આપણા સૌ માટે ગર્વ લેવા જેવી છે.

ઇસરોની વિવિધ સેવાઓ વેચવા માટે ૧૯૯૨માં અંતરીક્ષ કોર્પોરેશનની સ્થાપના કરવામાં આવી હતી. આ કોર્પોરેશન હવે નિયમિત રીતે નફો કરે છે. છેલ્લા પાંચ વર્ષ દરમિયાન અંતરીક્ષનું ટર્નઓવર રૂપિયા ૧,૧૮૧ કરોડથી વધીને ૧,૯૨૪ કરોડ થયું છે. બીજી તરફ અંતરીક્ષ કોર્પોરેશનની આવક તે ગાળામાં રૂપિયા ૧૭૧ કરોડથી વધીને રૂપિયા ૨૦૯ કરોડની થઈ છે. પાંચ વર્ષના ગાળામાં અંતરીક્ષની કુલ કમાણી ૯૩૬ કરોડની થઈ હતી. **ભારત જ્યારે એક ઉપગ્રહ લોન્ચિંગ માટે ૧૫ કરોડ રૂપિયા ચાર્જ કરતું હતું ત્યારે સ્પેસ એક્સનો એક ઉપગ્રહ લોન્ચિંગનો ચાર્જ અંદાજે ૩૦૦ કરોડ રૂપિયા હતો.** આ કારણે અમેરિકા સહિતના દેશો ભારત પાસે જ લોન્ચિંગ કરાવતા થયા છે. વિશ્વમાં અત્યારે માત્ર ૯ દેશો પાસે જ લોન્ચિંગની સુવિધા પ્રાપ્ત છે. ઇસરોએ અત્યાર સુધીમાં ૨૮ વિવિધ દેશોના ૨૦૯ વિદેશી ઉપગ્રહો લોન્ચ કર્યા છે એવી માહિતી પ્રસારિત થઈ હતી. હળવા અને મધ્યમ વજનના ઉપગ્રહોને અંતરિક્ષમાં મોકલવામાં ઇસરોએ ઘણા સમય અગાઉ સફળતા હાંસલ કરી છે પરંતુ હવે GSLV-MK IIIના સફળ મિશન બાદ ભારે વજનના ઉપગ્રહો અવકાશમાં મોકલવાની ક્ષમતા ધરાવતા અમુક જ દેશોની હરોળમાં ભારતે પ્રવેશ કર્યો છે. જે એક અનન્ય સિધ્ધિ સમાન ગણી શકાય. ઇસરોની સમગ્ર કામગીરીને આપણે સૌ બિરદાવીએ. ■

## તવારીખ

**ડિસેમ્બર**

૧૨ ભુજ શહેરનો સ્થાપના દિન

## ભારત : અગત્યના રાષ્ટ્રીય દિન

**ડિસેમ્બર**

૦૧ બી.એસ.એફ. સ્થાપના દિન
૦૨ પ્રદૂષણ નિવારણ દિન
૦૪ નૌસેના દિન
૦૬ નાગરિક સુરક્ષા દિન
૦૭ સશસ્ત્ર સેના ધ્વજ દિન
૧૪ ઊર્જા - સંરક્ષણ દિન
૧૫ સરદાર પટેલ પુણ્યતિથિ
૨૩ કિસાન દિન (ચૌધરી ચરણસિંહ જન્મદિન)
૨૪ રાષ્ટ્રીય ગ્રાહક દિન

## વિશ્વ : અગત્યના દિન

**ડિસેમ્બર**

૦૧ વિશ્વ એઇડ્ઝ દિન
૦૩ વિશ્વ વિકલાંગ દિન
૦૮ મંદબુધ્ધિનાં બાળકો માટેનો દિન
૦૯ બાલિકા દિન
૧૦ વિશ્વ માનવ અધિકાર દિન
૧૧ યુનિસેફ દિન
૩૧ ઇસુના નવા વર્ષની પૂર્વસંધ્યા

# આગામી કાર્યક્રમોની એક ઝલક....

| તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમ - આયોજનકર્તા | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| ● શનિવાર, તા. ૧૫-૧૨-૨૦૧૮ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી (બેઝમેન્ટ હોલ) | શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિનું આયોજન એક્સલર્સ ફાઉન્ડેશન અને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ઉપક્રમે | "હેતુ સે સેતુ" સેમિનાર |
| ● રવિવાર, તા. ૧૬-૧૨-૨૦૧૮ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ | ધોરણ-૮ થી ધોરણ-૧૨માં ભણતા બાળકો માટે એપ્ટિટ્યૂડ ટેસ્ટ |
| ● સોમવાર, તા. ૧૭-૧૨-૨૦૧૮ સવારે ૧૦.૦૦થી ૧૨.૦૦ | મેડિકલ સેન્ટર શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | મેડિકલ સમિતિ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | સાર્વજનિક હૃદયરોગ નિદાન કેમ્પ ડૉ. સંદર્ભ પટેલ, કાર્ડિયોલોજીસ્ટ |
| ● મંગળવાર, તા. ૧૮-૧૨-૨૦૧૮ સવારે ૧૦.૦૦થી ૧૨.૦૦ | મેડિકલ સેન્ટર શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | મેડિકલ સમિતિ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | સાર્વજનિક હૃદયરોગ નિદાન કેમ્પ ડૉ. ધવલ દોશી, કાર્ડિયોલોજીસ્ટ |
| ● મંગળવાર, તા. ૧૮-૧૨-૨૦૧૮ બપોરે ૩.૦૦ વાગ્યાથી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | વયસ્ક સમિતિ | ગીત સંગીતનો રંગારંગ કાર્યક્રમ |
| ● બુધવાર, તા. ૧૯-૧૨-૨૦૧૮ બપોરે ૩.૦૦થી ૫.૦૦ | મેડિકલ સેન્ટર શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | મેડિકલ સમિતિ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | સાર્વજનિક હૃદયરોગ નિદાન કેમ્પ ડૉ. ચિરાયુ વ્યાસ, કાર્ડિયોલોજીસ્ટ |
| ● રવિવાર, તા. ૨૩-૧૨-૨૦૧૮ રાત્રે ૮.૩૦ વાગે (બપોરે ૨.૩૦ વાગે પાલડી ભવનથી બસ ઉપડશે) | વિસત ફાર્મ | યુવા વિકાસ સમિતિ | અવકાશ દર્શન (તારા દર્શન) સાથે દાબડા ઉજાણી |
| ● સોમવાર, તા. ૩૧-૧૨-૨૦૧૮ રાત્રે ૮.૦૦ વાગ્યાથી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | યુવા વિકાસ સમિતિ | **Bye Bye - 2018 — Welcome 2019** |
| ● સોમવાર, તા. ૩૧-૧૨-૨૦૧૮ (ઈનામી નિબંધ સ્પર્ધામાં નિબંધ મોકલવાની અંતિમ તારીખ) | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | બાળ કલ્યાણ સમિતિ | (૧) ઉંમર વર્ષ ૮ થી ૧૩. (૨) ઉંમર વર્ષ ૧૪થી ૨૦ સમાજના સભ્ય પરિવારના બાળકો માટે ઈનામી નિબંધ સ્પર્ધા. |
| ● શુક્રવાર, તા. ૪-૧-૨૦૧૯ રાત્રે ૧૦.૦૦ વાગે | શ્રી કચ્છી જૈન ભવન - પાલડીથી | યુવા વિકાસ સમિતિ | ટ્રેકિંગ એડવેન્ચર એન્ડ એજ્યુકેશનલ ટૂર |
| ● શનિવાર, તા. ૨૬-૧-૨૦૧૯ સવારે ૯.૩૦ વાગ્યાથી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | પ્રજાસત્તાક દિન નિમિત્તે ધ્વજવંદન કાર્યક્રમ |
| ● દર મહિનાના બીજા રવિવારે સવારે ૯ થી ૧૨ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ | કરિયર કાઉન્સેલર પ્રો. જયરાજ પંડ્યા દ્વારા વિદ્યાર્થીઓને ઉપયોગી કરિયર કાઉન્સેલિંગ |

*નોંધ : ઉપરોક્ત કાર્યક્રમોની વિગતવાર માહિતી સંસ્થા સમાચાર વિભાગમાં જે તે સમિતિના અહેવાલમાં ઉપલબ્ધ છે.*

## સમાજની વિવિધ સેવાકીય યોજનાઓમાં દાન / ભેટ મોકલાવવા અપીલ

★ *આપના પરિવારમાં અથવા આપના ધંધા - રોજગાર સંબંધી કોઈપણ પ્રકારના નાના-મોટા પ્રસંગોએ સમાજને યાદ કરીને ઉદાર દિલે દાન / ભેટ મોકલાવવાનું યાદ રાખશો.*

★ *પરિવારમાં સ્વર્ગસ્થજનોની સ્મૃતિમાં પણ સમાજને દાન / ભેટ આપી શકાય છે.*

## "સફળતાનું ઝરણું"

સફળતા કોને ન ગમે? મનુષ્યના જીવનમાં નાના મોટા સૌને સમજણ, જાણકારી મુજબની સફળતાની અપેક્ષા હોય છે. આ સફળતા એટલે કંઈક પ્રાપ્તિ, સિદ્ધિ, આનંદ, માન-પાન, જીત, ઍવોર્ડ, પ્રમાણપત્ર વગેરે. **તેનાથી પૈસો, પદ, પ્રતિષ્ઠા પણ મળે છે. જેવી જેની સફળતા.** આ સફળતા કે.જી.ના નાના ભૂલકાને ગમે છે, પી.જી.ના વિદ્યાર્થીને પસંદ પડે છે, નોકરી-વ્યાપાર-ધંધામાં નફો, ઉન્નતિ, વિકાસ સ્વરૂપે તે આગળ વધે છે. રાજકારણમાં પણ સરપંચથી 'સુપર મિનિસ્ટર'ને તે પ્રાપ્યતાની અપેક્ષા હોય છે. જાણે માનવીનું સમગ્ર જીવન એક યા બીજા પ્રકારના સફળતાના જાળામાં અટવાઈ ગયું હોય તેમ લાગે છે!

પણ ના, એવું નથી! શાળા જીવનની વાત લો. પ્લેહાઉસ, કે.જી., ધોરણ-૧થી ૧૨ સુધી સતત ધીમી ગતિએ આવતો આ પ્રવાહ જણાય છે. બાળક – વિદ્યાર્થી એક પછી એક વર્ષ પસાર કરતો શાળા જીવન પૂર્ણ કરી એક લાઇન (કેરિયર) તરફ આગળ વધે છે. આ સ્વરૂપ નાની નદી જેવું છે જેને આપણે 'ઝરણું' પણ કહીએ છીએ. **માનવ જીવનને અનેક તબક્કે અને કક્ષાએ સફળતા મેળવવી પડે છે અને તેના માટે અનેક રીતે શ્રમ, પ્રેક્ટીસ, Vision, વગેરે કરવા - રાખવા પડે છે કે ડેવલપ કરવા પડે છે.** આ સતત પ્રક્રિયા છે જે જીવન પ્રવાહ (Life Stream) છે. ક્યારેક પ્રવાહ અટકે, ધીમો પડે કે ફંટાઇ પણ જાય પણ તે 'ઝરણું' છે. જે ક્યાંક ને ક્યાંક સફળતા પ્રદાન કરે છે. જીવન જીવ્યાની આ તો મજા છે. જેને લોકો 'સફળતાનું ઝરણું' કહે છે.

## "સદ્‌કાર્યમાં સફળતા"

સફળતા અને નિષ્ફળતા સમજવા પ્રયત્ન કરીએ. મારી દૃષ્ટિમાં સફળતા એ છે કે આપણે જે માર્ગે, જે માટે આગળ વધવા માંગતા હોઈએ તે માટેનું તે માર્ગનું પગથિયું તે ચડ્યા માત્રની નિશાની છે તેમ સમજવું. જો તમે ત્યાંથી સંતોષ કે ખુશાલી સમજતા હો, તો તમારો પડાવ ત્યાં પૂરતો રહેશે. **તમારો લક્ષ્યાંક ક્યાં સુધીનો છે, તે નિશ્ચિત કરવું ખૂબ જ જરૂરી છે.** અન્યથા સફળતા મળી હોવા છતાં માર્ગથી વિચલિત થવાનો પ્રશ્ન રહે છે. **નિષ્ફળતાથી દુઃખી થવાની જરૂર નથી.** નિષ્ફળતા એ સૂચવે છે કે જ્યાં તમે હતા ત્યાંને ત્યાં જ છો પરંતુ જો તમે નાસીપાસ થાવ છો તો જે જગ્યાએ હતા ત્યાંથી એક પગથિયું નીચે આપોઆપ ઉતરી ગયેલા ગણાઓ. માટે **નિષ્ફળતાને માત્ર તેટલું જ મહત્ત્વ આપો કે જેથી નાસીપાસ ન થવાય.** ઈશ્વર હંમેશા સદ્‌કાર્ય અને સ્વ-વિકાસના કાર્ય માટે જ સફળતા આપે છે. અન્યથા અયોગ્ય કાર્યના ટોચ ઉપર ચડીને પણ આખરે નીચે તળિયે ફેંકાઈ જવાના જ છો! તે પાકું સમજી લેવું જરૂરી છે. માટે ચાલો, એક પછી એક સફળતાના પગથિયા ચડતા ચડતા આપણે નિર્ધારીત કરેલ લક્ષ્યાંકે પહોંચીએ....

*ડૉ. પૂજા કોટક*

## નાસ્તિક

કેટલાક માણસો ભગવાન છે એવું માને છે. તેની સામે અમુક એવું માનનારા છે કે ભગવાન - બગવાન છે જ નહીં. આવું માનનારને તેઓ નાસ્તિક કહે છે. એવા એક નાસ્તિકને પોતાની નાસ્તિકતાનું ભારે અભિમાન. પોતાની નાસ્તિકતાની ડંફાસ મારતો ફરે...

એક વખત એક મંદિર પાસે કેટલાક ભાવિકજનો ભેગા મળી ધર્મકર્મની વાતો કરતા હતા. નાસ્તિક ત્યાં પહોંચી ગયો અને પોતાની ટેવ મુજબ વગર બોલાવ્યે જોરશોરથી ભગવાન - બગવાન છે જ નહીં... એવી દલીલો કરવા લાગી ગયો. અભિમાનમાં ને આવેશમાં આવી જઈને એણે ખુદ ભગવાનને પડકાર ફેંક્યો : 'અલ્યા ભગવાનડા! હું તને માનતો નથી. જો સાચે તું સર્વ શક્તિમાન હોય તો મારી આ બંદુક લે ને પાંચ મિનિટમાં મને ઉડાવી દે!'

પાંચ મિનિટ વીતી ગઈ એટલે ખડખડાટ હસીને ઘમંડ કરવા લાગ્યો. 'જોયું ને? આ છે તમારા ભગવાનની તાકાત! ભગવાન-બગવાન બધું ધતિંગ!'

મંડળીમાંથી એક વૃધ્ધે એ નાસ્તિકને કેટલાક સવાલ કર્યા કે : 'ભાઈ, તમારે કંઈ છૈયા છોકરા ખરા કે?'

નાસ્તિક નવાઈ પામીને બોલ્યો : 'ખરા જ તો. પણ એવું કેમ પૂછવું પડ્યું?'

વૃધ્ધે જવાબ આપ્યો : 'એટલા માટે કે **તમારા બાળકોમાંથી કોઈ તમારા હાથમાં બંદુક મૂકે ને કહે, લો આ બંદુક અને પાંચ મિનિટમાં મને મારી નાખો. તો તમે તેને બંદુક ફોડીને મારી નાખો ખરા કે?'**

નાસ્તિક બોલ્યો, 'તમે કેવી વાત કરો છો? એવી રીતે કોઈ પોતાના નાદાન બાળકની વાત માની એના પર બંદુક ચલાવે ખરું?'

વૃધ્ધ હસીને બોલ્યો, 'મારે પણ એ જ કહેવું છે ભાઈ! **ભગવાનને મન તમેય તેના એક નાદાન બાળક છો.** એટલે ભગવાન તમારી વાતને માનીને તમારા પર ગોળી ચલાવતો નથી. હવે સમજ્યા...?!'

*સંકલન : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*

# YOUTH CLUB

## A schedule for your snooze time

**Here's how you can ensure that you get enough sleep even when life is hectic.**

With demanding schedules and heavy workloads, many people may find it hard to get the seven to nine hours of sleep each night that the Mayo Clinic recommends for adults. But if you feel like you're not getting enough sleep, you're not alone. A study by the CDC found that a third of Americans aren't sleeping enough, and it may be impacting our health for the worse.

The negative effects of sleep deprivation on our health are both physiological and psychological.

According to a recently published paper, sleep deprivation "increases the risk of high blood pressure, heart disease, obesity, and diabetes." Additionally, not getting enough quality sleep affects mood, performance, concentration and our ability to form memories. It can hurt your relationships and increase anxiety, too. To avoid the negative effects of sleep deprivation, you need to make a goal to get at least eight hours of sleep per night, and with very few exceptions. Follow these steps :

1. **Stop drinking caffeine after 2 pm :** If you tend to sip on cold brew or espresso shots throughout the day, it's time to rethink. Consuming caffeine too late is a recipe for insomnia. Learn to keep it decaf after 2 pm. Keep it completely at bay and stay away from any caffeinated drinks like green tea and diet cola.
2. **Get comfortable :** Taking a bath can be a relaxing way to clear your mind before hitting the sack. Research shows that bathing before bed can help improve sleep quality. But this may only work if you leave yourself some time to cool down from a bath. According to Time, hot baths or showers affect your circadian rhythm, or the biological clock that tells your body when to sleep and wake. Heating up signals to your body and brain that you should be awake and alert. Give yourself one or two hours to cool down after a shower before climbing into your bed. Wearing clothes that are too constricting or uncomfortable can inhibit your ability to sleep well.
3. **Put your phone down :** According to a study published in Applied Ergonomics, exposure to white and blue light emitted by phones, computers and tablets can suppress melatonin levels in the body, thus inhibiting our ability to feel sleepy.

## A device that gets under your skin

**Skin-embedded speakers are now a reality**

Scientists have developed a transparent, ultrathin device that can turn your skin into a loudspeaker, paving the way for a new generation of wearable sensors and devices.

Created in part to help the hearing and speech impaired, the technology can be further explored for various potential applications, such as conformal health care devices.

Researchers from Ulsan National Institute of Science and Technology (UNIST), in South Korea developed ultrathin, transparent and conductive hybrid nanomembranes with nanoscale thickness, consisting of an orthogonal silver nanowire array embedded in a polymer matrix.

They, then, demonstrated their nanomembrane by making it into a loudspeaker that can be attached to almost anything to produce sounds.

The researchers also introduced a similar device, acting as a microphone, which can be connected to smartphones and computers to unlock voice-activated security systems.

Nanomembranes (NMs) are molecularly thin separation layers with nanoscale thickness in it.

Polymers NMs have attracted considerable attention owing to their outstanding advantages, such as extreme flexibility, ultralight weight and excellent adhesibility in that they can be attached directly to almost any surface. However, they tear easily and exhibit no electrical conductivity.

The reasearch team has solved such issues by embedding a silver nanowire network within a polymer-based nanomembrane. This has enabled the demonstration of skin-attachable and imperceptible loudspeaker and microphone. These layers are capable of detecting sounds and vocal vibrations produced by the triboelectric voltage signals corresponding to sounds, which could be further explored for various potential applications, such as sound input/output devices.

Using the hybrid NMs, the research team fabricated skin-attachable NM loudspeakers and microphones, which would be unobtrusive in appearance because of their excellent transparency and conformal contact capability.


# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## 'મંગલ મંદિર'ની જાહેરાતના માસિક દરો

| ક્રમ | ટાઈટલ | કલર | આખુ પાનું | અડધું પાનું | પા પાનું | અન્ય |
|---|---|---|---|---|---|---|
| ૧. | કવર પેઈજ નં.-૪ | મલ્ટી કલર | ૭,૦૦૦ | ૪,૫૦૦ | ૩,૦૦૦ | — |
| ૨. | કવર પેઈજ નં. ૨ તથા ૩ | મલ્ટી કલર | ૬,૦૦૦ | ૩,૫૦૦ | ૨,૫૦૦ | — |
| ૩. | કવર પેઈજ ૨ તથા ૩ની સામેનું પાનું | મલ્ટી કલર | ૫,૫૦૦ | ૩,૨૫૦ | ૨,૨૫૦ | — |
| ૪. | અંદરનું પાનું | મલ્ટી કલર | ૫,૦૦૦ | ૩,૦૦૦ | ૨,૦૦૦ | — |
| ૫. | અંદરનું પાનું | સીંગલ કલર | ૪,૦૦૦ | ૨,૫૦૦ | ૧,૫૦૦ | — |
| ૬. | અંદરનું સાદુ પાનું | બ્લેક એન્ડ વ્હાઈટ | ૨,૦૦૦ | ૧,૫૦૦ | ૧,૦૦૦ | — |
| ૭. | ટચુકડી જાહેર ખબર ૧ કોલમ x ૫ સે.મી. | બ્લેક એન્ડ વ્હાઈટ | — | — | — | ૫૦૦ |
| ૮. | સાદા પાનાની નીચે ૧ ઈંચની પટ્ટી | બ્લેક એન્ડ વ્હાઈટ | — | — | — | ૩૫૦ |

**નોંધ :** ૧. એક સાથે **૧૨** મહિનાની જાહેરાત આપનારને **૧૦ ટકા ડિસ્કાઉન્ટ** આપવામાં આવશે.
૨. એક સાથે **૬** મહિનાની જાહેરાત આપનારને **૭.૫ ટકા ડિસ્કાઉન્ટ** આપવામાં આવશે.
૩. એક સાથે **૩** મહિનાની જાહેરાત આપનારને **૫ ટકા ડિસ્કાઉન્ટ** આપવામાં આવશે.

*"શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"ના નામનો ચેક **(Payable at AHMEDABAD)** / ડ્રાફ્ટ મોકલાવવા વિનંતી.*

**નોંધ : જાહેરાતની સાઈઝ**

(૧) ફુલ પેજ : ૧૮.૦ x ૨૩.૬ સે.મી. (૨) હાફ પેજ : ૧૮.૦ x ૧૧.૬ સે.મી.
(૩) ૧/૪ પેજ : ૯.૦ x ૧૧.૬ સે.મી. (૪) બોટમ પટ્ટી : ૧૮.૦ x ૨.૫૪ સે.મી.

## "મંગલ મંદિર" : લવાજમનાં દરો

| | | | |
|---|---|---|---|
| ૧ વર્ષના | : રૂા. ૧૫૦/- | ૫ વર્ષના | : રૂા. ૬૦૦/- |
| ૩ વર્ષના | : રૂા. ૪૦૦/- | આજીવન (૧૫ વર્ષના) | : રૂા. ૧,૫૦૦/- |

વિચાર મંથન

# આપણે સમયનું આયોજન કેમ નથી કરતા?



ડૉ. યાસીન દલાલ

મિર્ઝા ગાલિબને મોતીબેગમ નામની તવાયફ દિલોજાનથી ચાહતી હતી. એક વખત એનો નોકર ગાલિબને મળવા ગયો અને સંકોચ સાથે ગાલિબને મોતીબેગમને ઘરે આવવાનું આમંત્રણ આપ્યું અને પૂછ્યું, 'આપ આવશો?' ગાલિબે જવાબમાં કહ્યું, 'ગમે ત્યારે બોલાવી શકો છો. **મૈં કોઈ ગયા વક્ત નહીં, જો આ ન સકું....'**

ગાલિબે એક નાનકડા શેરમાં જીવનનું રહસ્ય કહી દીધું કે વીતેલો સમય ફરી પાછો આવતો નથી. સાહિર લુધિયાનવીએ એક ફિલ્મગીતમાં આવું જ રહસ્ય ખોલી નાખ્યું છે અને કહ્યું છે, **'બિછડા જમાના કભી હાથ ન આએગા, દોષ ન દેના મુઝે ફિર પછતાએગા...'**

સમયનું શું છે? પ્રકૃતિની દૃષ્ટિએ વિચારીએ તો પ્રકૃતિમાં સમય નથી. બ્રહ્માંડ તો અનાદિ, અનંત છે અને સમય કે દિશાથી પર છે. સમયની શોધ, એટલે કે ઘડિયાળની શોધ માણસે કરી છે. પ્રકૃતિમાં કોઈ પશુ કે કોઈ પક્ષી કામ કરતું નથી. પણ, માણસે રોજી-રોટી કમાવા માટે કામ કરવું પડે છે. માણસે જે સભ્યતા અને સંસ્કૃતિની રચના કરી, તેમાં સમય આપોઆપ એક અત્યંત અગત્યનું ઘટક બની ગયું. ધીમે ધીમે સમયનું મહત્ત્વ એટલું વધ્યું કે માણસ ઘડિયાળના કાંટા પર ચાલતો થઈ ગયો. એટલા પૂરતો સમયે માણસના જીવનને કૃત્રિમ અને યંત્રવત્ બનાવ્યું છે. કોઈ માણસને મળવાનો અચાનક મારા મનમાં ઉમળકો જાગે તો પણ એને હું એ જ સમયે મળી શકતો નથી. એને માટે એ વ્યક્તિની 'એપોઇન્ટમેન્ટ' લેવી પડે છે અને 'એપોઇન્ટમેન્ટ'નો સમય આવે ત્યારે મનમાં જાગેલો પેલો ઉમળકો શમી ગયો હોય છે. આમ, સમયે આપણા જીવનમાંથી સાહજિકતાનું તત્ત્વ હણી લીધું છે અને છતાં સમયની ઉપેક્ષા થઈ શકે તેમ નથી. આપણને ગમે કે ન ગમે, પણ સમય મુજબ, ઘડિયાળના કાંટા મુજબ ચાલવું જ પડે છે.

જન્મ અને મરણ માણસના કાબૂમાં નથી, **પણ જન્મ અને મરણની વચ્ચે જે સમય મળ્યો છે એનો ઉપયોગ કરવાનું એના કાબૂમાં છે. આ ઉપયોગ જે માણસ શ્રેષ્ઠ રીતે કરી શકે છે, એ જીવનને સાર્થક કરી જાય છે.** ઇતિહાસમાં એનું નામ અમર થઈ જાય છે. કોઈ ન્યૂટન, કોઈ આઇન્સ્ટાઇન, કોઈ ટાગોર, કોઈ વાન ગોગ કે કોઈ શેક્સપિયર સમયનો સદુપયોગ કરીને આવનારી પેઢીઓનો માર્ગ સરળ કરી આપે છે. બાકીના સામાન્ય માણસો પગાર વધારો, પ્રોવિડન્ટ ફંડ, મોંઘવારી ભથ્થુ અને ગ્રેચ્યુઇટીની ગણતરી કરતા રહે છે અને જીવન પૂરું કરે છે.

દરેક માણસને ચોવીસ કલાક જ મળે છે, પણ કોઈ માણસ ચોવીસમાંથી બાર કલાક અત્યંત ઉપયોગી પ્રવૃત્તિમાં ગાળે છે, તો કોઈ માણસ ચોવીસમાંથી વીસ કલાક નકામી પ્રવૃત્તિમાં વેડફી નાખે છે. સમયના સદુપયોગનું પણ એક શાસ્ત્ર વિકસ્યું છે, એને અંગ્રેજીમાં **'ટાઇમ મેનેજમેન્ટ'** કહે છે. હસમુખ દવેએ આ જ નામે ગુજરાતીમાં પુસ્તક લખ્યું છે. જે વાંચવા માટે સમય કાઢવા જેવો છે. પુસ્તક વાંચ્યા પછી સમય બગડ્યો છે એમ નહીં લાગે. આ પુસ્તકમાં પ્રા. દવેએ કહ્યું છે તેમ, **નાણું કોઈ પાસેથી ઉછીનું લઈ શકાય, પણ સમય ઉછીનો મળતો નથી. આથી જ, એકએક પળનો ઉપયોગ માણસે આયોજનપૂર્વક કરવો જોઈએ.**

પુસ્તકમાં એક પ્રસંગ કહ્યો છે. એક અમેરિકન, એક ફ્રેંચ અને એક બ્રિટિશર રોમ જોવા ગયા અને પોપને મળ્યા. અમેરિકને પોપને પૂછ્યું, 'મેં રોમ જોવા માટે બે વરસની રજા લીધી છે. આટલા સમયમાં રોમ પૂરેપૂરું જોઈ શકાય?' પોપે કહ્યું, 'ના, કદાચ તમે ચોથા ભાગનું રોમ જોઈ શકો!' પછી ફ્રેંચ પ્રવાસી બોલ્યો, 'મારી પાસે તો એક જ વરસની રજા છે.' પોપે એને કહ્યું, 'તમે અડધું રોમ જોઈ શકશો.'

પણ બ્રિટિશ પ્રવાસી ચૂપ હતો. પોપે એને સામેથી પૂછ્યું, 'ભાઈ, તમારી પાસે કેટલો સમય છે?' બ્રિટિશરે કહ્યું, 'મારી પાસે માત્ર છ મહિના છે.' જવાબમાં પોપે કહ્યું, 'તમે પૂરેપૂરું રોમ જોઈ શકશો અને એ પછી પણ તમારી પાસે થોડા દિવસ બચશે.'

મુંબઈ જેવા મહાનગરમાં સતત દોડધામની જિંદગીમાં પણ પ્રવૃત્તિઓ વધુ થતી જોવા મળે છે. મુંબઈનો માણસ ટ્રેન કે બસમાં આવવા જવામાં કેટલો બધો સમય ગુમાવે છે? છતાં, બાકીનો સમય એ જે કામ કરે છે એ દૂરના નાના ગામોમાં

કે શહેરોમાં વસતા માણસો કરતાં વધુ હોય છે. મુંબઈના માણસ પાસે સમય ઓછો છે. એટલે એ સમયની કિંમત સમજે છે. ગામડાના માણસ પાસે સમય જ સમય છે, એટલે એને વેડફી નાખે છે. **આપણા ગામડાં જો સમયનું મૂલ્ય સમજે તો આપણી કાયાપલટ થઈ જાય.**

આપણો સમય બગાડવા માટે લોકો આતુર જ બેઠા હોય છે. પણ, આપણા સમયને કોઈ લૂંટી ન જાય એ રીતે એને બચાવવાનું આપણા હાથમાં છે. નકામા લગ્ન સમારંભો, નકામા રીતરિવાજો અને નકામા સમારંભોમાં જવું અને અર્થહીન ક્રિયાકાંડો જોઈને બેઠા રહેવું એ સમયનો મોટામાં મોટો બગાડ છે. આપણા ઘરમાં કોઈ ચીજવસ્તુ ચોરાઈ જાય તો આપણે પોલીસમાં ફરિયાદ નોંધાવીએ છીએ. પણ, કોઈ આપણો કિંમતી સમય ચોરી જાય કે લૂંટી જાય તો ચૂપ બેસી રહીએ છીએ. આવા સમયના લૂંટારા ઠેરઠેર મળી આવશે. **કોઈપણ કામધંધો નહીં કરનાર માણસ પાસે સમય હોતો જ નથી અને અતિ વ્યસ્ત માણસ પાસે હંમેશાં સમય હોય છે!** નવરા માણસને તમે કોઈ સારું પુસ્તક વાંચવાની સલાહ આપશો એટલે તરત જ જવાબ મળશે, 'ટાઈમ ક્યાં છે?'

નાણાંપ્રધાન દેશનું બજેટ બનાવે એટલી ચીવટથી દર અઠવાડિયે આપણે આપણા સમયનું અંદાજપત્ર તૈયાર કરવું જોઈએ. જરૂરી નથી કે દરેક મિનિટ આપણે કામમાં જ ગાળીએ. કામ ઉત્પાદક હોય અને બિનઉત્પાદક પણ હોય છે. ખૂબ કામ કર્યા પછી કોઈ સુંદર સ્થળ જોવા જઈએ કે નળસરોવર જઈને દેશ-વિદેશના પંખીઓ નિહાળીએ કે ગીરના જંગલમાં જઈને સિંહ દર્શન કરીએ એ સમયનો સદુપયોગ જ છે. કેટલીક વસ્તુઓ પાછળ સમય વેડફવો જ પડે છે. આપણે કોશિશ કરીએ તો પણ એ ટાળી ન શકીએ. ઓફિસે દરરોજ આવવા જવામાં જે સમય જાય એનો કોઇ વિકલ્પ નથી.

પણ, આવા અનિવાર્ય સમય બગાડને બાદ કરતાં જે સમય બચે એની એક પણ ક્ષણને બગડવા દેવી નહીં જોઈએ. **મિત્ર કે પ્રિયતમા સાથે જીવનમાં સુખદુ:ખની ક્ષણો વહેંચવા જેવી ઉત્તમ પળો કોઈ નથી.** પણ, માણસ દુનિયામાં માત્ર રોમાન્સ કરવા નથી આવ્યો.

*'આરંભી દુ:ખ હૈ જમાનેમેં મુહબ્બત કે સિવા,*
*રાહતે ઔર ભી હૈ વક્ત કી રાહત કે સિવા...'*

રોમાન્સ કે પ્રેમનો અતિરેક થાય ત્યારે એ ઐયાશી અને ભોગવિલાસ બની જાય છે.

સમયના ઉપયોગનું આયોજન કરતી વખતે માણસે જીવન નહીં પણ મૃત્યુને નજર સમક્ષ રાખવું જોઈએ. માણસના જીવનનો કઈ ક્ષણે અચાનક અંત આવી જાય તે કોઈ કહી શકતું નથી. જીવન અને મૃત્યુ આટલી હદે અનિશ્ચિત હોય તો પછી આપણને મળેલા સમયને વેડફી નાખવો કેમ પોષાય? પણ, અહીં પૂર્વ અને પશ્ચિમની ફિલસૂફીમાં મોટું અંતર છે. પશ્ચિમમાં સમયને આર્થિક પરિબળ તરીકે માપવામાં આવે છે. પરિણામે ત્યાં 'વર્ક કલ્ચર' ખૂબ વિકસ્યું છે. આપણે આધ્યાત્મિક અને ફિલસૂફ લોકો છીએ, એટલે દિવસો સુધી નિષ્ક્રિય બેસીને કથાઓ સાંભળીએ છીએ અને ધ્યાન શિબિરોમાં જઈને સમય વેડફી નાખીએ છીએ. આપણી સરકારી કચેરીઓમાં સમય વેડફાતો હોય છે અને આળસની ઉજવણી થતી હોય છે. પરિણામે, આપણે ત્યાં કાગળ પર હડતાળ હોય કે નહીં, વાસ્તવમાં તો હડતાળ અને કામચોરીની જ બોલબાલા હોય છે. આ પરિસ્થિતિને કેમ પલટાવવી? ધર્મને નામે વર્ષના મોટાભાગનો સમય જે પ્રજા રાજાઓ અને ઉત્સવોમાં વેડફી નાખતી હોય એને માટે 'ટાઈમ મેનેજમેન્ટ' જેવાં પુસ્તકો અરણ્યરૂદન જેવાં છે. આપણી શાળા - કૉલેજોમાં કેટલાક કલાક ખરેખર અધ્યયન થાય છે? **આપણી ઓફિસોમાં કેટલા કલાક ખરેખર કામ થાય છે? આપણે હડતાળ, આંદોલન કે બંધમાં જે સમય વેડફાય એનો પૈસામાં હિસાબ જ કાઢતા નથી.** ક્રિકેટની મેચ કોઈ રમતું હોય અને કરોડો લોકો નિષ્ક્રિય બેસીને એ જોતાં રહેતા હોય ત્યાં સમયનું મૂલ્ય કોને, કઈ રીતે સમજાય? જિંદગીની 'એક્સપાયરી ડેઇટ' આપણા શરીર પર લખેલી હોતી નથી.

**આપણે આપણા આયોજનમાં સમયનાં તત્ત્વ ઉપર ક્યાંય ધ્યાન જ આપ્યું નથી.** પરિણામે, આપણી ટ્રેનો ગોકળગાયની ગતિએ દોડતી રહે છે અને લોકોનો સમય બગાડતી રહે છે. ઉપરથી, ટ્રેન, બસ અને વિમાનસેવામાં મોડા પડવું રોજિંદુ છે. ઝડપી ટ્રેન બનાવવી, રસ્તા સુધારવા, ટ્રાફિક જામ નિવારવા, ઑફિસમાં લોકોની લાઈન ન લાગે એવી વ્યવસ્થા કરવી, ઝડપી વહીવટ આપવો એ બધું આપણી પ્રકૃતિમાં જ નથી. **કોઈ નાનકડું બીલ ભરવામાં બે ચાર કલાક લાગી જાય તો પણ કોઈના પેટનું પાણી ન હલે એવી વ્યવસ્થામાં સમયનું આયોજન શીખવવાનો કોઈ અર્થ ખરો?** કોઈ વી.આઈ.પી. આવી ચડે એટલે રસ્તા બંધ, વાહન-વ્યવહાર બંધ અને કોઈ નેતા મરી જાય એટલે દેશભરમાં અચાનક રજા. સમય ચાહવા જેવી ચીજ છે. આપણે સમયનાં દુશ્મન બનીને વર્તીએ છીએ. ફુરસદનું સંસ્કારીકરણ કરવું જોઈએ. તહેવારો અને ઉત્સવો એ જીવનનું એક અનિવાર્ય અંગ છે, પણ એનું એક નિશ્ચિત સ્થાન છે.

આપણે આપણા પૈસાનું રોકાણ ક્યાં, કેવી રીતે કરવું એની પાછળ જાતજાતની યોજનાઓ બનાવીએ છીએ. ક્યાં

(અનુ. : જુઓ પાના નં.-૧૮ ઉપર)

વિચાર મંથન

# શોધ કોને કહેવાય?

મુરજી ગડા

થોડા સમયથી ભારતના પ્રાચીનકાળની વૈજ્ઞાનિક સિદ્ધિઓ વિશે ઘણું સાંભળવા અને વાંચવા મળે છે. એમાંનું કેટલું સાચું હોઈ શકે અને કેટલું ઉપજાવી કાઢેલું હોઈ શકે એ જાણવું અને સમજવું જરૂરી છે. એના માટે સૌથી પહેલાં વૈજ્ઞાનિક જગત શોધ કોને ગણે છે તે સમજીએ. આપણને શોધ લાગતી કોઈ બાબત વૈજ્ઞાનિક જગતને શોધ ન પણ લાગતી હોય. એક ચોખવટ કરવી છે કે આ લેખમાં વૈજ્ઞાનિક સિદ્ધિઓની વાત પર ભાર મૂકવામાં આવ્યો છે. અન્ય ક્ષેત્રની સિદ્ધિઓનો માત્ર અછડતો ઉલ્લેખ કર્યો છે. એમની શોધ બાબત આટલા ચોક્કસ માપદંડ નથી હોતા.

અંગ્રેજીમાં બે શબ્દો છે : ડિસ્કવરી (Discovery) અને ઈન્વેન્શન (Invention). આ શબ્દોના ચોક્કસ અર્થ થાય છે. જે મોજૂદ છે પણ **આપણી જાણમાં નથી તે ખોળી કાઢવાની કે શોધવાની ક્રિયાને ડિસ્કવરી કહે છે. જે વસ્તુનું અસ્તિત્વ જ નથી તેને બનાવવાની ક્રિયાને ઈન્વેન્શન કહેવાય છે.** ગુજરાતીમાં આ બંને ક્રિયાઓ માટે એક જ શબ્દ છે, તે છે ‘શોધ.’ આ લેખના સંદર્ભમાં બીજો એક અગત્યનો શબ્દ સમજવો પણ જરૂરી છે. તે છે અવલોકન (Observation). ત્રણેય શબ્દોને ધ્યાનમાં રાખીને આપણે શોધ કોને કહેવાય અને ક્યારે થઈ કહેવાય એ વાત જુદા જુદા ક્ષેત્રના થોડા દાખલા વડે સમજવાની કોશિશ કરીએ.

અંગ્રેજીમાં એક વધારાનો શબ્દ છે રિસર્ચ (Research) / સંશોધન; જે ડિસ્કવરી અને ઈન્વેન્શન સાથે સંકળાયેલ છે. **કોઈપણ વિષયનું જ્ઞાન વધારવા માટે એકઠી કરાતી ભરોસાપાત્ર માહિતીને રિસર્ચ કહે છે. આપણે એના ઊંડાણમાં જવાનું ટાળીએ.**

આજથી આશરે ૧૨૦૦૦ - ૧૩૦૦૦ વરસ પહેલાં છેલ્લા હિમયુગનો અંત આવ્યો હતો. ત્યાર પછી માણસ સારા અને ફળદ્રુપ એવા વસવાટની શોધમાં વિષુવવૃત્તથી દૂર જવા લાગ્યો હતો. એટલે આજે આપણી જાણમાં છે એવી સ્થાઈ સંસ્કૃતિઓની શરૂઆત વધુમાં વધુ ૧૦,૦૦૦ વરસ પહેલાં થયેલી મનાય છે. હિમયુગ પહેલાની સંસ્કૃતિઓના નામના જ અવશેષ જોવા મળે છે.

સંસ્કૃતિઓના શરૂઆતના વર્ષોમાં માણસને કુદરતી ઘટનાઓની ખાસ સમજ નહોતી. જોકે એનું મગજ વિકસ્યું હોવાથી તે એનો ભરપૂર ઉપયોગ કરવા લાગ્યો હતો. ત્યારની માણસની બધી પ્રવૃત્તિઓ દિવસના અજવાળામાં થતી હતી. અંધારું થયા પછી એના માટે માત્ર એક જ પ્રવૃત્તિ શક્ય હતી, આકાશ દર્શનની. આ વિષય એના માટે ખૂબ કુતુહલનો હોવાથી શોધખોળોની બાબતમાં અગ્રીમ હતો.

આકાશ દર્શનમાં સૌથી જુદી તરી આવતી ઘટના એટલે ચંદ્રની વધતી ઘટતી કળા. એના ઊગવા આથમવાનો ચોક્કસ રીતે બદલાતો સમય વગેરેને જાહેર અવલોકન કહેવાય. અનાયાસે થતાં કે પછી જાહેર અવલોકનને શોધ ન કહેવાય કારણકે તે બધાને દેખાય છે, સમજાય છે અને જાણીતી છે. એમાં કોઈએ કંઈ નવું નથી કહ્યું. વધારે ધીરજવાળા લોકોએ તારાઓનું નિરીક્ષણ કરીને જાણ્યું કે તારાઓ પણ આકાશમાં રોજ થોડા મોડા ઊગે છે (આજની ચાર મિનિટ જેટલા.) પણ એકબીજાની સરખામણીએ પોતાનું સ્થાન જાળવી રાખે છે. શરૂઆતમાં એમણે જુદા જુદા તારાઓના સમૂહોને એમની આછી પાતળી આકૃતિ પ્રમાણે નામ આપ્યા (જેને આજે આપણે રાશિઓ કહીએ છીએ.) દરેક પ્રાચીન સંસ્કૃતિના લોકોએ એમની ત્યારની સમાજ વ્યવસ્થાના આધારે એ નામ પસંદ કર્યા હતા. આજે જો કોઈને આ તારાવૃંદોના નામ પાડવાનું કહેવામાં આવે તો એને હરણ કે આખલાને બદલે મોટર સાઈકલ દેખાશે અને પતંગને બદલે કદાચ ટી.વી. કે મોબાઈલ દેખાશે.

આપણી આસપાસ માનવસર્જિત જે પણ દેખાય છે તેની શરૂઆત માણસના મગજમાં આવેલા વિચારથી થઈ છે. વિચાર અવલોકનને પ્રેરે છે. માનવ સમાજનું બધું જ્ઞાન ત્યાંથી શરૂ થાય છે અને થયું છે પણ ત્યાં પૂરું થતું નથી. જેણે વધુ બારીકાઈથી આકાશનું અવલોકન કર્યું એને પાંચ અવકાશી પુંજોની ભ્રમણ કક્ષામાં કંઈક અનિયમિતતા દેખાઈ. એમનું આકાશમાં સ્થાન નિયમિતપણે બદલાતું હતું. એમણે એમને તારાને બદલે ગ્રહ / પ્લાનેટ કહ્યા (ગ્રીક ભાષામાં પ્લાનેટ એટલે રખડું.) અવકાશ વિશેની આનાથી વધુ સમજ ત્યારે કોઈને નહોતી. તારા અને ગ્રહો વચ્ચે માત્ર એટલો જ ફરક ગણાતો.

આને ગ્રહોની શોધ કરી એમ કહી શકાય? જો એને શોધ ગણીએ તો એનો યશ કોને અપાય? એ તો બધી જ સંસ્કૃતિઓએ સ્વતંત્ર રીતે ગ્રહોને ઓળખીને પોતાના મનગમતા નામ પણ આપ્યા હતા. કોઈ એકને તો એનો યશ ન જ અપાય. (છેલ્લા બે ગ્રહ, યુરેનસ અને નેપચ્યુન, નરી આંખે દેખાતા નથી.)

ગ્રહો સાચે જ શું છે એની ખબર તો ઠેઠ સોળમી સદીમાં પડી છે. પૃથ્વી પણ એક ગ્રહમાત્ર હોવાની ખબર પણ ત્યારે જ પડી. ગ્રહોની શોધનું શ્રેય નિકોલસ કોપર્નિક્સ, જોહાનીસ કેપ્લર, ટાઈકો બ્રાહા અને ગેલેલિઓ ગેલેલાઈને સંયુક્ત રીતે અપાય છે. જોકે દરેકનું યોગદાન અલગ અલગ કારણોસર છે. એના ઊંડાણમાં ન જઈએ.

**(૧)** આજે આપણને ખબર છે કે તારા અને ગ્રહ સાવ અલગ પદાર્થ છે. તારા સ્વયં પ્રકાશિત છે જ્યારે ગ્રહો સ્વયં પ્રકાશિત નથી. તારાઓ કરતાં ગ્રહો ઘણાં નાના છે. તેઓ કોઈ એક તારાની પ્રદક્ષિણા કરતા હોય છે વગેરે વગેરે. આપણને દેખાતી ગ્રહોની વિશિષ્ટ ભ્રમણ કક્ષાનું સાચું કારણ પણ ખબર છે. આપણા સૂર્ય મંડળના ગ્રહોનું બંધારણ, કદ, સૂર્યથી અંતર, એમના ઉપગ્રહો વગેરે બધી માહિતી એમનું અવલોકન તેમજ ગણિતની મદદથી શક્ય બની છે. આમાંની કેટલીક માહિતી ઠેઠ વીસમી સદીમાં મળી છે. ગ્રહો પરનું સંશોધન હજી ચાલુ જ છે. એટલે આવી ઊંડાણભરી શોધનું શ્રેય ચોક્કસ વ્યક્તિને આપી શકાય છે.

**(૨)** ઘણી જાણીતી અને ચર્ચાયેલી લાઈટ બલ્બની શોધને તપાસીએ. કહેવાય છે કે **લાઈટ બલ્બ શોધવા માટે થોમસ એડિસનને એક હજારથી વધારે પ્રકારના પ્રયોગ કરવા પડ્યા હતા.** એના મિત્રે પૂછ્યું પણ હતું કે આટલી બધી નિષ્ફળતાઓ છતાંય તે કેમ હજી હાર સ્વીકારતો નથી? ઍડિસનનો જવાબ પણ પ્રખ્યાત થયો છે. એના શબ્દો હતા, '**આ નિષ્ફળતાઓ નકામી નથી.** હવે મને અને જગતને ખબર પડી છે કે આ જુદી જુદી હજાર રીતે લાઈટ બલ્બ ન બનાવી શકાય.' અંતે તે માત્ર લાઈટ બલ્બ જ નહીં પણ બીજી ૨૦૦૦ જેટલી નાની મોટી શોધો કરે છે અને એના પરિણામે દુનિયા બદલાઈ ગઈ છે.

**(3)** આપણા શરીરની અંદર કયા અવયવો છે, ક્યાં છે, અન્ય પ્રાણીઓ કરતાં કેટલા જુદા છે, તે કયું કામ કેવી રીતે કરે છે વગેરે બધી બાબતે માણસ અજાણ હતો. મૃત્યુ પછી મૃતદેહને કાં તો બાળી નાખવામાં આવતો હતો કાં તો જમીનમાં દાટી દેવાતો હતો. મૃત માનવ શરીરની ચીરફાડ કરવી ધાર્મિક માન્યતાઓની વિરુદ્ધ હતું. એવું કરનારને ધર્મગુરુ દ્વારા ખૂબ આકરી સજા કરવામાં આવતી.

શરીરની અંદરના અવયવોનો અભ્યાસ કર્યા વગર ચિકિત્સા ક્ષેત્ર અધૂરું રહેતું હતું. એટલે બધા જોખમો ખેડીને પણ **અઢારમી સદીમાં ઇંગ્લેન્ડના જાંબાઝ ડોક્ટરોએ રાતના અંધારામાં કબરો ખોદીને, મડદાઓના શરીર ચીરીને, માનવ શરીરનો અભ્યાસ કર્યો હતો.** એમના પ્રતાપે આજે શરીરના દરેક અવયવનું કાર્ય સમજાય છે, ઑપરેશન શક્ય બન્યા છે અને પરિણામે ઘણી જિંદગીઓ બચાવી શકાઈ છે. અત્રે ખાસ ઉમેરવાનું કે ઑપરેશન માટે બીજા કેટલાયે યંત્રો, દવાઓ, એનેસ્થેશિયા, એન્ટિબાયોટિક્સ વગેરે જોઈએ છે જેમનો ફાળો પણ એટલો જ અગત્યનો છે. એમને અવગણાય નહીં. છતાંય એની ચર્ચા કરી નથી કારણકે આ લેખનો વિષય અલગ છે.

**(૪)** પ્રાચીન કાળ તો શું પણ મધ્ય યુગ અને ઠેઠ મોગલ યુગ સુધી પત્થરની મોટી ભવ્ય ઈમારતો બંધાતી, સુંદર કોતરકામ થતું, પણ મોટી બહુમાળી ઈમારતો બનતી નહોતી કારણકે ત્યારે છત / સ્લેબ (Slab) બનાવવાની ટેકનિક શોધાઈ નહોતી. ઈમારતો બાંધવાનું અલગ જાતનું સિમેન્ટ હતું, ધાતુઓ બનાવવાની આવડતોય હતી પણ આર.સી. (Re-inforced Concrete) બનાવવાની શોધ કોઈએ કરી નહોતી. એના વગર મોટી સાઈઝની સમતળ છત બની શકે નહીં. પુરાણી બધી ઈમારતોને ગુંબજ હોય છે (મુસ્લિમ ઈમારતો) કે પછી શિખરો હોય છે (હિંદુ અને જૈન મંદિરો). ગુંબજ કે શિખર (Self Supporting Structure) પોતાનો ભાર પોતે ઊપાડનાર બાંધકામ છે. જ્યાં છત બનાવવાની જરૂર પડી છે ત્યાં પુષ્કળ થાંભલા અને પત્થરના બીમ લગાવવા પડ્યા છે (ગુજરાતની વાવ). કારણકે પત્થરની લંબાઈની મર્યાદા હોય છે અને લાકડાના ટકાઉપણાની પણ મર્યાદા હોય છે. આર.સી.ના સ્લેબ બનાવવા, એ પ્રાથમિક ટેકનિક ગણાય જે ઠેઠ ઓગણીસમી સદીમાં પશ્ચિમમાં શોધાઈ છે. આજે વપરાતું સિમેન્ટ પણ ત્યાં જ અને એ જ અરસામાં શોધાયું છે.

અત્રે પ્રસ્તુત કરાયેલી ચાર શોધોમાંથી પહેલી શોધ ડિસ્કવરી હતી. એના માટે માત્ર અવલોકન અને ગણિતના સમીકરણો પૂરતા હતા (આમેય અવકાશી પદાર્થો પર પ્રયોગ કરવા શક્ય નથી). એ શોધાઈ ત્યારે એનું ખાસ વ્યવહારિક મહત્ત્વ પણ નહોતું. જ્યારે બીજી શોધ ઈન્વેન્શન બને છે. એના માટે પુષ્કળ પ્રયોગો કરવામાં આવ્યા હતા. તે ખાસ હેતુસર કરવામાં આવી હતી. ત્રીજી શોધ જેના માટે એ લોકો પોતાની જાનનું જોખમ ખેડતા હતા, તેની શરૂઆત ડિસ્કવરીથી થઈ હતી પણ એના ઉપયોગને ઈન્વેન્શન કહેવું પડે. ચોથી શોધ વૈજ્ઞાનિક રીતે સામાન્ય ગણાય. એના માટે ખાસ પ્રયોગો કરવાની કે જોખમ ખેડવાની પણ જરૂર નહોતી. માત્ર થોડુંક આગળ વિચારવાની જરૂર હતી.

કોઈ એક શોધ થાય એટલે એ બાબતનું કામ પૂરું થઈ નથી જતું. એક જ ક્ષેત્રની કે યંત્રની શોધ તબક્કાવાર પણ થાય છે. કોઈ એક વૈજ્ઞાનિકને પાયાના સિદ્ધાંતો સમજાયા પછી અન્ય કોઈ વૈજ્ઞાનિક વધારાના કે વધારે ચોક્કસ સિદ્ધાંતો શોધે છે. યંત્ર હોય તો એને વધારે કાર્યક્ષમ બનાવાય છે. આ ક્રિયા લાંબો વખત ચાલી શકે છે. આજકાલ રોજ બજારમાં આવતાં નવા મોબાઈલ આનો શ્રેષ્ઠ દાખલો છે. આટલી ઝડપથી આજ સુધી કોઈ પણ વસ્તુ બદલાઈ નથી.

વૈજ્ઞાનિક શોધો તો હજારો થઈ છે અને સતત થઈ રહી છે. પહેલાના વખતમાં અને અત્યારની શોધોમાં એક મુખ્ય તફાવત એ છે કે ત્યારે એકલ દોકલ વ્યક્તિઓએ શોધો કરી હતી. હજી પણ વ્યક્તિઓ જ કરે છે. જો કે તે બધી વ્યક્તિઓ યુનિવર્સિટી અથવા કોર્પોરેશન સાથે સંકળાયેલી હોય છે. સ્વતંત્ર રીતે નવી શોધ કરવી એક વ્યક્તિ માટે ખૂબ અઘરું અને ખર્ચાળ બની ગયું છે.

આ બધી વૈજ્ઞાનિક શોધોના દૃષ્ટાંત આપવાનો હેતુ શોધ કોને કહેવાય, કેટલી રીતે થઈ શકે વગેરે હતો. એનું કારણ આપણામાં ઘર કરી ગયેલી એક આદત છે. જ્યારે પણ વિકસિત દેશોમાં કોઈ નવી શોધ થાય છે ત્યારે છાપામાં અવશ્ય વાંચવા મળે છે કે આ બધું તો પ્રાચીન ભારતમાં હતું જ. પ્રાચીન ઋષિ મુનિઓએ અધ્યાત્મ, ધ્યાન અને તપથી બધું જાણી લીધું હતું. પશ્ચિમના લોકોએ આપણા ગ્રંથોમાંથી બધું ઊપાડ્યું છે, વગેરે વગેરે. મોટાભાગના લોકો કંઈ પણ વિચાર્યા વગર આ બધું સાચું માની લે છે. આવા ઠાલા પ્રચારથી ભોળવાયા વગર વાસ્તવિકતા શું છે કે શું હોઈ શકે છે તે સમજવાની જરૂર છે.

**વિજ્ઞાન એ કુદરતના નિયમ સમજવાનું શાસ્ત્ર છે. એ સ્થળ અને કાળથી પર છે.** કુદરતના નિયમ માત્ર અનાયાસ અવલોકનથી નથી સમજાઈ જતા. ઉપર ફેંકેલી વસ્તુ પાછી પૃથ્વી પર પડે છે એ અવલોકનને ગુરુત્વાકર્ષણની શોધ ન કહેવાય. અવલોકન એ કુદરતને સમજવાની શરૂઆત માત્ર છે, એનો અંત નથી. જોકે કોઈ ખાસ કારણસર કરવામાં આવતું અવલોકન કેટલાક સંજોગોમાં શોધ બની શકે છે પણ દરેક અવલોકન એ શોધ નથી બનતું. કુદરતના નિયમ સમજવાની મોટાભાગની પ્રક્રિયા ઘણી લાંબી છે. એના માટે અવલોકન (observation), જિજ્ઞાસા (curiosity), વિચારશક્તિ (thinking), અર્થ ઘટન (interpretation), વિશ્લેષણ (analysis), પ્રયોગ (experimentation) અને ક્યારેક વિસ્તૃતિકરણ (extrapolation)નો આશરો લેવો પડે છે. માત્ર અવલોકન કરવાથી કે ધ્યાન ધરવાથી બધું જ્ઞાન, ખાસ કરીને કુદરતના નિયમોનું જ્ઞાન આવી જતું નથી. પ્રાર્થના, ભક્તિ, તપ વગેરેથી સમજવાનો તો કોઈ સવાલ જ નથી. કહેવાતા દાર્શનિક સત્યો કુદરતના નિયમ સમજવા બાબતમાં ખોટા પડ્યા હોય એવા ઘણા દાખલા મોજૂદ છે. વ્યક્તિગત જૂજ અપવાદ બાદ કરતાં પ્રયોગો કરવા જેટલો વિકાસ ભારતીય કે અન્ય કોઈ પણ પ્રાચીન સંસ્કૃતિનો થયો નહોતો. એટલે ભારતના જ નહીં, અન્ય કોઈ દેશના લોકો પોતાની પ્રાચીનતાના મોટા મોટા દાવાઓ કરતા હોય તો તેમને પણ આ વાત લાગુ પડે છે.

ભારતના સંદર્ભમાં કહીએ તો પ્રાચીનકાળથી મધ્ય યુગ સુધીના જીજ્ઞાસુઓ / વિશારદો / ચિંતકો ગણિતમાં આગળ હતા પણ પદાર્થ વિજ્ઞાન વગેરેમાં અવલોકનથી આગળ વધતા નહોતા. ચિકિત્સાશાસ્ત્ર વિકસ્યું હતું, હાથપગના હાડકા સંધાતા હતા, ઉપરછલ્લી શસ્ત્રક્રિયાયે થતી હતી પણ શરીરના અંદરના અવયવોની સર્જરી શક્ય નહોતી. શરીરથી કપાયેલો કોઈ ભાગ પાછો જોડી શકાય એટલી સર્જરી વિકસી નહોતી. આજે ઘણા અવયવ બદલી શકાય છે, કપાયેલી આંગળી પાછી જોડી શકાય છે, પણ માથું છૂટું થઈ ગયું હોય તો એને પાછું જોડી શકાય એટલી હદે સર્જરી આજે પણ વિકસી નથી. ભવિષ્યમાં એવું બનવાની શક્યતા પણ ના બરાબર છે. એના માટે જટીલતા અને સમયની મર્યાદા કારણભૂત છે.

ભૂતકાળમાં ઘણા પ્રકારના શસ્ત્રો બનતા હતા પણ એક તીર સિવાય બંદૂક, તોપ જેવા શસ્ત્રો નહોતા બનતા. વાહન વ્યવહારમાં પ્રાણીઓના ઉપયોગથી આગળ વધી પાયાના યંત્ર જેવી સાઈકલ બનાવવા સુધી પણ આગળ વધ્યા નહોતા. વિમાન માત્ર કોઈની કલ્પનામાં જ ઉડતા હતા. વાહનોને જોઈતું ઈંધન શોધાયું નહોતું. ટૂંકમાં વાહન વ્યવહારના કે સંદેશ વ્યવહારના યાંત્રિક સાધનો વિકસ્યા નહોતા.

હવે વર્તમાનકાળની વધુ વિકસિત શોધોની વાત કરીએ. વિકસિત દેશોમાંથી ક્લોનિંગની સફળતાના સમાચાર આવ્યા એટલે બીજે જ દિવસે છાપામાં મોટા અક્ષરે સમાચાર છપાયા કે આપણા દેશમાં તો પહેલેથી જ ક્લોનિંગની જાણકારી હતી. ૧૦૦ કૌરવો ક્લોનિંગથી જ બન્યા હતા. આવા દાવાને બાલીશતા કહેવું પડે. જો ક્લોનિંગ શક્ય હોત તો લાખોની સંખ્યામાં સૈનિકો બનાવી શકાયા હોત અને દેશ કોઈ દિવસ પરદેશી શાસનકર્તાઓના હાથમાં ન આવત.

રાજાશાહીના જમાનામાં પૂરી દુનિયામાં બહુ પત્નીત્વની પ્રથા હતી. રાજાઓને તો કેટલીયે રાણીઓ - પત્નીઓ હોતી. થોડા સમય પહેલા જ છાપામાં ફોટા સાથે સમાચાર આવ્યા હતા કે આજના સમયમાં પણ આફ્રિકાના એક નાના દેશના રાજાને ૧૦૦ થી વધારે પત્નીઓ છે અને ૫૦૦ જેટલા બાળકો છે. હસ્તિનાપુરના રાજા ધૃતરાષ્ટ્રને પણ ઘણી પત્નીઓ હોઈ શકે છે. મહારાણી ગાંધારીના દુર્યોધન અને દુશાસન એમ માત્ર

બે પુત્રો હોવાનું ક્યાંક વાંચ્યું છે. બાકીના કૌરવો અન્ય રાણીઓના હતા કે હોઈ શકે. ધૃતરાષ્ટ્રના બધા પુત્રો કૌરવો જ કહેવાય. આમ તો કેટલાક લોકો મહાભારતને ઇતિહાસ નહીં પણ માત્ર વાર્તા જ ગણે છે. આપણે એના વિવાદમાં ન જતાં એટલું જ ધ્યાન રાખવાનું જરૂરી છે કે **દરેક નવી શોધને પ્રાચીનકાળની વાસ્તવિક્તા ગણવાને બદલે આવી વ્યવહારું અને વધારે તર્કબદ્ધ શક્યતાઓ વિચારીએ / તપાસીએ તો સારું.**

મહાભારતનું યુદ્ધ શરૂ થતાં પહેલાં વેદવ્યાસ સંજયને દિવ્યદૃષ્ટિ આપે છે. જે લોકો શ્રાપ, વરદાન, મંત્ર-તંત્ર વિદ્યા વગેરેમાં માનતા હોય એમના માટે કંઈ કહેવું નથી. જે લોકો એવો દાવો કરે છે કે દિવ્યદૃષ્ટિ એટલે ત્યારે પણ ટી.વી. હતું, એમને પૂછવાનું કે ટી.વી.ની બનાવટ, એનું પ્રસારણ વગેરેમાં કેટલા વૈજ્ઞાનિક ઉપકરણ જોઈએ એનો ક્યારે પણ વિચાર કર્યો છે? ટી.વી. તો હમણાં શોધાયું છે, સો વરસ પહેલાના લોકોને ટી.વી.ની કલ્પના પણ નહોતી, ત્યારે સંજયની દિવ્યદૃષ્ટિને કઈ આધુનિક શોધ સાથે સરખાવતા હશે? કે પછી ત્યારના લોકો પ્રાચીનકાળના ભારતની આવી આધુનિક સિદ્ધિઓની વાતો કરતા નહોતા? આજે પણ આપણે ટી.વી. પર જે સમાચાર જોઈએ છીએ તે સમાચાર બનાવના સ્થળ પર ગયેલ કોઈ પત્રકાર અને કેમેરામેન મોકલે ત્યારે જ આપણને દેખાય છે, આપમેળે નથી આવી જતા. તો પછી એમ કેમ નથી વિચારતા કે રાજાના નોકર સમયાંતરે યુદ્ધ મેદાનથી પાછા આવી રાજાને ત્યાંનો આંખે દેખ્યો અહેવાલ આપતા હશે? બધાને રાજા પાસે જવાની પરવાનગી ન હોય એટલે સમાચાર સંજય દ્વારા પહોંચતા હશે. રાજા પાસે તો જોઈએ એટલા નોકર ચાકર હોય છે. એટલે દિવ્યદૃષ્ટિની સરખામણીએ આ વધારે વાજબી અને તાર્કિક અર્થઘટન નથી લાગતું?

આવા તો ઘણા દાખલા આપી શકાય છે. મૂળ હેતુ દાખલા આપવાનો નહીં પણ વાસ્તવિક્તા સ્વીકારવાનો છે. વૈજ્ઞાનિક શોધખોળોની બાબતમાં આપણા દરેક દાવાને અલગથી મૂલવવો જરૂરી છે. એટલે આવા અન્ય અ-વૈજ્ઞાનિક દાવાઓની છણાવટ કરી, દરેક વહેતી મૂકાતી સ્વ-મહત્તાની વાતને સાચું માનવા અને મનાવવા કરતાં વ્યવહારુ અને વધુ તાર્કિક શક્યતાઓ સ્વીકારીએ એ આપણા હિતમાં છે. વૈજ્ઞાનિક શોધ ગણવાનો અધિકાર વૈજ્ઞાનિકોને હોય, આપણને નહીં.

શોધની સાથે પ્રાચીનકાળની સિદ્ધિઓ સંકળાયેલી છે. એટલે આપણે ત્યારની સિદ્ધિઓને ન્યાય આપવો જરૂરી બને છે. પ્રાચીનકાળમાં કળા, સાહિત્ય, સંગીત વગેરે ક્ષેત્રોની સિદ્ધિઓ નોંધપાત્ર છે. તે ઉપરાંત એક અગત્યનું ક્ષેત્ર બાકી રહે છે એની પણ નોંધ લઈએ. કુદરતના નિયમ ભલે અફર હોય, સમાજશાસ્ત્રના નિયમ સંપૂર્ણપણે આપણા હાથની વાત છે. સમૂહમાં શાંતિ અને સહકારથી રહેવા માટે, ધાર્મિક ભાષામાં નીતિશાસ્ત્ર કે તત્ત્વજ્ઞાન કહેવાતા, શાસન વ્યવસ્થામાં કાયદા કહેવાતા અને સામાજિક ક્ષેત્રે પરંપરા કહેવાતા સમાજશાસ્ત્રના નિયમ / બંધન બનાવવા અને સમજવા પ્રમાણમાં સહેલા છે. એમને માત્ર ચર્ચા વિચારણાથી જ બનાવી શકાય છે. સ્થળ અને કાળ પ્રમાણે તે બદલાય પણ છે. દરેક ક્ષેત્રના ઘણા લોકોએ એમાં પોતાનું યોગદાન આપ્યું છે. ભારતના સંદર્ભમાં પ્રાચીનકાળમાં આ ક્ષેત્રે ઘણું કામ થયું હતું એ નિઃશંક છે. આપણે એનો ગર્વ અવશ્ય લઈ શકીએ. જો કે આજના સમયમાં પ્રાચીનકાળની સમાજ વ્યવસ્થાની ઉપયોગીતા કેટલી સુસંગત છે તે વળી જુદો જ વિષય છે.

*૧, શ્યામ વાટિકા સોસાયટી,*
*વાસણા રોડ, વડોદરા-૩૯૦ ૦૦૭.*
*મો. ૯૭૨૬૭ ૯૯૦૦૯*

## આપણે સમયનું આયોજન કેમ નથી કરતા?

**(અનુ. : પાના નં.-૧૪ ઉપરથી ચાલુ)**

પૈસા રોકવાથી સૌથી વધુ વળતર મળશે કે સૌથી વધુ વ્યાજ મળશે, એની ગણતરી માણસ કરતો હોય છે. પણ, **પૈસાથી પણ વધુ કિંમતી સમયનું રોકાણ કેમ અને ક્યાં કરવું એ વિશે ભાગ્યે જ વિચારીએ છીએ.** પરિણામે, સમય વેડફાતો જ રહે છે. પૈસાની જેમ જ ઉપયોગી પ્રવૃત્તિમાં સમય ખર્ચીએ તો સમયનું પણ વ્યાજ મળે છે. તમે સતત બે-ચાર વર્ષ કોઈ ઉપયોગી પ્રવૃત્તિમાં ગાળો તો તમને એનું વ્યાજ તમારા કામની પ્રશંસારૂપે, કોઈ કદરરૂપે, કોઈ માન્યતારૂપે કે પછી તમારા પોતાના વ્યક્તિગત સંતોષરૂપે મળવાનું નક્કી જ છે. એથી ઊલટું, **જિંદગીના અમૂલ્ય વર્ષો નકામી બાબતોમાં વેડફી નાખ્યા પછી પાછલી જિંદગીમાં એનો પારાવાર અફસોસ પણ થવાનો જ છે. એ અફસોસ ટાળવો હોય તો સમયનું વ્યવસ્થિત આયોજન કરવામાં લાગી જવું જોઈએ. એમ કરવામાં નિષ્ફળ જઈએ તો સાહિર લુધિયાનવીએ આપેલી ચેતવણી જ સાચી ઠરશે :**

*"કોઈ રૂકતા નહીં, ઠેહરે હુએ રાહી કે લિયે,*
*જો ભી દેખેગા વો કતરા કે ગુજર જાએગા,*
*હમ અગર વક્ત કે હમરાહ ન ચલને પાએ,*
*વક્ત હમ દોનોં કો ઠુકરા કે ગુજર જાએગા.*

*૫, સૌરાષ્ટ્ર કલાકેન્દ્ર સોસાયટી,*
*રાજકોટ-૩૬૦ ૦૦૧. ફોન : (૦૨૮૧) ૨૫૭૫૩૨૭*

કચ્છ

# બંધારણસભામાં કચ્છી સપૂતો

સંજય પી. ઠાકર

એક ગૃહ તરીકે ભારતની બંધારણ સભા (કોન્સ્ટિટ્યૂઅન્ટ એસેમ્બલી)નું ગઠન ૬ ડિસેમ્બર, ૧૯૪૬ના કરાયું હતું, જેને ૨૪ જાન્યુઆરી, ૧૯૫૦ના વિખેરી નાખવામાં આવી હતી. બંધારણ સભાએ શાહી વિધાન પરિષદ (ઇમ્પિરિયલ લેજિસ્લેટિવ કાઉન્સિલ)નું સ્થાન લીધું હતું. **બંધારણ સભાના વિસર્જન પછી ભારતની સંસદ રચાઈ હતી.** બંધારણ સભાના કામચલાઉ સભાપતિ તરીકે કોંગ્રેસના સચ્ચિદાનંદ સિંહાએ કામ કર્યા પછી **ડો. રાજેન્દ્રપ્રસાદ અધ્યક્ષ વરાયા હતા. મુસદ્દા સમિતિના અધ્યક્ષ તરીકે ડો. બી.આર. આંબેડકરે** પોતાની સેવાઓ આપી હતી. ડિસેમ્બર ૧૯૪૬થી જૂન ૧૯૪૭ સુધી ૩૮૯ બેઠકોનું માળખું બંધારણ સભાનું હતું. જૂન ૧૯૪૭થી જાન્યુઆરી ૧૯૫૦ના આ બેઠકો ૨૯૯ હતી. તેમાં કોંગ્રેસની ૨૦૮ બેઠકો, ઓલ ઇન્ડિયા મુસ્લિમ લીગની ૭૩ અને અન્યોની ૧૫ બેઠકો હતી. ૯૩ બેઠકો રજવાડી શાસકોની હતી. સંવિધાન સભાએ બે વર્ષ, ૧૧ મહિના, ૧૮ દિવસમાં કુલ ૧૬૬ બેઠકો કરી હતી.

**આ બંધારણ સભામાં કચ્છ વતી એક સભ્ય ચૂંટવાના હતા.** તે વખતે કચ્છની રાજાશાહીમાં પણ કેટલાક શહેરોમાં નગરસભા હતી. ભારતની બંધારણ સભા માટેના પ્રતિનિધિ માટે આ નગરસભાના સભ્યો કચ્છમાં મતદાર બન્યા. મુંબઈમાં રહેતા, કચ્છના અબડાસા તાલુકાના તેરા ગામના મૂળ વતની **ભવાનજી અરજણ ખીમજી** (૧૯૦૨-૧૯૭૦) આ ગૌરવવંતા સ્થાન ઉપર કચ્છ વતી બંધારણ સભામાં સભ્ય તરીકે ચૂંટાયા. ૧૯૪૯ના નવેમ્બરની ૨૬મી તારીખે દિલ્હીમાં હર્ષનાદો વચ્ચે બંધારણ પસાર થયું. એ ખરીતામાં સહુ સભ્યોની સહી થઈ. તેમાં કચ્છ વતી સહી કરનાર ભવાનજીભાઈ હતા. તેઓ ૧૯૪૭-૪૮માં મુંબઇ વિધાનસભામાં ધારાસભ્ય હતા. મુંબઈ કોંગ્રેસના પ્રમુખ તરીકે પણ ચૂંટાયા હતા. તેમણે કચ્છનું પહેલી લોકસભા (૧૯૫૨થી ૧૯૫૭) અને બીજી લોકસભા (૧૯૫૭થી ૧૯૬૨) — એમ બે ટર્મ સુધી પ્રતિનિધિત્વ કર્યું હતું. બંધારણ સભામાં ૧૯૪૬થી '૫૦ સુધી કાર્યરત રહેનાર ભવાનજીભાઈ કચ્છના ધૂરંધર રાજનેતા હતા. તેઓ ૧૯૪૭થી '૫૦ કોટન એસો. ઓફ ઇન્ડિયાના ઉપપ્રમુખ રહ્યા હતા. વેપારી તરીકે જાણીતા અને ૧૯૩૦થી ભા.રા. કોંગ્રેસના સભ્ય, ઇન્ડિયન મર્ચન્ટ્સ ચેમ્બર - મુંબઈના મેને. કમિટીના સભ્ય, બોમ્બે પોર્ટ ટ્રસ્ટના ટ્રસ્ટી (૧૯૩૩-૩૪), બોમ્બે કોટન મર્ચન્ટ્સ એન્ડ મુકાદમ એસો.ના પ્રમુખ (૧૯૩૫-૫૦), કચ્છ દુષ્કાળ રાહત સમિતિના ઉપપ્રમુખ (૧૯૪૦-૪૧ અને ૧૯૪૮-૪૯), ઇન્ડિ. મર્ચન્ટ્સ એસો. મુંબઇના પ્રમુખ (૧૯૪૯), એસ.આર.સી.ના ડાયરેક્ટર (૧૯૪૯), અખિલ કચ્છ વાગડ ખેડૂત સંમેલનના પ્રમુખ (૧૯૪૯), કચ્છના 'સી' સ્ટેટની વગદાર એડવાઇઝરી કાઉ.ના સભ્ય (૧૯૪૯-૫૨), કંડલા પોર્ટ એડવાઇઝરી કમિટીના સભ્ય (૧૯૪૯), બોમ્બે પ્રેસિડન્સી ઓનરરી મેજિસ્ટ્રેટ સોસાયટીના પ્રમુખ (૧૯૫૦), માટુંગા ગુજરાતી કેળવણી મંડળના પ્રમુખ (૧૯૫૦), કચ્છ કોંગ્રેસ ધરતીકંપ રાહત સમિતિ - ભુજના પ્રમુખ અને કચ્છ કેન્દ્રીય ધરતીકંપ રાહત સમિતિ - ભુજના ઉપપ્રમુખ (૧૯૫૬), એઆઇસીસી-ગુજરાતના સભ્ય (૧૫ વર્ષ), અરજણ ખીમજી જિનિંગ એન્ડ પ્રેસિંગ કંપની લિ.ના ડાયરેક્ટર અને કચ્છ સોલ્ટ એન્ડ એલાઇડ ઇન્ડ.લિ.ના પ્રમુખ રહ્યા હતા. તેમણે ૧૯૩૧થી ૧૯૪૪ દરમિયાન સ્વાતંત્ર્ય સંગ્રામમાં પણ ભાગ લીધો હતો. ભવાનજીભાઈએ મુંબઈમાં રહીને પણ કચ્છના ઉત્કર્ષમાં ઊંડો રસ લીધો હતો. તેમણે મુંબઈ ખાતે કચ્છ વિકાસ મંડળની ડિસેમ્બર ૧૯૫૯માં સ્થાપના કરી હતી. તે ૧૯૬૨ની લોકસભા ચૂંટણીમાં સ્વતંત્ર પક્ષના **કુમાર શ્રી હિંમતસિંહજી** સામે હાર્યા હતા. **કુંદનલાલભાઈ ધોળકિયા ભવાનજીભાઈ વિશે લખે છે કે તેમની પ્રતિભા, સૂઝ, સૌજન્ય — એ તો કચ્છની થાપણ હતી.** કંડલા બંદરની પસંદગી અને ઉત્કર્ષ, મીટરગેજ - બ્રોડગેજ રેલવે, વિઘોટીનો પ્રશ્ન હોય કે અન્ય વિકાસના પ્રશ્નો હોય, ભવાનજીભાઈનું વ્યક્તિત્વ ઓર ઊપસતું... કચ્છ સદા તેમનું ઋણી રહેશે.

ભવાનજીભાઈ ઉપરાંત માંડવી (કચ્છ)ના એક સુખ્યાત સપૂત અને વિદ્વાન અર્થશાસ્ત્રી **પ્રા. ખુશાલ તલકશી (કે.ટી.) શાહ** (૧૮૮૮-૧૯૫૩)ને બિહારે પોતાના પ્રતિનિધિ તરીકે બંધારણ સભામાં મૂક્યા હતા. પ્રા. શાહે સ્વાતંત્ર્ય પૂર્વે કોંગ્રેસે ૧૯૩૭માં રચેલી પં. નહેરુના વડપણ નીચેની રાષ્ટ્રીય આયોજન સમિતિમાં સભ્ય અને સચિવ તરીકે માતબર વૈચારિક ગૌરવભર્યો ફાળો આપ્યો છે. ૧૯૩૦-૩૧માં લંડનમાં ગોળમેજી પરિષદમાં

જવા પહેલાં મહાત્મા ગાંધીએ બંધારણ તથા આર્થિક પ્રશ્નો વિશે પ્રા. શાહની સારી મદદ લીધી હતી. ૧૯૧૦માં લંડન સ્કૂલ ઑફ ઇકોનોમિક્સના ડિગ્રીધારી અને પછી બેરિસ્ટર એટ લૉ ની ઉપાધિ મેળવનાર કે.ટી. શાહે પ્રથમ મૈસુરની મહારાણા યુનિ.માં પ્રોફેસર તરીકે કામ કર્યા બાદ ૧૯૨૧થી '૩૦ સુધી મુંબઇ યુનિ.ના અર્થકારણ અને સમાજશાસ્ત્રના અનુસ્નાતક વર્ગોના નિયામક બન્યા હતા. મુંબઇ યુનિ.ના અધ્યાપકોનું મંડળ સ્થાપવા જે સંમેલન ભરાયું હતું તેના પ્રમુખ તરીકે ખૂબ કિંમતી સેવા તેમણે બજાવી હતી.

પ્રા. શાહ દૂરંદેશી, જિનિયસ તેમજ વિઝનરી હતા. **પ્રા. શાહે ભારતને 'સેક્યુલર' જાહેર કરો તેવું સૂચન બંધારણ પરિષદમાં કર્યું હતું, જે નકારાયું હતું.** રાષ્ટ્રપતિની સૌપ્રથમ ચૂંટણીમાં ડૉ. રાજેન્દ્રપ્રસાદ સામે લોકશાહી પરંપરા જાળવવા ઊભા રહેલા પ્રા. શાહ ક્રાંતિકારી વિચારો ધરાવતા સાચા સમાજવાદી આયોજન નિષ્ણાત હતા. તે વખતના ડૉ. આંબેડકર, ડૉ. રાજેન્દ્રપ્રસાદ, ડૉ. રાધાકૃષ્ણન જેવા દિગ્ગજો પ્રા. શાહના આગવા, મૌલિક અને દૂરંદેશી વિચારો અને નીડર અભિવ્યક્તિથી ચકિત હતા. તે અરસાની બંધારણ સભાએ તેમના જે પ્રસ્તાવોને ખારિજ કર્યા હતા તે જ પછીના વર્ષોમાં ભારતના સંવિધાનમાં સામેલ કરવા પડ્યા હતા. જે હવે પાયારૂપ અને વિશ્વ વિખ્યાત લોકશાહી માટેના ઘરેણાં સમાન પુરવાર થયા છે. પ્રા. શાહે ભારતને સંઘીય અને સમાજવાદી એટલે કે 'સેક્યુલર, ફેડરલ અને સોશિયાલિસ્ટ' તેવી વિશેષતા બક્ષવાનો પ્રસ્તાવ મૂક્યો હતો પણ તેનો અસ્વીકાર થયો. ૧૯૭૬માં બંધારણમાં ૪૨મો સુધારો થયો તેમાં 'સોશિયાલિસ્ટ' અને 'સેક્યુલર' શબ્દો અને તે પ્રકારની શાસન પ્રણાલીનો સ્વીકાર કરાયો હતો. પ્રા. શાહે 'બાઉન્ડ્રી કમિશન' રચવા પર ભાર મૂક્યો હતો, પણ તેને નજરઅંદાજ કરાયો હતો. તેમના પ્રસ્તાવોની બંધારણ સભાની રોજેરોજની કાર્યવાહીની મિનિટ્સમાં સારી રીતે નોંધ લેવાઈ છે. આ પ્રતિભાવાન અગ્રણી કચ્છી અર્થશાસ્ત્રીનું કોંગ્રેસમાં અદકેરું માન હતું. **પ્રા. શાહ, યુનાઇટેડ ટ્રેડ યુનિયન કોંગ્રેસના સ્થાપક પ્રમુખ હતા.** એ ડાબેરી કામદરા સંગઠન એમણે ૧૯૪૯માં સ્થાપ્યું હતું.

**પ્રા. શાહે અર્થશાસ્ત્ર અને સમાજ વિજ્ઞાન ઉપર ચાળીસથી વધારે અભ્યાસપૂર્ણ પુસ્તકો લખ્યાં છે. તેમાં 'ફાઉન્ડેશન ઑફ પીસ' (૧૯૪૫) વિશેષ ઉલ્લેખનીય છે.** સાહિત્ય ક્ષેત્રે એમણે 'સ્પ્લેન્ડર ધેટ વોઝ ઇન્ડિયા' પુસ્તક લખ્યું છે. ઉપરાંત ત્રણ ગુજરાતી નાટકો પણ લખ્યા છે. કચ્છી પ્રજાકીય પરિષદનું બંધારણ ઘડવામાં તેમનો મોટો ફાળો હતો અને એ પરિષદના તેઓ મંત્રી હતા. અત્રે નોંધવું રસપ્રદ થઈ રહેશે કે બંધારણ સભાના બે કચ્છી સભ્યો સામસામે ચૂંટણી જંગમાં પણ ઊતરેલા! સ્વતંત્રતા પછીની પ્રથમ સામાન્ય ચૂંટણી જાન્યુઆરી ૧૯૫૨માં યોજાઈ હતી. તેમાં પશ્ચિમ કચ્છની લોકસભા બેઠક પર ભવાનજી અરજણ ખીમજી (કોંગ્રેસ) સામે સ્વતંત્ર (અપક્ષ) ઉમેદવાર તરીકે પ્રા. કે.ટી. શાહ ચૂંટણી લડ્યા હતા. ભવાનજીભાઈ ૪૭,૧૪૯ મત મેળવી વિજયી થયા હતા. તો સામે પ્રા.કે.ટી. શાહે ૧૭,૨૧૩ જેટલા નોંધપાત્ર મત મેળવ્યા હતા. ■

## ભુજનો કલાત્મક રામકુંડ

**(અનુ. : પાના નં.-૨૨ ઉપરથી ચાલુ)**

ખાતે બ્રહ્મકુંડ છે, માતાના મઢ ખાતે ચાચરા કુંડ છે, હબાય ખાતે રાધેશ્વરી માતાનો વાઘેશ્વરી કુંડ છે, કોટેશ્વર ખાતે વાઘમકુંડ, કોડકીનો ગંગાજીનો કુંડ, ભદ્રેશ્વર પાસે પાંડવકુંડ, ભુજ ખાતે ભૂતેશ્વર મહાદેવનો કુંડ, પિરાનપીર પરિસરમાં પણ એક કુંડ છે. ચોબારી ખાતે એક કુંડ છે જે ઘણું કરી પાંડવકુંડ છે. આ કુંડ પણ કલાત્મક સુંદર હતો, જે ભૂકંપમાં ધ્વસ્ત થતાં ફરીથી પુનઃનિર્માણ થયેલો છે પણ તેની જૂની અસલિયત કે સુંદરતા જળવાયેલી નથી.

કંઠેશ્વરની તક્તીમાં મહારાવશ્રી પ્રાગમલજીનાં સમયની નોંધ છે. મહારાવશ્રી પ્રાગમલજી સુંદર કલાત્મક બાંધકામોના શોખીન હતા. તેમના સમયમાં ભુકરિયા પાણા કોતરી જૂના કુંડને કલાત્મક રીતે સજાવવામાં આવેલ. આંધૌના લાલ પથ્થરથી મઢાવીને તેનું જીર્ણોધ્ધાર કરાવેલ. તેમાં સુંદર ભૂમિતિકારક પગથિયાની ગોઠવણી કરીને વચ્ચેના ભાગમાં ૧૯-૧૯ પ્રતિમાઓ કોતરાવી હતી. બંને બાજુ ફૂલ, બુટ્ટા અને કુંડીઓમાં કલાત્મક છોડની કોતરણી કરાવીને, એક નમૂનેદાર સ્થાપત્ય નિર્માણ કરાવ્યું છે.

આ બધા કુંડોમાં ભુજનો રામકુંડ સુંદર અને કલાત્મક જોવાલાયક છે. હમીરસર તળાવના કાંઠે રાજ્ય નિર્મિત સત્યનારાયણ મંદિર પાછળ અને નૂતન સ્વામિનારાયણના ભવ્ય કલાત્મક મંદિરની નજીક છે. એ ઉપરાંત ભારતનું પ્રથમ મ્યુઝિયમ ભુજ મ્યુઝિયમ પણ રામકુંડની બિલકુલ નજીક છે. કચ્છની સર્વપ્રથમ હાઈસ્કૂલ પણ રામકુંડની નજીક આવેલી છે. આ રીતે ભુજની મુલાકાત લેનારાઓએ આ રામકુંડ ખાસ જોવા જેવો છે.

આ રામકુંડને ગુજરાત રાજ્યના પુરાતત્ત્વ ખાતા દ્વારા સ્મારક તરીકે જાળવવામાં આવે છે. ભૂકંપમાં પહોંચેલી ક્ષતિ દુરસ્ત કરાવ્યા બાદ અત્યારે સાચી સ્થિતિમાં જોવા મળે છે. તેના માર્ગ પાસે રામકુંડ વિષયક બોર્ડ મૂકવામાં આવેલું છે પણ તે જલ્દી નજરે ચડે એવી સ્થિતિમાં નથી. રામકુંડની મુલાકાત દરેક પ્રવાસીઓ લે એ માટે અહીં એક આકર્ષક બોર્ડ મૂકવાની જરૂરિયાત છે.

*(સ્રોત : કચ્છ ઈતિહાસ પરિષદ, લેખક : વિનીત કુંભારાણા)*

કચ્છ

# પોર્ટુગીઝ સત્તાનો જુલમી કાયદો નાબૂદ કરાવનાર કચ્છના રણચંડી જેઠીમા



પ્રા. સૂર્યકાંત ભટ્ટ

ગુજરાતના સુલતાનોના સમયમાં આક્રમણ કરીને પોર્ટુગીઝોએ દીવ જીતી લીધું હતું. પોર્ટુગલની મહારાણી વતી દીવનો વહીવટ પોર્ટુગલના ગવર્નર ચલાવી રહ્યા હતા. સત્તરમા સૈકાની અધવચ્ચેનો એ સમય હતો. પોર્ટુગલના પાદરીઓ દ્વારા વટાળ પ્રવૃત્તિ મોટા પાયે ચાલતી. તેઓ ભારતવર્ષમાં ખ્રિસ્તી ધર્મનો ફેલાવો કરવા આકાશપાતાળ એક કરતા. વટાળ પ્રવૃત્તિને ઉત્તેજન આપે તેવા કાયદાઓનો તેઓએ અમલ કરાવ્યો. એક કાયદો એવો હતો કે, **"કોઈ પણ બાળક નિરાધાર હોય તો તેને બળજબરીથી ખ્રિસ્તી બનાવી તેની માલ-મિલકત આંચકી લેવી."** દીવની જનતામાં તો આ કાયદાથી ભારે ફફડાટ ફેલાયો હતો.

આ સમયે **કચ્છ માંડવીના પંજુ ખત્રી તથા તેની ધર્મપત્ની જેઠીબાઇએ** દીવમાં રંગાટ, વણાટકામનું એક કારખાનું સ્થાપેલું. કાનજી નામનો એક કચ્છી કામદાર તેમના કારખાનામાં એક મજદૂર તરીકે કામ કરી રહ્યો હતો. તે વિધુર હતો. તેને એક પુત્ર હતો. તે લગભગ ૧૪-૧૫ વર્ષનો હતો. તેનું નામ પમો હતું. અચાનક કાનજીને જીવલેણ બીમારી લાગુ પડી. તેને પોતાના પુત્ર પમાની નિરાધારતાના જ વિચારો સતાવવા લાગ્યા. વિશેષમાં તો પોતાના પુત્રને કાયદા હેઠળ ખ્રિસ્તી બનાવી દેશે તેનું દુઃખ સાલતું હતું.

આ સમયે રંગાટ - વણાટકામનો પુષ્કળ માલસામાન દીવ બંદરેથી યુરોપ, ઈરાન, જંગબાર - મોઝામ્બિક સુધી જતો. કાનજીના જીવને મુંઝાતો જોઈને તેના જીવની અકળામણ જેઠીમા પામી ગયા. જેઠીમાએ તેને આશ્વાસન આપતા કહ્યું કે, 'તારે જે કહેવું હોય એ કહે.' કાનજીએ પોતાના પુત્ર પમા તરફ ઈશારો કર્યો. તરત જ જેઠીમા કહે, '**કાના, હું ભગવાનની સાક્ષીએ કહું છું કે આ તારા પુત્રને મારા જીવની જેમ જાળવીશ.** મારું કારખાનું ઊંધું વળી જાય તો પણ તેને ઊની આંચ આવવા નહીં દઉં.' એમ કહી પમાનો હાથ કાનજીના દેખતાં જેઠીમાએ પોતાના હાથમાં લીધો, કે તરત જ કાનજીએ દેહ છોડ્યો. કાળા કાયદાની જેઠીમાને ખબર હતી. જેઠીમાએ સમયસુચકતાથી પોતાના કારખાનાના અન્ય કામદારની પુત્રી સાથે તે સમયના રિવાજ અનુસાર પમાને પરણાવી દીધા બાદ બીજા દિવસે જ કાનજીના મૃત્યુની જાહેરાત કરી.

આ જાહેરાત થતાં જ પાદરીઓ કે જે કાનજીને જાણતા હતા, તેમને થયું કે હવે તેના પુત્ર પમાનો કબજો લઈ લેવો. પોલીસ પાર્ટી સાથે જેવા પાદરીઓ આવી પહોંચ્યા કે જેઠીમાએ વિરાંગના બનીને કહ્યું કે, '**પમો પરણેલો છે, નિરાધાર નથી.**' પાદરીઓ દીવની પોર્ટુગીઝ અદાલતમાં આ મામલો લઈ ગયા. હિંદુ ધર્મના અબાધિત અધિકારનો અદાલત ભંગ ન કરી શકે. લગ્નની કાયદેસરતા અદાલતે ઠેરવી. પાદરીઓ હાથ ઘસતા રહી ગયા.


જેઠીમાને આ કાળા કાયદાને નેસ્તનાબૂદ કરવો હતો. પોર્ટુગીઝ સરકારના જુલમોની કહાણી એક રેશમી ઓઢણી પર સુંદર ભાત વચ્ચે રંગમાં લખી. અરજીની આજુબાજુ વેલબુટ્ટા છાપ્યા. આવી ઓઢણી પર છાપેલી અરજી પર હિંદુ અગ્રણીઓએ સહીઓ કરી. તેને કિનખાબની થેલીમાં મૂકી જેઠીબાઈ દીવ બંદરેથી થોડા દિવસે પોર્ટુગલ પહોંચ્યા. તે સમયે એન્ટાનિયો-મેલો-દ-ક્રેસ્ટો અને મોનાલિ કેસ્ટ્રો-દ-રાલ ગવર્નરના ખાસ અધિકારીઓ હતા. **તેઓ પાસે જેઠીમા ધોળા દિવસે પ્રગટેલી મશાલ સાથે ગયા.** આ અધિકારીઓએ પોર્ટુગલના રાણી ડોન લ્યુઝા સાથે મુલાકાત ગોઠવી આપી.

અરજીમાં આલેખેલી કરુણ કથનીઓએ રાણી ડોન લ્યુઝાના હૈયાને પીગળાવી નાખ્યું. સ્ત્રી હૃદયની વ્યથા તે પારખી ગયા. જેઠીમાના કલામય પત્રની કદર કરી. **આ જુલ્મી કાયદો રદ કર્યો. તે દિવસથી જેઠી બાઈની ઓઢણીને 'પાન-દ-જેઠી' નામ અપાયું.** રાણીનો આજ્ઞાપત્ર તામ્ર પત્ર પર કોતરવામાં આવ્યો. માનપાન સાથે તે જેઠીમાને અર્પણ કરાયો. **સપ્તાહમાં એક વખત જેઠીમાના ઘર આગળ બેન્ડ વગાડવાનો હુકમ રાણીએ કર્યો.** જેઠીમાના જીવંતકાળ સુધી તે રિવાજ ચાલુ હતો. પોર્ટુગીઝ ઑફિસરો જ્યારે જેઠીમાના મકાન પાસેથી પસાર થતા ત્યારે તેમને માન આપવા પોતાના માથા પરની હેટ ઉતારી નાખતા. કચ્છની આ વિરાંગનાનું નામ કચ્છના ઇતિહાસનું અમર પાત્ર બની ગયું છે.

*"સહજાનંદ", ૬/એ, લીમડા લાઈન,*
*સ્વામિનારાયણ વિદ્યાલય રોડ, સંસ્કાર નગર,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

કચ્છ

# ભુજનો કલાત્મક રામકુંડ



ડૉ. મિહિર એમ. વોરા

રામકુંડ, એ ભુજના અતિ મહત્ત્વના મહાદેવ નાકા બહાર પવિત્ર અને શહેરની શોભા સમા હમીરસર તળાવના અગ્નિ ખૂણાથી દક્ષિણ બાજુ હમીરસર તળાવની આવના કાંઠા પર અને સત્યનારાયણ મંદિરની પછી આવેલું એક વિરાટ કલાત્મક સ્થાપત્ય છે. એ એક પ્રકારનો જળસ્રોત છે અને ૩૦૦ વર્ષથી વધુ પ્રાચીન હોવાના સંદર્ભો સાંપડે છે.

આ રામકુંડના ઉપરની ઈશાન પાળી પર શ્રી કંઠેશ્વર મહાદેવનું મંદિર છે. જેની સ્થાપના મહારાવશ્રી પ્રાગમલજીની વારીમાં (વારો, પાણી) સાચોરા બ્રાહ્મણ જોષી ગંગાધરન કચરાણીએ સંવત ૧૯૩૧ માગશર સુદ-૨ ને ગુરૂવારે થયાની નોંધ આ મંદિરની પીઠમાં લાગેલી તક્તીમાં જોવા મળે છે. શ્રી દિલસુખરાય અંતાણીએ ભુજ દર્શનમાં રામકુંડની સામે ઉપર મુજબ સંવત દર્શાવેલી છે, જે આ મંદિરની સ્થાપના વિશે હોવાનું જણાય છે. રામકુંડ તેથી ઘણો પ્રાચીન છે.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના પુરૂષોત્તમ લીલામૃત સુખસાગર નામના સ.ગુ.મહંત શ્રી અચ્યુતદાસજી સ્વામિકૃત ગ્રંથમાં પાના નં.-૭૭૭ ઉપર શ્રી સહજાનંદ સ્વામીએ સંતો અને હરિભક્તોની સાથે આ પ્રાચીન પવિત્ર તીર્થમાં સ્નાન કર્યું હતું એવું દર્શાવવામાં આવેલું છે. વિ.સં. ૧૮૬૧ની આ ઘટના આધારભૂત બની રહે છે. સ.ગુ.મહંતશ્રી ધર્મજીવનદાસજી પ્રેરિત ચારધામ યાત્રા નામના ગ્રંથમાં શ્રી સહજાનંદ સ્વામી, સંતો અને હરિભક્તો સાથે આ પ્રાચીન પવિત્ર તીર્થમાં સ્નાન કરતાં તેનો મહિમા સૌને કહ્યો હતો. એ ઘટના ૨૦૦થી ૨૫૦ વર્ષ પૂર્વેની હોઈ અને ત્યારે પણ એ પ્રાચીન પવિત્ર કહ્યો હોય તો એને ૩૦૦ વર્ષથી વધુ સમયનો માનવાને પૂરતો આધાર ગણાય.

રામકુંડની ચારેબાજુ દીવાલોમાં દીવાઓ મૂકવા માટે સુંદર કલાત્મક ગોખલાઓ ઘડેલા છે. જેમાં તહેવાર - પ્રસંગોએ દીવાઓ પ્રગટાવતાં આખો રામકુંડ રોશનીથી ઝળહળી ઉઠે અને શોભી ઉઠે.

રામકુંડના મથાળે ૫૬'' X ૫૬''ની સળંગ ત્રણેક ફૂટ પહોળી પ્રદક્ષિણા માટેની પાળ છે અને આમ ઉપરનો ઘેરાવો ૩૧૩૬ ચો.ફૂટ છે. ચારેબાજુથી ઉપરથી નીચે તરફ ઉતરવાના ત્રણ સ્તરમાં બંને બાજુ ૧૬થી ૧૭ પગથિયાઓ છે. આમ ત્રણ માળ જેટલી ઊંડાઈ સુધી ઉતરવા માટે ત્રણ તબક્કામાં પગથિયાઓ છે. એ રીતે ઉપરની પાળથી છેલ્લા ખંડમાં કૂવા સુધીની ઊંડાઈ ૩૦થી ૩૫ ફૂટ જેટલી છે. ત્યાર પછી એ સ્તરે આવેલી વચ્ચે ગોળ કૂવાની ઊંડાઈનો કોઈ અંદાજ નથી.

આવા કુંડોના સંશોધનમાં ઊંડા ઉતરેલા કચ્છના પરંતુ વિદેશ વસવાટ કરતાં **ડૉ. ભુડિયા** સાથે આ રામકુંડની મુલાકાત લેતાં તેઓએ રામકુંડનું નિરીક્ષણ કરવાનો મત વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, કચ્છમાં ૧૦માં સૈકા પૂર્વેના કાઠીઓના વર્ચસ્વની નોંધ ઈતિહાસકારોએ લીધી છે તે પ્રમાણે કાઠીઓ સૂર્યના ઉપાસક હતા. તેઓ પૂર્વાભિમુખી સૂર્યમંદિરો બનાવતા. ઊગતા સૂર્યના કિરણો સીધા સૂર્યમંદિરમાં જાય એવી રચના થતી અને આવા સૂર્ય મંદિરમાં પૂજા અર્થે જતાં પહેલાં સ્નાન કરીને જવાની પ્રથા પણ જાણવામાં આવેલી છે. તે રીતે સૂર્ય મંદિરની આગળ પૂર્વ દિશામાં કુંડ રાખવામાં આવતાં હતા. એ રીતે ભુજ ખાતે કાઠીઓના સમયમાં અત્યારના રામકુંડની પશ્ચિમે સૂર્યમંદિર હોવાની ધારણા પ્રબળ બને છે. સૂર્યમંદિર સામે આ રામકુંડવાળો કુંડ, સ્નાન માટે બનાવવામાં આવ્યો હશે. એ કાચા ભુકરિયા પત્થરનાં કુંડને મહારાવશ્રી પ્રાગમલજીએ સુંદર પથ્થરોની ભૌમિતિક અને કલાત્મક કોતરણી દ્વારા સજાવીને તૈયાર કર્યો હોવાનું માની શકાય. આમ, આ કુંડની પ્રાચીનતા ઘણી છે.


રામકુંડની રચના ભુજના હમીરસર તળાવની આવના વહેણ પર છે. આ વહેણ હમીરસરને જ્યાં મળે છે એની પાસે રામકુંડ બનેલો છે. આ રામકુંડની ખાસ જાણવા જેવી હકીકત એ છે કે, હમીરસર તળાવના પાણીની સપાટી મુજબ રામકુંડમાં પાણીની સપાટી રહે છે. એ રીતે ભૂગર્ભમાંથી પાણીની આવ રામકુંડના તળિયામાં રહેલા કૂવામાં આવે અને રામકુંડ ભરાતો જાય. જ્યારે હમીરસર પૂરું ભરાઈ જાય અને ઓગની જાય ત્યારે આ રામકુંડની છેક ઉપર સુધીની સપાટીએ પાણી ભરાઈ જાય છે. હમીરસર એવું નામ ભુજના લાડીલા તળાવનું છે. પણ લોકો હુલામણા નામે હમીસર બોલે છે.

અત્યારે રામકુંડની વાત કરીએ છીએ ત્યારે કચ્છમાં આવા બીજા કેટલા કુંડો છે તે પણ જોઈએ. સૌથી પહેલા નારાયણ સરોવર

(અનુ. : જુઓ પાના નં.-૨૦ ઉપર)

કચ્છ

# મોટા જિલ્લાની પ્રજાની સમસ્યાઓ પણ મોટી!



શશીકાંત ઠક્કર, એડવોકેટ

કચ્છ જિલ્લો એ ગુજરાત રાજ્યનો સૌથી મોટો જિલ્લો છે અને આ જિલ્લાના એક છેડાથી બીજા છેડા સુધીનું અંતર પૂર્વ-પશ્ચિમ લગભગ ૨૦૦ કિ.મી. જેટલું છે. ઉત્તરમાં રણ વિસ્તાર અને ત્રણ બાજુ દરિયો હોવાથી ગુજરાત રાજ્યના મહત્ત્વના શહેરો સાથેનો તેનો સંપર્ક પણ મર્યાદિત છે અને વાહન વ્યવહારના સાધનો પણ મર્યાદિત છે. આવા સંજોગોમાં કચ્છના પ્રજાજનોને પોતાના સરકારી કામ અંગે જિલ્લા મથકે આવવાનું ખૂબ જ પરેશાનીભર્યું અને ખર્ચાળ બને છે. આમ છતાં જ્યારે પોતાનું કામ તાલુકા કે વિભાગીય કક્ષાએ પતે તેવું ન હોય ત્યારે તેમને જિલ્લા મથકે આવવું પડે છે.

કચ્છ જિલ્લાનું વહીવટી દફતર ખૂબ જ અધૂરું અને ભૂલોવાળું છે. તેનાં પરિણામે લિટિગેશનનું પ્રમાણ પણ ખૂબ જ વધારે છે અને **લોકોને પોતાની મિલ્કતોનાં દફતરોમાં થયેલી ભૂલો સુધારવા માટે વર્ષોથી એક યા બીજી કચેરીએ અથડાવવું પડે છે.** આથી લોકોને આવા કિસ્સાઓ માટે અવારનવાર જિલ્લા કક્ષા અધિકારીઓ પાસે આવવું પડે છે. ખાસ કરીને મહેસૂલી અને સર્વે ખાતાના દફતરની ખસ્તા હાલત અંગે ખુદ રાજ્ય સરકારે સને ૧૯૭૧માં પ્રસિદ્ધ કરેલા કચ્છ જિલ્લા ગેઝેટિયરમાં આ બાબતનો સ્વીકાર કરવો પડ્યો છે તે નોંધપાત્ર છે.

એક બાજુ સરકારી વહીવટી તંત્રમાં વર્ષોથી નવી ભરતી કરવાનું બંધ કરવામાં આવ્યું છે ત્યારે દરેક કચેરીમાં માનવબળની મોટી ઉણપ વર્તાય છે અને તેના પરિણામે નવા આગંતુકો જે તે કામથી સુપેરે પરીચિત થાય તે પરિસ્થિતિ બંધ થઈ છે. જ્યારે બીજી તરફ સરકાર દ્વારા નવી નવી યોજનાઓનું કાર્ય ભારણ વધારતા જવાય છે. તેના પરિણામે જે તે વહીવટી કચેરીનું મુખ્ય ગણાતું હોય તેવું કામ ખોરંભે ચડે છે. **આવા કેટલાય વહીવટી કારણોના લીધે લોકોના કામો સામાન્ય કામકાજના ક્રમમાં થતા નથી અને બીજી તરફ લોકોની ફરિયાદો ઉચ્ચ અધિકારીઓના તબક્કે ગંભીરતાથી લેવાતી નથી.**

સરકાર દ્વારા વહીવટી સરળતા દાખલ કરવાના પગલે લોકોની ફરિયાદો સાંભળવા જિલ્લા કક્ષાએ સ્વાગત કાર્યક્રમો યોજાય છે. પરંતુ તેમાં થતાં નિર્ણયો માત્ર સૂચનાત્મક સ્વરૂપે હોય છે, જેનો અમલ વર્ષો સુધી જેમને સૂચના અપાઈ હોય તેમના દ્વારા થતો જ નથી. સરકારે સંકલન સમિતિ સંલગ્ન ફરિયાદ સમિતિમાં લોકોની ફરિયાદો લેવાની ચોક્કસ કાર્યપદ્ધતિ સને ૧૯૭૭ના ઠરાવથી નક્કી તો કરી છે પરંતુ કચ્છ જિલ્લામાં તેનો અમલ થતો જ નથી અને **સંકલન સમિતિના માધ્યમથી લોકોની ફરિયાદો પદાધિકારીઓ સુધી પહોંચતી જ નથી.** આ સમિતિમાં પ્રજાની ફરિયાદો રજૂ થવા દેવાતી જ નથી તે એક કમનસીબી છે.

તંત્રના નોકરશાહો સામે આધાર-પુરાવા સાથે કરાતી ફરિયાદોનો કોઈ જવાબ અપાતો નથી અને ઉચ્ચત્તમ કક્ષાએ પણ કરાતી ફરિયાદો **માત્ર 'નિયમાનુસાર કાર્યવાહી' કરવાના શેરા સાથે જેની સામે ફરિયાદ હોય તેને જ મોકલી અપાય છે.** છેક મુખ્યમંત્રી સુધી મોકલાયેલી ફરિયાદોમાં પણ તેમના કાર્યાલય દ્વારા આવા જ પત્રો મળે છે. એ.સી.બી. અને તકેદારી આયોગને મોકલાતી ફરિયાદો પણ તે જ રીતે એકથી બીજી કચેરીને ધકેલવામાં આવે છે. કંટાળીને અરજદાર પોતે ફોજદારી ફરિયાદ દાખલ કરવા ઈચ્છે તેને તંત્રના અધિકારીઓ પરવાનગી આપવાનો લેખિત ઈન્કાર કરે છે અને આવી ફરિયાદો કાયદા મુજબ પરબારે કોર્ટમાં ચાલી શકતી નથી. ન્યાય મેળવવા ઝંખતા અરજદારની આવી બદતર હાલત આનાથી અગાઉ ક્યારેય જોઈ સાંભળી નથી.

દૂરસુદૂરના ગામડેથી ખર્ચ અને પરેશાની વેઠીને આવતા અરજદારો પોતાના પ્રશ્નો માટે અધિકારીઓને મળવા સામાન્યતઃ સોમવારે આવતા હોય છે. સરકારની સૂચનાઓ મુજબ દર સોમવારે સવારે ૧૧થી ૧ સુધી અને બપોરે ૩ થી ૫ સુધી અરજદારોને સાંભળવા માટે અધિકારીઓએ પોતાની કચેરીમાં ઉપલબ્ધ રહેવાનું હોય છે. દર ગુરૂવારે પણ અરજદારોને સાંભળવા સમય ફાળવવાનો હોય છે તેવી જાહેરાત થયેલી. પરંતુ ઘણા અધિકારીઓ સમયસર કચેરીમાં આવતા નથી અને આવ્યા પછી પણ લોકોના પ્રશ્નો સાંભળવાને પ્રાથમિકતા આપવાને બદલે તેમને કલાકો સુધી પ્રતિક્ષામાં બેસાડી રાખીને પોતાના વહીવટી કામો કરતા રહે છે. તેઓ અન્ય અધિકારીઓની ફાઈલોનો

(અનુ. : જુઓ પાના નં.-૩૮ ઉપર)

કચ્છ

# કચ્છ વિશે હાઈલાઇટ્સ

★ કચ્છની હાલની સ્થાનિક વસતિ ૨૦ લાખની છે જે યુ.પી.ની ટોટલ વસતિના પ્રમાણમાં ૧ ટકા થઈ. પરંતુ દર વર્ષે ૧૨૦૦૦ મેગાવોટ પાવરનું સર્જન કરે છે. તેની સામે ઑસ્ટ્રેલિયાની સરખામણી કરીએ તો તે દર વર્ષે ૩૦,૦૦૦ મેગાવોટ પાવર પ્રોડ્યુસ કરે છે કે જેના પર કેપીટા કન્ઝ્યુમ્પશન રેશિયો દુનિયાભરમાં ઊંચામાં ઊંચો છે અને ત્યાંનું પોપ્યુલેશન કચ્છ કરતાં ૧૧ ગણું છે. પાકિસ્તાન સાથે સરખામણી કરીએ તો ત્યાંની વસતિ કચ્છ કરતાં ૧૦૦ ગણી છે છતાં કચ્છનું પાવર જનરેશન પાકિસ્તાન કરતાં ૩૫ ટકા વધુ છે.

★ કચ્છ આવતા દિવસોમાં ભારતભરનું વધુમાં વધુ સિમેન્ટ ઉત્પાદન કરતો જિલ્લો બની જવાનું છે.

★ ભારતભરમાં સમગ્રપણે ઉત્પાદન થતાં પોટાશમાં આવતા વર્ષથી કચ્છના ઉત્પાદનનો હિસ્સો ૧૦ ટકા જેવો હશે. પોટાશ ફર્ટિલાઈઝર બનાવવાના કામમાં આવે છે. ભારત ખેતીપ્રધાન દેશ હોવા છતાં લગભગ બધો જ પોટાશ બહારથી ઈમ્પોર્ટ કરવો પડે છે. કચ્છમાં ઉત્પાદિત કરવામાં આવતા પોટાશના કારણે તેટલી ઈમ્પોર્ટ ઓછી થઈ શકશે.

★ વિન્ડ ફાર્મ પાવર પ્રોડક્શનમાં કચ્છનો નંબર ભારતભરમાં અગ્રતાક્રમે આવે છે.

★ ઓઈલ અને ગેસ લાઈનમાં વપરાતી સૉ પાઈપના ઉત્પાદનમાં વિશ્વભરમાં કચ્છ ત્રીજા ક્રમાંકે આવે છે.

★ કચ્છમાં હિંદુસ્તાનના બે મોટામાં મોટા બંદરો આવેલા છે અને આ બે બંદરો થકી સમગ્ર ભારતભરમાં દરિયાઈ માલસામાનની વધુમાં વધુ અવરજવર કચ્છમાંથી થાય છે.

★ ભારતભરમાં એડિબલ ઓઈલને રીફાઈન કરવાના ક્ષેત્રે કચ્છ સહુથી અગ્રતાક્રમે છે.

★ કચ્છમાં જંગલ બિલકુલ ન હોવા છતાં ભારતભરની લાકડાની સૉ મિલોના ક્ષેત્રે વધુમાં વધુ સૉ મિલો કચ્છમાં છે.

★ છેલ્લા ૭ વર્ષમાં કચ્છમાં ટૂરિઝમમાં ૧૨૦૦ ટકાનો વધારો થયેલ છે અને તે પણ વધુમાં વધુ મુસ્લિમ વિસ્તાર તરીકે પ્રખ્યાત પામેલ પ્રદેશમાં.

★ કચ્છ એ રણવિસ્તાર હોવા છતાં ત્યાંના દરેક સ્થળે નર્મદા નદીના પીવાના પાણી પહોંચાડવામાં આવ્યા છે. બોર્ડર એરિયાના બી.એસ.એફ.ના જવાનો સુધી પણ આ પાણી પહોંચતા થયેલ છે.

★ ભારતભરના મોટામાં મોટા રોડ નેટવર્કનો એરિયા એટલે કચ્છ જિલ્લો.

★ આ બધા જ પ્રકારનો વિકાસ વર્ષ ૨૦૦૧ના ધરતીકંપ પછી થયેલ છે.

★ કચ્છ તેના આતિથ્ય માટે વિશ્વવિખ્યાત છે.

★ **"કચ્છી માડુ"** હોવાનો સહુને ગર્વ છે!

## હેલિકોપ્ટર

હવામાં સ્થિર રહે તેવું હેલિકોપ્ટર બનાવવા માટે ઘણા વિજ્ઞાનીઓએ પ્રયાસો કરેલા. પરંતુ ઉપયોગી થાય તેવા પ્રથમ હેલિકોપ્ટરની શોધ રશિયાના આઈગોર સિકોસ્કીએ ઇ.સ. ૧૯૧૦માં કરેલી. તેને રોટો કોપ્ટર કહેતા. હેલિકોપ્ટરને હવામાં ઝળુંબી રાખવા માટે તેના મથાળે મૂકેલો મોટો પંખો મદદરૂપ થાય છે. **આ પંખાના પાંખિયા સહેજ મરડીને ત્રાંસા કરેલા હોય છે. એટલે તે ઝડપથી ફરે ત્યારે તેની નીચેની હવા ઉપરની તરફ ધકેલાય છે. પંખાની સાથે હવા પણ ફરવા લાગે છે.** એટલે પાંખોની નીચે હવાનું દબાણ સર્જાય છે. પંખાની ઉપરની હવા પણ ચક્રવાતની જેમ ફરતી હોય છે. આ પ્રચંડ દબાણ હેલિકોપ્ટરને હવામાં ઊંચકે છે. પાઈલોટ પંખાના પાંખિયાનો મરોડ વધતો ઓછો કરીને હવાનું ઇચ્છિત દબાણ જાળવી શકે છે. પાંખો ઉપર અને નીચે હવાનું દબાણ સમાન થાય ત્યારે હેલિકોપ્ટર હવામાં સ્થિર રહે છે.

કચ્છ

# કચ્છ જિલ્લાના જોવાલાયક સ્થળો

*શિયાળે સોરઠ ભલો, ઉનાળે ગુજરાત,*
*ચોમાસે વાગડ ભલો, કચ્છડો બારે માસ.*

● **ભુજ** : જિલ્લાનું મુખ્ય મથક છે. ભુજિયા ડુંગરની તળેટીમાં વસેલું આ ઐતિહાસિક સ્થળ છે. જૂનું શહેર ભુજિયા કિલ્લાથી સુરક્ષિત હતું. રામસંગ માલમે બાંધેલો આઈના મહેલ, મહારાવ લખપતજીનો સુંદર કોતરણીઓવાળી છત્રીઓ, ફતેહમામદ આરબનો હજીરો, મહારાવ મદનસિંહજી મ્યુઝિયમ, આનંદ કુંજ, પ્રાગ મહેલ, કચ્છ મ્યુઝિયમ, શરદબાગ પેલેસ, સ્વામિનારાયણનું મંદિર, ભારતીય સંસ્કૃતિ દર્શન (લોકકળાનું મ્યુઝિયમ) વગેરે અહીંના જોવાલાયક સ્થળો છે.

### જોવાલાયક અન્ય સ્થળો

● **નારાયણ સરોવર** : ભારતનાં અડસઠ તીર્થોમાં નારાયણ સરોવરનો સમાવેશ થયેલો છે. નારાયણ સરોવરથી ૨ કિ.મી. દૂર દરિયાકિનારે કોટેશ્વરનું ભવ્ય શિવમંદિર છે.

● **મુંદ્રા** : વાડી, બગીચા અને તંદુરસ્ત આબોહવાને કારણે કચ્છના હરિયાળા પ્રદેશ તરીકે ઓળખાય છે. અહીં ખારેકનું પુષ્કળ ઉત્પાદન થાય છે. અહીં ખારેક સંશોધન કેન્દ્ર અને કુદરતી ઉપચાર કેન્દ્ર આવેલા છે.

● **માંડવી** : જૂનું બંદર છે. ક્ષયના રોગીઓ માટે અહીં 'ટી.બી. સેનેટોરિયમ' છે. એશિયાનું સૌથી પહેલું 'વિન્ડ ફાર્મ' અહીં આવેલું છે. વિજય પેલેસ જોવાલાયક છે.

● **ધોળાવીરા** : અહીંથી હડપ્પા સંસ્કૃતિના અવશેષો મળ્યા છે. આ સ્થળે ૪૫૦૦ વર્ષ પહેલાં એક વિશાળ અને ભવ્ય નગર હતું.

● **અંજાર** : છરી-ચપ્પા અને સૂડીના ઉદ્યોગ માટે આ શહેર જાણીતું છે. જળેશ્વરનું પ્રાચીન જિનાલય અને જેસલ-તોરલની સમાધિ વિખ્યાત છે. અંજારથી ૪ કિ.મી.ના અંતરે ઘુડખર અભયારણ્ય આવેલું છે.

● **આશાપુરા માતાનો મઢ** : કચ્છના રાજકુટુંબના કુળદેવી આશાપુરા માતાનું પુરાતનકાળનું ભવ્ય મંદિર છે.

● **ભદ્રેશ્વર** : જૈનોનું તીર્થધામ છે. અહીં વિશિષ્ટ સ્થાપત્યવાળાં દેરાસરો છે. શેઠ જગડુશાએ આ દેરાસરોનો જીર્ણોધ્ધાર કરાવ્યો હતો. અહીં રાજા સિદ્ધરાજે કોતરાવેલો એક શિલાલેખ છે.

● **ધીણોધરનો ડુંગર** : ૩૮૮ મીટર ઊંચો આ ડુંગર દાદા ગોરખનાથની તપોભૂમિ તરીકે પ્રખ્યાત છે.

● **કોટાય** : અહીં કાઠીઓએ બંધાવેલું કોટયર્કનું સૂર્યમંદિર છે.

● **કંડલા** : ભારતનું અગત્યનું બંદર છે. 'ફ્રી ટ્રેડ ઝોન' તરીકે આ બંદરનો સારો વિકાસ થયો છે.

## એ દિવસો....

*આહાહા... એ પણ કેવા દિવસો હતા.*

- જ્યારે ઘડિયાળ એકાદ પાસે હતી અને સમય બધા પાસે હતો.
- જ્યારે ફિલ્મોની હીરોઈનને પૈસા ઓછા મળતા હતા પણ એ કપડાં પૂરા પહેરતી હતી.
- લગ્નપ્રસંગે ઘરની સ્ત્રીઓ રસોઈ બનાવતી હતી અને નાચવાવાળી બહારથી આવતી હતી. આજે ઘરની સ્ત્રીઓ નાચે છે અને રાંધવાવાળીઓ બહારથી આવે છે.

## પાણીનું શરીરમાં શું થાય છે?

આપણે દિવસમાં ત્રણ કે ચાર વાર ભોજન લઈએ છીએ પરંતુ પાણી અનેકવાર પીવું પડે છે. તમને એમ લાગતું હશે કે ભોજન કરતા પણ વધારે પ્રમાણમાં લેવાતા પાણીનું શરીરમાં શું થતું હશે? શરીરમાં શક્તિ માટે ખોરાકની જરૂર છે, પરંતુ **ખોરાકના પોષક દ્રવ્યોને આખા શરીરમાં પહોંચાડવા માટે પાણી જરૂરી છે.** એટલે આપણા શરીરને પાણીની વધુ જરૂર રહે છે. પેટમાં ગયેલું પાણી ખોરાક સાથે ભળી પાચનક્રિયાને પ્રોત્સાહન આપે છે અને પચેલા ખોરાકને આગળ ધકેલે છે. કેટલુંક પાણી લોહીમાં ભળે છે અને અશુદ્ધિઓ દૂર કરવા માટે પણ પાણીનો ઉપયોગ થાય છે. **પરસેવો તેમ જ પેશાબ વાટે અશુદ્ધિના રૂપમાં પાણી જ બહાર નીકળતું હોય છે.**

સફળતા

# પ્રામાણિક હોવું એ તમારી જીત છે!



પાર્થ દવે - પત્રકાર

*નંબર :* ૧.
*નામ :* દત્તુભાઈ ભાણાભાઈ પટેલ.
*ઉંમર :* ૬૦ વર્ષ.
*કામ :* રિક્ષા ચલાવવાનું.

દત્તુભાઈ રાજપીપળામાં આવેલી કન્યાશાળાની પાછળ રહે. એક દિવસ સ્કૂલ કમ્પાઉન્ડમાં તેમને સ્કુટર પાસેથી લેડીઝ પર્સ મળ્યું. અંદર બીજી બધી વસ્તુઓની સાથે કિંમતી સોનાના ઘરેણા હતા. દત્તુભાઈએ તે પાકિટ સ્કૂલના આચાર્યને આપી દીધું. આચાર્યે સોનાના ઘરેણાં અને રોકડ તપાસી, છાપાની ભાષામાં કહીએ તો પુષ્ટી કરી જે-તે માલિક મહિલા સુધી પહોંચાડી દીધી.

★

*નંબર :* ૨
*નામ :* ઉમંગ પ્રફુલ્લભાઈ અમલાણી.
*કામ :* કદાચ વિદ્યાર્થી!

ઉમંગને પોરબંદરની જનકપુરી સોસાયટીમાં રાતના એક પાકીટ મળ્યું. જેમાં ખાસ્સા એવા રૂપિયા, એ.ટી.એમ. કાર્ડ અને અગત્યના કાગળો હતા. ઉમંગે પાકીટના માલિકને શોધવાનું શરૂ કર્યું અને તેના માલિકને પાકીટ પરત કરવામાં આવ્યું.

★

*નંબર :* ૩
*નામ :* હીરાભાઈ
*ગામ :* કોડાય
*કામ :* ચાયની દુકાન.

માંડવી તાલુકાના રાયણ પાટિયા પાસે બાઈક પર જતા એક વેપારીની લાખો રૂપિયા ભરેલી બેગ પડી ગઈ. આ સ્થળે ચાય બનાવતા કોડાયના હીરાભાઈની નજર પડી. તેમણે તે બેગ સાચવીને લઈ લીધી. વેપારી હાંફળાફાંફળા થતા પાછા આવ્યા અને પાટિયા પાસે ઊભેલા લોકોને બેગ અંગે પૂછપરછ કરી. હીરાભાઈએ તેમને બેગ પાછી આપી દીધી. વેપારીએ તેમને બેગમાંથી જોઈએ તેટલી બક્ષીસ લઈ લેવા માટે કહ્યું. પરંતુ હીરાભાઈએ તેનો સાભાર અસ્વિકાર કર્યો.

આ ત્રણ આપણા જ દેશ, રાજ્યમાં અલગ અલગ જગ્યાએ બનેલી ઘટનાઓ છે. ત્રીજી તો તાજેતરની જ, આપણા માંડવીમાં ઘટેલી ઘટના છે. કદાચ તમને તે વાંચવામાં પણ આવી હોય.

આપ્યા તે ઉદાહરણોમાં કદાચ નામ, સ્થળમાં વારાફેરી હોય. કદાચ માહિતીદોષ પણ હોય. અહીં માત્ર ઉદાહરણ તરીકે લો તો પણ ચાલશે. મૂળ વાત છે પ્રામાણિકતાની, હોનેસ્ટીની, નીતિની. 'તમે સવારે ઉઠો છો અને રાત પડે ત્યાં સુધી કામ, નોકરી, ધંધો જે પણ છે તે કરીને પાછા આવો છો ત્યાર સુધીમાં વચ્ચે કેટલું જૂઠું બોલો છો?' એમ મારે નથી પૂછવું! અલબત્ત, એમ પૂછવાનું હવે બંધ જ થઈ ગયું છે. ગાંધી એક જ હોય અને એ બનવું ભયંકર અઘરું છે...

વાત છે, નીતિની, વફાદારીની. પ્રમાણિકતાનો સરળ સમજાય એવો અર્થ ડિક્શનરીમાં જોઈએ તો 'હોનેસ્ટી' થાય છે, ઇન્ટેગ્રિટી થાય છે. સાર્થ જોડણીકોશમાં જોઈએ તો 'ચોખ્ખો માણસ' બરાબર પ્રમાણિક લખેલું છે! ઘાલમેલ ન કરે તેવો માણસ. અર્થાત્ પ્રમાણિક માણસ, હોનેસ્ટ મેન! વેલ, તમે 'ચોખ્ખા માણસ' છો ખરા? હૃદય પર હાથ રાખીને અને મગજ ભેગું રાખીને કહેજો કે, તમને રસ્તા પરથી દોઢ-બે લાખની બેગ મળે તો તમે શું કરો? ખાસ તો એ કે તમને એ સમયે કોઈ જોનાર નથી...! આનો જવાબ આપવો અઘરો છે. દત્તુભાઈ કે ઉમંગ કે ચાવાળા હરીભાઈ જેવી હિંમત જોઈએ તે માટે. ખરેખર હિંમત અને બહાદુરી અહીં કામ આવે છે. જેમ ગાંધી વધુ હિંમતવાન હતા - છે તેમ... ન દેખાય તેવી હિંમત!

થોડા દિવસો પહેલા મુંદ્રાથી દાહોદ સાંજે પાંચ વાગ્યાની બસમાં આવવાનું થયું. તેમાં પપ્પાનું વોલેટ ભૂલાઈ ગયું. ૧૦-૧૨ હજાર રૂપિયા, એ.ટી.એમ. અને અગત્યના કાગળિયા હતા. આવું થાય એટલે આપણને પહેલો વિચાર એવો આવે કે, 'ગયું! હવે કાંઈ ન થાય. આજના જમાનામાં કોઈ પાકીટ પાછી આપવા આવશે?' પણ આવ્યું. કંડક્ટર ભાઈએ તે વૉલેટ ભચાઉ ઑફિસે આપી દીધું. બધું એમ જ હેમખેમ હતું. એક નોટ પણ આડીઅવળી નહોતી થઈ. દાનાઈ આને કહેવાય. બાકી 'મને ખબર નથી' પ્રકારનો યુઝવલ જવાબ તે આપી જ શકત. આ ઘટના પછી મેં અન્ય એવા હોનેસ્ટ માણસો શોધ્યા.

છાપા ફંફોસ્યા. આશ્ચર્ય વચ્ચે પ્રમાણમાં સારા એવા મળ્યા.

ઇચ્છા તો એવી થાય છે કે, આ પ્રકારના લોકોને ભેગા કરીને તેમનું સન્માન કરીએ. જોકે ઘણી જગ્યાએ તે થાય જ છે.

આજે આપણે મશીનનો ઉપયોગ કરતા કરતા ખુદ આર્ટીફિશિયલ થઈ ગયા છીએ. માટે નીતિ, વફાદારી, પ્રમાણિકતાની વાતો ઇમ્પોસીબલ લાગે છે. લાઇક, 'આજના જમાનામાં જીવવું હોય તો 'બધું' કરવું જ પડે!' તમારો દૂધવાળો દૂધમાં પાણી ભેળવે છે? રોજ? તમને લાગે છે? તમને એવું લાગ્યું હશે ત્યારે તમે દૂધવાળો ચેન્જ કરી નાખ્યો હશે. માટે 'આ જ પ્રેક્ટિકલ રસ્તો છે' વાળી વાત સો ટકા સાચી નથી. પ્રેક્ટિકલ રસ્તો એક્ચ્યુઅલી પ્રમાણિક રહેવામાં છે. લાંબાગાળે ફાયદો તેમાં છે. ઊભા રહો, કંઈ પણ વિચારતા પહેલાં આગળનું વાંચી જાવ.

તમારો દૂધવાળો અઢી લિટરના દૂધમાં અઢી લિટર દૂધ જ આપે છે, તો તેની જીત છે. તેને રાતના નિંદર સારી આવતી હશે. કોઇ ડૉક્ટરે તમને એવું કહ્યું છે કે, તમને કોઈ દવાની જરૂર જ નથી. ટેન્શન ન લો, તમે ફાઇન જ છો. આવો એકાદ અનુભવ તો થયો હશે કે ડૉક્ટરે સાચી સલાહ આપી હોય. એ ડૉક્ટર પ્રત્યેનો આદર આખી જિંદગી તમારી આંખોમાં જોઈ શકાશે. તે આદર ને સન્માન ડૉક્ટરની જીત છે. તમારો એવો કોઇ મિત્ર હશે જે પરીક્ષામાં બધી સગવડ હોવા છતાં પણ ચોરી નહીં કરતો હોય અર્થાત્ કોપી નહીં કરતો હોય. કદાચ તમે પણ એવા હશો જ કે તમારા પપ્પા ટીચર, પ્રિન્સિપાલ કે શિક્ષણ અધિકારી હોવા છતાં પણ તમે તેનો લાભ નહીં લીધો હોય કોઈ જગ્યાએ. તમે ૭૫ ટકામાં જ સંતોષ માન્યો હશે એમ વિચારીને કે ચોરીના ૮૫ ટકા કરતાં મહેનતના ૭૫ ટકા સારા! લોકો હસતા હશે તમારી મૂર્ખાઇ પર, પણ એમને ક્યાં ખબર છે કે પરિણામમાં ૭૫ ટકા જોઈને તમને કેટલો આનંદ આવે છે. એ તમારી પોતાની જીત છે... તમારી મહેનતની જીત છે... તમારા ઘરે કામ કરવા આવતી નોકરાણી કોઈ વાસણ નથી ઉપાડી જતી, તમારા પેન્ટના ખિસ્સામાં ભૂલાઇ ગયેલી ૫૦૦ની નોટ તમને પાછી આપે છે, તે તેની પ્રમાણિકતાની જીત છે. અગાઉ કહ્યું એમ, આ બહુ અઘરું છે, પણ અશક્ય નથી.

પ્રમાણિકતા ખાલી પૈસાથી જ તોલી શકાય એવું નથી, ઘણી રીતો છે. પાક્કા ભાઇબંધ પ્રમાણિક જ હોય. ઘણા એક ઘરમાં પણ પ્રમાણિક નથી હોતા. આખો દિવસ ઘરમાં જ લોકો એકબીજા સામે જૂઠું બોલ્યા કરે છે. છોકરીને છોકરો જોવા આવે ત્યારે આજુબાજુમાંથી નકલી ફર્નિચર રાખનારાઓ અને નકલી ચહેરાઓ પહેરી નાખનારાઓ અને નકલી આદતો પાળનારાઓ લવ-મેરેજ કરનારાને જોઈને આશ્ચર્યથી ફાટી જાય છે, કે આ લોકોને તો એકબીજાની બધી જ ખબર છે. હાઉ કેન ઇટ પોસીબલ? અમુક જગ્યાએ સંબંધના પાયામાં જ દોંગાઈ હોય છે.

પૈસા કમાવવા એ ગુનો નથી. અને જરૂરી નથી કે દુનિયાભરમાં તમામ પૈસાદાર માણસો અપરાધી કે ખરાબ કે શોષણખોર જ હોય. નીતિ ને ખુદ્દારીથી પણ પૈસા કમાઈ શકાય છે. એ પાછળ મહેનત અને ડેડીકેશન જોઈએ. આ વાત એટલે કરી કે, અપ્રમાણિકતાના મોટાભાગના બીજ અન્યની સમૃદ્ધિ જોઈને નખાતા હોય છે.

આજે આવા વિચારો આવવાનું કારણ ગુજરાતી ચલચિત્ર 'ચાલ મન જીતવા જઈએ' છે. ખુમારી ને ખુદ્દારીથી લીધેલા નિર્ણયો અને નીતિથી કરેલા કામો તમારી જીત છે. તમારી નજરોમાં જે જીત દેખાય છે, તમારા ટટ્ટાર સીનામાં તે જીત ઝળકે છે. તમારા આત્મવિશ્વાસમાં પ્રમાણિકતાનો રણકો વાગે છે. આ વધારાના ફાયદા છે પ્રમાણિકતાના! જેમકે, ઇમાનદારીપૂર્વક બનેલી આ ફિલ્મ ખુદ કોઈ વધારાના તામઝામ કે માર્કેટિંગ વિના ધૂમ ચાલી રહી છે અને પૈસા રળી રહી છે.

- **જે બાત!**

વિજેતાઓની વર્તણૂક આવડવી અને વિજેતા બનવું તે બે અલગ બાબત છે. (ગુજરાતી ફિલ્મ 'ચાલ મન જીતવા જઈએ'માંથી થોડા ફેરફાર સાથે) ■

---

## દાંડીકુટિર મારફતે ગાંધીનગરને નામની ઓળખ મળી

**(અનુ. : પાના નં.-૩૬ ઉપરથી ચાલુ)**

જેવી નજીવી ફી ચૂકવવાની હોય છે. ગુજરાતી શાકાહારી ભોજનની પણ વ્યવસ્થા ઉપલબ્ધ છે.

ગાંધીનગરને શા માટે ગાંધી નામ સાથે જોડવામાં આવ્યું એ સંદર્ભે આખરે એક ઓળખ મળી. હજુ પણ યુવક, સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ જેવા વિભાગોએ ગાંધીનગરની શાળા - કૉલેજોમાં ગાંધી પ્રદર્શનનું આયોજન, ગાંધી વ્યાખ્યાન માળા, ગાંધીજીને પ્રિય પ્રવૃત્તિની સ્પર્ધા યોજી તેમની સ્મૃતિ સતત ગૂંજતી રહે એ દિશામાં પગલાંની જરૂર છે.

ભૂતકાળમાં શ્યામજી કૃષ્ણવર્માના અસ્થિ દેશમાં લાવી તેમના વતન કચ્છ - માંડવીમાં સરકારે મેમોરિયલ સોસાયટી સ્થાપી, એ ધોરણે **ગાંધીના નામથી રચાયેલ ગાંધીનગર જિલ્લામાં પણ રાષ્ટ્રીય સ્મારકની રચના કરી શકાય અને શહેરમાં વિવિધ સ્થળે ગાંધીજીના પ્રિય વાક્યો, તસવીરો વગેરે મૂકી શકાય.**

*મો. ૯૮૨૪૬ ૬૬૧૦૮*

સાયન્સ

# રો રો ફેરી સર્વિસ એટલે શું?

ભાર્ગવ ત્રિવેદી

આજકાલ દરેક સમાચાર માધ્યમમાં રો રો ફેરી સર્વિસ ચર્ચાનો મુદ્દો છે. દરેક ચર્ચા બૌદ્ધિક રીતે ફાયદાકારક જ હોય એવું નથી એટલે આપણે માત્ર ટેકનોલોજીની દૃષ્ટિએ રો રો ફેરી સર્વિસને સમજવાનો પ્રયત્ન કરીશું. આપણો હેતુ માત્ર એટલો જ છે કે ગુજરાતમાં કોઈપણ નવી ટેકનોલોજીની શરૂઆત થઈ રહી હોય તેના વિશે જાણવું જરૂરી છે. સૌથી પહેલાં તો આપણને આવું વિચિત્ર નામ વાંચીને જ આશ્ચર્ય થાય કે રો રો ફેરી સર્વિસ એટલે વળી શું? રો રો ફેરીનો મતલબ શું? તો શરૂઆત કરતાં પહેલાં આ પ્રશ્નનો જ જવાબ આપી દઈએ. રો રો ફેરી સર્વિસ એ **રોલ ઓન રોલ ઓફ ફેરી** (Roll On-Roll Off Ferry) સર્વિસનું ટૂંકું નામ છે.

રોલ ઓન રોલ ઑફ ઉપરથી હવે તમને સમજાઈ ગયું હશે કે આ પ્રકારના ટ્રાન્સપોર્ટેશનનો ઉપયોગ મુખ્યત્વે મોટાં વાહનોની અને માલની હેરાફેરી માટે થાય છે. રોલ ઓન એટલે કોઈપણ વાહનને જહાજમાં ચડાવવું અને રોલ ઑફ એટલે ઉતારવું. રો રો ફેરી સર્વિસનો વિચાર કે ઉપયોગ આજકાલનો નથી. દરેક સ્થળ અને માલસામાનની અનુકૂળતા મુજબ અલગ અલગ જાતની રો રો ફેરી સર્વિસ ભારત સહિત દુનિયાના ઘણા બધા સ્થળે કાર્યરત છે. રો રો ફેરી સર્વિસની સફળતાનો આધાર તેની બંને તરફનાં સ્થળ ઉપર છે. **રો રો ફેરી સર્વિસ માટે સૌથી પહેલાં તો ભૌગોલિક પરિસ્થિતિ ખૂબ જ અગત્યની છે.** જો બંને સ્થળ વચ્ચે ખાડી જેવી જગ્યા હોય અને ભરતી કે ઓટ સમયે પાણીના સ્તરમાં વધુ ફેરફાર ન થતો હોય તેવી જગ્યાએ જ રો રો ફેરી સર્વિસની શક્યતા છે. આનું કારણ રો રો ફેરી સર્વિસ માટે વપરાતા ખાસ પ્રકારનાં માહવાહક જહાજ છે.

અગાઉ કહ્યું તેમ રો રો ફેરી સર્વિસનો મુખ્ય હેતુ માલસામાનની હેરફેર કરવાનો છે એટલે વહાણ પણ તેને અનુરૂપ જ હોય. રો રો ફેરી સર્વિસ માટે વપરાતા જહાજના ફાલકામાં એટલે કે તેના પેટમાં અનેક વાહનો સમાઈ શકે એવી વ્યવસ્થા હોય છે. તમે માલવાહક વિમાન તો જોયું જ હશે. બસ એવી જ રીતે રો રો ફેરી સર્વિસ માટે વપરાતા જહાજમાં પણ એક વિશાળ દરવાજો હોય છે. જેમાંથી કારથી માંડીને ટ્રક સુધીનાં બધા વાહનો અંદર જઈ શકે છે. સામાન્ય રીતે વાહનોને ડ્રાઈવ કરીને જહાજમાં ગોઠવી દેવામાં આવે છે અને ત્યારબાદ તેની ટાંકીમાંથી ઈંધણ કાઢી લેવામાં આવે છે અને તેની બેટરીનાં કનેક્શન પણ છોડાવી દેવામાં આવે છે. આવું કરવાનું કારણ વાહનને ચોરી કે અદલાબદલીની શક્યતાથી બચાવવાનું છે. આવી રીતે એક જ જહાજમાં અનેક વાહનો ગોઠવાઈ જાય છે. આના ઉપરથી એટલું તો કહી શકાય કે એક તરફ ઓટોમોબાઈલ કે બીજા કોઈ પણ ઔદ્યોગિક ક્ષેત્રનું કેન્દ્રબિંદુ ગણાય એવું શહેર હોય અને બીજી તરફ તે ઉત્પાદનને સ્થાનિક, રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય બજાર સુધી પહોંચાડવા માટે યોગ્ય ગણાય એવું સ્થળ હોય તો રો રો ફેરી સર્વિસ ઉત્તમ પર્યાય છે.

રો રો ફેરી સર્વિસનો મહત્તમ ઉપયોગ કાર ઉત્પાદકો કરે છે કારણકે નવી કારને બાય રોડ એક શહેરથી બીજા શહેર સુધી પહોંચાડવા માટે સંપૂર્ણ સુરક્ષિત અને સસ્તો ઉપાય રો રો ફેરી સર્વિસ છે. **તમને જાણીને કદાચ આશ્ચર્ય થશે કે રો રો ફેરી સર્વિસની શરૂઆત ઓગણીસમી સદીના મધ્યમાં આખેઆખી ટ્રેનની હેરાફેરી માટે સ્કોટલેન્ડમાં થઈ હતી.** તે વખતે પાણી ઉપર રેલવે લાઇનનો ભાર ખમી શકે એવા પુલ બનાવવાનું શક્ય ન હતું. એટલે આ પ્રકારની સર્વિસની શરૂઆત થઈ હતી, જે ટ્રેન ફેરી સર્વિસ તરીકે ઓળખાતી હતી. સ્કોટલેન્ડ પછી બ્રિટને ટ્રેન ફેરી સર્વિસના વિકાસ માટે સારું એવું સંશોધન કર્યું. **થોમસ બાઉક** નામના એક સિવિલ એન્જિનિયરે એવા ડૉકની રચના કરી કે જેના દ્વારા એક સ્ટીમ એન્જિન આખી ટ્રેનને જહાજ ઉપર ગોઠવી આપતું હતું. જહાજ ઉપર ટ્રેનના પાટાની વ્યવસ્થા કરવામાં આવી હતી, જેથી ઉતારતી વખતે સરળતા રહે. વધારામાં ભરતી અને ઓટની સમસ્યાને પહોંચી વળવા માટે આ ડૉક પાણીમાં તરી શકે એવી રીતે બનાવવામાં આવ્યા.

માનવજાતના ઈતિહાસમાં રો રો ફેરી સર્વિસનો મહત્તમ ઉપયોગ પહેલા વિશ્વયુદ્ધ દરમિયાન થયો છે. ફ્રાન્સના મોરચે રણગાડીઓ અને દારૂગોળો મોકલવા માટે બ્રિટને એક-એકથી ચડિયાતા જંગી માલવાહક જહાજો તૈયાર કર્યા અને ઈંગ્લેન્ડના

(અનુ. : જુઓ પાના નં.-૪૭ ઉપર)

**Shivam**
**Pain Management Centre**

# કમર, ગરદન, સાઈટિકાનો દુઃખાવો ઓપરેશન વગર સારવાર



લાંબા સમયનાં કોઈ પણ દુઃખાવા જેવાં કે ખભાનો, હાથ-પગનો, નસોનો દુઃખાવો, ટ્રાયજેમિનલ ન્યુરાલ્જીઆ વગેરેની સારવાર ઓપરેશન વગર થઈ શકે છે

**ડૉ. હેમાક્ષી એચ. અંબાણી** (એમ.બી.એમ.ડી)
નિષ્ણાંત, ઈન્ટર્વેન્શનલ પેઈન મેનેજમેન્ટ
M : +91 9428 595301

- પૂર્વ મદદનીશ પ્રધ્યાપક, સિવિલ હોસ્પિટલ અને બી.જે.મેડિકલ કોલેજ, અમદાવાદ
- ફેલો – કોમ્પ્રિહેન્સિવ મેનેજમેન્ટ સેન્ટર, એટલાન્ટા, યુ.એસ.એ
- ફેલો – દિલ્હી પેઈન મેનેજમેન્ટ સેન્ટર, દિલ્હી


લેમિનર એરફલો ઓપરેશન થિયેટર,
હાઈફ્રીકવન્સી ઈમેજ ઈન્ટેસીફાયર,
ચેતાસ્થાન નિર્દેશક, આર.એફ. મશીન,
ઈન હાઉસ ફિઝીઓથેરાપી સેન્ટર,
ડીઝીટલ એક્સ-રે, ઈનહાઉસ ફાર્મસી

૨, ચૈતન્ય સોસાયટી, ઈસરો કોલોની પાસે, આઈ.આઈ.એમ. ન્યૂ ગેટની સામે, વસ્ત્રાપુર, અમદાવાદ-૧૫
વધુ માહિતી તથા એપોઈન્ટમેન્ટ : ૯૪૨૮૫ ૯૫ ૩૦૨, ૦૭૯-૨૬૩૦ ૧૯૮૬, ૨૬૩૦ ૮૯૭૬

E-mail : h_ambani@hotmail.com
www.shivampainmanagement.com

વાર્તા

# નિયતિનો ખેલ!



હરેશ ધોળકિયા

હિમાંશુની નજર ચારે તરફ ફરતી હતી.

સાંજનો સૂરજ ધીમે ધીમે પશ્ચિમ તરફ ઢળતો હતો. તેનો લાંબો પડછાયો દરિયાના પાણી પર લંબાતો જતો હતો. દરિયા પર એક લાલ પટ્ટો પથરાતો હતો. પાણી હિંગળોક જેવું લાગતું હતું. આકાશમાં પક્ષીઓ આમતેમ ઊડતાં હતાં. નીચે રેતી ભીની હતી. હમણાં જ ભરતીનાં પાણી ઓસર્યાં હતાં. તેના પર સેંકડો લોકો ફરતા હતા. કેટલાય લોકો પાણીમાં પગ બોળીને ઊભા હતા. પાણી આવતું હતું ત્યારે નીચેથી રેતી સરકતી હતી તેનાં ગલગલીયાં માણતા હતા. પુષ્કળ બાળકો સૂકી રેતી પર દોડતા હતા. એક જગ્યાએ કેટલાક બાળકો ફૂટબોલથી રમતા હતા. રમકડાં કે નાસ્તો વેચનારા આમતેમ ફરતા હતા અને જ્યાં પણ કોઇ ઉભું હોય તેમની પાસે જઈ પોતાનો માલ ખરીદવા વિનંતી કરતા હતા. સામે છેડે અનેક નાસ્તાવાળા હતા. તેને ઘેરીને અનેક લોકો વિવિધ વસ્તુઓ ખરીદીને ખાતા હતા. અનેક લોકો, ખાસ કરીને સિનિયર સિટીઝનો, ઝડપથી ચાલતા હતા અને શરીરને ચુસ્ત કરવાનો પ્રયાસ કરતા હતા. કોઈ એક ખૂણે કેટલીક મહિલાઓ ટોળામાં ગોળાકારમાં બેઠી હતી અને કોઈની મીટિંગ ચાલતી હતી. એક ખૂણે કોઇ ફિલ્મનું શૂટિંગ ચાલતું હોય તેવું લાગતું હતું. થોડા લોકો તેની આસપાસ ઘેરો ઘાલીને ઊભા હતા. ડાબે છેડે દૂર વરલીનો નવો બનેલ પુલ ઝાંખો દેખાતો હતો. તો જમણે છેડે વળાંક લઇને દરિઓ અદશ્ય થઈ જતો હતો. સાંજે જુહુનો દરિયો એક આકર્ષક સ્થળ બની જતો હતો. હિમાંશુની આ બધા પર નજર ફરતી હતી.

પણ તેનું મન ક્યાંક ભટકતું હતું. તેને બપોરે પોતાના પૌત્ર અજિત સાથે થયેલ વાતો યાદ આવતી હતી.

અજિતનાં માતા-પિતા – હિમાંશુના પુત્ર પુત્રવધૂ – હમણાં અમેરિકાથી આવ્યા હતા. સાથે તેમનો પુત્ર અજિત પણ હતો. તેથી હમણાં ઘરમાં થોડી ધમાલ હતી. હિમાંશુનો પુત્ર અમેરિકામાં મોટેલ ચલાવતો હતો. અજિત હમણાં જ યુનિવર્સિટીમાં દાખલ થયો હતો. ઇજનેરીનું ભણતો હતો. બપોરે જમીને પુત્ર પુત્રવધૂ આરામ કરતા હતા, ત્યારે અજિત હિમાંશુ સાથે વાતો કરતો હતો. તે પોતાના યુનિવર્સિટીના અનુભવો કહેતો હતો.

તે બોલ્યો, "દાદુ, અમારી સાઉથ કેલિફોર્નિયા યુનિવર્સિટીમાં ભણવાની ભારે મજા આવે છે. ત્યાં કમ્પ્યુટર અને આર્ટિફિશિયલ ઇન્ટેલીજન્સનો કોર્સ ખૂબ વખણાય છે."

હિમાંશુએ માથું હલાવ્યું. દાદા પૌત્રને ખૂબ બનતું હતું. હિમાંશુ પોતે પણ ઇલેકટ્રિકલ અને કમ્પ્યુટર ઇજનેર હતો. તેથી તેને અજિતની વાતોમાં રસ પડતો અને તેને અનેક સવાલો પૂછતો. અજિતને ભારે મજા આવતી. એ સંદર્ભમાં જ વાતો ચાલતી હતી.

હિમાંશુએ પૂછ્યું, "અજિત, ત્યાં હમણાં શું નવું સંશોધન ચાલે છે?"

અજિતે જવાબ આપ્યો, "આમ તો આ મારું પ્રથમ વર્ષ છે એટલે બહુ ખબર નથી. પણ અમારા પ્રોફેસરો કહે છે કે કમ્પ્યુટરમાં નવા નવા પ્રોગ્રામ્સ તૈયાર થઈ રહ્યા છે, જે અદ્‌ભુત છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ક્ષેત્રમાં પણ જબરી શોધો ચાલે છે." પછી તેણે જે સાંભળ્યું હતું તે વાતો કરી. હિમાંશુએ તેને તે બાબતે અનેક સવાલો પૂછ્યા. અજિતે આવડતા એવા જવાબો આપ્યા. વાતો જામી હતી.

અજિતે કહ્યું, "દાદુ, તમે તો જિનિયસ છો. તમારી પાસે તો આ ક્ષેત્રનું ભારે આધુનિક નોલેજ છે. આટલી તો મને પણ ખબર નથી."

હિમાંશુ હસ્યો.

અજિત બોલ્યો, "દાદુ, ખરેખર તમે અમેરિકામાં ભણ્યા હોત તો તમે કદાચ શોધો કરી હોત. ભારતમાં ભણ્યા અને અમેરિકા ન ગયા તેમાં તમને કદાચ ખોટ ગઈ છે."

હિમાંશુએ ફરી સ્મિત કર્યું.

પછી થોડી બીજી વાતો થઈ. પછી અજિત અંદરના રૂમમાં જઈ સૂઈ ગયો.

આ બધી વાતો હિમાંશુને અત્યારે યાદ આવતી હતી.

હિમાંશુએ વિચાર્યું – અજિતે આજે મારો ભૂતકાળ ખોતરી નાખ્યો.

તે યાદ કરી, તે થોડો ઉદાસ થઈ ગયો.

હિમાંશુ થોડું ચાલ્યો. પછી એક ખૂણામાં જઈ એક ઓટલા પર બેસી ગયો. ભીંતને ટેકો આપી હળવો થયો. તેણે આંખ બંધ કરી દીધી. ભૂતકાળમાં સરી પડ્યો....

.....તો શું તે આજે દુઃખી હતો? અમેરિકા ન ગયો તેથી?

તેણે અજાણતા મસ્તક હલાવ્યું. ના, તે જરા પણ દુઃખી ન હતો. તેણે પોતાના પચાસ વર્ષમાં ઈજનેરી અને કમ્પ્યુટર ક્ષેત્રે ઘણી કામગીરી કરી હતી. તેણે પણ થોડા પ્રોગ્રામો બનાવ્યા હતા જેની સર્વત્ર ખૂબ પ્રશંસા થઈ હતી. તે માટે તેને ઍવોર્ડ પણ મળ્યા હતા.

પણ અમેરિકા ગયો હોત તો?

અને તેને તો તક પણ મળી હતી.

તે ભૂતકાળમાં વધારે ખૂંપતો હતો. સમગ્ર ભૂતકાળ નજર સમક્ષ તરવા લાગ્યો.

હિમાંશુએ મેટ્રિકમાં સિત્તેર ટકા મેળવ્યા હતા. તેના સમયમાં કોઈને સાંઈઠ ટકા આવે તો પણ ઉત્સવ મનાતો. ત્યારે હિમાંશુના ટકા તો બધાને સ્તબ્ધ કરી ગયા.

હવે?

હિમાંશુના પિતા તો એક સામાન્ય શિક્ષક હતા. તે તેને બહાર મોકલી શકે તેમ ન હતા. સ્થાનિકની કૉલેજમાં બહુ બહુ તો મોકલી શકે. હિમાંશુને તો નાનપણથી ઈજનેરીમાં જવાની હોંશ હતી. કારણ? તેના કાકા.

અને કાકા જ તેની મદદે આવ્યા.

કેમ?

કાકા પોતે પણ જ્યારે ભણતા, ત્યારે આત્યંતિક હોંશિયાર હતા. તે પણ ખૂબ ઊંચા માર્ક્સ સાથે પાસ થયા હતા. ત્યારે તો સ્થાનિકે કૉલેજ પણ ન હતી. તેમના પિતા પણ શિક્ષક હતા. તેમને ખૂબ ઓછો પગાર હતો. પણ ત્યારે તેના મોટા ભાઈ — હિમાંશુના પિતા—એ તેના પિતાને કહ્યું કે નાનો ભાઈ — મહેશ, ભલે બહાર ભણવા જાય. તેના પિતાએ લાચાર નજરે તેની સામે જોયું ત્યારે હિમાંશુના પિતાએ કહ્યું કે પોતાના અને પિતાના પગારમાંથી સાથે મળી ફી ભરશું. વળી મહેશે ખૂબ સારા માર્ક્સ મેળવ્યા હોવાથી મુંબઈમાં જી.ટી. હોસ્ટેલમાં મફત રહેવા મળશે. તેથી તે ખર્ચ બચી જશે. આમ, મહેશ બંનેના સહકારથી મુંબઈ ગયો અને બી.એસસી. થયો. પણ તેમાં કંઈ વળે તેમ ન હતું. એટલે ફરી તેણે મોરબીની સરકારી ઈજનેરી કૉલેજમાં પ્રવેશ લીધો. ત્યાં પણ તેને છાત્રવૃત્તિ મળી. તેથી વાંધો ન આવ્યો. પણ આ બધા સમય દરમિયાન હિમાંશુના પિતાએ તેને યથાશક્તિ મદદ કર્યે રાખી. મહેશ ઈજનેર થઈ ગયો અને શરૂઆતમાં તેણે સ્થાનિકે નોકરી કરી, પણ તેને તો મુંબઈ જવું હતું. તેથી પછી તે નોકરી મૂકી મુંબઈ ગયો અને એક મોટી કંપનીમાં ઈજનેર તરીકે જોડાયો. અહીં તેને સારો પગાર મળ્યો. આ સમાચાર આપવા તે પોતાને ઘેર આવ્યો, ત્યારે તેણે હિમાંશુના પિતાને કહેલ કે હિમાંશુને તે ભણાવશે. પિતાએ ચિંતા ન કરવી. હિમાંશુના પિતા હળવા થઈ ગયા હતા.

એટલે જ્યારે હિમાંશુ ઉચ્ચ માર્ક્સે પાસ થયો કે તરત કાકાએ તેને વડોદરા કૉલેજમાં પ્રવેશ અપાવી દીધો. સારા ગુણના કારણે હિમાંશુને કૉલેજમાં તરત પ્રવેશ મળી ગયો. અહીં પણ તે ઝળકી ઉઠ્યો અને પ્રથમ વર્ષે ફરી ઊંચા ગુણથી પાસ થયો. તેને સરળતાથી ઈજનેરી કૉલેજમાં પ્રવેશ મળે તેમ હતો. પણ અહીં તેને સિવિલમાં પ્રવેશ મળતો હતો. હિમાંશુ માટે કાકા આદર્શ હતા. એટલે તે પણ તેમની જેમ ઇલેકટ્રિકલ ઈજનેર થવા માંગતો હતો.

હવે?

કાકાએ મુંબઈમાં તપાસ કરી તો ત્યારે જ અંધેરીમાં એક ઈજનેરી કૉલેજ શરૂ થઈ હતી. નવી હોવાથી હજી તેમાં ધસારો ન હતો. એટલે ત્યાં ઇલેકટ્રિકલ ઈજનેરીમાં પ્રવેશ મળતો હતો. કાકાએ તેને ત્યાં પ્રવેશ અપાવી દીધો. હોસ્ટેલમાં પણ દાખલ કરાવી દીધો.

હિમાંશુ તો પાયામાં જ હોંશિયાર વિદ્યાર્થી હતો. એટલે દર વર્ષે ઝળહળતા માર્કસથી પાસ થતો હતો. બી.ઈ. તેણે સુપર ફર્સ્ટ ક્લાસથી પાસ કરી. કૉલેજમાં જ નહીં, મુંબઈ યુનિવર્સિટીમાં તેનો વટ પડી ગયો.

હવે?

હિમાંશુને અમેરિકામાં ભણવાની હોંશ હતી. કૉલેજમાં તેને ખ્યાલ આવી ગયો હતો કે ઇલેક્ટ્રોનિક્સનું જે નવું ક્ષેત્ર વિકસી રહ્યું છે તે માટે અમેરિકામાં જ તકો છે. ત્યાંની કેલિફોર્નિયા યુનિવર્સિટીમાં કમ્પ્યુટર નામના વિભાગનો વિકાસ શરૂ થયો હતો. તેમાં ભવિષ્યમાં પુષ્કળ તકો ઊભી થવાની હતી. એટલે જો તે ત્યાં ભણે તો તેને પણ તકોનો લાભ મળે.

એટલે હિમાંશુએ જાતે જ ત્યાં અરજી કરી દીધી. તેની પૂરતી તૈયારી પણ કરી. આ માટે તેણે કાકાની સલાહ લીધી ન હતી. તેને ખાતરી હતી કે કાકા મંજૂરી આપશે જ. થોડા સમય પછી અમેરિકન યુનિવર્સિટી તરફથી જવાબ પણ આવી ગયો કે તેને પ્રવેશ મળશે. હિમાંશુ તો ખુશ થઈ ગયો. તે દોડ્યો અને કાકા પાસે જઈ આ સમાચાર આપ્યા.

કાકાએ આ કાગળ વાંચ્યો. તેમણે હિમાંશુ સામે જોયું. પછી બોલ્યા, "હિમાંશુ, તારે માસ્તર થવું છે?"

હિમાંશુ તેમની સામે જોઈ રહ્યો. ખચકાતા બોલ્યો, ''ના.''

''તો પછી એમ.ઇ. કાં કરે છે?''

''કાકા, ત્યાં નવા નવા ક્ષેત્રો ખૂલી રહ્યા છે. તેમાં ભારે તકો છે.''

''કયા ક્ષેત્રો?''

''કાકા, કહે છે કે કમ્પ્યુટર ક્ષેત્રમાં અનેક શોધો થઈ રહી છે. લાગે છે કે તેમાં નજીકના ભવિષ્યમાં ક્રાંતિ સર્જાશે.''

કાકા તેની સામે જોતા હતા. તે બોલ્યા, ''હિમાંશુ, ત્યાં જે થશે તે ભારતમાં પણ આવશે.''

''પણ કાકા, ત્યાંની શોધો અહીં મોડી આવે છે.''

''પણ આવશે જરૂર.''

''પણ શોધ થતી હોય ત્યારે તેમાં ભાગ લેવાની મજા ઓર છે.''

''અહીં આવે તેમાં જોડાઈ જજે.''

''પણ કાકા...'' હિમાંશુ બોલવા જતો હતો ત્યાં કાકાએ તેની વાત કાપી નાખી અને બોલ્યા, ''હિમાંશુ, તારે હવે પ્રેક્ટિકલ થવાનું છે. તું હોંશિયાર છો. તને અહીં પણ ખૂબ તકો મળશે. મારી જ કંપનીમાં ઊંચી જગ્યા મેં શોધી રાખી છે. કંપનીએ પણ હા પાડી છે. તેમાં જોડાઈ જા.''

''કાકા....?'' હિમાંશુના અવાજમાં નિરાશા હતી.

''તારી આકાંક્ષા સમજું છું પણ હવે વ્યવહારું થવું પડશે.''

''કાકા, મને સ્કોલરશિપ મળશે તેમાં મારો ખર્ચ નીકળી જશે.''

''બેટા, તારા પિતા હવે રિટાયર થવાની તૈયારીમાં છે. તેમને ટેકાની જરૂર છે.''

''કાકા, માત્ર બે વર્ષ.''

કાકાએ હસીને કહ્યું, ''તને કંપની તરફથી અમેરિકા જવાની તક મળશે. ચિંતા ન કર.''

અહીં વાત અટકી ગઈ. હિમાંશુ વધારે બોલી ન શક્યો. કાકાનું દબાણ ખૂબ હતું. તેણે પિતાને આ વાત કરી અને પોતાની અમેરિકા જવાની ઇચ્છા વ્યક્ત કરી.

પિતાએ લાચારીથી કહ્યું, ''જો હિમાંશુ, અત્યાર સુધી મહેશે જ તને ભણાવ્યો છે. માટે તું ભણી શક્યો છે. મારી તો આજે પણ હેસિયત નથી કે તને ભણાવું. એટલે મહેશ કહે તે માનવાનું.''

હિમાંશુએ નિરાશાથી માથું કૂટ્યું.

તે કંપનીમાં જોડાઈ ગયો.

કંપની ખૂબ સારી હતી. તેમાં કામ કરવાની મજા પણ આવતી હતી. કંપનીએ પણ હિમાંશુની હોંશિયારી જોઈ લીધી અને તેનો લાભ લેવા માંડ્યો.

થોડા જ વર્ષોમાં કમ્પ્યુટર ક્ષેત્ર ઝડપથી વિકસવા માંડ્યું. વિશ્વમાં પ્રસરવા માંડ્યું. કંપનીએ પણ તેનો ઉપયોગ કરવાનું વિચાર્યું. તે માટે તેણે હિમાંશુને લંડનમાં એક અઠવાડિયું તાલીમ લેવા માટે મોકલવાનું નક્કી કર્યું. હિમાંશુ તો ખુશ થઈ ગયો.

તે પ્લેનમાં લંડન ગયો. સીધો તાલીમની લેબમાં જ ગયો. ત્યાં રહેવાની વ્યવસ્થા હતી. તૈયાર થઈ તે સીધો તાલીમના સ્થળે પહોંચી ગયો. તેને કમ્પ્યુટર વિશે જાણવાની ભયંકર તમન્ના હતી. તે માટે તરફડતો હતો. એટલે જેવો લેબોરેટરીમાં પહોંચ્યો, તરત શીખવામાં પરોવાઈ ગયો. તાલીમ આપનાર તેને જે શીખવતો હતો, તે, તે થોડી જ પળોમાં શીખી લેતો હતો. ઇન્સ્ટ્રક્ટર પણ તેની તત્પરતા જોઈ નવાઈ પામ્યો. હિમાંશુ આખું અઠવાડિયું લેબમાં જ રહ્યો. બહાર જ ન નીકળ્યો. બીજા તાલીમાર્થીઓ સાંજે લંડન જોવા નીકળી જતા હતા, પણ હિમાંશુ તો લેબમાં જ રહેતો અને પ્રેક્ટિસ કરતો. એક અઠવાડિયામાં તે બધું જ શીખી ગયો. ઇન્સ્ટ્રક્ટર તેના પર ફિદા થઈ ગયો. તેણે હિમાંશુને ઑફર કરી તે અહીં રોકાઈ જાય અને કમ્પ્યુટર પર વધારે કામ કરે. હજી અનેક પ્રોગ્રામો તૈયાર કરવાના હતા. તેને ભરોસો બેસી ગયો હતો કે હિમાંશુ તે તૈયાર કરી શકશે. હિમાંશુને આ ઑફર ગળચટ્ટી લાગી. તેને રોકાવાનું મન થઈ ગયું. નોકરીમાંથી રાજીનામું આપવાની ઇચ્છા થઈ. કાકાને પણ આ બાબતે ફોન કર્યો અને રજા માંગી. પણ કાકાએ કહ્યું કે ભારતમાં રહીને પણ એ કામ થઈ શકશે, પાછો આવી જા! હિમાંશુએ ફરી હાથ પછાડ્યા. તે પાછો ચાલ્યો આવ્યો.

અહીં કંપનીએ કામમાં કમ્પ્યુટરનો ઉપયોગ શરૂ કર્યો. કામના સંદર્ભમાં હિમાંશુએ જરૂરી પ્રોગ્રામ્સ તૈયાર કર્યા. કંપની ખુશ થઈ ગઈ. તેને વધારે ઊંચો હોદ્દો આપ્યો.

ત્યાં અચાનક કાકાએ ધડાકો કર્યો. એક દિવસ સાંજે બેઠા હતા ત્યારે તેમણે કહ્યું, ''હિમાંશુ, હું એક ફેક્ટરી શરૂ કરું છું.''

હિમાંશુ તો નવાઈથી કાકા સામે જોઈ રહ્યો.

''હા, બધી વ્યવસ્થા થઈ ગઈ છે. આવતા મહિને શરૂ થાય છે. તારે આ નોકરી છોડી દેવાની છે. મારી સાથે જોડાવાનું છે.''

''પણ કંપનીમાં હમણાં જ નવો હોદ્દો મળ્યો છે.''

''ભલે મળ્યો. પણ આપણે સાથે કામ કરીશું. કાલે નોટિસ આપી દેજે.''

હિમાંશુને થયું કે હજી તો કોમ્પ્યુટરમાં કામ કરવાની તક

મળી હતી અને કંપની છોડવી પડે છે. અને કાકાની ફેક્ટરીમાં જુદું જ કામ હતું. તેમાં કમ્પ્યુટર મુખ્ય ન હતું, ગૌણ હતું.

તે ફરી નિરાશ થઈ ગયો. તેણે નોટિસ આપી દીધી. કંપનીએ તેને ખૂબ સમજાવ્યો કે તે ભવિષ્યમાં તેને અમેરિકામાં મોકલશે. પણ હિમાંશુએ નીચી મુંડી કરી ના પાડી દીધી.

તે કાકા સાથે જોડાઈ ગયો.

અલબત્ત, કાકાની ફેક્ટરી ખૂબ સારી ચાલવા લાગી. ખૂબ નફો કરતી હતી. હિમાંશુને પણ કાકા ઊંચો પગાર આપતા હતા.

તે સંદર્ભે આખું ભારત પણ ફરવાનું મળતું હતું. કામ પણ સરસ હતું. **પણ હિમાંશુ અંદરથી અતૃપ્ત હતો. તેના શોખનો વિષય કમ્પ્યુટર હતો. તેમાં તેણે અનેક સંશોધનો કરવા હતા.** તે તેની પ્રગતિ વિશે જે વાંચતો હતો, માઇક્રોસોફ્ટ કે ઍપ્પલની પ્રગતિ વિશે વાંચતો હતો, ત્યારે તેને થતું કે જો તે કેલિફોર્નિયા યુનિવર્સિટીમાં ભણવા ગયો હોત તો ત્યારે આ જે ક્રાંતિ શરૂ થઈ હતી તેનો એક હિસ્સો બની શક્યો હોત અને અનેક પ્રોગ્રામ્સ બનાવ્યા હોત. આજે પણ તેના મનમાં પુષ્કળ નવા નવા વિચારો આવતા હતા. તેનો અંગત રીતે અમલ પણ કરતો હતો. પણ અહીંના કામમાં એટલો તો વ્યસ્ત રહેતો હતો કે તેમાં ઊંડો ઉતરી શકતો ન હતો. પણ ત્યાં જો રહ્યો હોત તો **સ્ટીવ જોબ્સ કે બીલ ગેટ્સ** સાથે કામ કરતો હોત અને પોતાના સંશોધનો માટે પેટન્ટ પણ મેળવ્યા હોત અને ખૂબ કમાણી કરી હોત. ભલે અત્યારે પણ સારી આવક હતી, સુખી હતો, પણ ત્યાં કામનો જે સંતોષ મળત, તે અહીં નહોતો મળતો. અહીં પણ તે અદ્યતનમાં અદ્યતન ટેકનોલોજી શીખતો હતો, પણ તેનો ઉપયોગ કરવાની તક નહોતી મળતી. બસ, આ જ અસંતોષ રહેતો હતો.

અને તેમાં જ વર્ષો પસાર થઈ ગયા. તે અલબત્ત કરોડપતિ બની ગયો. ખૂબ સુખમાં રહ્યો. સ્થાનિકે પણ કમ્પ્યુટરમાં ખૂબ કામ કર્યું. નેટ પર પણ તે વિશે ચર્ચાઓ કરતો અને વિશ્વના નિષ્ણાતોની પ્રશંસા મેળવતો. આજે પણ તેને ઑફરો આવતી હતી, પણ હવે અશક્ય હતું. પોતાની અધૂરાશ દૂર કરવા પોતાના પુત્રને અમેરિકા મોકલ્યો. પણ પુત્રને ઈજનેરીમાં રસ ન પડ્યો. તેણે તો ભણીને મોટેલ ખોલી અને ત્યાં જ સ્થિર થઈ ગયો. પણ અજિતને ઈજનેરીમાં રસ પડ્યો હતો અને તેણે પણ કમ્પ્યુટરનો કોર્સ જ લીધો હતો, ત્યારે હિમાંશુ ખૂબ ખુશ થયો હતો.

પણ હમણાં હમણાં જ અજિત પાસેથી જે વાતો સાંભળતો હતો, સંશોધન બાબતે જાણતો હતો, ત્યારે ફરી તેને નિરાશાના હળવા ઍટેક આવતા હતા. પૂર્ણ સુખમાં પણ ગાબડાં પડતાં હતા. અતૃપ્તિ પ્રગટ થઈ જતી હતી.

અને આજે જ્યારે અજિતે તેની હોંશિયારની પ્રશંસા કરી, ત્યારે ફરી ઉદાસ થઈ ગયો. ફરી સમગ્ર ભૂતકાળ યાદ આવી ગયો હતો. કાકાએ જ તેનું ભવિષ્ય ઘડ્યું હતું. તે કાકાનો ખૂબ જ ઋણી હતો. કાકા ન હોત તો તે સ્થાનિકે ભણીને માસ્તર થઈ ગયો હોત. પણ કાકાના કારણે જ તે તક મળવા છતાં અમેરિકા જઈ શક્યો ન હતો. **કમ્પ્યુટર ક્રાંતિનો હિસ્સો બની શક્યો ન હતો. બસ, આ જ તેને અફસોસ થતો હતો. એક બહુ મોટી તક તેણે ગુમાવી હતી.** કાકા તેનું ઉજ્જવળ ભવિષ્ય જોઈ ન શક્યા. પોતે હોંશિયાર હોવા છતાં હિમાંશુની તમન્ના સમજી ન શક્યા. પોતાને કંપની બનાવવી હતી અને તેમાં તેને જોડવો હતો. તેની લાયમાં હિમાંશુને અમેરિકા જવા ન દીધો. તે જાણતા હતા કે હિમાંશુ અમેરિકા જશે તો પોતાનું અને કુટુંબનું નામ ઉજાળશે, પણ પોતાની વ્યક્તિગત મહત્ત્વાકાંક્ષામાં હિમાંશુનો ભોગ લઈ લીધો. પોતે તો કંપની શરૂ કર્યા પછી થોડા જ વર્ષોમાં અવસાન પામ્યા. કંપની પણ બંધ થઈ ગઈ. હિમાંશુ હોંશિયાર હતો એટલે કન્સલ્ટન્ટ તરીકે કામ કરવાનું શરૂ કર્યું અને થોડા જ વખતમાં જામી પણ ગયો. પહેલાં કરતાં પણ વધારે કમાવા લાગ્યો. મુંબઈના સમૃધ્ધ વિસ્તારમાં ઘર લીધું હતું અને મજા કરતો હતો... અને હવે તો આરામનું જીવન ગાળતો હતો. અલબત્ત, આજે પણ મોટાભાગનો સમય તે કમ્પ્યુટર પાછળ જ ગાળતો હતો. દીકરો તેને અમેરિકા આવવા સમજાવતો હતો, પણ હવે તેને ત્યાં જવામાં રસ ન હતો. હવે તે ત્યાંના વિકાસમાં ભાગ લઈ શકે તેમ ન હતો. તેથી વ્યર્થ ત્યાં જવામાં તેને રસ ન હતો. અહીં બરાબર હતો.

પણ આ પૌત્ર અજિતે તેની પ્રશંસા કરી, તેના ભૂતકાળને લોહીલુહાણ કરી નાખ્યો હતો. તેનું મન આજે વર્ષો પછી ઘાયલ થઈ ગયું હતું. તે અસ્વસ્થ થઈ ગયો હતો. તેથી જ ઝડપથી દરિયા કિનારે ફરવા ચાલ્યો આવ્યો હતો. દરરોજ અજિતને સાથે લાવતો, પણ આજે તેને લઇ ન આવ્યો, **જેથી ભૂતકાળ વધારે યાદ ન આવે.**

પણ ભૂતકાળ તો યાદ આવ્યો જ. તેણે તેના મનને વધારે આળું કર્યું જ.

હિમાંશુ ઉદાસીનતાથી મનમાં હસ્યો. તે ઊભો થયો. શરીર પરથી રેતી ખંખેરી. સામે જોયું તો સૂર્ય આથમી ગયો હતો. અંધકાર વધતો હતો.

મનમાં બોલ્યો, "અજિત, તારો દાદુ ખરેખર દાદુ જ છે! **પણ નિયતિ તેની સાથે ખેલ કરી ગઈ, બેટા!**"

"જેહના ભાગ્યમાં જે સમયે જે લખ્યું, તેનો ખરખરો ફોક કરવો" — મોટેથી બોલી તેણે ઘર તરફ ચાલવાનું શરૂ કર્યું.

*પેરિસ બેકરી પાસે, ન્યુ મિન્ટ રોડ, નાગર ચકલા,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૭૨૫૩ ૨૦૪૪૪*

વાર્તા

# આઘાત - પ્રતિઘાત

ડૉ. ઊર્મિલા શાહ

પરણીને આ ઘરમાં પગ મૂક્યો ત્યારે મનમાં ઝંખના હતી : 'મારે આ ઘરની ગૃહલક્ષ્મી બનવું છે, મારે કુળવધૂ બનવું છે...' મનમાં એક અનેરી ભાવના હતી... ને અમારું કુટુંબ પણ કેવું! હર્યુંભર્યું. કોઈની ટોક લાગી જાય એવું સરસ એ સંયુક્ત કુટુંબ હતું. ઘરમાં બા-બાપુજી જેવાં વડીલોની છત્રછાયા નીચે જાણે સૌ આનંદકિલ્લોલ કરતાં ન હોય...! મોટા ભાઈ અને ભાભી અને તેમનાં અપૂર્વ અને અંજના. બંને કેવાં મીઠડાં છે. હું પરણીને આવી છું ત્યારથી અંજના તો જાણે મારો છેડો મૂકતી જ નથી. ભાભી ઘણી વાર કહે, હવે સુજાતાનો કેડો મૂકને, બિચારી હજી નવી નવી પરણી છે, આ શું વગર છોકરે બધી પળોજણ. અંજના મને મૂકે તો ને! અરે, ક્યારેક તો મારે નિશીથ સાથે બહાર જવું હોય ત્યારેય અંજના આગળ થઈ જાય... ભાભી માંડ માંડ એને સમજાવે. તો યે એની મીઠી કાલીઘેલી ભાષામાં કહે : કાકી નિશીથકાકાને લઈને બહાર જાય તો હું કેમ સાથે ન જાઉં! મને મન ન થાય! ને હું એને હસતી હસતી ટપલી મારું એટલે જઈને ભાભીના ગળે વળગી પડે. એવી મીઠડી કે હું મારા પિયર જાઉં ત્યારે તો એ મારી સાથે જ આવે. પિયરમાં મમ્મી-પપ્પાને પણ એ એટલી વહાલી લાગવા માંડી. જાણે મારા પેટની જ દીકરી ન હોય! મમ્મી કહેતાં હતાં, એ, અમારી પૂર્વજનમની લેણિયાત જ હશે!

આમ ને આમ મારાં લગ્નને ત્રણ વર્ષ પૂરાં થયાં ને ચોથું વર્ષ શરૂ થયું. મારા મનમાં થોડો સળવળાટ શરૂ થયો. હજી કેમ મને દિવસ નહીં ચડતો હોય! શરૂઆતમાં બે વર્ષ તો જોકે અમે બંનેએ તકેદારી રાખી હતી એટલે બરાબર, પણ છેલ્લા એકાદ વર્ષથી તો એય બંધ કરી હતી.

બાએ પણ વચ્ચે પૂછ્યું હતું, બેટા સુજાતા હવે બાળક થઈ જવા દેવું જોઈએ. પછી જેમ ઉંમર મોટી થતી જાય તેમ તેને મોટું કરવું આકરું પડે. છોકરાં મોટાં કરવાં એ સહેલી વાત નથી. અમે બધાં છીએ ને ભેગાં છો ત્યાં સુધી ઊછરી જાય તો ખબરેય ન પડે. હવે ઘણું હર્યાફર્યાં અને બાની આ ટકોર સાંભળી મનેય મનમાં જરા દુઃખ થયું. બા ખૂબ લાગણીથી મને કહેતાં હતાં. હુંય એ સમજતી હતી. વડીલ હોય એટલે એમનેય ચિંતા થાય. મારો ખોળો ભરાય એવી એમનેય ઝંખના હોય જ. પણ હુંય શું કરું? મારા મનમાંય ક્યાં ઓછો અજંપો હતો? હુંય કેટલી મથામણ કરતી હતી? નિશીથને મેં વાત કરી. તો એ તો ડૉક્ટર પાસે આવવા જ તૈયાર નહોતો. પણ છતાંય હું હિંમત ન હારી. હું એકલી ડૉક્ટર પાસે ગઈ. બધી જ તપાસ કરાવી. ટ્રીટમેન્ટ ચાલુ કરી. ટ્રીટમેન્ટમાં વારંવાર નિશીથનો સહકાર જોઈએ. હું સમજતી હતી કે એમનાય દિલમાં ઉચાટ તો શરૂ થયો જ છે. પણ એ પુરુષ છે ને! એ હંમેશાં એ ઉચાટને છુપાવ્યા જ કરે. ને હું? હું તો એક સ્ત્રી. માતૃત્વ માટે સ્ત્રીને સખત ઇચ્છા હોય જ, ને માતૃત્વ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી એને જીવનમાં પરિતૃપ્તિ ન જ થાય એટલે હું ડૉક્ટરના કહ્યા મુજબ બધું જ કર્યા કરતી હતી. ચૂપચાપ મારી મેળે. મને ડર હતો. ભાભી - બા કે કોઈ જાણશે કે હું એ માટે ડૉક્ટરની ટ્રીટમેન્ટ કરું છું તો કેવું ખરાબ લાગે? મારી ઊણપ બહાર ન આવે! અને એટલે હું ડૉક્ટરને ત્યાં જવાનું હોય ત્યારે ગમે તે બહાનું કાઢી, મારું કામ પતાવી આવતી. બહેનપણી, ખરીદી કે પિયરના બહાના હેઠળ હું ડૉક્ટરને મળી આવતી તે એટલે સુધી કે ક્યારેક તો નિશીથને પણ ખબર ન પડે કે હું ડૉક્ટરને ત્યાં જઈ આવી છું. બે-ત્રણ દિવસ પછી વાતવાતમાં હું એમને વાત કરું. પણ એ ટ્રીટમેન્ટ લગભગ આઠેક મહિના ચાલી. તેમાંય કશું પરિણામ ન આવ્યું. મારી ધીરજ ખૂટતી જતી હતી. બધું જ ડૉક્ટરના કહ્યા મુજબ કરું છું ને આવું કેમ? ડૉક્ટર ખૂબ હોંશિયાર છે. અત્યાર સુધીમાં એમની ટ્રીટમેન્ટથી કંઈક કેટલાયને ઘેર પારણાં બંધાયાં છે ને મને જ કેમ આવું? મને ક્યારેક મારા નસીબ પર પણ ગુસ્સો આવતો.

આખરે ડૉક્ટરે મને કહ્યું, 'બેન! તારી બધી જ ટ્રીટમેન્ટ કરી. ક્યાંય કશી જ કચાશ રાખી નથી. હવે તારા પતિની તપાસ કરાવી લેવી જોઈએ. ક્યારેક બાળક ન થાય તેમાં પુરુષની પણ કોઈ મુશ્કેલી કારણરૂપ હોઈ શકે.' વાત સાંભળી હું એકદમ ચમકી. શું વાત કરો છો? મારા પતિમાં? ના, ના, એવું ન બની શકે. હું ખુદ એ વાત સ્વીકારવા તૈયાર ન હતી. છતાંય વાસ્તવિક્તાને સ્વીકાર્યા વિના બીજો વિકલ્પ ન હતો. મારે બાળક જોઈતું જ હતું એ પણ હકીકત હતી તો હવે શું?

મનમાં સખત દ્વિધા હતી. હું નિશીથને કેવી રીતે વાત કરું? એ મારી વાત સાંભળશે ખરા? સાંભળશે તો સ્વીકારશે

ખરા? એ સ્વીકારશે તો ડૉક્ટર પાસે ટ્રીટમેન્ટ માટે તૈયાર થશે ખરા? મન સામે અનેક પ્રશ્નો ઊભા હતા. બે-ચાર દિવસ તો મનમાં પાર વિનાની મૂંઝવણ થઈ. અંદર ને અંદર ધૂંધવાતી હતી. શું મને જ માત્ર મા બનવાના અભરખા છે? એમનેય બાપ બનવું ગમશે તો ખરું જ ને? પોતાના સર્જનનો આનંદ કોને ન હોય! **બાળકનો આનંદ તો સ્ત્રી અને પુરુષ બંનેને સરખો જ હોય.** એ માત્ર મારો આનંદ તો નથી જ. નિશીથ પણ બાળક તો ઝંખે જ છે. પણ પુરુષ હોવાને નાતે એ એમની ઝંખના મારી જેમ વ્યક્ત કરતા નથી.

અને ત્રણ-ચાર દિવસની એ મૂંઝવણ પછી મેં નિશીથનો મુડ જોઈ એમને ધીરેથી વાત કરતાં કહ્યું, ડૉક્ટરે તમને મળવા બોલાવ્યા છે. નિશીથે થોડી આનાકાની તો કરી પણ તે માન્યા તો ખરા જ. મેં એમને કહ્યું ન હતું કે ડૉક્ટર તમારી પણ તપાસ કરવા માંગે છે. નહીં તો વાત આટલેથી જ અટકી જાય તેની મને ખબર હતી.

અને નિશીથ એક સાંજે ડૉક્ટરને ત્યાં આવ્યા. ડૉક્ટર પણ ખૂબ મળતાવડા ને સરસ સ્વભાવના હતા. મેં તેમને બધી વાત કરી જ રાખી હતી. એટલે તેમણે ખૂબ સરસ રીતે નિશીથને આખીય વાત સમજાવી. આખીય સમસ્યા તેમના મગજમાં ઉતારી. મારા આશ્ચર્ય સાથે નિશીથ તેમની તપાસ કરાવવા સહમત થયા. મારા આનંદનો પાર ન હતો. ડૉક્ટરની કુશળતા માટે મને માન થયું. નિશીથની બધી તપાસ કરાવી. રિપોર્ટમાં આવ્યું કે નિશીથને કેટલીક મુશ્કેલી છે. એકાદ ઑપરેશન કરાવે તો બાળક થવાની શક્યતા ખરી. ને જાણે મારે માથે આભ તૂટી પડ્યું. અશક્ય, બિલકુલ અશક્ય. સંયુક્ત કુટુંબમાં અમે રહીએ છીએ, આખીય ટ્રીટમેન્ટની વાત ઘરમાં કોઈનેય કરી નથી. આ બધું જ બારોબાર ચાલી રહ્યું છે ને હવે નિશીથનું ઑપરેશન શક્ય જ કેવી રીતે બને?

હું સાવ જ હિંમત હારી ગઈ. ઘડીભર તો એમ થયું હવે બા-બાપુજીને વાત કરવી જ જોઈએ. બા મને વારંવાર છોકરાં થવા માટે ટકોર કરે છે. તેમનેય તેની ઇચ્છા તો છે જ પણ વાસ્તવિક્તાની તેમને જાણ ન થાય તો કેમ ચાલે? વાસ્તવિક્તાને સ્વીકારવી તો પડે જ ને! મેં નિશીથને વાત કરી, તમે બા-બાપુજીને વાત કરોને! નિશીથે પહેલાં તો કંઈ જ પ્રતિભાવ ન આપ્યો. એ ઑપરેશન કરાવવા તૈયાર ન હતા. લોકો પૂછે તો શું કહું? શાનું ઑપરેશન છે? તેમનેય મનમાં ક્ષોભ હતો, સંકોચ હતો અને એટલે નિશીથ તો બા-બાપુજીને વાત નહીં જ કરે તે સમજી શકાય તેવું હતું અને એટલે ઘણીબધી મથામણને અંતે મેં એક દિવસ બાને વાત કરી.

જમી પરવારીને સૌ આઘાપાછાં થયાં એટલે હું બા પાસે જઈને બેઠી. 'બા, તમને એક વાત કહેવી છે, કહું?'

'કહેને બેટા! એમાં મુંઝાય છે શું?'

મારામાં હિંમત આવી. મેં મારી ટ્રીટમેન્ટની વાત કરી.

બાએ કહ્યું, 'હું તારી સાથે આવત, બેટા...'

પણ વાત વધારતાં મેં નિશીથની તપાસની વાત કરી. ડૉક્ટરના નિદાનની વાત કરી, નિશીથના ઑપરેશનની વાત કરી ને બા એકદમ અકળાઈ ઊઠ્યાં. સખત ગુસ્સે થઈ ગયાં. કહે, તમે લોકો, ભણેલા-ગણેલાને કશું સૂઝે છે ખરું? ડૉક્ટરો તો નવરા છે. મારા નિશીથને આવું કશું હોય જ નહીં. બીજા બેય ભાઈઓને ત્યાં બે-બે દીકરા છે ને નિશીથને એવું હોય જ ક્યાંથી? આવા કયા ડૉક્ટર પાસે તમે લોકો જઈ આવ્યાં? મને વાત તો કરવી હતી!

અને એ દિવસથી બાનું મારી સાથેનું વર્તન જાણે અચાનક જ ઓરમાયું થવા માંડ્યું. પછી તો નાની નાની વાતમાં છણકાઈ જાય. મહેણાં-ટોણાં મારે, ને જાણે હું એમની નજર સામે ગમતી જ ન હોઉં તેવું વાતાવરણ ઊભું થઈ ગયું. બાને પગલે બાપુજીય જાણે અમારાથી અળગા ને અળગા થવા માંડ્યા. હું ખૂબ મૂંઝાવા માંડી. આટઆટલા પ્રયત્નો છતાં બાળક થતું ન હતું તેની મૂંઝવણ તો હતી જ, અકળામણ પણ હતી ને મન પણ આળું હતું તેમાં વળી જાણે ઘા પર મીઠું ભભરાવવામાં આવે તેમ બાનો પ્રકોપ ને બાપુજીનું 'નરો વા કુંજરો વા' – મારાથી આ બધું સહ્યું જતું ન હતું. નિશીથ પણ બધું જ સાવ સૂનમૂન થઈને જોયા કરતા હતા. મને જ્યારે હૂંફની લાગણીની અને સથવારાની ખૂબ જરૂર હતી ત્યારે તે મને તેમાંનું કશું જ આપી શકતા ન હતા. હુંય સમજતી હતી કે તેમની પરિસ્થિતિ સૂડી વચ્ચે સોપારી જેવી છે. એ કોને કહે? શું કહે? કેવી રીતે કહે? અને ભાભી, સગીબહેન જેવું જેમની પાસેથી મને હેત મળતું, એય જાણે ધીરે ધીરે પરાયાં થવા માંડ્યાં. ને જે અંજના મારો છેડો ઘડીય મૂકતી ન હતી તેને પણ તેમણે મારાથી ધીરેધીરે દૂર રાખવા માંડી. એમનેય કદાચ ડર હશે કે બાળક માટે થઈને હું તેના પર કંઈ ટુંચકો કરું તો! સમજ નથી પડતી. આખીય બાજી જાણે કેમ આમ પલટાઈ ગઈ છે. મને ઘરમાં જાણે એક એક પળ એક એક ભવ જેવી લાગે છે. નિશીથના રિપોર્ટની વાતે મારા જીવનમાં એક ઝંઝાવાત સર્જી દીધો છે. માતૃત્વ કેવું છે? પોતાના સંતાનની મર્યાદા કે ક્ષતિ સ્વીકારવી એ મા માટે કેટલું મુશ્કેલ છે? એ મને સમજાવા માંડ્યું. મને મનોમન પસ્તાવો થાય છે કે આ બધી ઝંઝટમાં પડી તેના કરતાં મેં બાળક જ દત્તક લીધું હોત તો! આમેય ભાભીની અંજના તો મારા દિલના ટુકડા જેવી જ હતી ને! પણ કોણ જાણે મારા હૃદયમાં રહેલા માતૃત્વે મને આ બધું કરવા પ્રેરીને મારા જીવનમાં એક આંધી સર્જી દીધી, પણ હવે શું? હવે છે કોઈ આનો ઉપાય?

*૨૫, પાર્થ બંગ્લોઝ, કર્ણાવતી ક્લબ સામે,*
*સરખેજ - ગાંધીનગર હાઈવે, અમદાવાદ.*
*ફોન : (૦૭૯) ૨૬૭૬૦૦૦૩, ૨૬૭૬૯૭૦૦*

પ્રજાતંત્ર

# આખરે દાંડીકુટિર મારફત ગાંધીનગરને નામની ઓળખ મળી

પૃથ્વી શાહ

૨ જી ઓક્ટોબર, ૧૮૬૯થી ૩૦મી જાન્યુઆરી, ૧૯૪૮ના સમય દરમિયાન મોહનદાસ કરમચંદ ગાંધી તરીકે ગુજરાતમાં જન્મી રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી તરીકે વિશ્વવંદનીય સ્થાન પ્રાપ્ત કરનાર દેશના આ પનોતા પુત્રને ગુજરાત રાજ્યની રચના સમયે અનોખી રીતે અંજલિ આપવાનો નિર્ધાર થયેલ.

૧૯૬૦માં દ્વિભાષી મુંબઈ રાજ્યના વિભાજનનો નિર્ણય થયો. ૧ મે, ૧૯૬૦થી ગુજરાત અલગ રાજ્ય બન્યું. વહીવટી સરળતા માટે અને ભાવિ આયોજનને અનુલક્ષી ગુજરાત માટે અલગ પાટનગર રચવાનો નિર્ણય લેવાયો. આ સંદર્ભમાં ગુજરાતની સ્થાપના અગાઉ માર્ચ ૧૯૬૦માં ગુજરાત રાજ્યના વરાયેલા **મુખ્યમંત્રી ડો. જીવરાજ મહેતા**એ ગુજરાતની સંભવિત પાટનગરી અમદાવાદથી ૩૨ કિ.મી. દૂર સાબરમતીના તટે રચાશે અને **દેશના રાષ્ટ્રપિતા પૂજ્ય મહાત્મા ગાંધીની સ્મૃતિમાં રાજ્યના પાટનગરને ગાંધીનગર નામ અપાશે એવી વિધિવત જાહેરાત કરી હતી.**

ગાંધીજી કોઈ સામાન્ય વ્યક્તિ ન હતા. પત્રકાર, લેખક, બેરિસ્ટર, અસ્પૃશ્યતા નિવારણના ભેખધારી, સ્વાતંત્ર્ય સેનાની, મહિલા સશક્તિકરણના હિમાયતી હતા. દેશ માટે અનેક વખત જેલવાસ ભોગવ્યો હતો. અમદાવાદમાં સત્યાગ્રહ અને સાબરમતી આશ્રમની સ્થાપના કરી હતી. મીઠાના સત્યાગ્રહ માટે અમદાવાદથી દાંડી સુધીની કૂચ યોજી લોકોમાં આઝાદી માટે જુસ્સો જગાવ્યો હતો. આવા મહાન લોકનેતાની યાદમાં શહેરની થનાર રચનાને સૌએ વધાવ્યું.

**૧૯૬૫ની ૨જી ઓગસ્ટે** પાટનગર ગાંધીનગરની સ્થાપનાની પ્રથમ ઈંટ મૂકવામાં આવી. **૬ઠ્ઠી જૂન, ૧૯૭૦થી વિધિવત ગાંધીનગર ખાતેથી સચિવાલય અને સંલગ્ન કચેરીઓનો વહીવટ આરંભાયો.** કર્મચારીઓએ અહીં વસવાટનો આરંભ કર્યો. ગાંધીનગર ઝડપથી વિકસતું ગયું. પરંતુ ગાંધીનગરમાં ગાંધીજીની સ્મૃતિ સંદર્ભે વરસો સુધી શરમ અનુભવવા જેવી સ્થિતિ હતી. સમગ્ર જિલ્લાને પણ ગાંધીનગર જિલ્લો કહેવાયો પરંતુ દેશ વિદેશથી કોઈ મહાનુભાવ ગાંધીનગર આવે, તો ગાંધીજીની યાદ માટે તેમને અમદાવાદ લઈ જવા પડતા. ગાંધી જયંતી અને ગાંધી નિર્વાણ દિને પણ અસમંજસની સ્થિતિ પેદા થતી. **ગાંધીનગરના પ્રવેશદ્વારે પાટનગરની રચના ક્યારે, કોની યાદમાં થઇ અને એ મહાત્માના કાર્યની નોંધ સાથેની તક્તિ પણ મૂકાઈ નહીં.**

આખરે વિધાનસભા પરિસરમાં ગાંધીજીની પ્રતિમા આવી. એક સરકારી નિશાળને મહાત્મા ગાંધી વિદ્યાલય નામ અપાયું. એ ઉપરાંત મહાત્મા મંદિર અસ્તિત્વમાં આવ્યું. જ્યાં કન્વેન્શનલ હોલ, એમ્ફી થિયેટર, પ્રદર્શન હોલ વગેરે છે. જ્યાં મોટાભાગે સરકારી કાર્યક્રમો થાય છે.

**અલબત્ત, દાંડી કુટિરની રચનાથી ગાંધીનગરમાં સાચા અર્થમાં ગાંધીજીની ઓળખ પ્રસ્થાપિત થઈ છે.** દાંડી કુટિરમાં ગાંધીજીના જન્મથી મૃત્યુ સુધીની સફરના અગત્યના પ્રસંગો અહીં દર્શાવાયા છે. આ પ્રદર્શની આશરે દોઢેક કલાકની છે. આ પ્રદર્શની જોવા આવનારે પ્રથમ લિફ્ટથી ત્રીજા માળે જવાનું હોય છે. દરેક સ્થળે એરો માર્ક હોવાથી મુલાકાતી સરળતાથી પ્રદર્શન જોઈ શકે છે. ગાંધીજીના જીવનના મહત્ત્વના પ્રસંગો ત્રણ તબક્કામાં વિભાજીત કરાયા છે. જન્મથી યુવાની, લંડન અને આફ્રિકાના પ્રસંગો અને ૧૯૧૫થી ૧૯૪૮ના પ્રસંગો વિવિધ માધ્યમોથી દર્શાવાયા છે. મુલાકાતીઓને મહાત્મા ગાંધીનો અસલ અવાજ અને દાંડીકૂચના મૂળ વીડિયો ફૂટેજ અહીં જોવા મળે છે.

અહીં એલ.ઈ.ડી. પર ગાંધીજીએ કહેલ સુવાક્યો વાંચી શકાય છે. પોરબંદરની શેરી, ગાંધીજીનું બાળપણ જાણી શકાય છે. દક્ષિણ આફ્રિકામાં અપમાનિત કરાયેલા ગાંધીજીનો પ્રસંગ આબેહૂબ વર્ણવેલ છે. ગાંધીજીના વસ્ત્રો, ભોજન, દિનચર્યાની માહિતી દર્શાવાઈ છે. ગાંધીજીએ ભારત ભ્રમણ કર્યું – થર્ડ ક્લાસના ડબ્બાની સ્થિતિ – સાબરમતી આશ્રમમાં ગાંધીજીના પ્રવચનો – સરદાર અને નહેરુ સાથે સંવાદ, આંબેડકર સાથે ચર્ચા વગેરે અહીં માણી શકાય છે. ટૂંકમાં ગાંધીજીનું જીવન, સિધ્ધાંતો, કામગીરી, જીવનની સંઘર્ષમય પળો કલાત્મક રીતે અને અસરકારક રીતે આધુનિક ટેકનોલોજીથી અહીં દર્શાવાઈ છે.

અહીં શાળાના, સંસ્થાના મુલાકાતીઓ આવે તો વિદ્યાર્થીઓને વિનામૂલ્યે પ્રવેશ અપાય છે, અન્યને રૂા. ૧૦/-

(અનુ. : જુઓ પાના નં.-૨૭ ઉપર)

પ્રજાતંત્ર

# ઇતિહાસના પાને
# જુનાગઢ આઝાદી દિન અને આરઝી હકુમત

નરેશ પી. અંતાણી

૩૧મી ઓક્ટોબરના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સરદાર પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઑફ યુનિટી'નું લોકાર્પણ નર્મદા કિનારે કેવડિયા કોલોની ખાતે કરી, સરદારના વિરાટ વ્યક્તિત્વની ઓળખ વધુ એકવાર વિશ્વને કરાવી. સરદારનું આ વિરાટ વ્યક્તિત્વ દેશ માટે અનેકગણું મહત્ત્વ ધરાવે છે, તેમ જુનાગઢ માટે તો એથીય અનેક રીતે મહત્ત્વનું બની રહ્યું છે. કેમકે દેશનો આઝાદી દિવસ ૧૫મી ઓગસ્ટના મનાવાય છે તેમ **જુનાગઢ ૧૫મી ઓગસ્ટ ઉપરાંત ૯મી નવેમ્બરે પણ એક વધુ આઝાદી દિવસ મનાવે છે.** તેની પાછળ રહેલી ઘટના એટલે જુનાગઢની આઝાદી. આ દિવસે હકીકતમાં જુનાગઢ અને તેની આસપાસનો વિસ્તાર આઝાદ બન્યો હતો. ગુજરાતના અને ખાસ કરીને સૌરાષ્ટ્રના ઇતિહાસમાં આ ઘટના સુવર્ણ અક્ષરે લખાયેલી છે. દેશનો આઝાદી દિન ૧૫મી ઓગસ્ટ, ૧૯૪૭ના દિવસે આપણે મનાવીએ છીએ પરંતુ જુનાગઢ અને તેની આસપાસના કેટલાક દેશી રજવાડાઓનો આઝાદી દિન ૯મી નવેમ્બર, ૧૯૪૭ છે.

બ્રિટિશ સરકારની ગુલામીમાંથી ૧૫મી ઓગસ્ટ, ૧૯૪૭ના દિવસે દેશ આઝાદ થયો અને એ સાથે ભારત અને પાકિસ્તાન એમ બે ભાગલા પણ થયા. એ સમયે દેશી રાજ્યોને ભારત અથવા પાકિસ્તાનમાં જોડાવાની સ્વતંત્રતા આપવામાં આવી હતી. દેશના મોટાભાગના રાજ્યો ભારતમાં જોડાઈ ગયા. પરંતુ જુનાગઢ નવાબ તથા હૈદ્રાબાદના નિઝામે પાકિસ્તાન સાથે જોડાવાની જાહેરાત કરી દેતાં દેશના ઇતિહાસમાં એક નવો વળાંક આવ્યો. સરદાર પટેલની કુનેહથી આ સમસ્યા ઉકલી ગઈ અને આ બંને દેશી રાજ્યો ભારતમાં જોડાયા.

૧૧મી એપ્રિલ, ૧૯૪૭ના જુનાગઢના દીવાન ખાનબહાદુર અબ્દુલકાદર મહમદ હુસેને ભાષણ કરી જુનાગઢ પાકિસ્તાનમાં જોડાવા ઇચ્છતું હોવાની જાહેરાત કરી. આ જાહેરાતની સાથે જુનાગઢના લશ્કરમાં બલુચી અને હૂર લોકોની ભરતી તથા જુનાગઢની બહાઉદ્દીન કૉલેજનું જોડાણ સિંધ યુનિવર્સિટી સાથે કરવામાં આવ્યું હોવાની અફવાઓ પણ વહેતી થઈ હતી. જુનાગઢના નવાબના આ પગલે સોરઠના જ માણાવદર, બાંટવા, માંગરોળ અને સરદાર ગઢે પણ પાકિસ્તાનમાં જોડાવાની જાહેરાત કરી. પાકિસ્તાન સાથે જોડાવાના રાજ્યની હકુમતના એકતરફી નિર્ણય સામે બહુમતી હિંદુઓની વસ્તી ધરાવતા આ રાજ્યોના લોકોમાં રીતસરનો રોષ ફાટી નીકળ્યો. જુનાગઢની પ્રજા રીતસરની થરથર કાંપવા લાગી. જુનાગઢનું પાકિસ્તાન સાથેનું જોડાણ રાજકીય, ભૌગોલિક, આર્થિક અને સામાજિક - સાંસ્કૃતિક રીતે તદ્દન અશક્ય હતું. આમ છતાં નવાબના આ નિર્ણય પછી જુનાગઢના નવાબના અમલદારોએ રીતસરનો કાળો કેર વર્તાવવાનું શરૂ કર્યું. ગામડે ગામડે ફરી હિંદુઓના હથિયાર પરવાના રદ કરવા લાગ્યા. નામચીન દાદાઓને પોલીસમાં ભરતી કરવામાં આવ્યા. ભયંકર ગુનેગારો અને ધાડપાડુઓને જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા. બહારથી ઝનૂની તત્ત્વોને જુનાગઢમાં આશરો આપવામાં આવ્યો. નિર્દોષ પ્રજા પર આચરી શકાય એટલો જુલમ આચરી તેમને જુનાગઢ છોડવા મજબૂર કરવામાં આવ્યા. પરિણામે લોકો જે સાધન મળે તે દ્વારા જુનાગઢ છોડવા લાગ્યા. આથી જુનાગઢના દીવાને લાજવાને બદલે એવો ફતવો જાહેર કર્યો કે પંદર દિવસથી વધુ બંધ રહેનાર ઘર નવાબ સરકાર જપ્ત કરી, તેના પર કબજો કરી લેશે. નવાબના ગુંડાઓએ પંદર દિવસની પણ રાહ જોયા વગર બંધ ઘરોમાં લૂંટફાટ શરૂ કરી.

નવાબના આ નિર્ણય સામે વિરોધ વ્યક્ત કરવા તથા જુનાગઢની પ્રજાના જાનમાલના રક્ષણ માટે **તા. ૨૫-૮-૧૯૪૭ના મળેલી કાઠિયાવાડ પ્રજાકીય પરિષદની બેઠકમાં એક સંરક્ષણ સમિતિની રચના કરવામાં આવી.** આ પછી મુંબઈ ખાતે માધવબાગમાં મળેલી બેઠકમાં પણ નવાબના આ નિર્ણયનો વિરોધ કરવામાં આવ્યો અને ઉગ્ર લડત આપવાનો નિર્ધાર વ્યક્ત કરવામાં આવ્યો. આ માટે જરૂર પડે નવાબ સાથે રીતસરની સશસ્ત્ર લડાઈ લડવા સુધીની તૈયારી કરવાનો નિર્ણય લેવાયો હતો. આ માટે નવાબ સાથે એક સમાંતર સરકારની રચના કરવામાં આવી અને **'આરઝી હકુમત'ની રચના કરવામાં આવી.** ભારત સરકારે સીધી રીતે આ લડતને સમર્થન નહોતું આપ્યું પણ સરદાર પટેલના, આ લડતને છૂપા આશીર્વાદ જરૂર હતા. **ઉછરંગરાય ઢેબર, અમૃતલાલ શેઠ, બળવંતરાય મહેતા, પુષ્પાબહેન મહેતા અને શામળદાસ ગાંધી** સહિતના એ સમયના રાજકીય નેતાઓ આ લડતમાં અગ્રેસર બન્યા. શામળદાસ ગાંધીને આ લડતની આગેવાની સોંપવામાં આવી.

'આરઝી' એટલે સમાંતર અને 'હકુમત' એટલે સત્તા. આમ, જુનાગઢના નવાબ સામે પ્રજાકીય સમાંતર સરકારની રચના કરવામાં આવી. આ માટે રીતસર નવા પ્રધાન મંડળની રચના કરવામાં આવી. જેમાં **મણિલાલ સુંદરજી દોશી, નરેન્દ્ર પ્રાગજી નથવાણી, શામળદાસ ગાંધી, ભવાનીશંકર ઓઝા, દુર્લભજી ખેતાણી તથા સુરગભાઇ વરુ**ને પ્રધાન મંડળમાં લેવામાં આવ્યા હતા. લડતમાં જુનાગઢ ઉપરાંત સૌરાષ્ટ્રના સમાજના તમામ વર્ગના ૪૦૦૦થી વધારે કાર્યકરો તેમાં સૈનિક તરીકે જોડાયા હતા. તેમને શસ્ત્ર સહિતની તમામ તાલીમ આપવામાં આવી હતી. આ સેના 'લોકસેના' કે 'મુક્તિરાજ'ના નામથી જાણીતી બની હતી. **રતુભાઈ અદાણી તથા માર્કંડભાઈ દેસાઈ**ની આગેવાની નીચેની આ સેનાએ સૌપ્રથમ રાજકોટમાં નવાબી મિલ્કત એવા **'જુનાગઢ હાઉસ'**નો કબજો લીધો.

આ પછી ક્રમશઃ ઉગ્ર બનતી આ લડતે માત્ર ૧૮ દિવસમાં જુનાગઢ રાજ્યના ૧૦૬ ગામો પર પોતાની હકુમત જમાવી લીધી. આ લડતની સાથે જુનાગઢ શહેરની આર્થિક નાકાબંધી પણ કરવામાં આવી હતી. બહારથી આવતો ખાદ્ય પુરવઠો તથા અનેક જીવનજરૂરી વસ્તુઓ જુનાગઢમાં પ્રવેશતી રોકવામાં આવી. પરિણામે રાજ્યને જકાતની આવક તો ઘટી જ, પરંતુ સાથોસાથ જનતાને પણ મુશ્કેલી વધતા નવાબ સામેનો લોક જુવાળ પણ વધુ ભભૂકી ઉઠ્યો. જનજાગૃતિ માટે **'સૌરાષ્ટ્ર રેડિયો'** તથા **'આઝાદ જુનાગઢ'** એમ બે ખાનગી રેડિયો પણ શરૂ થયા. જેમાં દરરોજ રાત્રે ૯થી ૧૦ આરઝી હકુમતના સમાચારો, જન જાગૃતિ માટે ગીતો ઉપરાંત અન્ય કાર્યક્રમો અપાતા, જે ખાનગી રીતે સાંભળવામાં આવતા. પરિણામે વધુને વધુ યુવાનો આ લડતમાં જોડાવા માંડ્યા.

**દરમિયાન લોક રોષ પારખી જનાર નવાબ પરિવાર ૨૪મી ઓક્ટોબરના પાકિસ્તાન નાસી જતાં નવાબી તંત્ર ઢીલું પડ્યું.** પાકિસ્તાન સરકાર તરફથી પણ મદદની આશા ઠગારી નીવડતાં **દીવાન શાહ નવાઝખાન ભુટ્ટોએ જુનાગઢના કમિશનર બૂચને પત્ર દ્વારા જુનાગઢ રાજ્યનો હવાલો ભારત સંઘને સોંપી દેવાની જાહેરાત કરી.** આ પછી સરદાર પટેલની સુચનાથી કમિશનર બૂચે જુનાગઢ રાજ્યનો હવાલો સંભાળી લીધો અને તે દિવસ હતો ૯મી નવેમ્બર, ૧૯૪૭. આ પછી ૧૩મી નવેમ્બરના સરદાર પટેલ પણ જુનાગઢ આવ્યા. દેશ સાથે જુનાગઢને સામેલ કરવાની સત્તાવાર જાહેરાત કરી. જુનાગઢની સાથે સાથે માણાવદર, માંગરોળ, બાંટવા, સરદારગઢ અને બાબરિયાવાડને પણ ભારતમાં સામેલ કરવામાં આવ્યા. આ પછી આરઝી હકુમતનું કાર્ય સંપન્ન થતાં તેનું વિસર્જન કરવામાં આવ્યું.

આરઝી હકુમતે સળગાવેલી મશાલથી સંયુક્ત સૌરાષ્ટ્ર ઝળહળી ઉઠ્યું એ પછી સૌરાષ્ટ્ર રાજ્યનું મુંબઈ રાજ્યમાં વિલીનીકરણ થયું. એ પછી કચ્છ, સૌરાષ્ટ્ર અને ગુજરાત સહિત ગુજરાત રાજ્યની રચના થતાં ૧૯૬૦થી નવું ગુજરાત રાજ્ય અમલમાં આવ્યું.

આમ, ગુજરાત અને સૌરાષ્ટ્રના ઇતિહાસમાં એક રસપ્રદ પ્રકરણનો ઉમેરો થયો.

*'ભૂમા નિકેતન', ૨૨/બી, શિવમ્ પાર્ક,*
*નાના યક્ષ મંદિર પાસે, માધાપર રિંગ રોડ,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૯૯૮૨ ૨૦૪૭૮*

---

## મોટા જિલ્લાની પ્રજાની સમસ્યાઓ પણ મોટી!

**(અનુ. : પાના નં.-૨૩ ઉપરથી ચાલુ)**

નિકાલ કરવામાં અગર તેમની સાથે ચર્ચા વિચારણામાં સમય પસાર કરતા રહે છે. સામાન્ય પ્રજાનું આ અપમાન નથી?

બીજી તરફ ખુદ સરકારના સચિવાલયના વિભાગો દ્વારા સોમવાર અને ગુરુવારે પણ મીટિંગો અને વીડિયો કોન્ફરન્સનું આયોજન કરવામાં આવતું હોય છે અને તેના બહાને અરજદારોને રઝળાવવામાં આવતા હોય છે. આવું આયોજન થયું હોય ત્યાં આગલા દિવસે માધ્યમો દ્વારા જિલ્લાનોંધ જેવી સુવિધાનો ઉપયોગ કરીને અધિકારીઓ તે દિવસે અરજદારોને સમય આપી શકશે નહીં તેવી જાહેર સૂચના પણ આપતા નથી. જેથી અરજદારોને ધરમધક્કો થાય છે.

કચ્છની પ્રજા સૈકાઓથી દબાયેલી છે. **જાગૃતિનો અભાવ છે અને નેતાગીરી મોકળા મને આવી બાબતોમાં બોલવા આગળ આવતી નથી.** આથી લાચારીથી મૂંગા મોંએ આ અપમાનજનક સ્થિતિ પ્રજાએ ચલાવી લેવી પડે છે. જે પ્રજાના પરસેવાના પૈસામાંથી પગાર ખાતા હોય, તે અધિકારીઓ તે જ પ્રજાને કલાકો સુધી ચેમ્બરની બહાર બેસાડી રાખતા હોય તે પરિસ્થિતિ લાચારીથી પણ નિભાવવી પડે છે. આ અસમાનતાના સિદ્ધાંતને વરેલી લોકશાહીનું આ વરવું ચિત્ર છે. એટલું જ નહીં, પણ કચેરીના કર્મચારીઓ નિયમિત કચેરીમાં હાજરી આપે તે માટે થમ્બ ઈમ્પ્રેશનનું મશીન રાખનારા ખુદ અધિકારીઓ ભાગ્યે જ કચેરીના સમયે સવારે ૧૦.૩૦ વાગે પોતાની ચેમ્બરમાં ઉપલબ્ધ હોય છે.

**કચ્છની કહેવાતી ખમીરવંતી પ્રજાની લાચારીનું આ દૃશ્ય બદલાય એવી અપેક્ષા રાખીએ....**

*દિનમાન, જૂના વાસ, માધાપર,*
*તા. ભુજ, કચ્છ-૩૭૦ ૦૨૦.*
*ફોન : ૦૨૮૩૨-૨૪૦૧૩૮, મો. ૯૮૨૫૪ ૫૩૯૫૧*

હાસ્ય લેખ

# આવા નામ ક્યારેય સાંભળ્યાં છે?!!



ચિત્રસેન શાહ
નિવૃત્ત, નાયબ કાર્યપાલક ઇજનેર (જીઈબી)

આજે અમે હિંદી સિનેમાના નામો પરથી પ્રેરણા લઇ આજના લેખનું શીર્ષક આપ્યું છે – “બર્થ-ડે ગીફ્ટ-૨!' કારણકે અમે અગાઉ એક લેખ લખી ચૂક્યા છીએ, જેનું શીર્ષક હતું 'બર્થ-ડે ગીફ્ટ!' હવે જો આ લેખ વંચાશે તો તેને અમે 'રીટર્ન ગીફ્ટ' તરીકે મૂલવીશું!

હિંદી સિનેમાવાળાઓને તેમની અગાઉની મૂવીની સંવર્ધિત આવૃત્તિ માટે નવા નામો પણ મળતા નહીં હોય?! જેથી આ રીતે નામો આપવા પડે છે?!

દાખલા તરીકે દબંગ પછી દબંગ-૨, દબંગ-૩... વગેરે વગેરે...

જોકે એક રીતે સલમાનની દબંગાઈ(!) – જેમ કે ૨૦ વર્ષ પહેલાં જોધપુરમાં ચિંકારાનો શિકાર, તે પછી મુંબઈમાં ફૂટપાથ પર સૂતેલા ચારેક લોકોના કાર નીચે ચગદી નાખવાનો બનાવ વગેરે પરથી તો દબંગ-૨, દબંગ-૩ વગેરે યોગ્ય જ લાગે છે!

ઘણા વર્ષો પહેલાં બી.આર. ચોપરાનું એક ખૂબ જ સુંદર મૂવી આવેલ જેનું નામ હતું 'નિકાહ.' તેમાં સલમા આગા અને રાજ બબ્બર હતા. તેના પરથી જો બીજા પિક્ચરો બને તો તેનાં નામ આ પ્રમાણે હોઈ શકે : નિકાહ-૨, નિકાહ-૩, નિકાહ-૪ અને (તે પિક્ચરની વાર્તા પ્રમાણે) તલ્લાક-૧, તલ્લાક-૨, તલ્લાક-૩ (એટલે કે તીન તલ્લાક!) વગેરે...

તીન તલ્લાકની ચર્ચા જ્યારે ટી.વી. પર ચાલતી હતી ત્યારે રાજ બબ્બર દ્વારા કરાતી દલીલો પરથી એમને આવા પિક્ચરોની રંગીન કલ્પના આવી છે!

આ લેખમાં મૂળ વાત અમારે ડિજિટલ પેમેન્ટ, કેશલેસ પેમેન્ટ અંગેની લખવી હતી. કારણ કે કેશલેસ પેમેન્ટ અંગેના એક રસપ્રદ સમાચાર અમે ન્યુઝ પેપરમાં વાંચેલા.

લેખની શરૂઆત જરા જુદી રીતે થઈ! અને તેનું પણ કારણ છે! તે દિવસોમાં આખો દિવસ ટી.વી. પર સલમાન ખાન (દબંગ) છવાયેલો રહ્યો હતો! તેથી અમે પણ 'દબંગમય' બની ગયા હતા!

પરંતુ જાગ્યા ત્યારથી સવાર! મૂળ વાત પર આવીએ! (જાગ્યા ત્યારથી સવાર ભલે કહેવાય બાકી કોઈ આર્ટિસ્ટ રાત્રે મોડેથી 'શો' પતાવીને ઘેર આવે અને બીજે દિવસે બપોરે ૧ વાગે ઊઠીને ચાલવા જાય તો તેને 'મોર્નિંગ વૉક' થોડું કહેવાય?!)

કેશલેસ પેમેન્ટમાં પણ હવે નવી નવી સુવિધા ઉપલબ્ધ બની રહી છે અને આજના Buyer's માર્કેટમાં અને Cut throat – ગળાકાપ હરીફાઈના જમાનામાં નવી નવી સુવિધા આપો તો જ ગ્રાહકો આકર્ષાઇ શકે! તેથી જ એક જ્વેલરી બનાવતી કંપનીએ જાહેરાત આપી હતી કે – 'રીંગ સેરેમની'માં હવે અમારી 'વેરેબલ પેમેન્ટ'વાળી વીંટી પહેરો અને જુઓ ચમત્કાર! ભલભલી બેન્કો તમને કરોડોની લોન આપવા લાઈન લગાવી દેશે! નીરવ મોદી અને મેહુલ ચોક્સી અમારી વીંટી જ પહેરતા હતા!'

એટલે એક રીતે નવી નવી ટેકનોલોજીથી આપણે સગવડતાની બાબતમાં સમૃદ્ધ થઈ રહ્યા છીએ તો બીજી બાજુ આપણો સમાજ 'રેપિસ્ટો'થી ઊભરાઈ પણ રહ્યો છે! ટી.વી.ની કોઈ પણ ચેનલ આપણે જોઈએ તો દેશમાં ક્યાંક ને ક્યાંક 'રેપ' થયાના સમાચાર 'બ્રેકિંગ ન્યુઝ' તરીકે આવ્યા જ કરતા હોય! આમાં બિચારા ખાખી વર્દીવાળાઓની પોઝિશન સેન્ડવીચ જેવી બની રહે છે! એ લોકોની કમનસીબી એ હોય છે કે 'રેપિસ્ટ' જો સત્તાધારી પક્ષનો હોય તો તેને માટે પણ 'માનનીય' શબ્દનો ઉપયોગ જ કરવો પડે છે કારણકે નહીં તો આરોપીની લાગણી દુભાઈ જાય છે! જો દાઉદ કદાચ પકડાય તો તેને માટે પણ 'સન્માનનીય દાઉદ સાહેબ(!)' એવો શબ્દ પ્રયોગ કરવો પડે? નહીં તો 'દાઉદ'ની લાગણી દુભાય!

આ લખનારનું માનવું છે કે ખરેખર તો ફિલ્મ પદ્માવતી (પદ્માવત લખવું ગમતું નથી અને સારું પણ લાગતું નથી. – જેમ કે બેંગ્લોરને બદલે 'બેંગલુરુ' કેવું ખરાબ લાગે છે! પરંતુ આ તો 'રાજાને ગમે તે રાણી' જેવું છે!) રીલિઝ થવાના સમયે ઉઠેલા વિરોધ વંટોળ જેવા વિરોધ રેપિસ્ટ સામે દેશની સવા સો કરોડની જનતા ઉઠાવે તો એવા વાવાઝોડામાં રેપના બનાવ

(અનુ. : જુઓ પાના નં.-૪૪ ઉપર)

આરાધના

# રાત્રે હોમ વિઝિટ

ડૉ. સુધીર ચી. મોદી

ફેમિલી ફિઝિશન તરીકે ૪૮ વર્ષ સુધી પ્રેક્ટિસ કર્યા બાદ આજે શરૂઆતની પ્રેક્ટિસના ઘણા પ્રસંગો માળાના મણકાની જેમ એક પછી એક પસાર થઈ રહ્યા છે.

ઈ.સ. ૧૯૭૩ના સાલની વાત છે. નવરંગપુરામાં મારું દવાખાનું શરૂ કર્યાને લગભગ સાડા ત્રણ વર્ષ થયા હતા. અમે ઘણા વર્ષોથી શહેરના ખૂબ જાણીતા વિસ્તાર ખાડિયામાં જ મોટા થયા, ભણ્યા અને ઉછર્યા. નવરંગપુરામાં દવાખાનું શરૂ કર્યા બાદ પેશન્ટોને ભારે બીમારીમાં તાત્કાલિક સારવાર આપી શકું અને મને વિઝિટનો લાભ પણ મળે તેવા બેવડા હેતુથી ખાડિયા છોડીને નવરંગપુરામાં દવાખાના પાસેની એક સોસાયટીમાં મકાન ભાડે રાખી રહેવા આવી ગયો. સ્કૂટર પર જ બધે જતો હતો. હજુ કાર લેવા જેવી કમાણી શરૂ થઈ ન હતી. કોઈપણ નવા ડૉક્ટરને શરૂઆતના ત્રણ ચાર વર્ષ તો વેઇટિંગ પીરિયડ (Waiting Period)ના અથવા સારી રીતે સ્થિર થવાના ગણાતા હોય છે અને આ તો વળી તે સમયે શહેરનો નવો વિકસતો વિભાગ હતો. વેપારમાં પણ એવું કહેવાય છે કે ૧૦૦૦ દિવસ ગાદી તપે પછી જ ધંધામાં સ્થિર થવાય કે આગળ વધાય. **અસલ વાત ધીરજ અને મહેનતની છે. સ્વપ્ન સાકાર કરવામાં આ બે વાતની તો ખાસ જરૂર હોય છે.** રાતોરાત કાંઈ મેળવી શકાતું નથી. તે વર્ષોમાં નવરંગપુરાથી થલતેજ જવાનો ડ્રાઇવ-ઈન રોડવાળો વિસ્તાર ખાલી હતો. ડ્રાઇવ-ઈન સિનેમા શરૂ થયું ન હતું. મને યાદ છે, અમારી સોસાયટી પાસે ઊંટવાળાની નાની વસાહત જેવું હતું. કોમર્સ છ રસ્તાથી થલતેજ ગામ જવાના રસ્તે કોઈક સોસાયટીના થોડા મકાનો દેખાય પરંતુ રાત્રે ૧૦ વાગ્યા પછી રસ્તો બિલકુલ સુમસામ લાગે.

મારું દવાખાનું કોમર્સ છ રસ્તા પાસે. સાડા ત્રણ વર્ષમાં તો ઘણા પેશન્ટો ત્યાં આવતા થઈ ગયા હતા. હોમ વિઝિટ પણ કરતો થઈ ગયો હતો.

શિયાળાની એક રાત્રે લગભગ ૨ વાગે મારા ફોનની ઘંટડી રણકી. આટલી મોડી રાત્રે પેશન્ટનો જ ફોન હોય! મેં ફોન ઉપાડ્યો કે તરત જ એક ભાઈનો રઘવાટભર્યો અવાજ આવ્યો... 'સાહેબ, જલ્દી મારા ઘરે આવો. મારા બાપુજીને ખૂબ જ ગભરામણ થાય છે. રહેવાતું નથી.'

મેં કહ્યું, 'તમારું નામ તો કહો...'

તે ભાઈએ તેમનું નામ જણાવ્યું.

હવે તમારું એડ્રેસ જણાવો.

તે બોલ્યો, 'અમે વિજય ચાર રસ્તાથી આગળ થલતેજ જવાના રસ્તે ફલાણી સોસાયટીમાં રહીએ છીએ.'

તે સમયે આજના જેવી ૧૦૮ની સર્વિસ ન હતી. મોબાઇલ ફોન પણ ન હતા.

મેં કહ્યું, 'સારું, હું આવું છું.'

તે ભાઈનું કુટુંબ ત્રણેક મહિનાથી મારે ત્યાં સારવાર માટે આવતું હતું.

હું તો ગરમ કપડાં પહેરી – લપેટીને સ્કૂટર પર તબીબી સારવાર માટેની બેગ લઈને નીકળી પડ્યો. આવી નિઃસ્તબ્ધ શિયાળાની રાત્રિનો અંધકાર, ગાત્રો થીજાવતી ઠંડી, સૂમસામ રસ્તો, નજર દોડાવો ત્યાં સુધી કોઈ દેખાય નહીં. આમેય શિયાળાની રાત્રિ વધારે ભેંકાર હોય છે. બધા ગોદડામાં ઢબુરાઈ ગયા હોય છે. રાત્રિનો અંધકાર અને શિયાળાની ઠંડી બંને એક સાથે!!

પરંતુ તે સમયે તો આ બધું જોવાનો કે અનુભવવાનો સમય ન હતો. મગજમાં ફક્ત પેશન્ટને ત્યાં વિઝિટે જવાનું છે તે જ વિચાર. શાંત આકાશમાં જેમ વિમાન એકધારો અવાજ કરતું જતું હોય, તેમ મારું સ્કૂટર આવા નિર્જન સૂમસામ રોડ પર એકધારું અવાજ કરતું જઈ રહ્યું હતું.

મારી પત્નીને એક સારી ટેવ. મને કાયમની સૂચના આપી રાખેલી કે રાત્રે હોમ વિઝિટે જાઓ ત્યારે ક્યાં જાઓ છો તે કહીને જવાનું. તે પ્રમાણે મેં જણાવેલું કે થલતેજ બાજુ ફલાણી સોસાયટીમાં હોમ વિઝિટે જાઉં છું. વિઝિટથી પાછો આવું ત્યાં સુધી તે જાગતી હોય. પાછા આવતા સ્કૂટરનો અવાજ આવતાં, ઘરનું બારણું ઉઘાડે. મારે બેલ પણ લગાવવો ના પડે.

સ્કૂટર પર વિજય ચાર રસ્તાથી આગળ થલતેજ જવાના રસ્તે દૂર રસ્તા પર બે ઓળા દેખાયા. ત્યાં પહોંચ્યો તો... રસ્તા પર બે માણસો હાથ આડો કરી ઊભેલા. બંને જણાએ પોતાના મોઢા અને માથા પર રૂમાલ બાંધેલા. આ બધું જોઈને થોડો ગભરાટ તો થયો કે માર્યા ઠાર... આજે તો હું લૂંટાઈ જઈશ. ઘડિયાળ, પાકીટ બધું આપી દેવું પડશે. પેશન્ટની

**સારવાર તો બાજુએ રહી પરંતુ હું સલામત રહીશ કે નહીં તેવો વિચાર ઉદભવ્યો.**

છતાં સ્કૂટર ઊભું રાખતા જ બોલ્યો કે હું... ડૉ. સુધીર મોદી છું... અત્યારે એક સિરિઅસ પેશન્ટને ત્યાં વિઝિટે જઈ રહ્યો છું.... તરત જ બેમાંથી એક ભાઈ બોલ્યા, 'અરે! આ તો સુધીરભાઈ ડૉક્ટર છે. તેમની પાસેથી કશું ના લેવાય.' બંને જણા તરત જ બાજુમાં ખસી ગયા. મોં પર રૂમાલ બાંધેલો હોવાથી ફક્ત તેમની આંખો જ તગતગતી દેખાઈ. મેં ભગવાનનું નામ લઈ સ્કૂટર ભગાડ્યું. ભગાડ્યું જ કહેવાયને?! પેશન્ટની સોસાયટીમાં પહોંચતા સુધી મારા હૃદયના ધબકારા સુપરફાસ્ટ ટ્રેનની ઝડપે ચાલી રહ્યા હતા. જેમના ઘરે વિઝિટે ગયો ત્યાં જઈ પહેલાં તો પાણી પીધું અને ત્યારબાદ પેશન્ટને સારવાર આપવાની શરૂઆત કરી. તેઓને તે વખતે કશી વાત ના કરી. સારવારથી પેશન્ટને રાહત થઈ ત્યાં સુધી હું ત્યાં જ બેઠો હતો. એટલામાં તો સવારના ૪ વાગી ગયા હતા. દરમિયાનમાં મેં ઘરે ફોન કરી દીધેલો કે પાછું આવતાં થોડું મોડું થશે. ત્યારબાદ શાંતિથી ઘરે આવી ગયો.

સવારે ચા પીતા પીતા ગઈ રાતના અનુભવની વાત કરી. ફરમાન નીકળ્યું કે, "હવે એકલા રાત્રે હોમ વિઝિટે જવાનું નથી. કોઈ જાણીતા લેવા આવે તો જ જવાનું... દુનિયામાં બધા લોકો સારા નથી હોતા."

**મેં કહ્યું પરંતુ આપણે સારી ભાવના અને દિલથી સારું કામ કરતા હોઈએ તો મુશ્કેલી આપોઆપ જતી રહે છે.** ત્યાર પછી પણ નજીકમાં રાત્રે ઘણીવાર એકલો હોમ વિઝિટે જતો હતો. પરંતુ ઉપર જણાવ્યા મુજબનો અનુભવ ત્યાર પછી કોઈવાર ફરીથી થયો નથી. **અહીં સવાલ છે ઉમદા સેવા પ્રદાન કરવાનો – નિઃસ્વાર્થપણે માનવસેવા કરવાનો, તબીબી ક્ષેત્રના સામાન્ય સામાજિક મૂલ્યોની જાળવણી કરવાનો. આ પ્રકારનો સામાજિક માહોલ ઊભો કરવામાં આવે તો કુદરત પણ વિવિધ સ્વરૂપે સહાય કરે છે.** ત્યારબાદ તો નવરંગપુરા અને તેની આગળનો વિસ્તાર પણ ઘણી ઝડપથી વિકસી ગયો. તે વિસ્તારમાં ઘણી બધી સોસાયટીઓ અને ફ્લેટો પણ થઈ ગયા છે. રાત્રે ગમે તેટલા વાગે આવનજાવન કરો, તો પણ ફિકર - ચિંતા જેવું રહ્યું નથી. પરંતુ શરૂઆતના વર્ષોમાં રાત્રે નિર્જન રોડ પર આવો યાદગાર અનુભવ થઈ ગયો.

સમાજમાં ડૉક્ટરની છાપ સારી છે. ઘણા લોકો કહે છે પણ ખરા : 'ભગવાન પછી ડૉક્ટરનું સ્થાન છે.' આવી ચાહના, સમજ કે પ્રેમ જ ડૉક્ટરના જીવનનું ભાથું છે.

*'મરીઝ' સાહેબનો એક શેર યાદ આવે છે :*

***બીજી તરફ છે બધી વાતોમાં હિસાબ-કિતાબ,***
***અહીં અમારા જીવનમાં કશું ગણિત નથી.***

***મો. ૯૮૯૮૬ ૧૨૬૮૫***


# JETHABHAI DOONGARSHI TRANSPORT CO.

## J. D. LOGISTICS



**H.O.** : 708/18, Bhavani Peth, Near Gurunanak Telephone Exchange, Pune-411 402.
Tel. : (020) 26434611 / 08425818000 ● Fax : (020) 26434525 ● E-mail : jdtcompany@gmail.com

**Admn. O.** : 313/315, Narshi Natha Street, Khajurwala Chamber, Masjid Buunder, Mumbai-400 009.
Tel. : (022) 23426818, 23400597 ● Fax : (022) 23451950 ● E-mail : jdadmnoff@yahoo.co.in

***DAILY PARCEL & FULL TRUCK LOAD SERVICES***
***FROM MUMBAI & GUJARAT TO PUNE & SOLAPUR AND RETURN***

| MUMBAI OFFICE | |
|---|---|
| ANDHERI | 09323963410 |
| BHAT BAZAR | 09323963409 |
| BHIWANDI | 08425818022 |
| VASAI | 09323320952 |
| VASHI | 08425818023 |
| TARAPORE | 09322407169 |
| ULHASNAGAR | 09324495236 |
| BHAYANDER | 09820283922 |

| PUNE & OTHER MAHARASHTRA OFFICE | |
|---|---|
| PUNE (BOOKING) | 08425818009 |
| PUNE (DELIVERY) | 08425818012-16 |
| CHINCHWAD | 08425818011 |
| WAGHOLI | 08425818020 |
| FURSUNGI | 08425818014 |
| TALEGAON | 08425818021 |
| SOLAPUR | 08425818030 |
| KOLHAPUR | 08425818027 |

| GUJARAT OFFICE | |
|---|---|
| AHMEDABAD | 08866858858 |
| SURAT | 09377763408 |
| VAPI | 09377763409 |
| RAJKOT | 09327774777 |

| UTTAR PRADESH OFFICE | |
|---|---|
| VARANASHI | 09336939327 |
| VARANASHI | 0542-2454585 |
| MAUNATH BHANJAN | 09335015165 |

ધારાવાહિક નવલકથા

# છોરાંવછોઇ – (૨૬)

હંસરાજ સાંખલા

## વતનમાં જતાં દીકરીઓ યાદ આવી

સુધીરના લગ્નના સવા વર્ષે સુધીરના ઘરે લક્ષ્મીજી આવ્યાં.

રતનના આનંદમાં ઉમેરો થતો ગયો. તેના એક વર્ષે કિશોરને ત્યાં પણ બેબી આવી. નાના ભૂલકાઓના કિલ્લોલથી રતનનું ઘર ગુંજતું થઈ ગયું.

રતન પોતરાઓને રમાડવામાં ગળાડૂબ બની ગઈ. એના હૈયામાં એક આશા જીવંત બની. મને મારા ભૂતકાળના ભરડામાંથી મારાં પોત્રાં જરૂર છોડાવશે.

નાની પૌત્રી પ્રજ્ઞા (કિશોરની બેબી) સાત મહિનાની થઈ. તે દરમિયાન તે અવારનવાર સાજીમાંદી રહેતી હતી. શરદી, ઉધરસ અને તાવ તૈયોં એનો પીછો છોડતાં ન હતાં. એના માટે ફઈવાળાં કહેતાં હતાં. કંઈક સોજરો કરાવો. "આડી અળળી" કે કાંક "નડતર" હશે.

રતનની બેઉ નણંદ કહે, અમે સોજરો કરાવ્યો. એકે કહ્યું અમારા જયરામભોપાએ અને બીજી નણંદ કે અમારા હિરાભોપાએ ઇ જ કેધું. એની ડાડી (દાદી)ની આશાઉં અધૂંરીયું રૈ ગીયું હે. એટલે ઇ નડે રીંયુ. એની વિધિ કરાવવી પડે.

તો વેવાઈવાળા કેતાં'તાં "આંવું બધું કાંય ન હોય. છોરાંને જેના તેના જંડીયાં રાખ્યા વગર હુરધનબાપાના જંડીયાં રાખ્યાં ખપે. તો કાંય ન નડે. આપડો ડાડો તાં ઈ જ કહેવાય ને? એટલે ઉંવાં જ લટ લેવરાવી ખપે ને ઉવાં જ પહેલાં પગે લગાડ્યાં ખપે. નકાં ડાડો (હુરધનબાપા) નારાજ થાય ને આવું બધું થાય."

ગળથૂથીના સંસ્કાર લઈ આ વાતમાં શામજીએ પણ ટાંક પુરાવી. તો તરત જ રતને માનતા માની. "હે હુરધનબાપા, મારાં બધાં પૌત્રાંને હાજાં નરવાં મોટાં કરજો. અમારી આ જીણકીને હવા વરહે તમને પગે લગાડી જશું ને લટ લેવરાવશું. ત્યાં હોદી તમારી જંડીયા રાખશું. અમારી ભૂલ થી હે એની માફી માંગી જશું. ગુનામત ચઢાવી જશું. ને બધાં છોરાંને વારાફરતી પગે લગાડી જશું." એવી કરેલી માનતા ઉતારવાનો સમય પણ આવી ગયો.

રતન, એનો પતિ શામજી અને મોટી વહુ શારદા પૌત્રીને તેડી કચ્છમાં એના હુરધનબાપાના દર્શન કરવા અને એ બાજુના સામાજિક અને અન્ય કામો માટે પોતાની ગાડી લઈ પંદર દિવસનું કરી કચ્છમાં ગયાં.

બધાથી પહેલું એનું કામ હતું પોત્રાંને હુરધનબાપાનાં દર્શન કરાવવાં. અન્ય કામો પણ કરવાનાં હતાં. છેલ્લે વળતાં વીરપુર જલાબાપાનાં દર્શન કરવાં હતાં. રતને નાના દીકરા સુધીરને તમાકુ અને સિગારેટ છોડાવી હતી. એને તમાકુ અને સિગારેટ કાયમ માટે છૂટી જાય એટલા હારુ ગુરુવારના ઉપવાસની કરેલી માનતા, એનાં દર્શન કરી ઉપવાસ છોડીશ એવું દોઢ વર્ષથી ચાલતું વ્રત, જલાબાપાનાં દર્શન કરી પૂરું કરવું હતું.

રતનનું વ્રત ફળ્યું હતું. 'જલાબાપાના આશીર્વાદથી સુધીરને તમાકુ-મસાલા અને સિગારેટનું બંધાણ છૂટી ગયું હતું. નૈં તો રતનને બીક હતી. એક વ્યસન બીજા વ્યસનને આમંત્રણ આપતું હોયર્યું. પોતાની આ હાલતના મૂળમાં એક વ્યસન જ હતું. એ પોતાના જેવી બીજાં કોઈની હાલત થાય ને જિંદગીભર તડપે એવું ન'તી ઇચ્છતી.

વચ્ચે એક દિવસ રતનના માવતરે આંટો મારવાનું ગોઠવ્યું હતું.

રતનના માવતરના ગામથી પાંચ કિલોમીટરે રતનનું જૂનું ગામ હતું. ત્યાં એની લાગણીના ઝરા હતા. એને થયું : 'ત્યાં જાઉરી તો નાનબાઈ કને જઇ આવું. એના કનેથી છોરાંના હમાચારે મલશે ને વેત ખાય તો જે છોરાં હાજર હશે અને મલીશ. મરઘાંમાને પણ મળવાની એની ઇચ્છા હતી.

રતને એના પતિને વાત કરી. 'બાપાવાળાના ઘરેં જૈયેં તૈયેં તમે રજા દ્યો તો નાનબાઇને મલી આવું ને મારાં છોરાં હોય તો એનાંય મો જોઈ આવું.'

"ત્યાં નીં જા તો નીં હાલે?"

"હાલસે. પણ થાયર્યું. અટલે આવ્યા હૈયેં તૈયેં નાનબાઇ કને છોરાંના હાલહવાલ જાણી આવું. બિચારાં મા વગર હુખીદુખી કેમ હે? ઇયે જાણી આવું ને ગામમાં હોય તો મોય જોઈ આવું. કેટલાં વર થઈ ગ્યાં. બૌં હાંભરેર્યાં. રજા દ્યો

તો એનાં મો જોઈ આવું.'' કહેતા રતનની આંખમાં આંસુ આવી ગયાં.

'છોરાંનાં મોં તાં ઠીક પણ એમ કેને ઓલ્યાનું મોં જોવું હે. હું હમજુર્યો તને છોરાં નીં પણ ઈ હાંભરેર્યો.' થોડું અટકી આગળ કહ્યું, ''આવ્ડું બધું થૈ ગ્યું પછીયે હજી તું એને ભૂલતી નથી. તું તાં હવે હધ કરોરીં. તારો તો જોલમ હે. હવે બધું ભૂલી જા. હવે તું નેનકડી નથી. ગેઢી (= ઘરડી) થઈ ગેઢી. તોય હજી તને ઈ બધું હાંભરેર્યું. એના નજીક આયાં એટલે તને ચળ ઉપડી. એના કરતાં બેહી જવું તું ને એના ઘરમાં.' રતનને એના પતિએ ગુસ્સે થઈ થોડામાં ઘણું બધું કહી દીધું.

આ સાંભળતાં રતનનું મોં રોવા જેવું થઈ ગયું. એને કાપો તોય લોહી ન નીકળે એવી હાલત થઈ ગઈ.

સામાન્યપણે પોતાના હૈયાની લાગણી વ્યક્ત કરતાં એનું પોતાનું માહણ આવો જવાબ દેશે, એવું એણે ધાર્યું પણ નો'તું. પોતાનો ભૂતકાળ અને આહગળની વાત વતનનાં ગામડાંના જુદા વિસ્તારને લીધે આમ તો એ જાણે તેમ ન હતા. પણ એ બધું ભોળી રતને જ ખુલ્લા દિલથી કહ્યું હતું. પોતાની ભૂલનો એકરાર કર્યો હતો અને એની ભૂલના ભીતરની બધી વાતો, સાચો ખોટો બચાવ કર્યા વગર નિખાલસભાવે સત્ય વાતો જણાવી દીધી હતી.

આજે રતનને પોતાની નિખાલસતા ભારે પડી હતી. રતનને યાદ આવ્યું. 'ઘરમાં વહુ હે. આ બધું સાંભળશે તો? રતને એના પતિને ઈશારાથી બોલતાં રોકવા પ્રયત્ન કર્યો. આંખમાં આંસુ સાથે એણે હાથ જોડ્યા. મોં બંધ કરે એના માટે તે પગે લાગી. તો પણ એ જેમ તેમ બોલ્યે જ જતા હતા.

એમના પતિ આટલા બધા શંકાશીલ હશે એ એણે આજે જાણ્યું.

રતનને ને એના પતિને ખબર ન હતી પણ આ વાત ઘરમાં દીકરી ધવરાવતી મોટી વહુ શારદા બધું સાંભળી ગઈ હતી.

રતનને આ વાત અને બનાવનો એટલો ભયંકર આઘાત લાગ્યો કે એને થયું 'ઘરનું માહણ જ જો મને ન સમજે તો બીજા કને શું અપેક્ષા રાખવી? મારે હવે જીવવું જ નથી. આ રીતે સંસારની ચક્કીમાં પિસાઇ પિસાઈને જીવવાનો શું અર્થ? એને હવે જીવનથી નફરત થવા લાગી. એને જેમ બને તેમ જલદી કૂવો હવાડો કરવાનું મન થ્યું. પણ ના. એમ કરીશ તો મને લાગેલા કલંકને એક વધુ ટેકો મળશે. જેમ થાય તેમ પણ મારે અહીં કંઈ નથી કરવું. ત્યાં જઇને જે કરવું હશે તે કરીશ.

રતનને એ વાત ખટકતી હતી. 'મારું પોતાનું માહણ તાં મને પૂરેપૂરું જાણેર્યું. મારા ભૂતકાળના રજેરજની હકીકતથી માહિતગાર હે છતાં ઈ જ જો મને આ રીતે શંકાથી જુએ તો દુનિયા મને કઇ દૃષ્ટિથી જોતી હશે?' એના મગજમાં આવા વિચારો ઘુમરાવા લાગ્યા.

આ વખતે એના મગજને આવા વિચારોથી એનાં પોત્રાં પણ મુક્ત ન કરી શક્યા. હવે તેનું મગજ ક્યાંય ચોંટતું નથી. એણે હવે સામેથી જ મામાને ઘરે (માવતરે) નથી જવું કહી, ત્યાં જવાની પણ ના પાડી.

વહુ સમજી ગઈ 'મારી સાસુ હવે માવતરે જવાની શું કામ ના પાડેર્યા. નૈં તો કોય પણ બાઈમણ માવતરનું નામ પડે એટલે એ બધું મૂકી તરત માવતરે દોડી જાય. એને પણ મન તાં થતું જ હશે પણ બાપુજી કેવું કેવું બોલ્યા. પછી મન વાળી જ લેને? નહિ તો ઈજ કે'તાં'તાં આયાં હૈયેં તૈયે ગેઢાં નાનીમાનું મોં જોઈ આવીએ; નહિ તો પછી જોવા નીં મળે ફરી.

ત્યાં એનું બાળપણ હે. ત્યાં એની મમતા હે. ત્યાં એને ઉછેરનાર પ્રકૃતિનો પ્રેમ હે. ત્યાં એની વાડીનાં ઝાડવાનો પ્રેમ હે. ત્યાં એના લોહીના સંબંધો હે. એના માવતરના ગામથી નજીકના ગામમાં એ જ લોહીના સંબંધવાળાં એનાં પેટના જણ્યાં છોરાં હે. એના પ્રેમનું અદૃશ્ય ખેંચાણ હે. ઈ બધાંની લાગણી એને ખેંચતી'તી. એની મમતા એને ખેંચતી'તી. એની સાથેના સુખદુઃખના પ્રસંગો એને ત્યાં ખેંચતા હતા.

પરંતુ સ્ત્રીઓની લાગણી શું છે એ પુરુષો ક્યાં જાણે છે? પુરુષોએ સ્ત્રીઓની લાગણી જાણી હોત તો આજે દુનિયામાં અમન અને શાંતિનું રાજ હોત. શકુંતલાને દુષ્યંત ન ભૂલી ગયો હોત, સીતાનું હરણ ન થયું હોત. રાજરાણી સીતાએ દીકરાઓને જંગલમાં જન્મ આપવો પડ્યો ન હોત. દમયંતીને નળરાજા અડધી રાતે વનવગડે સૂતી મૂકીને ચાલ્યો ગયો ન હોત. દ્રૌપદીનાં ચીરહરણ ન થયાં હોત અને મહાભારતનું યુદ્ધ પણ ન થયું હોત. પૃથ્વી ઉપર ઘેર ઘેર સ્વર્ગ હોત.

રતને માવતરે નીં જૈએ તોય હાલશે કહ્યું ત્યારે વહુ


॥ ક્ષમા વીરસ્ય ભૂષણમ્ ॥

**રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર - સુથરી**

''ધુલ્લા વિલા'', બંગલા નં.-૨૦, ડ્રીમલેન્ડ સોસાયટી, જયશાસ્ત્રી નગર, એન.આર. હાઈલેન્ડ પાર્ક, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૨.
ફોન : ૨૫૯૨૪૪૪૬, ૨૫૬૨૪૫૪૪, ૨૫૯૧૪૫૪૪, ૬૬૩૪૩૫૭૭

શારદાએ કહ્યું, 'ના મા આપે મામાને ઘરે હાલશું. અટલે છેટેથી આવ્યા હૈયેં તૈયેં મામાને ઘરે કાં નીં જઈએ. ઠીક લાગે ત્યાં જઈ હયાક એટલે હારુ તાં ઘરની ગાડી લૈ આવ્યાં હૈયે. મને મારા મામાજીના ઘરે જવું હે શારદાને એમ 'જો હું આટલું નીં કૌં તો બાપુજીએ કરેલા અપમાનને લીધે રતનમા માવતરે જવાની ના પાડશે.' અટલે છેટેથી આવ્યા હૈયેં તૈયેં હાજાં-માંદાં રહેતાં ગેઢાં નાનીમાનું મોં જોવાનું મારા હાહુને કેટલું બધું મન થતું હતું. તૈયેં આજ ત્યાં ન જાય તો ફરી એનું મોં જોવા મળે કે નય મલે. એટલે શારદાએ હઠ પકડી અને ગ્યાં પણ રતનની ઈચ્છા બિલકુલ ન'તી. ને તેને ત્યાં મજા પણ ન આવી.

હસમુખી રતનનો ઉદાસીન ચહેરો જોઈ એની ભાભીયુંએ અને ભાઈઓએ પૂછ્યુંયે ખરું, 'બાઈ, તમને ભરાભર નથી કે શું?'

"મજા નથી આવતી. માથું ભારે થૈ ર્યું હૈ" ટૂંકો જવાબ દઈ, વાત પૂરી કરી. ત્યાં એક રાત રોકાયાં. પણ રતનને રાત્રે નિરાંતની ઊંઘ ન આવી. જોગમૈયા મા ને આશાપુરામાના દર્શન કરી બીજે દિવસે પોતાના ગામ પાછા આવ્યાં.

હવે રતન માત્ર પોત્રાંને રમાડતી હતી. અન્ય કોઈથી ખાસ વાત પણ ન'તી કરતી. કોઈ પૂછે તો માત્ર ટૂંકો જવાબ દેતી. શારદાવહુ સાસુની વેદના સમજી ગઈ. કોઈ પણ સ્ત્રી બધું સહન કરી શકે છે પણ પોતાના ચારિત્ર્ય ઉપર નાનો સરખો પણ ઘા સહન નથી કરી શકતી. શારદા પણ એ બનાવ પછી સાસુને કાંઈ આઘાત ન લાગે એનું ખાસ ધ્યાન રાખતી હતી.

વચમાં આવતાં સગાં-વહાલાંને ત્યાં મલતા જવાનો પંદર દિવસનો કાર્યક્રમ બનાવીને નીકળેલો પરિવાર દસ દિવસમાં જ પાછો આવી ગયો.

કચ્છમાંથી આવ્યા પછી રતન સૂનમૂન રહેવા લાગી.

એટલે સુધી કે એને ખાવાનું પણ ભાવતું ન હતું અને ઊંઘ તો હરામ જ થઈ ગઈ હતી.

અહીં આવ્યા પછી ઘણીયે વાર એને આપઘાતના વિચારો આવ્યા. પણ એને થતું, એમ કરવાથી લોકો કદાચ વધુ એક કલંગ લગાવશે. લોકો કહેશે : પહેલાના જેવું જ કંઈક કારણ હશે. આવું વિચારી એણે આપઘાતનો વિચાર માંડી વાળ્યો. આવું આવું વિચારી એ રોઈ પડતી. એને થતું : 'ભગવાને અવતાર અને નવું ઘર અનોધાં હુખમાં જિવાય એવું દીધું હે. પણ લોકવાણીની બીકમાં હું જીવી તો ન હકી અને હવે શાંતિથી મરી પણ નથી હકતી. એણે નકારમાં માથું હલાવ્યું. એની આંખો ભીની થઈ ગઈ. "હે છઠ્ઠીમા, મારા નસીબમાં આવું જ ભોગવવાનું લખ્યું હે? હજી કેટલું બાકી હે? હવે તાં હું થાકી ગી હૌં. તું જ કે, કેના આધારે ને શેની આશાએ હું જીવું?" એ નિરાશ થઈ ગઈ હતી.

જેમ તેમ કરીને એણે પોત્રામાં મન લગાડ્યું. છતાં એના ચહેરા ઉપર પહેલાંના જેવી પ્રફુલ્લતા ન જ આવી. એ ઉદાસીનતા ખંખેરવા માગતી હતી. પણ એમાં એ સફળ ન થઈ. રતનના ચહેરા ઉપર અને તેનાં વાણી-વર્તનમાં આ પ્રકારે આવેલા પરિવર્તનનું કારણ દેશમાં એના સાસુ-સસરા વચ્ચે બનેલ બનાવ જાણતી વહુ શારદાને આ બધું સમજતા વાર ન લાગી.

દેશમાંથી વળી આવ્યા પછી શારદાએ એની સાસુ રતનમાને ક્યારેય હસી-મજાક કરતાં જોયાં ન હતાં પરંતુ એને ક્યારેક એકલા સૂનમૂન બેઠેલાં તો ક્યારેક આંસુ સારતાં પણ જોયાં હતાં. ખાવાનું તો જાણે અડધું થઈ ગયું હતું. દીયાદી એનું શરીર ગળતું જતું હતું. એક દિવસ સાંજે જ્યોતિકાનો ફોન આવ્યો ત્યારે શારદાએ એની સાસુ પાસેથી ફોન લઈ પોતે થોડી વાત કરી. એમાં એને 'જલદી આંટો મારી જજો. માને ભરાભર નથી. ઈ બોલતાં'ય નથી ને ખાતાંય નથી. ઉદાસ ઉદાસ રેર્યા. એટલે તમે આંટો જલદી મારી જજો. પંદર વી દિ માં ઈ અડધાં થૈ ગ્યાં હૈ. દેશમાંથી આવ્યા પછી."

***(ક્રમશઃ)***

---

## આવા નામ ક્યારેય સાંભળ્યા છે?!!!

**(અનુ. : પાના નં.-૩૯ ઉપરથી ચાલુ)**

પચાસ ટકા ઘટી જાય! અને તેમાં વળી જો કોઈ જાહેર કરે કે 'રેપિસ્ટ'નું નાક કાપી લાવશે તેને દસ કરોડનું ઇનામ આપવામાં આવશે તો બાકીના પચાસ ટકા પણ નાબૂદ થઈ જાય!

આને કહેવાય 'રેપ' માટેનું ઝીરો ટોલરન્સ! હવે અંતમાં આ લેખના શીર્ષક પર આવીએ –

મારા બર્થ-ડે પર પત્ની તરફથી બર્થડે ગિફ્ટ તરીકે કૉફી ટેબલ બુક મળી! (વાંચે ચિત્રસેન - એ અંદાજમાં!) (જેના નામ પણ અદ્‌ભુત, અકલ્પ્ય, અવિશ્વસનીય છે!')

(૧) 'તમારી તે કાંઈ પસંદગી છે!!!'
(નીચે પત્નીનો ફોટો છે!)

(૨) અને બીજીનું નામ છે '–અને જુઓ મારી પસંદ!'
(નીચે મારો ફોટો છે!)

(કૉફી ટેબલ બુકના આવા નામ ક્યારેય સાંભળ્યા છે?!!)

અને તેમ છતાં –

આને કહેવાય સાચી 'બર્થ-ડે ગીફ્ટ-૨!'

*પ્લોટ નં.-૩૧૪/એ, પેટ્રોલ પંપની બાજુમાં,*
*રાજશ્રી સિનેમા રોડ, સેક્ટર-૨૦, ગાંધીનગર-૩૮૨ ૦૨૦.*
*ફોન : (૦૭૯) ૨૩૨૬૦૫૮૨*

પ્રવાસ

# મારો પ્રવાસ – કલેશ્વરી તથા પાનમ ડેમ



અશોક વી. શાહ

શિયાળાની ફુલગુલાબી ઠંડીની શરૂઆત થતાં જ મિત્રો સાથે પ્રવાસે જવા મન થનગનાટ કરતાં, અમે તા. ૨૭-૧૦-૨૦૧૮ના રોજ કલેશ્વરી તથા પાનમ ડેમના પ્રવાસનું આયોજન કર્યું. ગાંધીનગરથી લક્ઝરી બસમાં મિત્રો સાથે મોજમસ્તી કરતા પ્રથમ ચરણમાં ગાંધીનગરની નજીક આવેલ ગિયોડ ખાતે આવેલ અંબાજી મંદિરે પહોંચ્યા. અંબાજી માતાના દર્શન કરી, આરતીનો લાભ લીધો. પ્રવાસમાં મંગલકાર્યની શરૂઆત સારી જ કહેવાય.

ગિયોડથી બાયડ તાલુકાના મોટા ઉટરડા ગામે માઝમ નદીના કિનારે આવેલ દીપેશ્વરી માતાને મંદિરે પહોંચ્યા. ગ્રામીણ વિસ્તારમાં આવેલ તીર્થ છે. અહીં નાનો રમણિય ઉદ્યાન છે. અહીં નિઃસંતાન દંપતિ સંતાન પ્રાપ્તિ માટે બાધા રાખે છે. અહીં પાણી તથા પાર્કિંગની સુવિધા હોવાથી ચા-નાસ્તાને ન્યાય આપ્યો.

ગિયોડથી ધનસુરા થઈ માલપુર - લુણાવાડા રોડ પર લુણાવ ગામ પાસે આવેલ કલેશ્વરી પહોંચ્યા. મહીસાગર જિલ્લામાં આ પુરાતત્ત્વની જગ્યા આવેલી છે. ગાંધીનગરથી ૧૨૨ કિ.મી. અંતરે આવેલ છે. અહીં કેમ્પસમાં પ્રાચીન મંદિરો, વાવ, જળાશય તથા ઘટાટોપ વનરાજી વચ્ચે વહેતું ઝરણું છે. તેમાં કલેશ્વરી માતા મંદિર બે પિલ્લરના ટેકાથી ઊભેલું છે. આ ઉપરાંત શિખરમઢીએ ઇ.સ. ૧૭૩૫થી ૧૭૫૭ દરમ્યાન તેને બનાવવામાં આવેલ છે. તે સમયે ઉનાળામાં સમર પેલેસ તરીકે તથા શિકાર કરવા આ જગ્યાનો ઉપયોગ થતો હતો. લોર્ડ ગણેશ, વિષ્ણુ, ચામુંડા દેવીની કલાસભર મૂર્તિઓ છે. અહીં ભીમની ચોટી છે. ભીમના પત્ની હિડિમ્બાના પગની મોટી છાપ અહીં જોવા મળે છે. આ જગ્યાની આસપાસનો વિસ્તાર હિડિમ્બાવન તરીકે જાણીતો છે. અહીં કેમ્પસમાં ૨૦૦ જેટલા પગથિયાનું ચઢાણ કરી જંગલ પગદંડી પરથી નીચે ઉતર્યા. ખાખરાના વૃક્ષોના ઘેરાવ વચ્ચે વિપુલ માત્રામાં ઓક્સિજન લેતા **એક નાનું ટ્રેકિંગ થઈ ગયું.** ટ્રેકિંગ બાદ જઠરાગ્નિ જાગૃત થતાં વૃક્ષોના સંકુલ નીચે છાંયડામાં, સમૂહમાં વનભોજન લેવાની મજા પડી. ઘણા મિત્રોએ અહીં ફોટોગ્રાફી કરી. **જંગલખાતા દ્વારા અહીં ટેન્ટની રહેવાની સુવિધા ઉપલબ્ધ છે.** રૂા. ૧૫૦૦/-માં ૧ ટેન્ટમાં ૮ વ્યક્તિઓ ૨૪ કલાક રહી શકે છે. અહીં કેન્ટિનની સગવડ પણ છે. કલેશ્વરી સુંદર જગ્યા હોવાથી અહીં ઘણો સમય પસાર કરી ત્યાંથી અંતાક્ષરી રમતા પાનમ ડેમ પહોંચ્યા. **પાનમ ડેમ જોવા જવાનો રસ્તો ગીચ વનરાજી વચ્ચે થઈ ડુંગર પરનું ચઢાણ માણવાલાયક હતું.** એકદમ શાંતિ અને પ્રકૃતિનો અહેસાસ થયો. આ ડેમનો હેતુ સિંચાઈ માટે, હાઇડ્રો ઇલેકટ્રિક તથા ગોધરા શહેરને પાણી પૂરું પાડવાનો મુખ્ય હેતુ છે. ડેમ પર આવેલ સરોવરમાં નાના ટાપુઓ જોવાની મજા પડી. ઇજનેરી કૌશલ્યનો નમૂનો જોઈ અમે આગળના મુકામે ફાગવેલ પહોંચ્યા. અહીં ભાથીજી મહારાજના મંદિરના દર્શન કરી બજારમાં લોકો હળવાફુલ થઈને ફર્યા તથા ભાજીપાંઉનો નાસ્તો કરી ઘર તરફ પ્રયાણ કર્યું. બીજા પ્રવાસનાં આયોજન કરવાની પહેલ થતાં હવે પુનઃ આવી તક પ્રાપ્ત થશે તેવી આશા સાથે અમારો પ્રવાસ સુખરૂપ પૂરો થયો.

*સેક્ટર-૨૭, બ્લોક નં. ૧૦૯૧,*
*સ્વસ્તિક સોસાયટી, ગાંધીનગર-૩૮૨ ૦૨૮.*
*મો. ૯૩૨૮૯ ૨૬૮૫૯*

MILAN® MASALA

K. K. MASALAWALA
31, K.N. ROAD, MASJID (W), MUMBAI-400 009.
TEL. : 2377 4209 2375 7674
TELEFAX : 2379 0883

MILAN® MASALA

# અમદાવાદના પ્રાચીન જિનાલયો

## માણેકચોક - રાયપુરના જિનાલયો : ૩

★ **શ્રી શીતલનાથ જિનાલય - મુહૂર્ત પોળ, માણેકચોક :** અમદાવાદની સ્થાપના વખતે સૌથી પ્રથમ જેની સ્થાપના થઇ છે તે મુહૂર્ત પોળમાં પ્રવેશતા જ પ્રથમ, અમદાવાદ પોળ વિસ્તારમાં એકમાત્ર શ્યામવર્ણા શીતલનાથ પ્રભુજીનું ભવ્ય જિનાલય આવેલ છે.

★ **શ્રી સંભવનાથ જિનાલય, ખેતરપાળની પોળ, માણેકચોક:** ખારા પથ્થરની ભવ્ય કલાને જીવંત કરતું પ્રભુજીની પ્રતિમાઓથી મંડિત ગર્ભગૃહ ધરાવનારું પ્રાચીન જિનાલય અદ્વિતીય છે.

★ **શ્રી વિમલનાથ જિનાલય, દહીંની ખડકી, માણેકચોક :** ચમત્કારિક વિમલનાથ દાદાના સાનિધ્યમાં સંકલ્પની સફળતા માટે ભક્તો જ્યાં આવે છે તેવું ભવ્ય કલાકૃતિવાળું જિનાલય.

★ **શ્રી સંભવનાથ જિનાલય, ઘાંચીની પોળ, માણેકચોક :** અસંભવને સંભવ કરનાર પ્રભુ પ્રતિમાજીનો ઉર્જાવંત દરબાર ધરાવનાર બે માળનું ભવ્ય જિનાલય છે. તોરણબંધી સન્મુખ પરિસરવાળું આ જિનાલય આકર્ષક છે.

★ **શ્રી વાસુપૂજ્ય સ્વામી જિનાલય, રૂપાસૂરચંદની પોળ, માણેકચોક :** ચમત્કારિક માત્ર ટેકા પર બિરાજમાન મૂળનાયક વાસુપૂજ્યદાદા આજે પણ પરચા પૂરે છે. જે જિનાલયના ગભૃગૃહમાં લાઇટ ક્યારેય થઈ શકતી નથી, જે કરવાનો પ્રયત્ન કરનારને પણ અનુભૂતિઓ થયેલ છે. સમસ્ત પોળ વિસ્તારમાંથી આ જિનાલયમાં અલભ્ય ઇલે. વર્ક જોવા મળે છે.

★ **શ્રી અજિતનાથ જિનાલય, લુહારની પોળ, માણેકચોક :** મૂળનાયકજી સહિત પ્રાચીન પ્રતિમાજીનો દરબાર તથા ગુરૂ પગલાની દેરી. કલરકામ આકર્ષક છે.

★ **શ્રી ધર્મનાથ જિનાલય, ગુસા પારેખની પોળ, માણેકચોક:** એક શેઠના સંકલ્પથી ટૂંક સમયમાં નિર્માણ પામેલ સંકલ્પોને સહજતાથી પૂર્ણ કરનાર ઉર્જાવંત જિનાલય.

★ **શ્રી શ્રેયાંસનાથ જિનાલય, શામળાજીની પોળ, રાયપુર :** ગર્ભગૃહમાં પરિકરવાળા પરમાત્માની શ્રેણીથી શોભતું કાચનું બનેલું ભવ્ય જિનાલય છે.

★ **શ્રી મહાવીર સ્વામી જિનાલય, શામળાજીની પોળ, રાયપુર :** મહાવીર સ્વામી પ્રભુના જીવન પ્રેરક પ્રસંગોનું ચિત્રદર્શન જ્યાં જોવા મળે છે તેવું બે માળનું ભવ્ય જિનાલય છે.



★ **શ્રી શામળા પાર્શ્વનાથનું જિનાલય, શામળાજીની પોળ, રાયપુર :** ૧૦૮ પાર્શ્વનાથ ભગવાનમાંથી મૂળ શામળા પાર્શ્વનાથ ભગવાન મૂળનાયક તરીકે બિરાજે છે. પહેલા માળે અમીઝરા દાદાની પ્રતિમા કાઉસગ્ગવાળા પ્રભુજી સહિત પરિકરાદિથી શોભાયમાન તથા મન મોહી લે તેવી છે. સાધકો માટે આ જિનાલય અનન્ય સાધના સ્થળ છે. ભવ્યતમ ઉર્જાનો સ્પર્શ પ્રથમ વખતના સ્પર્શનમાં જ જિનાલયમાં આવનાર સાધકને અવશ્ય થાય છે તેવું પીરામિડ જિનાલય કલાકૃતિમાં અગ્રેસર છે.

★ **શ્રી આદિશ્વર જિનાલય, વાઘેશ્વરની પોળ, રાયપુર :** ધાતુનું ભવ્ય જિનાલય આ જિનાલયમાં બિરાજે છે. ખારા પથ્થરનું પ્રાચીન નકશી કળાને ધારણ કરતું ભવ્ય જિનાલય છે.

★ **શ્રી સંભવનાથ જિનાલય, કામેશ્વરની પોળ, રાયપુર :** જેસલમેર પથ્થરમાં મૂળનાયક સંભવનાથ દાદા સહિત અતિ વિશિષ્ટતમ પ્રતિમાજીનો પરિવાર અહીં બિરાજે છે. સાધ્વીજી ભગવંતના પ્રાચીન પગલા સહિત પ્રાચીન માણિભદ્રજીની દેરી અહીં આવેલી છે.

## માંડવીની પોળ આદિ જિનાલયો : ૪

★ **શ્રી સંભવનાથ જિનાલય, નાગજી ભુદરની પોળ :** શત્રુંજય તીર્થાધિપતિ દાદાની વિશાળકાય મૂર્તિ જિનાલયના ભોંયરામાં બિરાજે છે. સમવસરણની ગાદી પર બિરાજમાન મૂળનાયક ધરાવતું ત્રણ માળનું જિનાલય જેમાં ત્રીજા માળે વિશિષ્ટ ધાતુના પ્રતિમાજીનો દરબાર બિરાજે છે.

★ **શ્રી કુંથુનાથ જિનાલય, સુરદાસ શેઠની પોળ :** અનન્ય પ્રતિમાજીની શ્રેણી ધરાવતું બે માળનું જિનાલય. જેમાં કુંથુનાથ ભગવાન મૂળનાયક તરીકે બિરાજે છે અને ધાતુના ચાર પાર્શ્વનાથ દાદાની ભવ્ય પ્રતિમાજી ધરાવતું જિનાલય.

★ **શ્રી વિમલનાથ જિનાલય, લાલાભાઈની પોળ :** ચમત્કારિક વિમલનાથ પ્રભુજીના દરબાર સહિત બે માળવાળું, વિશિષ્ટ ઘુમ્મટવાળું ભવ્ય જિનાલય છે.

★ **શ્રી પાર્શ્વનાથ જિનાલય, સમેતશિખરની પોળ :** સંવત્સરીના દિવસે હજારોની સંખ્યામાં ભક્તો ભાવપૂર્વક દર્શન કરવા અવશ્ય ઉમટે છે. ચમત્કારીક ચિંતામણિ પાર્શ્વનાથ ભગવાનની ઐશ્વર્યમયી પ્રતિમા સાધકો માટે દિવ્યપ્રાણ પૂરનારી છે. હાલતી - ચાલતી કાષ્ટની સમેતશિખર પહાડની રચના તથા સિધ્ધ પદ્માવતી દેવીની પ્રતિમાજી અહીં બિરાજે છે.

★ **શ્રી શાંતિનાથ જિનાલય, હરકિશનદાસ શેઠની પોળ :** સત્વ - શાંતિ - સમાધિભાવને જગાડનારું ઉર્જાવંત ખારા પથ્થરનું વિશિષ્ટ કોતરણીવાળું જિનાલય છે.

★ **શ્રી ગોડીજી પાર્શ્વનાથ ગૃહ જિનાલય, કાકા બળિયાની પોળ :** આજીવન ચૌવિહાર કરનાર વ્યક્તિ જ પ્રતિમાજીની પૂજા કરી શકે છે, તેવી હિમાંશુસૂરીશ્વરજી મહારાજા દ્વારા અપાયેલ ૩૦૦૦ વર્ષ પ્રાચીન ગોડીજી પાર્શ્વનાથ ભગવાનની ભવ્ય પ્રતિમાજી ધરાવનાર ગૃહ જિનાલય.

★ **શ્રી સુવિધિનાથ જિનાલય, કાકા બળિયાની પોળ :** જ્યાં પૂર્વાચાર્યોએ ખૂબ સાધના કરી છે - વર્તમાન આચાર્ય ભગવંતો પૂ. કલાપૂર્ણસૂરીજી મહારાજ જેવા યોગીઓએ જ્યાં કલાકો સુધી સાધના કરી છે. મૂળ નક્ષત્રના દોષનો નાશ કરવા માટે જે પરમાત્માની આરાધના કરાય છે તેવું ગુજરાતનું પ્રખ્યાત જિનાલય.

★ **શ્રી મુનિસુવ્રતસ્વામી જિનાલય, ઢાળની પોળ :** ચમત્કારિક મૂળ નાયક મુનિસુવ્રતદાદા જ્યાં બિરાજે છે તેવું કાચનું જિનાલય.

★ **શ્રી આદેશ્વર જિનાલય, આણંદજી કલ્યાણજી બ્લોક - જમાલપુર :** પ્રાચીન ઉર્જાનો સહજ અહેસાસ જ્યાંથી પ્રાપ્ત થાય છે તેવું આદિનાથ પ્રભુનું સલૂણું સાનિધ્ય છે.

## રો રો ફેરી સર્વિસ એટલે શું?

**(અનુ. : પાના નં.-૨૮ ઉપરથી ચાલુ)**

ગુપ્ત બંદરેથી રવાના કર્યા. યુદ્ધ વખતે આ જહાજનો સૌથી મોટો ફાયદો એ હતો કે જહાજના તૂતક ઉપર જીવનજરૂરી વપરાશની સામાન્ય વસ્તુઓ રહેતી, જેથી હવામાં ઊડતાં દુશ્મનનાં વિમાનો તેને કોઈ વ્યાપારી જહાજ માની લેવાની ભૂલ કરી બેસે. રો રો ફેરી સર્વિસને કારણે પ્રથમ વિશ્વયુદ્ધમાં કેટલાંય પરિણામો બદલાઈ ગયાના પણ દાખલા છે. પ્રથમ વિશ્વયુદ્ધ પૂરું થયા પછી આ જ જહાજોનો ઉપયોગ બ્રિટન અને તેના સાથી દેશો વચ્ચે આયાત-નિકાસ માટે થવા લાગ્યો.

સમયની સાથે જરૂરિયાત મુજબ રો રો ફેરી સર્વિસના અનેક ઉપયોગ અને તે મુજબ તેના પ્રકાર પડ્યા. જેમાં મુખ્ય ROPAX (Roll On-Roll Passengers Services) છે. **ગુજરાતમાં ઘોઘા અને દહેજ વચ્ચે શરૂ** થયેલી ૬ સર્વિસ આ પ્રકારની છે. જેમાં વાહનની સાથે સાથે મુસાફરોને બેસવાની પણ સગવડતા હોય છે. ત્યારબાદ ConRo (Container Roll On-Roll Off Service) આ પ્રકારના જહાજની રચના માત્ર વિશાળ કન્ટેઇનરની હેરાફેરીને અનુરૂપ તૈયાર કરવામાં આવે છે. અત્યારે વિશ્વમાં સૌથી વધારે આ પ્રકારની સર્વિસનો ઉપયોગ થાય છે. આ સિવાય ઘણી જગ્યાએ RoLo (Roll On-Lift Off Service) નો પણ ઉપયોગ થાય છે. ખાસ કરીને જે જગ્યાએ બંને કિનારા વચ્ચે ઊંચાઇનો વધારે તફાવત હોય ત્યાં આ સર્વિસનો ઉપયોગ થાય છે. આ પ્રકારના જહાજમાં વાહનોને ઉતારવા માટે ક્રેનની વ્યવસ્થા હોય છે.

આમ રો રો ફેરી સર્વિસના અનેક પ્રકાર છે અને તેને યોગ્ય જગ્યાએ શરૂ કરવામાં આવે તો તેનાથી ઘણો ફાયદો થઈ શકે એમ છે. આવા જ આશયથી શરૂ થયેલી ગુજરાતની રો રો ફેરી સર્વિસ ગુજરાતને ફળે એ જ પ્રાર્થના.

## વરસાદ અંગે...

વરસાદ કુદરતી પરિબળ છે. તે રમત કરતો હોય તેમ વરસે છે. ક્યારેક ઝાપટું, ક્યારેક ઝરમર તો ક્યારેક ધોધમાર. આવું કેમ થાય છે તે પણ જાણવા જેવું છે. વરસાદની તીવ્રતાનો આધાર તેના ફોરાંના કદ ઉપર છે અને ફોરાંના કદનો આધાર તાપમાન, પવનનું જોર અને વાદળની ઘનતા ઉપર છે. પાણીની વરાળના બનેલા વાદળ ઠંડા પડે ત્યારે સૌપ્રથમ પાણીના સૂક્ષ્મ ફોરા બને. આ ફોરાનું કદ અને વજન વધે એટલે પૃથ્વી પર વરસે. ઘણીવાર આ ફોરા જમીન સુધી પહોંચે તે પહેલાં જ વરાળ થઈને ઉડી જતા હોય છે. પવનનું જોર ફોરાને આકાશમાં રાખે છે. પવનનું જોર વધું હોય તે ફોરા વધુ મોટા અને વજનદાર થાય ત્યાં સુધી આકાશમાં રહે અને કદમાં વધારો થતો રહે. વજન વધી જાય એટલે પૃથ્વી પર તૂટી પડે. પૃથ્વી સુધી પહોંચતા ઘણાં ટીપાં વિખરાઈ જાય છે અને ઝરમર વરસે છે.

વૈવિધ્ય

# ૧૦ રૂપિયાની નોટની કમાલ



ભાવના એ. ઝવેરી

કહેવત છે કે 'નાણાં વગરનો નાથિયો, નાણે નાથાલાલ.' જ્યાં જુઓ ત્યાં રૂપિયા - પૈસાની કમાલ છે. રૂપિયા ના હોય તો કોઈ ભાવ પણ નથી પૂછતું.

આજની ગેમ પણ એવી જ છે. આપણા પાસે રૂપિયા હોય છે પણ તે નોટ વિશે કંઈ જ ખબર નથી હોતી. તો ગમ્મત સાથે જ્ઞાન મળે એ આ ગેમનો હેતુ છે.

તો આવો જાણીએ, આ નોટની કમાલની વાતો...

આપેલ ચિત્ર રૂા. ૧૦ની નોટનું આગળ-પાછળનું છે.







૧૦ રૂા.ની નોટને રીલેટેડ પ્રશ્નો આપેલા છે.

પ્ર.-૧ : દસ રૂપિયા અંકમાં કેટલી વખત લખ્યું છે?
(૧) ૫, (૨) ૬, (૩) ૭, (૪) ૮

પ્ર.-૨ : કયા રાષ્ટ્રીય નેતાનો ફોટો છે?
નામ :

પ્ર.-૩ : દસ રૂપિયા શબ્દમાં કેટલીવાર લખ્યું છે?
(૧) ૭, (૨) ૧૫, (૩) ૧૯, (૪) ૨૦.

પ્ર.-૪ : દસ રૂપિયાની નોટમાં 'સત્યમેવ જયતે' લખ્યું છે?
(૧) હા, (૨) ના.

પ્ર.-૫ : દસ રૂપિયાની નોટમાં પ્રાણીના ચહેરા કેટલા છે?
(૧) ૫, (૨) ૩, (૩) ૬, (૪) ૪.

પ્ર.-૬ : દસ રૂપિયા કેટલી ભાષામાં લખ્યું છે?
(૧) ૧૨, (૨) ૧૩, (૩) ૧૫, (૪) ૧૭.

પ્ર.-૭ : દસ રૂપિયા ઉપર કઈ બેંકનું નામ લખ્યું છે?
(૧) રિઝર્વ બેંક, (૨) ભારતીય રિઝર્વ બેંક, (૩) સ્ટેટ બેંક

પ્ર.-૮ : દસ રૂપિયામાં પ્રમાણ વચન કોણે આપ્યું છે?
(૧) ભારતીય રિઝર્વ બેંક, (૨) વડાપ્રધાન, (૩) ગવર્નર.

પ્ર.-૯ : દસ રૂપિયાની નોટમાં 'ભારતીય રિઝર્વ બેંક' કેટલીવાર લખ્યું છે?
(૧) ૨, (૨) ૩, (૩) ૮, (૪) ૫.

પ્ર.-૧૦ : દસ રૂપિયાની ગેરંટી કોણ લે છે?
(૧) રિઝર્વ બેંક, (૨) ગવર્નર, (૩) કેન્દ્રીય સરકાર.

પ્ર.-૧૧ દસ રૂપિયાની નોટમાં કયા પ્રાણીના ફોટા છે?
જવાબ : ______________________

પ્ર.-૧૨ : દસ રૂપિયાની નોટમાં ગાંધીજી કેટલી વખત દેખાય છે?
(૧) ૫, (૨) ૨, (૩) ૧, (૪) ૪.

પ્ર.-૧૩ : દસ રૂા.ની નોટમાં વાઘના દાંત કેટલા દેખાય છે?
(૧) ૨, (૨) ૭, (૩) ૬, (૪) ૪.

પ્ર.-૧૪ : તમારી નોટનો નંબર શું છે?
મારી નોટનો નંબર : ______________________

પ્ર.-૧૫ : દસ રૂા.ની નોટમાં કેટલા ડિજિટના નંબર હોય છે?
(૧) ૫, (૨) ૮, (૩) ૬, (૪) ૭.

પ્ર.-૧૬ : તમારી નોટના ગવર્નરનું નામ શું છે?
મારી નોટના ગવર્નરનું નામ : ______________________

પ્ર.-૧૭ : તમારી દસ રૂપિયાની નોટ કઈ સાલની છે?
મારી દસ રૂા.ની નોટની સાલ : ______________________

પ્ર.-૧૮ : દસ રૂા.ની નોટમાં ચાંદીના તાર કેટલી વખત છે?
(૧) ૪, (૨) ૫, (૩) ૬, (૪) ૭.

પ્ર.-૧૯ : દસ રૂા.ની નોટમાં કયું પ્રતીક આવેલું છે?
પ્રતીક છે : ______________________

પ્ર.-૨૦ : દસ રૂા.ની નોટમાં કઈ બેંકનો લોગો આવેલ છે?
બેંકનું નામ : ______________________

પ્ર.-૨૧ : તે બેંકના લોગોમાં શેનું ચિત્ર આપેલ છે?
જવાબ : ______________________

પ્ર.-૨૨ : ગાંધીજીનું નામ કેટલી વખત લખેલ છે?
(૧) ૧, (૨) ૨, (૩) ૩, (૪) ૪.


પ્ર.-૨૩ : ગાંધીજીનું નામ કઈ ભાષામાં લખેલ છે?
જવાબ : ______________________

***ખાસ નોંધ :*** પ્રશ્નના ક્રમ ૧૪, ૧૬, ૧૭ના જવાબ તમારી પાસેની ૧૦ રૂપિયાની નોટમમાં લખેલ હશે, જે બધાના જવાબ અલગ અલગ હશે. મેં ચિત્રમાં જે નોટ બતાવેલ છે તેના જ જવાબ લખેલ છે.

**(જવાબો આ જ અંકમાં અન્યત્ર આપેલા છે.)**

# જૈન સમાજની પ્રગતિ

- ★ ૨૦૨૨થી ૨૦૨૫માં દેશના ૧૭% સનદી અધિકારીઓ (IAS) જૈનો હશે, જે ૯ જૈન સંસ્થાઓ તૈયાર કરી રહી છે.
- ★ આ સમાજ ભારતમાં પારસી પછીની સૌથી નાની લઘુમતી છે પરંતુ કોઈ જ અન્યાય કે અસુરક્ષાનો ભાવ નથી. બધી જ સરકાર અને બધા જ નેતાઓ સાથે સારો સંબંધ છે. માંગતા નહીં પણ કઢાવતા આવડે છે. એ પણ સામેવાળાનું પૂરું સન્માન જાળવીને જ.
- ★ ધર્મનો પ્રભાવ પોઝિટિવ છે. ક્ષમા આપવાનો ગુણ એટલો આત્મસાત્ છે કે ક્યારેય કોઈને નુકસાન પહોંચાડતા નથી.
- ★ ભારતના સૈનિક ફંડમાં શ્રવણ બેલગોડા કર્ણાટક ભગવાન બાહુબલી સંસ્થાનનું ખૂબ મોટું યોગદાન રૂા. ૧૦૦ કરોડનું છે.
- ★ સંપત્તિ ઉપયોગના ચાર પ્રકાર છે : બતાવવું, ઉડાડવું, વાપરવું અને ઉગાડવું. આ ચારે પ્રકાર કેટલાક જૈન શેઠિયાઓને આત્મસાત્ છે.
- ★ અન્ય સમાજની સંસ્થાઓમાં મહદાંશે થોડા સમયમાં ભાગલા પડી જતા જોયા હશે પણ જૈન ટ્રસ્ટોમાં તીવ્ર વૈચારિક મતભેદ, મિટીંગમાં લાંબી ચર્ચાઓ થાય, વેવાઈ-વેવાઈ સામે આવે પણ મિટીંગ પૂરી, વાત પૂરી. વેરઝેર કડવાશ નથી હોતી અને કોર્ટ કેસ બહુ દૂરની વાત છે. સમેતશિખર અપવાદ છે પણ તેમાં પણ આયોજન એવું છે કે દિગંબર શ્વેતાંબરે લડતા રહીને પર્વત સરકારને ના આપવો.
- ★ જીતો, જીઓ, તેરાપંથ યુવા પરિષદ, દિગંબર મહાસભા જેવી સંસ્થાઓ જૈન યુવાનોને આઈ.એ.એસ. બનાવવા માટે કાર્ય કરી રહ્યા છે. અદ્‌ભુત પરિણામો આવવા લાગ્યા છે.
- ★ દેરાસરો અને ઉત્સવોથી એક વર્ગ શિક્ષણ અને હોસ્પિટલ તરફ વળ્યો છે. તો વળી અનેક યુવાનો શિક્ષણથી શાસન તરફ વળીને દીક્ષાઓ લઈ રહ્યા છે.
- ★ અમદાવાદમાં ૨૫ કરોડના ખર્ચે મહાવીર જૈન વિદ્યાલય બની રહી છે. બેંગ્લોર અને પૂનાની જૈન હોસ્ટેલ જોતાં તમે યુરોપિયન હોસ્ટેલમાં ફરી રહ્યા હો, તેવો આભાસ થશે.
- ★ હવે ધર્મની સાથે એજ્યુકેશન ડેવલપમેન્ટની વાત કરનાર જૈન સંત યુવાઓમાં લોકપ્રિય છે. જૈન યુવાન બહુ ઝડપથી પંથવાદ ભૂલી રહ્યો છે.
- ★ એક પણ રેલી કાઢ્યા વગર, વોટબેંકના આધાર વગર, એક પણ ધરણા કે ઉપવાસ વગર, માત્ર એક કોમ્પ્યુટર અને પ્રિન્ટરના માધ્યમથી લઘુમતી મેળવી લીધી...! કોઈને ઈર્ષ્યા ના આવે માટે ઉજવણી પણ ના કરી. આમ દેશની હજારો શિક્ષણ સંસ્થાઓ અને જૈન મંદિરો સુરક્ષિત કરી લીધા. આજે સરકારે શીરડી સાંઈબાબા, સિધ્ધિ વિનાયક મંદિર - મુંબઈ કે અંબાજી મંદિર - ગુજરાતનો વહીવટ લીધો પણ આ કાયદા હેઠળ શ્રવણ બેલગોડા - કર્ણાટક કે ગુજરાતના પાલિતાણાનો વહીવટ ના લઈ શકે!
- ★ આજે કેટલાક સમાજો જૈન સમાજો પાસેથી ખાસ પ્રેરણા લઈ રહ્યા છે. ટોળા ભેગા કરી રેલવે સળગાવતા લોકોની વચ્ચે દેશની ૧૨૫ કરોડની જનસંખ્યામાં અડધા ટકા કરતા પણ ઓછી, માત્ર ૫૫ લાખ લોકોની જનસંખ્યા ધરાવતો સમાજ છેલ્લા ૨૦૦૦ વર્ષથી પોતાને પ્રથમ હરોળમાં રાખવા સક્ષમ રહ્યો છે.



# જોક્સ જંકશન

## મદદ

પતિ-પત્ની લગ્નમાં જતા હતા. રસ્તામાં પંચર પડ્યું. બંને નીચે ઉતર્યા. પતિ ટાયર બદલવાના કામે વળગ્યો. પત્નીએ કચકચ ચાલુ કરી.

કેમ પંચર પડ્યું?

હવા નો'તી પુરાવી?

ટાયર જૂનું છે?

સ્પેર-વ્હીલ છે?

ટાયર બદલવાનું સાધન છે?

તમને ફાવશે ને?

કપડાનું ધ્યાન રાખજો.. લગ્નમાં જવાનું છે...

એવામાં એક બાઈકવાળો આવ્યો. એણે પૂછ્યું, 'હું કઈ મદદ કરું?'

પતિએ કહ્યું : 'હા ભઈ, તમે થોડીવાર મારી પત્ની જોડે ગપ્પાં મારોને. ત્યાં સુધી હું ટાયર બદલી લઉં!'

## એક્સ્ચેન્જ ઑફર


એક મોટા હોર્ડિંગ પર ફોટામાં એક સેક્સી સુંદરી હાથમાં મિક્સર લઈને ઊભી છે. પતિ ક્યારનો એ હોર્ડિંગ સામે જોયા કરે છે.

છેવટે પત્ની પતિનું ધ્યાન દોરે છે : 'ઘરે ચાલો, ઑફર માત્ર મિક્સર ઉપર છે...'

## લેબ-ટેસ્ટ

સાયન્સમાં હંમેશાં નાપાસ થનારા પણ....

એક ક્વાર્ટરના ત્રણ પેગ એવા માપી માપીને બનાવે છે કે જાણે પોતે લેબોરેટરીમાં વૈજ્ઞાનિક હોય!



## કેરી અને માઝા

ગાંડાલાલની આંખોમાંથી એ દિવસે આંસુ નીકળી આવ્યા, જ્યારે એમના દીકરાએ પહેલીવાર કેરી ખાધી અને બોલ્યો, 'આ તો માઝા જેવી લાગે છે!'

## SMS

**Tea is dangerous than whisky.**

**I discovered it yesterday. Last night I had 8 pegs of whisky at the bar, while my wife was having tea at home.**

**You should have seen how violent and angry she was when I reached home at 3.00 a.m.**

## સ્વાગત

આજકાલ બહારગામથી મહેમાનો ઘરમાં પધારે ત્યારે એમને 'પાણી પીશો?' એમ પૂછવાને બદલે કહો કે...

'લાવો, તમારો ફોન ચાર્જીંગમાં મૂકી દઉં?'

પછી પૂછો, 'તમે શું લેશો? ઘરના વાઇ-ફાઈનો પાસવર્ડ ચાલશે?'

સાચું કહું છું, મહેમાન રાજી થઈને તમને આશીર્વાદ આપશે! ...અતિથિ દેવો ભવ.

## રેસિપી

કનુ પહેલીવાર ફાઈવ સ્ટાર હોટલમાં ગયો. એણે ડરતાં ડરતાં ચાનો ઓર્ડર આપ્યો. વેઈટર એક મોટી ટ્રેમાં ગરમ પાણી, દૂધ, ચાય પત્તીના પાઉચ, ખાંડના ક્યુબ એવું બધું આપીને જતો રહ્યો.

બિચારા કનુએ જાતે, જેવી આવડે એવી બનાવીને ચા પીધી.

થોડીવારે વેઈટર પૂછવા આવ્યો : સર, ઔર કુછ?

કનુ : વૈસે બિરીયાની ખાની કી ઈચ્છા થી, મગર ક્યા કરું? બનાની નહીં આતી.

## પુસ્તક સમીક્ષા

*સમીક્ષક : દિનેશ આર. મહેતા*

## "ગુજરાતી કથાગીતો"

***સંકલન - આસ્વાદ :*** જીના વીરેન શેઠ

***પુસ્તકની પૃષ્ઠ સંખ્યા :*** ૨૫૦


***કિંમત :*** સદ્ ઉપયોગ

***પ્રથમ આવૃત્તિ :*** ૨૦૧૮

***ફોન :*** (૦૨૮૩૨) ૨૫૫૨૧૧

***પ્રકાશક :*** વી.બી.સી. ગ્રુપ
૫૦૧, એન.કે. ટાવર,
જિલ્લા પંચાયત સામે, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.

★




સાહિત્ય પ્રત્યેની અદમ્ય લાગણીને લઈને 'ગુજરાતી કથાગીતો'ના સંકલનનું કાર્ય જીના શેઠ એ ખૂબ સફળતાપૂર્વક કર્યું છે. સંકલનમાં થોડીઘણી મુશ્કેલીઓને પાર કરીને વર્ષ ૨૦૧૮માં પ્રથમ આવૃત્તિ પ્રકાશિત થઈ છે. ગુજરાતી રચનાઓના રસિયાઓને રસ પડે તે રીતે 'ગુજરાતી કથાગીતો'નું સંકલન કરવામાં આવ્યું છે. કથા ગીત એટલે ગીતના માધ્યમથી કહેવાયેલી વાર્તા. જીના શેઠની અથાગ મહેનત અને તેમની મૌલિક વિચારધારા પુસ્તકમાં સર્વત્ર નજરે પડે છે. જેમાં અમરકથા, પૌરાણિક કથા, ઐતિહાસિક કથા, ચરિત્ર કથા, ભક્તિમય કથા, બાળ કથા, અનુદિત કથા, લોકકથા, ફિલ્મી કથા તથા લોકપ્રિય ગીતોના મથાળા હેઠળ તજજ્ઞ કવિ - લેખકોના વિવિધ પ્રકારના ૩૧ જેટલા રસપ્રદ ગીતોને આવરી લેવામાં આવ્યા છે. **ગીતોની નીચે તેનું વિવરણ સુંદર રીતે આપવામાં આવ્યું છે.** આજના ભોગવાદી વિચારધારાથી રંગાયેલા સમાજમાં નૈતિક જીવન, સાંસ્કૃતિક જીવનનું અવમૂલ્યન થયેલું જોવા મળે છે. તેવા માહોલમાં કોઈપણ વ્યક્તિ કે સમૂહ માટે નૈતિક જીવન જીવીને સાંસ્કૃતિક પુનરુત્થાન કરવાનું કામ ખૂબ જ વિકટ છે. તેવી સ્થિતિમાં ઉપરોક્ત અનેકવિધ પ્રતિભાઓની કૃતિઓમાંથી કેટલીક ઉત્કૃષ્ટ સાહિત્ય ઉર્જાને ઉજાગર કરવાનું ભગીરથ કાર્ય સંકલનકર્તાએ કર્યું છે. **આમ 'ગુજરાતી કથાગીતો' ખરા અર્થમાં જીવનને હૂંફ આપતાં કથાગીતોનો સ્વાદમય રસથાળ બન્યો છે.**

જીના શેઠ એ સાહિત્ય ક્ષેત્રની કળા ઉમદા રીતે વિકસાવેલ છે. જેના પરિણામ સ્વરૂપે આવું સુંદર સંગ્રહ બહાર પાડી શક્યા છે. તેમનો આ પ્રયાસ બિરદાવવા યોગ્ય છે.

અસલમાં વાગડ બે ચોવીસી સમાજ (વી.બી.સી. ગ્રૂપ) દ્વારા વિવિધ વિષયની લેખન સામગ્રી મેળવીને તેનું વ્યવસ્થિત રીતે સંકલન કરવાની એક યોજના સમાજના **શ્રી હસમુખભાઈ મહેતા**એ તૈયાર કરી હતી અને તે અન્વયે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. તેનાં ફળ સ્વરૂપે આ પ્રકારનું સરસ પુસ્તક પ્રકાશિત થયું છે. આવી ગ્રંથમાળા હેઠળ અન્ય કેટલાંક પુસ્તકો તૈયાર કરીને પ્રકાશિત કરવાની યોજના ઉપરોક્ત ગ્રૂપ અને તેના કાર્યકર્તાઓ ધરાવે છે.

પુસ્તકનું પ્રિન્ટીંગ કામ તથા તેની ડિઝાઈન ખૂબ સરસ છે. તે રીતે પુસ્તકનું મુખપૃષ્ઠ કલાત્મક અને ધ્યાનાકર્ષક છે.

આપણે અપેક્ષા રાખીએ કે આ પ્રકારના સર્જન - રસથાળ વાચક વર્ગને સતત મળતો રહેશે.

'ગુજરાતી કથાગીતો' પુસ્તક દરેક સ્કૂલ, સંસ્થા, ઘર તથા જાહેર લાઈબ્રેરીમાં વસાવવા જેવું ખૂબ સમૃદ્ધ છે.

## ક્યાં છે સાચો ધર્મ?

*આજે તો ધર્મ...*
*સાંપ્રદાયિક માન્યતાઓમાં,*
*ઉપરછલ્લા ક્રિયાકાંડોમાં*
*અને*
*મિથ્યા આડંબરોમાં જ*
*અટવાઈ ગયો છે.*
*ધર્મના નામે*
*ફેલાયેલી ધર્માંધતાએ*
*સમાજને છિન્ન ભિન્ન કરી*
*નાખ્યો છે.*
*જીવનની દરેક સમસ્યાઓનું*
*સમાધાન આપનારો*
***ધર્મ પોતે જ જાણે કે આજે***
***એક સમસ્યારૂપ બની ગયો છે.***
*અને પ્રશ્ન જાગે છે કે,*
*ક્યાં છે સાચો ધર્મ?*

***સંકલન : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ***

# એક ગ્લાસ દૂધ!

પરદેશની આ વાત છે. હાવર્ડ કેલી નામનો એક છોકરો અત્યંત ગરીબાઈ સાથે ભણી રહ્યો હતો. નિશાળની ફી ભરવાના પૈસા કમાવા માટે ફાજલ સમયમાં એ ફેરિયાનું કામ કરતો. એક સ્ટોરની વસ્તુઓ એ એક ઘરેથી બીજા ઘરે ભટકીને વેચતો. એ વેચાણના પૈસામાંથી જે કમિશન મળે તેમાંથી શાળાની ફી ભરતો અને જો ફી ભરતાં થોડા પૈસા વધે તો ચોપડીઓ અથવા તો કપડાં ખરીદતો.

એક દિવસ આમ જ ફેરી કરતાં કરતાં બપોરનો સમય થઈ ગયો. આકરો તડકો કેલીને પરેશાન કરી રહ્યો હતો. એના થેલામાં છેલ્લી થોડીક ચીજો જ બચી હતી. પણ એ દિવસે એટલી વસ્તુઓ કોને ખબર કેમ પણ કોઈ ખરીદતું જ નહોતું. ભૂખ અને તરસથી એ હેરાન થઈ ગયો હતો. તડકો પણ એની તકલીફમાં વધારો કરી રહ્યો હતો. ક્યાંક બેચાર ક્ષણ અટકીને આરામ કરવાની એને ઇચ્છા થતી હતી, પરંતુ કમિશન ઓછું મળશે એ વિચાર એને ક્યાંય બેસવા નહોતો દેતો. થોડીક વાર આમ જ રખડ્યા પછી એને પોતાની ગરીબી અને લાચારી પર ગુસ્સો આવવા લાગ્યો. હતાશાના ભાવ સાથે એણે, એક ઘરનું બારણુ ખખડાવ્યું. એક સુંદર યુવતીએ બારણું ખોલ્યું.

'મેમ! મારી પાસે વેચવા માટેની થોડીક ચીજો છે. તમે કઈ ખરીદવા માંગો છો?' એના અવાજમાં નિરાશા, હતાશા અને થાક ભરેલાં હતાં.

'હા દીકરા! કેમ નહીં?' જાણે કે કેલીની પરિસ્થિતિનો એક પળમાં જ અંદાજ આવી ગયો હોય તેમ એ યુવતી બોલી. ઉત્સાહપૂર્વક એણે કેલીની બાકી બચેલી વસ્તુઓમાંથી થોડીક વસ્તુઓ ખરીદી પણ ખરી.

કેલીના મનને ખૂબ જ શાતા થઈ. જેવું મન શાંત થયું કે તરત જ કેલીના પેટે પોતાની ફરિયાદ શરૂ કરી. પેટમાં ગલૂડિયાં બોલતાં હતાં એ યાદ આવતાં કેલી બોલ્યો, 'મેમ! એક ગ્લાસ પાણી મળી શકશે?'

પેલી યુવતીએ કેલી સામે જોયું. કેલીના મોઢા પર એ ખાલી તરસ્યો જ નહીં, ભૂખ્યો પણ છે એવું સ્પષ્ટ લખાયેલું હતું. એ બોલી, 'તને ભૂખ લાગી છે, બેટા?'

કેલી કંઈ બોલ્યો નહીં. ભૂખ તો એને કકડીને લાગેલી જ હતી. એની નાની નાની આંખોમાં મોટાં મોટા આંસુ ડોકાઈ આવ્યાં. પણ એમ આંસુ પડી જવા દે તો કેલી શેનો? તરત સ્વસ્થ થઈ, બહાર નીકળે એ પહેલાં જ આંસુને પાછાં ધરબીને એ બોલી ઊઠ્યો, 'ના મેમ! ફક્ત પાણી જ જોઈએ છીએ, મળશે?'

આટલા નાના બાળકની ખુમારી પર એ યુવતી આફરીન થઈ ગઈ. કેલી માટે એને ખૂબ જ માન થઈ આવ્યું. એ અંદર ગઈ. થોડી વાર પછી એ પાછી આવી ત્યારે એના હાથમાં સાકર નાખેલું દૂધ ભરેલો એક મોટો ગ્લાસ હતો. આ યુવતીએ પોતાની ભૂખ તેમજ તરસ બંનેનો ઉપાય કરી દીધો છે એ વાત કેલી તરત જ સમજી ગયો. શાંત મને એણે એ ઠંડા દૂધનો ગ્લાસ પૂરો કર્યો પછી પોતાના ખિસ્સામાંથી પૈસા કાઢીને બોલ્યો, 'મેમ! આ દૂધના ગ્લાસના મારે કેટલા પૈસા આપવાના છે?'

'એક પણ પૈસો નહીં બેટા! સારા કામના પૈસા થોડા લેવાય? ઊલટાનો હું ભગવાનનો પાડ માનું છું કે તારા જેવા ખુમારીથી ભરેલ દીકરાનું કામ કરવાનો એણે મને મોકો આપ્યો. અને ભગવાનના કામના પૈસા થોડા હોય?' લાગણીથી ભીના થઈ ગયેલા અવાજે એ બોલી.

અંતરના ઊંડાણથી એ યુવતીનો આભાર માનીને કેલી બહાર નીકળ્યો. આ નાનકડા પ્રસંગથી એના મનની હતાશા ખંખેરાઈ ગઈ હતી. નિરાશાની જગ્યાએ એક નવો ઉત્સાહ પ્રગટી ચૂક્યો હતો. એના પગમાં નવું જોમ આવી ગયું હતું. એક અનેરા ઉત્સાહ સાથે એ આગળ વધ્યો.

ઘણાં બધાં વરસો પછી પેલી સ્ત્રીને કોઈ ભયંકર રોગ લાગુ પડ્યો. સ્થાનિક ડૉક્ટર્સ એના રોગનું નિદાન ન કરી શક્યા. એ બહેનની તબિયત દિન-પ્રતિદિન બગડતી જ ચાલી. એને બાજુના મોટા શહેરમાં આવેલ ખૂબ જ આધુનિક હૉસ્પિટલમાં મોકલવામાં આવી. ત્યાંના તબીબોએ પણ નિદાન પકડવા ખૂબ માથાકૂટ કરી. કંઈ કેટલીયે તપાસ કરાવી, પણ પરિણામ શૂન્ય જ આવ્યું. એનો રોગ કોઈ પારખી જ ન શક્યું. બધાં થાકી ગયાં પછી એમણે આ સ્ત્રીની મંજૂરી લઈ એ શહેરના સૌથી મોંઘાદાટ તબીબને બોલાવ્યા. એમની કુનેહ તથા કાબેલિયતને કારણે રોગ તરત જ પકડાઈ ગયો. દિવસોથી રિબાઈ રહેલી એ સ્ત્રી ઝડપભેર સાજી થવા માંડી. પરંતુ એના ચહેરા પર સાજા થવાની ખુશીના બદલે ચિંતા છવાવા લાગી. એ ચિંતા હતી હૉસ્પિટલના બિલની. એને થતું હતું કે એની બાકીની જિંદગી આ બિલનું કરજ ચૂકવવામાં જ વીતી જશે. કેમ કરીને એ આવી અદ્યતન હૉસ્પિટલનું આવડું મોટું બિલ ચૂકવી શકશે?

આવી બધી ચિંતાઓની વચ્ચે એને હૉસ્પિટલમાંથી રજા આપવાનો દિવસ આવી પહોંચ્યો. પટાવાળો બિલનું કવર લઈને આવી પહોચ્યો. ધ્રૂજતા હાથે એ યુવતીએ કવર ખોલ્યું. બિલની મસમોટી રકમના આંકડા પર લાલ અક્ષરે લખેલું હતું કે, 'સંપૂર્ણ ચૂકતે! એક ગ્લાસ દૂધે બધું જ ચૂકવી દીધું છે.' અને નીચે સહી હતી : ડૉ. હાવર્ડ કેલી! હૉસ્પિટલ સુપ્રિન્ટેન્ડન્ટ!

***કેલીની સહીના શબ્દો પેલી સ્ત્રીના આંસુથી ભીંજાઈ રહ્યા હતા...***

## કબાટના પુસ્તકો

પુસ્તકો સપનામાં આવે અને પૂછે,
તેં અમને ઓળખ્યા કે?
વાત કરતાં કરતાં પુસ્તકો ઓગળે અને અથાગ પાણી
થઈને છલકાતા પૂછે.
તું ક્યારેય અમારામાં નાહ્યો છે કે? તર્યો છે કે?
પુસ્તકો પછી ઘેઘૂર થઈ જાય અને પૂછે,
અમારા ફળો ક્યારેય ખાધા છે કે?
છાયામાં ક્યારેય પોરો ખાધો છે કે?
પુસ્તકો ફરફરતો પવન થઈ જાય અને પૂછે
શ્વાસ સાથે ક્યારેય અમને હૈયામાં ભર્યો છે કે?
પુસ્તકો આવું કશુંક પૂછતા રહે અને એક પછી એક
દરેક પ્રશ્નોનો મારી પાસે જવાબ નથી હોતો.
બેસી રહું ચૂપચાપ બસ એમની સામે જોતા.
ક્યારેક પુસ્તકો કાચના કબાટમાં જઈને બેસે
અને કહે, એટલે સરવાળે તો અમારી જિંદગી ફોગટ જ ને,
પુસ્તકો મૂંગામંતર થઈ જાય, ઝુર્યે જાય,
જાતને ઉધઈને હવાલે કરે એ.
આખરે આત્મહત્યા કરે એ.
ઘરમાં ને ઘરમાં જ, બંધ કબાટમાં કારાગૃહમાં!

***– શંકર વૈદ્ય***

## આંસુ

આંસુ તારું મૂલ્ય શું છે તે હવે સમજાય છે
યાદ હોય સુખની કે હોય યાદ દુઃખની
આંખોમાંના આંસુ રૂપે દર્દ બધું વિસરાય છે
આંખના આંસુ હોય હરખના કે આંસુ હોય દર્દના
સરકતા આંસુ સાથે દિલ હળવું થાય છે
મિલનમાંય આંસુ, વિયોગમાંય આંસુ
ટપકતા બે આંસુના તો દિલડું ધોવાય છે
ટીપે ટીપે પડતા આંસુથી યાદ તાજી થાય છે
ખોવાયેલા અમૂલ્ય દિવસોના મૂલ્ય ત્યારે સમજાય છે
આગમન હોય સ્વજનનું તોય આંખે આંસુ
વિદાય હોય સાજનનું તોય આંખે આંસુ
દુનિયાના દુઃખ દૂર કરતું ઔષધ છે આંસુ
હરેક સુખ પામવા જરૂરી છે આંસુ
સર્વે પલનું નિરાકરણ છે ટપકતા આંસુ
આંસુ વિનાની આંખો ગમગીન બની જાય છે
આંસુ એ તો છે ઘરેણું નાનકડી આંખનું.

***અલ્કા અરવિંદ સંઘવી - અમદાવાદ***
***મો. ૯૪૨૭૩ ૫૩૪૮૨***

## બોલો 'હું' ક્યાં છું?

બોલો 'હું' ક્યાં છું? બતાવો 'હું' ક્યાં છું?

સહરાનું અફાટ રણ અને દરિયાની ગહેરાઇ,
દુર્ગમ આ વન-જંગલો ને પર્વતોની આ ઊંચાઈ;
માનવ મહેરામણ અને જીવજંતુઓના ઢગ વચ્ચે,
પૂછું હું તમને, બોલોને! આમાં 'હું' ક્યાં છું?

બનાવ્યા મેં કોંક્રિટિયા મહાલયો ને બંગલોઝ,
ને વળી બનાવ્યા આ ઔદ્યોગિક લોહ-જંગલો;
મથતો કુદરતને નાથવા ને વળી પ્રવૃત્તિને પામવા,
છતાં લાગતો પામર-જન, બોલો 'હું' ક્યાં છું?

યંત્રયુગ - વિજ્ઞાન યુગ ને વળી છે પ્રગતિવાદ,
થયા યુગોના પરિવર્તનો ને પાછા યુગ-યુગાંતરે;
કંઈ કંઈ નિહાળ્યા 'આરસી'એ યુગોના ફેરફારોને,
આ યુગો વચાળે 'હું' ક્યાં? બોલો 'હું' ક્યાં છું?

હું જ કેન્દ્રમાં છું ને સહુ વાતમાં પણ હું જ છું,
શક્તિના ભંડાર તરીકે ગાજતો રહેતો હું જ છું;
દુનિયાનો તારક, ઉધ્ધારક, વિનાશક પણ હું જ છું,
આ 'હું'ને શોધી રહ્યો ભાઈ, બોલો 'હું' ક્યાં છું?

'મેં-મેં' ને 'હું-હું'ના મદકેરો આ શો નશો?
દેખાડું નમ્રતા તો ય ચઢતો જ વળી જાય કેમ?
સત્ય તથ્ય ભૂલાય કેમ? કે મારી તે શી હેસિયત?
આ જગત અને આ બ્રહ્માંડે, બોલો 'હું' ક્યાં છું?

***'આરસી' શાહ***
***(રમેશ ચંદુલાલ શાહ - અમદાવાદ)***
***ફોન : (૦૭૯) ૨૭૪૩૮૧૬૩***

## દર્પણ

*સમયના દર્પણને કહો,*
*હવે તો*
*આ વેદનાનું પ્રતિબિંબ*
*ઝીલાતું નથી.*
*ક્યાં દર્પણ તૂટશે*
*અથવા હું જ તૂટું કદાચ...*

***– કુંતલ શાહ***

***જો આપણે એકથી લાખ સુધીના અંકોને અંગ્રેજીમાં લખીએ તો કોઈ પણ અંકના લખાણમાં 'C' અક્ષરનો ઉપયોગ નહીં આવે.***

## 'હું' અને 'તું'

મારું હોવું ને તારું હોવું,
એક સ્વપ્ન
બીજું શાશ્વત સત્ય.

હું તો ફક્ત બિંદુમાત્ર,
તું અગાધ સમુદ્ર.

બાળસમો હું ખેલું ખોળે,
તું વિશાળ પૃથ્વીતટ.

નાનકડી પાંખે હું માપું,
તુજ અસીમ-અમાપ ગગન.

છતાં તું ચૂપ-શાંત-સૌમ્ય,
ને હું સતત કોલાહલ-કલબલ.

★

## સ્ત્રી એટલે જ કવિતા

એનાં શબ્દોમાં જાણે સૂર રણકે
એની મસ્તીથી ચડે ઘર રમતે
આ તો દીકરી છે કે કવિતા!

એની આંખોથી ઈજન છલકે,
અરે વાતેવાતે કેટલી મલકે,
આ તો પ્રેમિકા છે કે કવિતા!

એની છાતીથી મીઠું દૂધ ટપકે,
એનું રોમેરોમ વ્હાલપ ચમકે,
આ તો માતા છે કે કવિતા!

એ તો વ્હાલ, વહેવાર અને મમતા,
બસ સમજવા એને, તમે ના મથતા,
છે દરેક સ્ત્રી જીવતીજાગતી કવિતા!

*– બીના પીયૂષ ભણસાળી*

## ન કરવાના કામ જુઓ તો કરે છે

*ન કરવાના કામ જુઓ તો કરે છે*
*પછી પાછળથી પસ્તાતો એ ફરે છે*
*નથી રાખતો ભરોસો એ ખુદા પર*
*ખુદાના નામથી નાસતો એ ફરે છે.*
*નથી જોઈ શકતો કોઈનું પણ સારું*
*બીજાને જોઈ જોઈને હસતો એ ફરે છે.*
*જ્યારે આવે છે સમય તેનો ત્યારે*
*કોઈ નથી મારું નિશિત કહેતો એ ફરે છે.*

*– નિશિત જોશી*

# અન્ય સમાચાર – સંક્ષિપ્તમાં

## ફિલ્મ વિષયકના કોલમિસ્ટ ભુજના પ્રવીણભાઈ ઠક્કરના પુસ્તકનું વિમોચન...

કચ્છ - ભુજથી પ્રસિધ્ધ થતા દૈનિક અખબાર 'કચ્છમિત્ર'માં છેલ્લા ૫૬ વર્ષથી ફિલ્મ વિષયક કોલમ લખનાર ભુજના પ્રવીણ વાલજીભાઈ ઠક્કર (રાચ્છ)ના પુસ્તક 'શ્યામ શ્વેત સિનેયુગની નાટિકાઓ'નું વિમોચન મુંબઈના ઈન્ડિયન મર્ચન્ટ ચેમ્બર્સ ખાતે રાજકોટ કેળવણી મંડળના પ્રમુખ અને ફિક્કીના પૂર્વપ્રમુખ સુરેશભાઈ કોટકના પ્રમુખપદે યોજાયો હતો. ચિત્રલેખાના ચેરમેન મૌલિક કોટક, જન્મભૂમિ ઑફ ન્યુઝ પેપર્સના સી.ઈ.ઓ. કુંદન વ્યાસ, એન. એમ. ઠક્કર એન્ડ કું.ના હેમંત ઠક્કર, કોલમિસ્ટ આશુ પટેલ વગેરે આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. **પ્રવીણભાઈ ઠક્કરનું પુસ્તક સિનેજગત માટે રેફરન્સ બુક જેવું બની રહેશે. જૂની ફિલ્મોના ચાહકો માટે એક અમૂલ્ય નજરાણું બની રહેશે.** સૌએ કોલમ લેખક તરીકેની તેમની લેખનયાત્રાને બિરદાવી હતી. શ્રી કોટકે પુસ્તકનું વિમોચન કરતાં કહ્યું કે અખબારો તથા સામયિકો ગુજરાતી ભાષાનું મહત્ત્વ જાળવી રાખવામાં શ્રેષ્ઠતમ યોગદાન આપી રહ્યા છે. આ માટે તેમણે તેની પ્રશંસા કરી હતી. **અખબારમાં દાયકાઓ સુધી સતત કોલમ લખવી એ અખબાર જગત માટે સીમાચિહ્નરૂપ અને ગૌરવપ્રદ છે.** કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન અને સંચાલન નવીનભાઈ ઠક્કરે કર્યું હતું. આ અવસરે બહોળી સંખ્યામાં સાહિત્યકારો, પત્રકારો તેમજ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## હળાહળ કળિયુગ

*'કળિયુગ' કે 'હળાહળ કળિયુગ' જેવા શબ્દો ઝાંખા પડે એવા યુગમાં આપણે ક્યારના પ્રવેશી ચૂક્યા છીએ. પરંપરાગત શ્રદ્ધાના વાહકો એમ કહે છે કે ઈશ્વરની ઈચ્છા વગર ચકલું પણ ફરકતું નથી અને બીજી બાજુ ત્રણ વર્ષની બાળકી પર ભયાનક અત્યાચાર થાય ત્યારે ઈશ્વરની આવી મરજી વિશે પ્રશ્ન થાય કે ઈશ્વર આવું કરાવી શકે? કર્મના સિધ્ધાંતમાં આસ્થા ધરાવનારના મનમાં દલીલ કે જવાબ તૈયાર છે કે એ ત્રણ વર્ષની બાળકીએ તેના ગયા ભવના કર્મની સજા ભોગવી! કાળા માથાનો માનવી પણ જે કાયદાનું ઘડતર કરે છે એમાં બાળ ગુનેગારને કે કિશોર વયના ગુનેગાર માટે મૈત્રી અભિગમ દાખવી બાળગૃહ કે સુધારણાગૃહ જેવી વ્યવસ્થા દ્વારા બાળકોના માનસિક પુનર્વસન અને સુધારણાની જોગવાઈ રાખવામાં આવે છે. ઈશ્વરની અદાલતમાં આવી કોઈ જોગવાઈ નહીં હોય? સજા વેઠવા યોગ્ય ઉંમર થાય તે પહેલા આવી કારમી સજા?*



# બાલુડેં જયું ગાલિયું

સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : પાંજી બાજુવારી બિલ્ડિંગમેં અરવિંદ રે તો સે બસમેં કંડક્ટરજી નોકરી કરેતો ને લગનસે પંઢજી નોકરી કરે તો. પણ હેવર આંઉ ત્રે-ચાર મેણેથી નેરીયાંતો કે અરવિંદ રોજ નોકરીતે વેને પેલા અખાડેમેં વેનેતો ને કલાકવાર કસરત કરેતો. અનજો શરીર પણ ખાસ્સો ખડતલ થે વ્યો આય. સે જરા તપાસ ત કઇજ કે ટ્રાન્સપોર્ટવારા કસરત કરેજો કીં નઉં નિયમ દાખલ ક્યા અંઇ કે કુરો? અનસે અરવિંદજો પગાર વધારો થીંધો ક કુરો?

બચુડો : (તપાસ કે ને ચેં) કસરત કરેજો કોઈ નિયમ લાગુ નાય થ્યો ને કસરત કઇંધલકે કીં પગાર વધારો પણ નાંય મલેવારો. પણ ગાલ ઇ વીં ક હકડો પહેલવાન જેડો માડુ અરવિંદજી બસમેં રોજ આવ્યો તે ને અરવિંદ જેર ટિકિટ મંગે તેર ચે ક આંઉ ટિકિટ બિકીટ ગેનેવારો નઇંયા. અતરે પોય અરવિંદ ચાર મેણા અખાડેમેં વનીને પંઢજો શરીર મજભુત ભનાય ને પોય અજ હિંમત કરેને પહેલવાનકે પૂછે ક તું ટિકિટ કોલા નાય ગેનેવારો સે ચોખવટ કર. તડેં પહેલવાન ચેં આંઉતા છ મહિનેજો પાસ કઢાયો આય - મુંકે ટિકિટ ગેનેજી જરૂર જ નાય.

## ખિલજા મ ભલા

મોન્ટુ : (મુંબઈથી અમદાવાદની ચીન્ટુને) દોસ્ત, તારે ત્યાં ઠંડી કેવી છે?

ચીન્ટુ : બીએસએનએલ જેવી.

મોન્ટુ : એટલે?

ચીન્ટુ : ઘરની બહાર નીકળીએ તો જ લાગે છે.

☺ ☺ ☺ ☺ ☺

સાસુજી : જમનાબાઈ, તું તારા પતિને કેમ માર માર કરે છે?

જમનાબાઈ: આતો આમની તબિયત સારી રહેતી નથી. એટલે ગઈકાલે હું એક વૈદની દવા લાવી છું. વૈદ્યે કહ્યું છે કે દવા પતિને બરાબર કુટી કુટીને આપવાની છે.

☺ ☺ ☺ ☺ ☺

કિશન : જોવા દે તો, તેં તારા મોબાઈલમાં શું સ્ટેટસ માર્યું?

મિશન : આજે હું ધાબે સૂવા જવાનો છું.

કિશન : કાંઈ રીસ્પોન્સ મળ્યો?

મિશન : હા, પંદર મચ્છરોએ લાઈક કર્યું છે.

☺ ☺ ☺ ☺ ☺

મગન : અત્યારે ચારેબાજુથી એટલી બધી જાહેરાતો થાય છે... પ્રેરણા આપવા માટે લીડરો - નેતાઓ સાધુ સંતો બધા મંડી પડ્યા છે. તારું શું માનવું છે કરશન?

કરશન : બધી વાત જવા દે, સૌથી વધુ પ્રેરણા બસનો કંડક્ટર જ આપતો હોય છે. ભાઈઓ આગળ વધો.... બહેનો આગળ વધો...

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : અહીં ભીત ઉપર શ્રી ઓબામા અને શ્રી મોદીનો ફોટો લગાડ્યો છે. આદિત્ય, તારે તારી સુઝ પ્રમાણે એની નીચે નામ લખવાના છે.

આદિત્ય : સારું સાહેબ... અને આદિત્યે નામ લખ્યું. શ્રી ઓબામાના ફોટાની નીચે 'બરાક' અને શ્રી મોદીના ફોટા નીચે 'ચબરાક.'

શિક્ષક : શાબાશ આદિત્ય.

☺ ☺ ☺ ☺ ☺

પતિએ પત્નીનો મોબાઈલ ચેક કરતાં એક નવા નંબર પર 'આઈરન મેન' લખેલું જોયું અને બરાડ્યો... શું માંડ્યું છે આ બધું? કોણ છે આ આઈરન મેન?

પત્ની : અરે ટેન્શન ના લ્યો. આ તો આપણો ઇસ્ત્રીવાળો છે જગો ધોબી.

☺ ☺ ☺ ☺ ☺

જગલો : આજે તો ખરું થયું... ટોઇલેટમાં મોબાઇલ લીધા વગર જ ઘૂસી ગયો.

ભગલો : પછી શું થયું?

જગલો : થાય શું? આજે જ ખબર પડી કે ટોઇલેટની ફર્સ અને દીવાલ ઉપર બધી મળીને એકસો ને અડતાળીસ ટાઈલ્સ લગાવવામાં આવી છે.

☺ ☺ ☺ ☺ ☺

દર્શિલે મોબાઈલમાં પત્નીને સ્ટેટસ માર્યું : 'આજે તો બસ અફાટ નીલા આકાશમાં ઊંચે ને ઊંચે ઉડીને ક્ષિતિજને આંબવાનું મન થાય છે.

પત્ની દર્શનાએ કોમેન્ટ મૂકી : ઊંચે ઉડી ઉડી જમીન પર પાછા આવો ત્યારે દૂધની બે થેલી અને ૧ કિલો બટાટા લેતા આવજો — ભૂલ્યા વગર...

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંતનગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

## શોધંશોધ

**મિત્રો, નીચે આપેલ અક્ષર કોષ્ટકમાં કેટલાક અંગ્રેજી શબ્દોના નામ આડી, ઊભી કે ત્રાંસી પંક્તિમાં છુપાયેલા છે. આ તમામ શબ્દોને શોધી કાઢો...**

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| G | R | A | T | U | I | T | Y | M | L | A | Y | N | E | S | X |
| E | F | D | T | O | I | D | I | O | I | R | I | S | G | G | O |
| M | G | O | D | A | O | B | O | E | I | S | T | A | A | M | D |
| U | R | I | R | R | I | P | L | A | E | E | R | M | S | B | A |
| S | N | S | G | E | L | E | F | O | E | N | B | H | S | W | R |
| E | H | E | W | R | H | N | G | M | W | L | I | A | A | Q | A |
| R | N | A | I | I | I | E | G | A | E | N | A | T | P | P | P |
| S | I | H | Z | F | N | C | A | S | T | E | E | E | A | U | D |
| F | W | O | A | E | L | D | E | D | L | R | V | R | N | M | O |
| L | L | V | R | E | L | S | R | N | F | X | O | C | N | E | D |
| A | A | A | D | Y | U | Y | M | A | Z | R | T | H | N | N | T |
| V | T | O | V | F | T | O | L | I | W | U | A | S | S | C | T |
| E | E | F | E | O | O | L | S | L | A | I | N | V | U | M | M |
| N | G | R | M | R | U | I | E | L | H | R | N | D | A | S | O |
| D | T | V | E | C | A | R | T | V | A | O | O | G | G | G | D |
| E | I | R | E | G | U | L | A | T | O | R | R | R | S | G | E |
| R | J | U | S | T | I | C | E | L | P | N | E | E | R | F | R |
| M | E | Y | C | N | E | I | C | I | F | F | E | P | A | E | N |

| | | | | |
|---|---|---|---|---|
| DRAWING | GAMBLE | LAVENDER | TRACE | MATINEE |
| EFFICIENCY | HATE | PUNCTUAL | DEN | RAVAGE |
| ERROR | IDIOT | MODERN | WIZARD | PASSAGE |
| FAIRY | ESTEEM | REGULATOR | WHIRLPOOL | NEGRO |
| FIRE | IODINE | REFUSE | WATERFALL | GRATUITY |
| FLAVOUR | JUSTICE | SHORTAGE | RESUME | CASTE |
| FORHEAD | NOVELTY | NAIL | PRODUCT | GENERATE |
| FREE | PARADOX | ROOM | OWNER | LATE |

- ❖ *તમે જન્મ લો છો ત્યારે શરીરમાં ૩૦૦ હાડકાં હોય છે પરંતુ તમે ૧૮ વર્ષના થાવ ત્યાં સુધી આ હાડકાં જોડાઈ જોડાઈને ૩૦૦ માંથી ૨૦૬ થઈ જાય છે.*
- ❖ *રેશમનો કીડો ૫૬ દિવસમાં પોતાના વજન કરતાં ૮૬,૦૦૦ ગણો ભોજન લે છે.*
- ❖ *આંખો ખુલ્લી રાખીને છીંક ખાવી અશક્ય છે.*

## NanoNine® શબ્દ રમત-૧૪૭

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | ૪ | ૫ | ૬ | | | | ૭ |
| | | ૮ | | | | ૯ | | | ૧૦ | | |
| | ૧૧ | | | | ૧૨ | | | ૧૩ | | | |
| ૧૪ | | | | ૧૫ | | | ૧૬ | | ૧૭ | ૧૮ | |
| ૧૯ | | | | | ૨૦ | | | | ૨૧ | | |
| ૨૨ | | | | | | | | | ૨૩ | | ૨૪ |
| ૨૫ | | ૨૬ | | | ૨૭ | | ૨૮ | ૨૯ | | | |
| | | | | ૩૦ | | | | ૩૧ | | ૩૨ | |
| ૩૩ | ૩૪ | | ૩૫ | | | | ૩૬ | | | ૩૭ | |
| ૩૮ | ૩૯ | | | | | ૪૦ | | | ૪૧ | | |
| ૪૨ | | | ૪૩ | ૪૪ | | | | | | ૪૫ | |
| | | ૪૬ | | | | ૪૭ | | | | | |

શબ્દ રમત ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મો. ______________________

*આપશ્રીના જવાબો તા. ૩૧-૧૨-૨૦૧૮ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી.*

### આડી ચાવીઓ

૧. ધારેલું નિશાન પાર પાડનાર (૪)
૪. નવરાશનો સમય (૪)
૮. શિકારી, શિકાર કરનાર (૩)
૯. ______ લાવે પગ, એક કઠોળ (૨)
૧૦. સુવાસિત, કામધેનુ ગાય (૩)
૧૧. સૂર્ય, રવિ (૩)
૧૨. ખેડૂતને જગતનો ______ કહે છે, પિતા, બાપ (૨)
૧૪. નૃત્ય, ખેલ, તમાશો, નખરા (૨)
૧૬. ખરાબ ચાલચલગત, દુરાચરણ (૫)
૧૯. મનાઈ કરતો હુકમ (૬)
૨૧. ત્રાજવું, કાંટો, સાતમી રાશિ (૨)
૨૩. એકની એક વાત વારંવાર બોલવી (૩)
૨૫. છ ખૂણાવાળી આકૃતિ, હેક્ઝાગોન (૪)
૨૬. ખૂણો (૨)
૨૮. પત્તાની એક રમત (૨)
૩૦. ચારણની પત્ની (૩)
૩૧. સુકુમાર, કોમળ, મુલાયમ (૩)
૩૩. પુસ્તકો રાખવાનું સ્થાન, ગ્રંથાલય (૫)
૩૫. નિશાળ (૨)
૩૬. શાહેદી, નજરોનજર જોનાર (૨)
૩૭. નસીબ (અં.) (૨)
૩૮. ફરિયાદ (૨)
૪૦. પ્રશંસાનો ઉદ્ગાર (૨)
૪૧. કડીઓ જોડી બનાવેલ લાંબી હાર (૩)
૪૨. શરીર, બદન (૨)
૪૩. ઘરાક,ખરીદનાર (૩)
૪૫. લગની, ટેવ, વ્યસન (૨)
૪૬. કમલ, ગર્ભાશયનું મુખ, ભાજપનું નિશાન (૩)
૪૭. પાઠશાલા, રસોડું (૪)

### ઊભી ચાવીઓ

૧. શાદી, નિકાહ, મેરેજ (૨)
૨. માલ વેચવા સાટવાનો ધંધો (૩)
૩. _____ ના ફળ મીઠાં (૩)
૫. ખેલ, ક્રીડા (૩)
૬. શગ, દીવાની જાત (૨)
૭. ગર્વ, મદ, અહંકાર (૪)
૯. અભિપ્રાય, વોટ (૨)
૧૧. સૂચવવું તે, ઈશારો, ચેતવણી (૩)
૧૩. સ્મરણ, યાદી (૨)
૧૪. માત્ર નામ બાકી રહ્યું હોય તેવું, નાશ પામેલું (૪)
૧૫. રાખ, ધૂળ, નાશ, પાયમાલી (૨)
૧૬. શૂરવીર, હિંમતવાન, સાહસિક (૪)
૧૭. ચાલાક, હોંશિયાર (૩)
૧૮. કપાળ, ભાલ (૩)
૨૦. ભમરો, મધમાખ (૪)
૨૨. બાકી રહેલું, પ્રસાદ (૨)
૨૪. ફાયદો, કમાણી, લાભ, પ્રોફિટ (૨)
૨૬. રમૂજી, હાસ્યજનક (ઈ) (૩)
૨૭. હાથ, વેરો, જકાત, સૂંઢ (૨)
૨૯. માછલી જેવી સુંદર આંખવાળી સ્ત્રી (૩)
૩૦. મશ્કરી ખાતર કોઈની નકલ કરવી, હાવભાવ, નખરા, અંગચેષ્ટા (૨)
૩૨. પક્ષીઓનો કલરવ, ગુંજારવ, કલબલ (૪)
૩૩. પુરાતનકાળની બાબત (૪)
૩૪. ભગવાનની સ્તુતિ (૩)
૩૫. વિષ્ણુના પ્રતીક તરીકે પૂજાનો કાળો લીસ્સો ગોળ પથ્થર (૪)
૩૬. સાહસ કરનારું (૪)
૩૯. જંગલ, અરણ્ય (૨)
૪૨. સાર, રહસ્ય (૨)
૪૩. વજનનો નાનો એકમ (૨)
૪૪. ખેડૂતનો સાથી (૨)

*બે વસ્તુ જીવનમાં સફળતા નક્કી કરે છે*

*(૧) જ્યારે કશું નથી ત્યારે તમારું મેનેજમેન્ટ અને*

*(૨) જ્યારે બધું જ છે ત્યારે તમારું વર્તન.*

## NanoNine® શબ્દ રમત-૧૪૬નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સ | હ | ન | શી | લ | તા | ■ | અ | ટ | ક | ળ | ■ |
| વા | ડ | વ | ■ | હો | ■ | ભી | મ | ■ | રા | ■ | આ |
| લ | ક | ■ | ■ | ■ | કો | લ | ર | ■ | ર | મ | ત |
| જ | વા | બ | દા | ર | ■ | ■ | ■ | પો | ■ | જા | મ |
| વા | ■ | દા | ન | વ | ■ | સં | ઘ | ■ | આ | ■ | ■ |
| બ | લ | મ | ■ | ■ | સ | ગ | ડી | ■ | ભ | જ | ન |
| ■ | જા | ■ | આ | સા | ન | ■ | ક | મ | ■ | ન | ■ |
| હ | મ | સ | ફ | ર | ■ | રા | ■ | હિ | ક | મ | ત |
| રા | ણી | ■ | ત | વા | ઇ | ■ | મુ | લા | કા | ત | ■ |
| મ | ■ | દુ | ■ | ર | જા | ચિ | ઠ્ઠી | ■ | વા | ■ | પા |
| ખો | દ | કા | મ | ■ | રો | ■ | ભ | મ | રી | ■ | વ |
| ર | ■ | ન | ગ | ર | ■ | ચો | ર | ■ | ■ | શા | ન |

*માસ ઓક્ટોબર-૨૦૧૮ના અંકમાં છપાયેલ નેનો શબ્દ રમત-૧૪૫ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. સરલા શાહ - અમદાવાદ
૨. ઈન્દુબેન પટેલ - અમદાવાદ
૩. ચંદુભાઈ કુબડિયા - અમદાવાદ
૪. રંજન શાહ - અમદાવાદ
૫. અરવિંદ ભટ્ટ - અમદાવાદ
૬. કુસુમ ત્રેવાડિયા - અમદાવાદ
૭. તૃપ્તિ સાવલા - અમદાવાદ
૮. દમયંતી દંડ - અમદાવાદ
૯. પ્રિયંકા શાહ - અમદાવાદ
૧૦. મીત મહેતા - અમદાવાદ
૧૧. સ્મિતા શાહ - અમદાવાદ
૧૨. વર્ષા પારેખ - અમદાવાદ
૧૩. નવલ શાહ - અમદાવાદ
૧૪. જ્યોતિ શાહ - અમદાવાદ
૧૫. સ્વાતિ ગાલા - અમદાવાદ
૧૬. ડૉ. અતુલ ધરોડ - અમદાવાદ
૧૭. લક્ષ્મી ખત્રી - અમદાવાદ
૧૮. રશ્મિ મોમાયા - અમદાવાદ
૧૯. જયંતીલાલ શાહ - અમદાવાદ
૨૦. આનલ શાહ - અમદાવાદ
૨૧. ભારતી દોશી - અમદાવાદ
૨૨. નરેન્દ્ર કોઠારી - અમદાવાદ
૨૩. જયેશ મહેતા - અમદાવાદ
૨૪. અલ્કા શાહ - અમદાવાદ
૨૫. હર્ષ પરીખ - અમદાવાદ
૨૬. મહેન્દ્ર શાહ - અમદાવાદ
૨૭. જયંતીલાલ મહેતા - અમદાવાદ
૨૮. મૂકેશ મૈશેરી - અમદાવાદ
૨૯. પ્રભાબેન શેઠિયા - વલસાડ
૩૦. યશ પારેખ - સિકંદ્રાબાદ
૩૧. ભવ્ય મહેતા - સુરત
૩૨. સરોજ ચંદુરા - સુરત
૩૩. નિર્મલા વોરા - ભુજ
૩૪. કંચનબેન મોરબિયા - ભુજ
૩૫. હસમુખ દેઢિયા - અડાલજ
૩૬. તારાચંદ મહેતા - ગાંધીધામ
૩૭. સાવિત્રી જેસરાણી - મુંબઈ
૩૮. ઉષા સંઘવી - રાઉરકેલા
૩૯. ધારા ગડા - અંકલેશ્વર
૪૦. હરખચંદ ગડા - અંકલેશ્વર
૪૧. ગીતા મહેતા - અમદાવાદ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલનારાઓમાંથી લક્કી ડ્રો કરતાં, ત્રણ વિજેતાઓનાં નામ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ નંબર : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

(૧) પ્રિયંકા શાહ – અમદાવાદ
(૨) નરેન્દ્ર કોઠારી – અમદાવાદ
(૩) જયંતીલાલ શાહ – અમદાવાદ

## NanoNine *Sudoku*

*ઓક્ટોબર-૨૦૧૮ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૦૨ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ*

૧. જયસુખ સંઘવી - અમદાવાદ
૨. વિનય સંઘવી - અમદાવાદ
૩. રેખા સંઘવી - અમદાવાદ
૪. ચંદુભાઈ કુબડિયા - અમદાવાદ
૫. કુણાલ ત્રેવાડિયા - અમદાવાદ
૬. અરવિંદ ભટ્ટ - અમદાવાદ
૭. અવંતી દંડ - અમદાવાદ
૮. પ્રિયંકા શાહ - અમદાવાદ
૯. સરલા શાહ - અમદાવાદ
૧૦. ખુશ્બૂ ધુલ્લા - અમદાવાદ
૧૧. ચંદ્રા શાહ - અમદાવાદ
૧૨. ઉષ્મા શાહ - અમદાવાદ
૧૩. શાંતિલાલ શાહ - અમદાવાદ
૧૪. અલ્કા શાહ - અમદાવાદ
૧૫. જ્યોતિ શાહ - અમદાવાદ
૧૬. ડૉ. અતુલ ધરોડ - અમદાવાદ
૧૭. આનલ શાહ - અમદાવાદ
૧૮. ગીતા મહેતા - અમદાવાદ
૧૯. જયેશ મહેતા - અમદાવાદ
૨૦. નિહાર મહેતા - અમદાવાદ
૨૧. હર્ષ પરીખ - અમદાવાદ
૨૨. મહેન્દ્ર શાહ - અમદાવાદ
૨૩. જયંતીલાલ મહેતા - અમદાવાદ
૨૪. પ્રભાબેન શેઠિયા - વલસાડ
૨૫. હર્ષ પારેખ - સિકંદ્રાબાદ
૨૬. ભવ્ય મહેતા - સુરત
૨૭. હેમલતા દેઢિયા - અડાલજ
૨૮. ચંદ્રિકા શાહ - રાઉરકેલા
૨૯. તારાચંદ મહેતા - ગાંધીધામ
૩૦. ઉષા સંઘવી - રાઉરકેલા
૩૧. સરોજ ચંદુરા - સુરત

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રો અનુસાર દસ વિજેતાઓ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ નંબર : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯થી ૧૨, સાંજે ૪ થી ૫) ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી.*

**વિજેતાઓ :**

(૧) કુણાલ ત્રેવાડિયા – અમદાવાદ
(૨) ભવ્ય મહેતા – સુરત
(૩) શાંતિલાલ શાહ – અમદાવાદ

## NanoNine® Sudoku

**ઓક્ટોબર-૨૦૧૮ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૦૨ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ તથા વિજેતાઓના નામ માટે**

**જુઓ : પાના નંબર-૫૮**

*પ્રેરણા પાછળ પરસેવાનું પાણી ન વરસે, તો એ પ્રેરણા થોડા વખતમાં જ રણ જેવી બની જાય છે. જેને કંઈ કરી બતાવવું છે, પ્રકાશવું છે, ખીલી ઊઠવું છે અને આગળ વધવું છે એને કદી પણ પ્રતિકૂળ સંજોગોની શરમ લાગતી નથી. વિજય મળે કે પરાજય એની પરવા કર્યા વિના એ પોતાની પ્રચંડ શક્તિ કામે લગાડી દે છે. ઈતિહાસને પાને નોંધાયેલા એવા કયા મહાપુરુષોના માર્ગ ઉપર ગુલાબના મુલાયમ બગીચાઓ બિછાવ્યા હતા, એ કોઈ કહેશો? ભગવાન બુદ્ધ જ્યારે ગૃહત્યાગ કરીને મધરાતે નીકળી પડ્યા, ત્યારે તેમણે વિચાર પણ નહોતો કર્યો કે બહાર ચાંદનીનું અપૂર્વ તેજ પથરાયેલું હોય તો સારું. જિસસ ક્રાઈસ્ટ, મહમ્મદ પયગંબર કે મહાવીર પ્રભુ માટે, શરૂઆતમાં કોણ કહે છે કે અનુકૂળ સંજોગો હતા?*

## NanoNine® Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

*સુડોકુ ક્રમાંક-૧૧૦૪ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૧-૧૨-૨૦૧૮સુધીમાં મોકલી આપવા વિનંતી. તદ્દન ખરા જવાબો મોકલનારનાં નામ ફેબ્રુઆરી-૨૦૧૯ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.*

સુડોકુ ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મોબાઈલ : ______________________

### ક્રમાંક - ૧૧૦૪

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | | | 1 | 2 | | | 4 | |
| | | | | | 3 | 5 | 7 | |
| | 5 | 2 | | 4 | | | | |
| | | | 9 | 1 | | 6 | | |
| | | 9 | | | | 3 | | |
| | | 7 | | 5 | 6 | | | |
| | | | | 7 | | 8 | 5 | |
| | 2 | 1 | 5 | | | | | |
| | 9 | | | 3 | 8 | | | 4 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | 5 | 9 | | 2 | | |
| 7 | | | | | | | 9 | |
| 3 | | 6 | | 7 | | | | 4 |
| | | | | | | 1 | 4 | |
| 1 | | 7 | 9 | | 4 | 5 | | 2 |
| | 6 | 4 | | | | | | |
| 4 | | | | 2 | | 6 | | 5 |
| | 8 | | | | | | | 3 |
| | | 5 | | 6 | 8 | | | |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | | 4 | 7 | | 2 | | | |
| | | 2 | 6 | | | | 1 | |
| | | | 4 | 9 | | | 2 | 6 |
| 2 | | | | | | 6 | 5 | |
| 3 | | 1 | | | | 4 | | 9 |
| | 5 | 6 | | | | | | 3 |
| 6 | 2 | | | 8 | 9 | | | |
| | 8 | | | | 5 | 1 | | |
| | | | 2 | | 4 | 9 | | 8 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 8 | | 7 | | | 1 | |
| | 7 | 9 | | 6 | | | | 4 |
| | | | 8 | | | 7 | 3 | |
| 5 | 8 | | 3 | | 1 | | | |
| | | | | | | | | |
| | | | 5 | | 6 | | 2 | 8 |
| | 1 | 2 | | | 9 | | | |
| 8 | | | | 3 | | 4 | 5 | |
| | 5 | | | 4 | | | 9 | |

### ઉકેલ : ક્રમાંક - ૧૧૦૩

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 6 | 1 | 9 | 5 | 4 | 7 | 2 | 8 |
| 4 | 5 | 2 | 3 | 7 | 8 | 9 | 6 | 1 |
| 9 | 7 | 8 | 6 | 2 | 1 | 4 | 5 | 3 |
| 2 | 8 | 6 | 5 | 1 | 9 | 3 | 4 | 7 |
| 5 | 9 | 7 | 4 | 3 | 6 | 1 | 8 | 2 |
| 1 | 4 | 3 | 2 | 8 | 7 | 5 | 9 | 6 |
| 8 | 2 | 5 | 1 | 9 | 3 | 6 | 7 | 4 |
| 6 | 1 | 9 | 7 | 4 | 2 | 8 | 3 | 5 |
| 7 | 3 | 4 | 8 | 6 | 5 | 2 | 1 | 9 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 6 | 8 | 2 | 7 | 1 | 5 | 9 | 3 |
| 2 | 3 | 7 | 5 | 6 | 9 | 4 | 1 | 8 |
| 1 | 5 | 9 | 3 | 8 | 4 | 2 | 7 | 6 |
| 6 | 4 | 5 | 1 | 2 | 3 | 7 | 8 | 9 |
| 7 | 1 | 3 | 9 | 4 | 8 | 6 | 5 | 2 |
| 9 | 8 | 2 | 6 | 5 | 7 | 3 | 4 | 1 |
| 3 | 7 | 4 | 8 | 1 | 6 | 9 | 2 | 5 |
| 5 | 9 | 1 | 4 | 3 | 2 | 8 | 6 | 7 |
| 8 | 2 | 6 | 7 | 9 | 5 | 1 | 3 | 4 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 7 | 4 | 5 | 3 | 1 | 9 | 6 | 8 | 2 |
| 6 | 9 | 8 | 4 | 2 | 7 | 5 | 3 | 1 |
| 3 | 2 | 1 | 6 | 8 | 5 | 9 | 4 | 7 |
| 2 | 1 | 6 | 5 | 3 | 4 | 7 | 9 | 8 |
| 9 | 8 | 4 | 2 | 7 | 1 | 3 | 6 | 5 |
| 5 | 7 | 3 | 8 | 9 | 6 | 1 | 2 | 4 |
| 4 | 5 | 7 | 9 | 6 | 2 | 8 | 1 | 3 |
| 1 | 3 | 9 | 7 | 4 | 8 | 2 | 5 | 6 |
| 8 | 6 | 2 | 1 | 5 | 3 | 4 | 7 | 9 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | 9 | 1 | 6 | 8 | 3 | 7 | 4 | 2 |
| 6 | 7 | 8 | 4 | 9 | 2 | 1 | 5 | 3 |
| 3 | 2 | 4 | 5 | 7 | 1 | 9 | 8 | 6 |
| 7 | 1 | 5 | 2 | 4 | 8 | 6 | 3 | 9 |
| 8 | 6 | 3 | 1 | 5 | 9 | 4 | 2 | 7 |
| 9 | 4 | 2 | 3 | 6 | 7 | 5 | 1 | 8 |
| 1 | 8 | 6 | 7 | 2 | 5 | 3 | 9 | 4 |
| 2 | 5 | 7 | 9 | 3 | 4 | 8 | 6 | 1 |
| 4 | 3 | 9 | 8 | 1 | 6 | 2 | 7 | 5 |

# જાણવા જેવું

*સંકલન : રજનીકાંત પારેખ*

***આ અંક આપના હાથમાં આવશે ત્યારે શિયાળાની ગુલાબી ઠંડી શરૂ થઈ ગઈ હશે.***

## શિયાળામાં બાજરી ખાવાના આ છે ફાયદા

બાજરી એટલે શિયાળા દરમિયાન ખાવાલાયક અત્યંત આરોગ્યવર્ધક ખોરાક. શિયાળો આવતા જ આપણા ખાવાના વ્યંજનોમાં પણ ફેરફાર આવી જાય છે. આપણે શરીરની અંદરની ગરમી કાયમ રાખવા માટે જુદા જુદા પ્રકારના ભોજન કરીએ છીએ.

મોટાભાગના ઘરોમાં ઘઉંની રોટલી બને છે પણ મકાઈ, જુવાર, બાજરી પણ પૌષ્ટિક અનાજ છે. તેમાં બાજરી એક સારો સ્વાદિષ્ટ અને શિયાળાના દિવસોમાં ખાવાલાયક અનાજ છે. બાજરીમાં બધા ગુણો છે જે આપણા આરોગ્યને સ્વસ્થ બનાવે છે. ગ્રામીણ વિસ્તારોમાં મોટાભાગના શિયાળા દરમિયાન લોકો રોટલા, લાડુ અને પાક બનાવીને આરોગે છે. બાજરીના ફાયદા વિશે જાણીને તમને નવાઈ લાગશે.

બાજરીમાં આવશ્યક ઘટકો છે : (૧) મેગ્નેશિયમ, (૨) કેલ્શિયમ, (૩) મેંગેનીઝ, (૪) ટ્રીપ્ટોફોન, (૫) ફોસ્ફરસ, (૬) ફાઈબર, (૭) વિટામિન બી, (૮) એન્ટી ઓક્સિડન્ટ.

૧. બાજરી કેલ્શિયમથી ભરપૂર હોય છે અને તેના સેવનથી શિયાળામાં થનારી સાંધાની સમસ્યાથી છુટકારો મળે છે.

૨. બાજરી ખૂબ ભારે હોય છે. જેથી તેની ભાખરી ખાવાથી લાંબા સમય સુધી ભૂખ લાગતી નથી. તેમાં ટ્રાયપ્ટોફેન એમિનો એસિડ જોવા મળે છે. જેનાથી પેટ ભરેલું લાગે છે.

૩. વધતું વજન આજકાલ દરેકની સમસ્યા છે. આવા લોકો માટે બાજરી એક વરદાન સાબિત થાય છે. શિયાળામાં ભૂખ વધુ લાગે છે અને તેનાથી વજન વધી જાય છે. **જો તમે વજન ઓછું કરવા પ્રયત્નો કરી રહ્યા છો, તો પછી બાજરીનો ખોરાક તમને લાભદાયી રહેશે.** વાસ્તવમાં બાજરી ખાવાથી લાંબા સમય સુધી ભૂખ નથી લાગતી. બાજરીની રોટલી ખાવાથી વજન ખૂબ કંટ્રોલમાં આવી જાય છે.

૪. પાચનક્રિયા માટે બાજરીમાં ફાઈબર અને ડાયેટ્રી ફાઇબર ભરપુર માત્રામાં હોય છે. જે પાચનક્રિયાને યોગ્ય બનાવવામાં આવશ્યક છે. જેનાથી કોલેસ્ટેરોલનું સ્તર ઓછું થાય છે અને હાર્ટની બીમારીનું સંકટ રહેતું નથી.

૫. ગર્ભવતી સ્ત્રીઓએ કેલ્શિયમની ગોળી ખાવાને બદલે રોજ બાજરીની બે રોટલી ખાવી જોઈએ. ગર્ભવતી સ્ત્રીઓને બાજરીનો રોટલો અથવા ખીચડી આપવામાં આવે તો સંતાન તંદુરસ્ત જન્મે છે અને બાળકને રોગ નથી થતા. બાજરી ખાતી સ્ત્રીઓને પ્રસુતિમાં થતી અસામાન્ય પીડામાં પણ રાહત મળે છે.

૬. બાજરીમાં આયરન પણ એટલું અધિક હોય છે કે લોહીની કમીથી થનારા રોગ પણ થતા નથી. ઘણા અભ્યાસોથી જાણવામાં આવ્યું છે કે બાજરી કેન્સરને મટાડવામાં અત્યંત આવશ્યક છે. બાજરીનો નિયમિત વપરાશ કરવાથી ડાયાબિટીસનું જોખમ પણ ઓછું થાય છે. ડાયાબિટીસના દર્દીઓને નિયમિત આહારમાં બાજરી લેવાની સલાહ આપવામાં આવે છે.

૭. લીવરની સુરક્ષા માટે પણ આનું સેવન લાભકારી છે.

૮. બાજરી કોલેસ્ટેરોલ લેવલ ઘટાડે છે. હૃદય સંબંધિત રોગોનું જોખમ ઘટાડે છે. આ ઉપરાંત, મેગ્નેશિયમ અને પોટેશિયમનો સારો સ્રોત પણ છે જે બ્લડ પ્રેશરને અંકુશમાં રાખવામાં ઉપયોગી છે. અસ્થમા જેવી બીમારીઓ માટે પણ આ ખૂબ લાભકારી છે.

## ૧૦ રૂ.ની નોટ રીલેટેડ પ્રશ્નોના જવાબો

(૧) ૬, (૨) મહાત્મા ગાંધીજી, (૩) ૨૦, (૪) હા, (૫) ૩, (૬) ૧૭, (૭) ભારતીય રિઝર્વ બેંક, (૮) ગવર્નર, (૯) ૩, (૧૦) કેન્દ્રીય સરકાર, (૧૧) વાઘ, હાથી, ગેંડો (૧૨) ૨, (૧૩) ૨, (૧૪) ૪૨૫૬૪૬, (૧૫) ૬, (૧૬) રઘુરામ જી. રાજન, (૧૭) ૨૦૧૫, (૧૮) ૫, (૧૯) ભારતનું રાષ્ટ્રીય પ્રતીક : ૩ સિંહની મુદ્રાઓનું, (૨૦) ભારતીય રિઝર્વ બેંકનો લોગો, (૨૧) સિંહ અને નાળિયેરનું ઝાડ, (૨૨) ૨, (૨૩) હિંદી અને અંગ્રેજીમાં.

તીર્થ પટ
હરીભાઈ ભીખાભાઈ પેઈન્ટર
જૈન ધર્મના કેન્વાસ પેઈન્ટીંગ, તીર્થપટ, માર્બલ કાર્વિંગ તીર્થપટ - તીર્થ રચના બનાવનાર
★ તળાવ એરીયા, પ્રાઈમરી સ્કુલ સામે, પાલીતાણા-૩૬૪ ૨૭૦. ★ ૧૩, બાલમંદિર શોપીંગ સેન્ટર, તળેટી રોડ, પાલીતાણા.
Tel. : (02848) 252454 • Mo. 94262 46176, 99240 36761



સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ

**★ મુંદ્રા, કંડલા, માંડવીમાં રાષ્ટ્રીય રોજગારી ઝોન :** કેન્દ્રિય શિપિંગ મંત્રાલયે ગુજરાતમાં દસ નવા રાષ્ટ્રીય રોજગાર ઝોન સ્થાપવાની દરખાસ્તમાં કચ્છ જિલ્લામાં માંડવી, મુંદ્રા અને કંડલામાં નવી મંજૂરી દ્વારા આ રોજગાર ઝોનમાં આંતરરાષ્ટ્રીય કક્ષાની સુવિધાઓ ઉપલબ્ધ થશે. સરકાર દ્વારા ઝોનમાં રોકાણ દ્વારા કેમિકલ, પેટ્રોકેમિકલ્સ, ફર્નિચર, ટેક્ષટાઇલ, સિમેન્ટ, શિપ બિલ્ડિંગ, સિરામિક અને એન્જિનિયરીંગ જેવા ક્ષેત્રોને વિકસાવવામાં આવશે અને તેના કારણે મોટા પ્રમાણમાં રોજગારીની તકો ઊભી થશે.

**★ કચ્છી તબીબ દ્વારા અમદાવાદમાં હાર્ટ હોસ્પિટલ :** મૂળ ફતેહગઢ - કચ્છના અને અમદાવાદની યુ.એન. મહેતા (સિવિલ) હોસ્પિટલના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. ધવલભાઈ દોશી (સી.ડી.એમ. કાર્ડિયોલોજિસ્ટ)ની હૃદયરોગને લગતી હોસ્પિટલ "હોલીસ્ટીક હાર્ટ કેર સેન્ટર"નું ઉદ્‌ઘાટન અમદાવાદમાં પાલડીના જલારામ મંદિર ક્રોસિંગ પાસે દેશના વિખ્યાત કાર્ડિયોલોજિસ્ટ ડૉ. રમેશભાઈ કાપડિયાના હસ્તે તાજેતરમાં કરાયું હતું.

**★ દુકાળનું વરવું સ્વરુપ :** કચ્છમાં દુષ્કાળને લીધે ખેડૂતો, માલધારીઓના ચહેરા પર રોનકનું નૂર દેખાતું નથી. ઉદાસ ચહેરે પશુધનના ખોરાક માટે વલખી રહ્યા છે. જુવાર, ઠાલિયા, મગફળીનો ચારો વગેરે ચારાના ભાવ આસમાને છે. હાલમાં માંડવીની કાંઠાળ પટ્ટીના માલધારીઓ કપાસની સાંઠી કે ખારેકના પાંદડા (ડૂડા) ખવડાવીને પશુધનનું જીવન બચાવવા ઝઝુમી રહ્યા છે. જયાં પણ ખારેકના પાંદડાના સમાચાર મળતાં માલધારી તે મેળવવા પહોંચી જાય છે અને તેને હથોડી વડે કૂટીને પશુને ખાવાલાયક બનાવે છે. તેમને ચિંતા છે કે આખું વરસ કેમ નીકળશે?

**★ ગાંધીધામનું નામ પહેલા 'સરદાર ગંજ' હતું :** ભારત-પાકિસ્તાનના ભાગલા પડ્યા બાદ સરદાર વલ્લભભાઈ પટેલ અને ગાંધીજીના કહેવાથી કચ્છના મહારાવે કચ્છના આર્થિક પાટનગર માટે જમીન આપી ત્યારે ગાંધીજીએ કહ્યું હતું કે આ નવા શહેરનું નામ 'સરદાર ગંજ' રાખજો. પરંતુ ૩૦ જાન્યુઆરી, ૧૯૫૦ના દિવસે ગાંધીજીની ગોળી મારીને હત્યા કરાઈ. કચ્છના મહારાવ તથા ગાંધીધામના સ્વપ્નદ્દષ્ટા ભાઈ પ્રતાપ ત્યાં પહોંચ્યા ત્યારે સરદાર વલ્લભભાઈ પટેલે કહ્યું કે શહેરનું નામ ગાંધીજીના નામે રાખજો. આમ શહેરનું નામકરણ ગાંધીધામ થયું.

**★ કચ્છમાં બાગાયત પાકનું ભવિષ્ય ઉજળું :** માંડવી તાલુકાના દુર્ગાપુર ખાતે પ્રોજેક્ટ ડાયરેક્ટર એગ્રિકલ્ચરલ ટેકનોલોજી મેનેજમેન્ટ એજન્સી (આત્મા) કચ્છ કચેરી દ્વારા જિલ્લામાં તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં સંસ્થાના ડાયરેક્ટર તથા સિનિયર વૈજ્ઞાનિકોએ માહિતી આપતા જણાવેલ કે હાલની પરિસ્થિતિ મુજબ પાણીની ગુણવત્તા દિન-પ્રતિદિન ખરાબ થતી જાય છે. કપાસ, દીવેલ, મગફળી તેમજ અન્ય ધાન્ય અને કઠોળ પાકોનું વધુ ક્ષારવાળા પાણીના કારણે ઉત્પાદન ઘટતું જાય છે. આવી પરિસ્થિતિમાં કચ્છ જિલ્લા માટે દાડમ અને ખારેક જેવા બાગાયતી પાકોનું ભવિષ્ય ખૂબ જ ઉજળું છે.

**★ ગિનીસ અને લીમ્કા બુકમાં કચ્છી યુવતીને સ્થાન :** કચ્છના સાભરાઈ ગામના જૈન સમાજના આરતી સૈયાએ દિલ્હીમાં આયોજિત મેરેથોન મુશાયરામાં સતત ૧૦૧.૨૧ કલાક વિશ્વવિક્રમી મુશાયરામાં પઠન કરીને ગિનીસ તથા લીમ્કા બુકમાં સ્થાન પામેલ છે. અત્યાર સુધી આ વિશ્વવિક્રમ પાકિસ્તાનનો હતો, જે આરતી સૈયાએ તોડ્યો છે.

**★ પધારો મ્હારે કચ્છ :** દિવાળી વેકેશનમાં મહાનાયક અમિતાભ બચ્ચનના પ્રવાસ ખાતાના સ્લોગનને સાર્થક કરવા દેશભરમાંથી સહેલાણીઓ કચ્છના ધોરડોના સફેદ રણનો નઝારો માણવા, મા આશાપુરાના ચરણે શિશ ઝુકાવવા, નારાયણ સરોવરમાં ડૂબકી લગાવી જીવતર ઉજાળવા, માંડવીના બીચની સહેલ કરવા, કચ્છના શહેરોમાં ખરીદીનો લુફ્ત ઉઠાવવા, સહેલાણીઓના ધોડાપુર ઉમટ્યા છે. રણના ભુંગાઓ, આજુબાજુમાં આવેલ આશ્રય સ્થાનો, શહેરોની હોટલો, ગેસ્ટ હાઉસો, ધર્મશાળાઓ તેમજ પ્રાઈવેટ મકાનોના મોં માગ્યા દામો આપીને પણ પ્રવાસીઓ ઉભરાયા છે. હસ્તકલાના 'હબ' ભુજોડીમાં પણ ધૂમ ઘરાકી આ માહોલમાં નીકળી છે. ભુજ મ્યુઝિયમ જોવા પણ ધસારો થયો છે.

**★ ગૌસેવા માટે ફાળો :** રતનાલ - કચ્છમાં ગુરૂકૃપા ફાર્મ હાઉસ ખાતે રાજયના સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગોના કલ્યાણમંત્રી વાસણભાઈ આહીર દ્વારા યોજાયેલ નૂતન વર્ષના સ્નેહ મિલનમાં લોક ડાયરા દ્વારા રૂા. ૫૧ લાખ જેવી માતબર

રકમ કચ્છની દુષ્કાળ પરિસ્થિતિના કારણે ગૌસેવા માટે એકઠી કરવામાં આવી હતી.

★ **કેન્દ્રિય કાપડ મંત્રી દ્વારા નીરોણા ગામને એક કરોડ ફાળવાયા** : કેન્દ્રીય કાપડમંત્રી સ્મૃતિ ઇરાની દ્વારા તેમના દત્તક ગામ નીરોણાને ગામ યોજના અંતર્ગત ગામના ફેઝ-૩ના વિકાસ કાર્ય માટે રૂા. ૧ કરોડની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી છે.

★ **રાજસ્થાન પ્રેરણા પ્રવાસમાં કચ્છના ૫૦ વિદ્યાર્થી જોડાશે** : રાષ્ટ્રીય આવિષ્કાર અભિયાન અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા કચ્છની રાષ્ટ્રીય પ્રાથમિક શિક્ષા અભિયાન હેઠળની માધ્યમિક શાળાઓ, મોડલ સ્કૂલના ધોરણ-૯ અને ધોરણ-૧૦માં અભ્યાસ કરતા અને ગણિત અને વિજ્ઞાન વિષયમાં સારા ગુણ પ્રાપ્ત કરેલા તથા વિજ્ઞાનના લગતી પ્રવૃત્તિઓમાં રસ ધરાવનાર ૫૦-૫૦ વિદ્યાર્થીઓની રાજસ્થાન પ્રેરણા પ્રવાસમાં પસંદગી કરવામાં આવી છે.

★ **ભુજની ખાસિયત - ૯૫મી ગામગઢ યાત્રા** : ભુજની અમુક ખાસિયતો છે અને અમુક વિશેષતાઓ પણ છે. દર વર્ષે કારતક મહિનાની અક્ષય નોમના ગામગઢ યાત્રાની પ્રથા એક અનેરી વિશેષતામાં આવે છે. જે આજે પણ આશરે ૯૫ વર્ષથી યોજાય છે. જેમાં ગ્રામજનો શહેરના પાંચ નાકા અને છઠ્ઠી બારીમાં આવેલા મંદિરોમાં દર્શન કર્યા બાદ દીવા પ્રગટાવી રાસ રમતા રમતા હોય છે.

★ **ગૌસેવા અર્થે સંતવાણી દ્વારા રૂા. ૧૪.૩૦ લાખ એકત્ર** : જવાહર નગરમાં ગૌસેવા અર્થે યોજાયેલી સંતવાણીમાં અંદાજિત ૨૪૦ ગાયોની સેવા અર્થે રૂા. ૧૪.૩૦ લાખની રકમ એકત્રિત કરવામાં આવી હતી. અગાઉ છ વર્ષ પહેલાં ગૌશાળાની સંતવાણીમાં સવા કરોડ રૂપિયા એકત્ર થયા હતા.

★ **જોડિયા ડીસેલિનેશન પ્લાન્ટ સાથે કચ્છની અપેક્ષા** : કચ્છ માટે ડીસેલિનેશન પ્લાન્ટ સ્થાપવાની જાહેરાત ૧૨-૧૩ વર્ષ પહેલાં થઈ હતી. કચ્છના ઉદ્યોગોના સંગઠન 'ફોકિયા'એ આ યોજના સાકાર કરવા ઘણો વ્યાયામ કર્યો છે. ગાંધીનગરથી ત્રણ વખત ટેન્ડર બહાર પડી ચૂક્યા. પરંતુ પરિસ્થિતિ ઠેરની ઠેર જ છે. કચ્છની નબળી રાજકીય તાકાત તથા ઇચ્છા શક્તિનો આમાં પડઘો પડે છે. કચ્છ આ વખતે ત્રણ દાયકાના દારુણ દુષ્કાળનો સામનો કરી રહ્યું છે. આ સૂકા પ્રદેશમાં એક પણ જીવંત નદી નહીં હોવાથી પેયજળ માટે નર્મદાની પાઈપ લાઈન અને ભૂગર્ભજળ મુખ્ય આધાર છે. ૨૦૦૧ના ભૂકંપ બાદ કચ્છમાં સ્થપાયેલ ઉદ્યોગો માટે પાણીની જરૂરિયાત સંતોષવા માટે પણ વોટર ડીસેલિનેશન પ્લાન્ટ વેળાસર સ્થપાય તે અગત્યનું છે. આશા રાખીએ કે કચ્છની પીવાના પાણીની અને ઉદ્યોગો માટેના પાણીની માંગ આ પ્લાન્ટ થકી જલ્દીથી સંતોષાય.

★ **૪-જીની ગુજરાતમાં સૌપ્રથમ સુવિધા કચ્છને** : ભારતીય સંચાર નિગમ દ્વારા સમગ્ર ગુજરાતમાં પ્રથમ વખત ૪-જી સેવાનો તાત્કાલિક ધોરણે ગાંધીધામ, ભચાઉ અને અંજારના ગ્રાહકો માટે શરૂ કરવામાં આવશે એવું એક યાદીમાં જણાવ્યું છે. આના માટે ૪૫ ટાવરો અપગ્રેડ કરાયા છે. આ ઉપરાંત અન્ય ટાવરો જાન્યુઆરી મહિના સુધી નવી ટેકનોલોજીથી સજ્જ બનાવવામાં આવશે.

★ **કચ્છ રંગ પાડે છે — દુષ્કાળને નાથવા** : કાળમુખા દુકાળને કચ્છે કદી નોતરું દીધું નથી પણ એ વણનોતર્યો મહેમાન હંમેશાં ધાડપાડુની જેમ આવીને કચ્છની સુખ-સમૃધ્ધિ, શાંતિ, ઐશ્વર્ય નિષ્ઠા હણવાનો પ્રયાસ કરે છે અને કચ્છી માડુ એને દાતારીના જોરે બરાબરની થપ્પડ મારે છે. આ અંગે કાંડાગરામાં છેડા ભાવિકોએ અંબા માતાજીના કાર્યક્રમમાં જીવદયામાં રૂપિયા ૫૫ લાખ એકત્ર કર્યા. બીજી બાજુ ભુજમાં ગાયોના લાભાર્થે બાપા દયાળુ ગ્રુપ અને યુવક મંડળના ઉપક્રમે યોજાયેલ સંતવાણીમાં રૂા. ૯.૪૨ લાખ એકત્ર થયા હતા. તે ઉપરાંત મુંબઈમાં જગાજી ગ્રુપે બાલાસર (રાપર)ની ગાયો માટે એક કલાકમાં રૂા. ૧૨ લાખનું ભંડોળ એકઠું કર્યું હતું.

★ **ગુજરાતના મુખ્ય પ્રધાનની કચ્છ મુલાકાત** : ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ તા. ૧૯-૧૧-૨૦૧૮ના રોજ લીધેલ કચ્છની મુલાકાત વખતે તા. ૧૫મી ડિસેમ્બરની આસપાસ ઢોરવાડા શરૂ કરવાનો ભરોસો આપ્યો હતો તેમજ નિર્ધારીત ડીસેલિનેશન પ્લાન્ટ દ્વારા દરિયાના પાણીને મીઠું બનાવીને કચ્છમાં પાણીની અછત ભૂતકાળ બની જશે. ગૌશાળાઓ માટે પંજાબથી ઘઉંના પરાળનો જથ્થો મંગાવીને ગાયોને ખવડાવવામાં આવે છે. તેમ તેમણે વધુમાં જણાવ્યું હતું. રાજ્યમંત્રી વાસણભાઈ આહીરના નેજા હેઠળ એક સમિતિ પંજાબ જઈ ઘઉંના પરાળનો વધુ જથ્થો પ્રાપ્ત કરવા તેમજ તેને મેળવવાની માહિતીનો અભ્યાસ કરવા પંજાબ જવા રવાના થશે.

★ **માલધારીઓની ચોપા સાથે હિજરત** : કચ્છમાં અછતની તીવ્રતાના કારણે તથા ત્યાં જરૂરી પ્રમાણમાં ઘાસ ઉપલબ્ધ ન થતાં અબડાસા, લખપત જેવા તાલુકાઓના માલધારીઓએ પોતાના પશુધન સાથે ગુજરાતના જુનાગઢ, પોરબંદર જેવા વિસ્તારોમાં પડાવ નાખ્યો છે.

*મો. ૯૪૨૬૫ ૭૭૬૭૮*

# વયસ્ક સમિતિ

**તા. ૨૭-૧૦-૨૦૧૮ના રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે યોજાયેલ કાર્યક્રમની તસવીરી ઝલક**



*શ્રી જિતેન્દ્ર ચંદુલાલ શાહનું બહુમાન. (ડાબેથી) શ્રી આણંદજીભાઈ વીરા, સંસ્થાના ઉપપ્રમુખ શ્રી મનુભાઈ શાહ, શ્રી જિતેન્દ્ર ચંદુલાલ શાહ, સમિતિના કન્વીનર શ્રી રજનીકાંત પારેખ તથા શ્રી મગનલાલભાઈ સંઘવી*



*શ્રીમતી કોકીલાબેન ભોગીલાલ પ્રેમચંદ શાહનું બહુમાન કરતા શ્રીમતી મીનાક્ષીબેન પારેખ, શ્રીમતી દમયંતીબેન દંડ અને શ્રીમતી લક્ષ્મીબેન વીરા.*



*શ્રીમતી તરૂબેન નરેન્દ્રભાઈ શાહનું બહુમાન કરતા શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ સાવલા*



*શ્રીમતી હંસાબેન રમેશભાઈ સાવલાનું બહુમાન કરતા શ્રીમતી તરૂબેન નરેન્દ્રભાઈ શાહ*

## નાઇટ્રોજન ચક્ર

પૃથ્વી પરના વાતાવરણમાં ઓક્સિજન, કાર્બન ડાયોક્સાઇડ, નાઇટ્રોજન સહિત ઘણા બધા વાયુ હોય છે. તેમાં સૌથી વધુ ૮૦ ટકા નાઇટ્રોજન વાયુ છે. વનસ્પતિથી માંડીને મનુષ્ય સહિતના સજીવોને જીવવા માટે નાઇટ્રોનની જરૂર પડે જ પરંતુ હવામાં રહેલો ૮૦ ટકા નાઇટ્રોજન આ કામમાં આવતો નથી. આપણે શ્વાસમાં લીધેલી હવામાં ઘણો નાઇટ્રોજન હોય પણ તેનો કોઈ જ ઉપયોગ નથી. પ્રાણી અને મનુષ્યો પોતાના શરીરમાં જરૂરી નાઇટ્રોજન ખોરાકમાંથી મેળવે છે. અનાજ, ફળો, શાકભાજી વગેરે વનસ્પતિ જ ખોરાકમાં નાઇટ્રોજન હોય છે. વનસ્પતિમાં નાઇટ્રોજન જમીનમાંથી તેના મૂળિયા દ્વારા શોષાય છે. જમીનમાં રહેલા બેક્ટેરિયા નાઇટ્રોજનને નાઇટ્રેટમાં ફેરવે છે અને આ નાઇટ્રેટ વનસ્પતિનો ખોરાક છે. તેમાંથી અનેક જીવન ઉપયોગી રસાયણો બને છે.

સજીવ સૃષ્ટિના જીવન માટે કુદરતે નાઇટ્રોજનનું એક ચક્ર બનાવ્યું છે. પ્રાણીઓ વનસ્પતિ ખાઇને નાઇટ્રોજન મેળવે અને મળ દ્વારા જમીનને પાછો આપે. પ્રાણી મૃત્યુ પામે ત્યારે તેના શરીરનો નાઇટ્રોજન પણ જમીનમાં ભળે. વનસ્પતિના પાન ખરીને જમીન પર પડે. તેમાંનો નાઇટ્રોજન પણ જમીનમાં જ શોષાય. **આમ નાઇટ્રોજન પ્રાણીઓના શરીરમાંથી જમીનમાં, જમીનમાંથી વનસ્પતિમાં અને વનસ્પતિમાંથી ખોરાક દ્વારા ફરી પ્રાણીઓના શરીરમાં ફર્યા કરે છે.** આમ સૃષ્ટિનું ચક્ર ચાલ્યા કરે છે. વિજ્ઞાનીઓ તેને નાઇટ્રોજન સાઇકલ કહે છે.

# ઊડતી નજરે....

**માસ ઓક્ટોબર-૨૦૧૮ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ**

| ક્રમ | | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | **માતુશ્રી સાકરબેન રવજી મોરારજી લાલન (કોડાય - સુપ્રીમવાલા) શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ** ........ | |
| | (અ) | **શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ.** | |
| | ● | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ | **૧૪,૫૬૩** |
| | | જેમાંથી – | |
| | ● | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ ........ **૬૫૫** | |
| | ● | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો ........ **૧૧** | |
| | ● | મોતિયા - આંખનાં ઑપરેશન (સાપ્તાહિક બે દિવસ) ........ **૧૦** | |
| | ● | સોનોગ્રાફી ........ **૧,૩૩૬** | |
| | ● | ટી.એમ.ટી. (માત્ર ડૉક્ટર દ્વારા ભલામણથી) ........ **૧૭** | |
| | ● | બોડી ચેક-અપ ........ **૪૭૫** | |
| | ● | અન્ય ........ **૧૨,૦૫૯** | |
| | (બ) | **માતુશ્રી કંકુબેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, પાલડી, અમદાવાદ** કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ **૮૬૫** | **૮૬૫** |
| ૨. | | **જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ** | |
| | ● | શ્રી કચ્છી વિશ્રામ ગૃહમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ........ **૨,૨૪૦** | |
| | ● | શ્રી જલારામ અન્નક્ષેત્રમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ........ **૪૫૨** | |
| | ● | શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટરમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ...... **૪૬૩** | **૩,૧૫૫** |
| ૩. | | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, ગીતા મંદિર, અમદાવાદ** લાભ લેનાર કુલ વ્યક્તિઓ ........ **૪૨૫** | **૪૨૫** |
| | | *માસ ઓક્ટોબર-૨૦૧૮ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ* | **૧૯,૦૦૮** |

*લોકોને મદદ કરો – તેઓ તમને ભવિષ્યમાં મદદ કરી શકવાના નથી, તો પણ.*

# મેરેજ બ્યુરો


**શ્રી કચ્છી જૈન ભવન પર કોઈ પણ જ્ઞાતિના યુવક - યુવતી માટે મેરેજ બ્યુરો કાર્યરત છે. આપશ્રી આપનું નામ રજિસ્ટર કરાવીને મેચીંગ સંબંધી જરૂરી વિગતો મેળવી શકશો. રૂબરૂ મુલાકાત માટે દર શનિવારે બપોરે ૩.૦૦થી ૬.૦૦નો સમય નક્કી કરવામાં આવેલ છે. જરૂરિયાત અનુસાર આપશ્રી મેરેજ બ્યુરો સમિતિના કન્વીનર શ્રી હીરજી પાસુ શાહનો મોબાઈલ નંબર ૯૮૨૫૩ ૮૦૮૬૬ પર સંપર્ક સાધી શકશો.**

*હીરજી પાસુ શાહ, કન્વીનર - મેરેજ બ્યુરો સમિતિ*
*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## ભુજમાં વિઝન ૩૬૦ ડિગ્રી બિઝનેસ સમિટ-૨ ● રવિવાર, તા. ૨૫-૧૧-૨૦૧૮




























## સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાકીય યોજનાઓ માટે નીચે મુજબ દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.*

### ડાયાલિસિસ સેન્ટર ખાતે

રૂા. ૧,૧૧,૧૧૧/- શ્રી જિતેન્દ્રકુમાર ચંદુલાલ શાહ (ભુજ - મુંબઈ)
રૂા. ૧૬,૦૦૦/- શ્રીમતી ઉમરબેન પ્રેમજી સોની - મુંબઈ
રૂા. ૧૧,૧૧૧/- શ્રી નિરંજન વાડીલાલ શાહ - અમદાવાદ
રૂા. ૩,૦૦૦/- શ્રી સત્યેન્દ્ર રતિલાલ દેસાઈ - અમદાવાદ
રૂા. ૧,૦૦૦/- શ્રીમતી નલિનીબેન પટવા - અમદાવાદ

### વયસ્ક સમિતિ ખાતે

રૂા. ૨૫,૦૦૦/- શ્રી જિતેન્દ્રકુમાર ચંદુલાલ શાહ (ભુજ - મુંબઈ)
રૂા. ૧૧,૦૦૦/- શ્રીમતી તરૂલતાબેન નરેન્દ્રભાઈ શાહ - અમદાવાદ
રૂા. ૧૧,૦૦૦/- સ્વ. રમેશભાઈ ઉમરશી સાવલાના સ્મરણાર્થે હ. હંસાબેન રમેશભાઈ સાવલા
રૂા. ૧,૦૦૦/- શ્રી ગુણવંતલાલ કે. શાહ - અમદાવાદ

### જલારામ અન્નક્ષેત્ર ખાતે

રૂા. ૫,૦૦૦/- સ્વ. રમેશભાઈ ઉમરશી સાવલાના સ્મરણાર્થે હ. હંસાબેન રમેશભાઈ સાવલા
રૂા. ૧,૦૫૦/- શ્રી રમેશભાઈ ગાલા (ડુમરા - મુંબઈ)
રૂા. ૧,૦૦૦/- શ્રીમતી નલિનીબેન નાગડા (ભોજાય - મુંબઈ)
રૂા. ૫૦૦/- શ્રી ધ્રુવીન રાંભિયા (રામાણિયા - મુંબઈ)

### તબીબી સહાય ખાતે

રૂા. ૨,૦૦૦/- શ્રી પૃથ્વીભાઈ નરેન્દ્રભાઈ શાહ - ગાંધીનગર
રૂા. ૨,૦૦૦/- એક સદ્‌ગૃહસ્થ તરફથી - અમદાવાદ
રૂા. ૧,૦૦૧/- શ્રીમતી હીરવા હાર્દિક પટવા - અમદાવાદ

### વૈયાવચ્ચ ખાતે

રૂા. ૧,૦૦૧/- શ્રી હાર્દિક પટવા - અમદાવાદ
રૂા. ૧,૦૦૦/- શ્રીમતી ચંદ્રકલાબેન પટવા - અમદાવાદ
રૂા. ૫૦૦/- શ્રી પ્રદીપ શાંતિલાલ સંઘવી - અમદાવાદ
રૂા. ૫૦૦/- એક સદ્‌ગૃહસ્થ તરફથી - અમદાવાદ

*સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### નૂતન વર્ષ - સ્નેહ મિલન સમારંભ ઉલ્લાસમય રીતે ઉજવાયો

વિક્રમ સંવત ૨૦૭૪ના દીપોત્સવ ત્યોહારની સૌને મુબારકબાદી પાઠવવા તથા વિ.સં. ૨૦૭૫નું વર્ષ સમાજના સૌ પરિવારજનોને સર્વાંગી લાભ, સુખ-શાંતિમય નીવડે તેવી શુભકામના વ્યક્ત કરવા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા સ્નેહ મિલન સમારંભનો કાર્યક્રમ તા. ૮-૧૧-૨૦૧૮ના રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે આનંદ અને ઉલ્લાસમય રીતે સમાજના બહોળી સંખ્યામાં પરિવારજનોની ઉપસ્થિતિમાં ઉજવવામાં આવ્યો હતો. કાર્યક્રમના પ્રારંભમાં સંસ્થાના પ્રમુખ શ્રી પ્રતાપભાઈ દંડે સૌને આવકાર આપીને નવા વર્ષની દરેકને શુભેચ્છા પાઠવેલ હતી. તે સાથે સાંસ્કૃતિક હોલમાં સર્વેને એકત્રિત કરવાના ઉદ્દેશની સમજ આપી હતી. આ અગાઉ સમાજ દ્વારા તા. ૨૩-૯-૨૦૧૮ના રોજ આયોજિત એક કાર્યક્રમ દરમિયાન સમાજના જ પરિવારજનોના સભ્યોએ એક અનોખો સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો હતો. તેનાં સર્વે કલાકારોને રોકડ પુરસ્કારનું વિતરણ ઉપરોક્ત અવસરે કરવામાં આવેલ. તે ઉપરાંત, સમાજ પરિવારજનના જીના વીરેન શેઠ દ્વારા સંકલિત "ગુજરાતી કથા ગીતો" નામના પુસ્તકના વિમોચન સાથે શ્રી હસમુખભાઈ મહેતા દ્વારા પુસ્તક અને તેનાં સંકલનકર્તા સંબંધી માહિતી આપવામાં આવી હતી. જેને ઉપસ્થિત સભ્યોએ તાળીઓના ગડગડાટથી આવકાર આપીને અભિવાદન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમ દરમિયાન સમાજના પરિવારજનો પરસ્પર દરેકને મળીને નૂતન વર્ષ સુખ અને શાંતિમય નીવડે તેવી શુભકામના વ્યક્ત કરતા જોવા મળ્યા હતા.

*વિજ્ઞાન એટલે જીવન વિશેના કૌતુકની એક લાગણી.*
*ધર્મ એટલે જીવન વિશેના આદરની લાગણી.*
*સાહિત્ય એટલે જીવનની ભવ્યતા અંગેની લાગણી.*

## આપની તસવીર સાથે મૌલિક લેખ / કૃતિ આવકારપાત્ર

*'મંગલ મંદિર'ને અનુરૂપ તથા તેના નીતિ-નિયમોને આધીન મૌલિક લેખ / કૃતિ વગેરે પ્રકાશિત કરવા અર્થે મોકલાવવા તજજ્ઞ લેખકશ્રીઓ તથા સમાજના પરિવારજનોને આહ્વાન આપીએ છીએ. આપશ્રીની કોઈપણ પ્રકારની કૃતિ મોકલાવો ત્યારે તેની સાથે આપની એક તસવીર જરૂર મોકલાવશો.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## ભુજમાં વિઝન ૩૬૦ ડિગ્રી બિઝનેસ સમિટ-૨ યોજાઇ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા ભુજમાં એક દિવસીય બિઝનેસ સમિટનું આયોજન કરવામાં આવ્યું હતું. કચ્છમાં રહેતા જૈન ભાઈ-બહેનોને એમના વેપાર ઉદ્યોગને વધારવા માટે શું કરવું, એ અંગે નિષ્ણાત વક્તાઓએ માર્ગદર્શન આપ્યું હતું.

ગત વર્ષે સમાજ દ્વારા અમદાવાદ ખાતે પ્રથમ બિઝનેસ સમિટનું આયોજન કરવામાં આવ્યું હતું. એની સફળતાથી પ્રેરાઈને આ પ્રકારનું સેમિનારનું કચ્છમાં આયોજન કરવા વિચારાયું હતું. જે અંતર્ગત તા. ૨૫મી નવેમ્બર, ૨૦૧૮ના રોજ ભુજ ખાતે દ્વિતીય બિઝનેસ સમિટ યોજાઇ હતી. આ માટે ભુજ, માંડવી, ગાંધીધામ, અંજાર, મુંદ્રાથી લગભગ ૪૨૧ યુવા વેપારી સાહસિકોએ નોંધણી કરાવી હતી. હોલની કેપેસિટી કરતાં વધુ વ્યક્તિઓના નામ નોંધાતા આયોજકોએ બેઠક વ્યવસ્થા બદલીને પણ સૌને સમાવી લીધા. જો કે તેમ છતાં પાછળથી પણ સેમિનારમાં ભાગ લેવા ઉત્સુક લોકોના ફોન ચાલુ જ રહેતા, સૌની નમ્રતાપૂર્વક માફી માંગી હતી.

૨૫મી તારીખે સવારે નવના ટકોરે કાર્યક્રમ શરૂ થઈ ગયો હતો. પ્રસ્તાવના બાદ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિના કન્વીનર શ્રી દેવેન છેડાએ આવકાર આપી, સેમિનાર અંગે પરિચય આપ્યો. શ્રી આશિષ દોશીએ 'Do's અને Don't' અંગે સેમિનારના નીતિ નિયમો અંગે જણાવ્યું. ત્યારબાદ સમાજના સહમંત્રી શ્રી પ્રદીપ મહેતાએ આ માટે ગત વર્ષે લોન્ચ થયેલ App "Vision 360" અંગે માહિતી આપી હતી.

આ ટૂંકી પૂર્વ ભૂમિકા બાદ આ સમિટના પ્રેરક વિ-ટ્રાન્સ કંપનીના સ્થાપક શ્રી અશોકભાઈ શાહે પ્રેઝન્ટેશન આપ્યું. ત્યારબાદ 39 Solutions ના સ્થાપક ચેરમેન શ્રી બશેસ ગાલાએ ૧૦ મિનિટમાં ઉપસ્થિત ઉદ્યોગ સાહસિકોના ઉત્સાહને પાનો ચડાવી, પૂરેપૂરા ચાર્જ કરી દીધા.

ત્યારબાદ મહાનુભાવોની ઉપસ્થિતિમાં વિધિવત ઉદ્‌ઘાટન સમારંભ યોજાયો. 'કચ્છ કેસરી'ની ઉપાધિથી સન્માનિત પ્રજાના પ્રતિનિધિ શ્રી તારાચંદભાઈ છેડા સમારંભ પ્રમુખ તરીકે ઉપસ્થિત હતા. સરદાર સરોવર નર્મદા નિગમના Executive Director અને સમાજના શુભ ચિંતક શ્રી મૂકેશભાઈ ઝવેરી મુખ્ય અતિથિ તરીકે અને શુભેચ્છક દાતા તરીકે ઉપસ્થિત હતા. શ્રી કમલેશભાઈ સંઘવી તથા ટાઇમ્સ સ્ક્વેર ગ્રુપ ઑફ કંપનીના ડાયરેક્ટર શ્રી ભદ્રેશભાઈ મહેતા અને શ્રી ચિરાગભાઈ શાહ પણ સેમિનારના શુભેચ્છક દાતા - અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા. શ્રી અશોક શાહ, શ્રી બશેશ ગાલા ઉપરાંત અન્ય નિષ્ણાત વક્તા શ્રી જગતભાઈ શાહ (ગ્લોબલ નેટવર્ક અને ક્લસ્ટર પ્લસના સ્થાપક) પણ મંચ પર ઉપસ્થિત હતા. સૌ મહાનુભાવોના હસ્તે મંગલ દીપ પ્રજ્વલિત કરીને સેમિનારનું વિધિવત ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પ્રમુખ અને મેનેજિંગ ટ્રસ્ટી શ્રી પ્રતાપભાઈ દંડ અને શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિના કન્વીનર શ્રી દેવેન છેડા પણ મંચ પર બિરાજમાન હતા.

સૌ મહાનુભાવોનું ગુલાબનું પુષ્પ આપીને સ્વાગત કરાયા બાદ, પ્રમુખ શ્રી પ્રતાપભાઈ દંડે સ્વાગત પ્રવચનમાં આમંત્રિતોને આવકારી, સમાજની પ્રવૃત્તિઓને ટૂંકમાં વર્ણવી હતી. શ્રી મૂકેશભાઈ ઝવેરીએ પ્રવચનમાં આ પ્રકારના સેમિનારનું આયોજન કરવા માટે સમાજે કરેલી મહેનત અને તૈયારીઓને બિરદાવી, સમાજને અભિનંદન પાઠવ્યા હતા. સમારંભ અધ્યક્ષ તરીકે શ્રી તારાચંદભાઈએ આ પ્રકારના સેમિનાર કચ્છમાં યોગ્ય સમયે યોજાયો હોવાનું કહી, આયોજકોની આ પહેલને બિરદાવી હતી.

ઉદ્‌ઘાટન સમારંભ બાદ સેમિનારના સેશન્સ આગળ વધારતા, ગ્લોબલ નેટવર્કના સ્થાપક 'મેન્ટોર ઓન રોડ' માટેનો વિશ્વ વિક્રમ ધરાવનાર, પ્રખ્યાત નિકાસ સલાહકાર શ્રી જગતભાઈએ એમનું ખૂબ ઉપયોગી અને રસપ્રદ પ્રેઝન્ટેશન આપ્યું હતું. જેમાં કચ્છમાં બેઠા તમારી વસ્તુની નિકાસ કઈ રીતે કરી શકાય, કઈ કઈ વસ્તુઓની નિકાસ થઈ શકે અને એને પ્રોત્સાહન આપવા સરકારની કાર્યરત ૮ અલગ અલગ સ્કીમો વિશે પણ જાણકારી આપી હતી.

બાદમાં સફળ સલાહકાર અને મોટિવેટર શ્રી બશેશ ગાલાએ પોતાના વક્તવ્યમાં સફળતાના નવ મંત્રો વર્ણવ્યા હતા.

બાદમાં ડીઝાઈન બ્રેઇન્સ ડિજિટલ પ્રા.લિ.ના પ્રણેતા શ્રી અક્ષય શેઠિયાએ સોશિયલ મીડિયાનો ઉપયોગ વેપાર ધંધાને વધારવામાં કેવી રીતે થઈ શકે એ અંગે જણાવ્યું હતું.

અંતમાં ચારેય નિષ્ણાતોએ ઉપસ્થિતોના સવાલોના જવાબ આપ્યા હતા. ઉપસ્થિત મિત્રોએ સવાલોનો મારો ચલાવીને

નિષ્ણાતો પાસેથી વધુ માહિતી અને સંતોષકારક જવાબો મેળવ્યા હતા. અંતે સમયના અભાવે વધુ પ્રશ્નોને સમાવી શકાય તેમ ન હોવાથી Vision 360 App પર એ જાણકારી - જવાબો ઉપલબ્ધ કરવાની કોશિશ કરવાની ખાત્રી આપી હતી. જગતભાઈ શાહે આ માટે હજી એકવાર આ મિત્રોને મળીને પોતાના જ્ઞાન અને આવડતનો લાભ નિઃશુલ્ક આપવાની તૈયારી બતાવી હતી.

અંતમાં શ્રી આશિષભાઈ દોશીએ સેમિનારને સફળ બનાવવામાં સહભાગી બનનાર સૌ કોઈનો આભાર માન્યો હતો.

ઉપસ્થિત સૌ ઉદ્યોગ સાહસિકોએ સેમિનારના નિષ્ણાતોને તથા આયોજકોને 'સ્ટેન્ડિંગ ઑવેશન'થી અને તાળીઓના ગડગડાટથી વધાવી લીધા હતા તથા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ થકી આ પ્રકારના કાર્યક્રમો વધુમાં વધુ યોજાય અને કચ્છી જૈન ભાઈ-બહેનોને એનો વધુમાં વધુ લાભ મળે એવી લાગણી વ્યક્ત કરી હતી. ■

# બાળકો માટે ઇનામી નિબંધ સ્પર્ધા

## બાળ કલ્યાણ સમિતિ

*પ્રિય બાળ દોસ્તો,*

શુભ દીપોત્સવ તથા નૂતન વર્ષના પાવન પ્રસંગે આપણા સમાજની આપની જ બાળ કલ્યાણ સમિતિ આપ સૌ માટે એક નવલું નજરાણું લઇને ઉપસ્થિત થઈ છે.

આપ સૌ માટે એક ઇનામી નિબંધ સ્પર્ધાનું ખાસ આયોજન કરવામાં આવ્યું છે. નિબંધ તૈયાર કરવા માટેના વિષયો નીચે મુજબ છે :

- ★ **લોખંડી પુરુષ - સરદાર વલ્લભભાઈ પટેલ : ભારત સ્વતંત્ર થયું ત્યારે નાના-મોટા દરેક રાજ્યોને એક કરવાના સંદર્ભમાં.**
- ★ **મોબાઇલ વિના એક દિવસ.**
- ★ **સાહિત્ય વાંચન એ એક સારી ટેવ છે.**
- ★ **ઇન્ટરનેટ**
- ★ **માનવ જીવન માટે રોબોટના લાભ-ગેરલાભ.**
- ★ **પંડિત જવાહરલાલ નેહરુ અને 'બાલ દિન'**
- ★ **અમેરિકન સ્પેસ સંસ્થા 'નાસા'**
- ★ **અગર હું સમાજનો પ્રમુખ થાઉં તો...**
- ★ **યુવાવર્ગ અને સમાજનો વિકાસ**
- ★ **સર્કસમાં જોકરનું પાત્ર**

### *ઇનામી નિબંધ સ્પર્ધા માટે આ રહ્યા નિયમો....*

- ઉપરોક્ત સ્પર્ધા બે શ્રેણી માટે છે : (૧) ઉંમર વર્ષ ૮ થી ૧૩ સુધી. (૨) ઉંમર વર્ષ ૧૪થી ૨૦ સુધી.
- કોઈપણ શ્રેણીના બાળકો ઉપર જણાવેલ વિષયો પૈકી કોઈપણ એક વિષયે નિબંધ તૈયાર કરીને મોકલાવી શકે છે.
- નિબંધ સ્વહસ્તે એ-૪ સાઇઝ પેપરની એક બાજુ સુંદર રીતે લખવાનું છે.
- નિબંધ અંગ્રેજી અથવા ગુજરાતી ભાષામાં લખી શકાશે.
- કોઈપણ નિબંધ અન્ય કોઈની મદદ સાથે અથવા મીડિયાના માધ્યમનો ઉપયોગ કરીને તૈયાર કરી શકાશે.
- નિબંધ તૈયાર કરવા માટે કુલ શબ્દોની કોઈ મર્યાદા નથી.
- સમાજ સિવાયના આ સંબંધી કોઈપણ બે તજજ્ઞોને નિર્ણાયક તરીકે નક્કી કરવામાં આવશે.
- નિર્ણાયકોનો નિર્ણય આખરી ગણાશે. તેમના નિર્ણય અંગે કોઈ દલીલ માન્ય રહેશે નહીં.
- બંને શ્રેણીના પ્રથમ આવેલ નિબંધો 'મંગલ મંદિર'માં તેની અનુકૂળતાએ પ્રકાશિત કરવામાં આવશે.
- નિબંધ સાથે સ્પર્ધકોએ પોતાનું નામ, સરનામું, જન્મ તારીખ, ફોન નંબર, વાલી/વડીલનું નામ અવશ્ય જણાવવા.
- સ્પર્ધામાં ભાગ લેનારે પોતાની પોસપાર્ટ સાઇઝ તસ્વીર નિબંધ સાથે મોકલાવવાની રહેશે.
- ઉંમર - વર્ષ પ્રમાણે કઈ શ્રેણીમાં ભાગ લીધેલ છે તે જણાવવું (A કે B).
- આ સ્પર્ધા સમાજના સભ્ય પરિવારના બાળકો માટે જ છે.
- નિબંધ મોકલાવવાની છેલ્લી તારીખ ૩૧-૧૨-૨૦૧૮ છે.
- તૈયાર કરેલ નિબંધ એક કવરમાં પેક કરીને — કવર ઉપર બાળ કલ્યાણ સમિતિ — "નિબંધ સ્પર્ધા" લખીને સમાજના કાર્યાલયમાં આપી શકાશે. ઇનામોનું વિતરણ સમાજના કોઈ કાર્યક્રમ દરમિયાન કરવામાં આવશે.

*આ એક ઇનામી સ્પર્ધા છે. ઇનામ નીચે પ્રમાણે આપવામાં આવશે... (૧) બંને શ્રેણીમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય આવનાર સ્પર્ધકોને રોકડ ઇનામ રૂા. ૧૫૦૦, રૂા. ૧૦૦૦ અને રૂા. ૫૦૦ અનુક્રમે અપાશે. (૨) જ્યારે બંને શ્રેણીમાં પાંચ-પાંચ પ્રોત્સાહન ઇનામ - વસ્તુ સ્વરૂપમાં.*

*બાળ દોસ્તો, થઈ જાવ તૈયાર અને ઉઠાવો તમારી કલમ/પેન....*
*આશા છે કે અમારો આ નૂતન અભિગમ આપ સૌને પસંદ પડશે.*

***કન્વીનર, બાળ કલ્યાણ સમિતિ***

# સમાજ સુરક્ષા સમિતિ

## અગત્યની જાહેરાત

સભ્ય પરિવારોને આથી જણાવવાનું કે સમાજના ટ્રસ્ટ મંડળે તા. ૨૧-૧૦-૨૦૧૮ની સભામાં સમિતિના અનુરોધથી નીચે મુજબ મંજૂરીઓ આપી છે.

ટ્રસ્ટ મંડળે તા. ૨૦-૪-૨૦૧૫ના રોજ ઠરાવ કરેલ એ મુજબ શ્રાવક આરોગ્યમની વીમા યોજનાઓમાં આરોગ્ય તેમજ અકસ્માતનો વીમો લેવાતો હતો. જે પરિવારો પ્રીમિયમ ભરવા સક્ષમ ન હોય તેવા પરિવારોના પ્રીમિયમ પણ સમાજ દ્વારા ભરવામાં આવતા હતા. એ સંજોગોને લક્ષમાં લઈ, ત્યારે ઉપરોક્ત ઠરાવમાં એવું નક્કી કરવામાં આવેલ કે જેઓની ઉંમરના કારણે વીમો ન જ મળી શકતો હોય તેઓને જ સમાજ રૂા. ૫૦,૦૦૦/- સુધીની વાર્ષિક સહાય, જે અપાતી હતી તે ચાલુ રાખશે. એ સિવાય, કોઇને આ યોજનામાં સહાય અપાશે નહીં.

નવા સંજોગોમાં શ્રાવક આરોગ્યમ યોજના બંધ પડેલ હોતાં ઉપરનો ઠરાવ રદબાત્તલ કરવામાં આવે છે અને હવેથી નીચેના નિયમો મુજબ સહાય ચાલુ રાખવામાં આવશે.

૧. વીમા કંપનીના નિયમો મુજબ સભ્ય પરિવારોને બીમારીઓ દરમિયાન અપાતી વાર્ષિક રૂા. ૫૦,૦૦૦/- (પચાસ હજાર પૂરા)ની સહાયની જોગવાઈ ચાલુ રાખવામાં આવે છે. પરંતુ વયસ્ક વ્યક્તિ સિવાયની વ્યક્તિઓ માટે વ્યક્તિગત કેસમાં નિર્ણય લેવામાં આવશે.

૨. સંજોગોવશાત કોઈ પરિવાર પ્રીમિયમ ન ભરી શકે એમ હોય તેઓને સમાજ દ્વારા પ્રીમિયમમાં ૫૦% (પચાસ ટકા) સુધીની રાહત અપાશે. આ માટે જે-તે પરિવારે સમાજને અરજી કરવાની રહેશે. જેથી કેટલી રાહત આપવી એ સમિતિ નક્કી કરશે.

૩. કેટલીક સારવારમાં વીમા કંપની વળતર નથી આપતી (જેમકે દાંત, લાંબી ફીઝિયોથેરાપી, પ્રસુતિ વગેરે). આવી સારવાર માટે પણ સમાજની યોજના છે જેમાં રૂા. ૨૫,૦૦૦/-ની વાર્ષિક સીમામાં સહાય અપાય છે. આ યોજના હાલ ચાલુ છે.

આ યોજનાની રાહતોમાં હવેથી વયસ્ક વ્યક્તિઓ માટે કાનના મશીન (Hearing Aid)નો પણ સમાવેશ કરવામાં આવેલ છે.

આ ઉપરાંત સભ્ય પરિવારોની ૭૦ વર્ષની વયની નીચેની (૬૯ વર્ષ સુધીની) વ્યક્તિઓનો સમાજ રૂા. ૫.૦૦ લાખનો અકસ્માત મૃત્યુ તથા કાયમી અપંગતાનો વીમો લે છે. આથી આવા અકસ્માતમાં પણ વીમા કંપનીના નિયમો મુજબ વળતર મળી શકે છે.

૪. સભ્ય પરિવારોને જણાવવાનું કે સમાજ તરફથી દરેક બીમારીની સારવાર - ઑપરેશન વગેરેના વળતરની રકમ નક્કી કરવામાં આવેલ છે, એ મુજબ જ વળતર મળી શકશે. આ રકમ મધ્યમ દરજ્જાની અથવા સરકારી હોસ્પિટલની સારવારના ખર્ચના આધારે નક્કી કરાયેલ છે. એટલે કોઈ વ્યક્તિ મોંઘી સારવાર કરાવે તો વધારાનું ખર્ચ જાતે ભોગવવાનો રહેશે.

૫. જે વ્યક્તિને સમાજ તરફથી સારવારનો ખર્ચ અપાશે, એ રકમની સીમાઓ વીમા કંપનીના રૂા. ૧,૦૦,૦૦૦/- (રૂપિયા એક લાખ)ના વીમાના આધારે નક્કી કરવામાં આવશે.

૬. આ સમિતિ હસ્તકની સહાય યોજનાઓ ઉપરાંત સમાજની તબીબી સહાય યોજના હેઠળ પણ અનેકવિધ સહાય આપવામાં આવે છે. જેના માટે સમાજની તબીબી સહાય સમિતિનો સંપર્ક કરવો.

આશા છે કે સમાજના સભ્ય પરિવારો તેમની જરૂરિયાત મુજબ સમાજની આવી વિવિધ યોજનાઓનો લાભ લેવામાં સંકોચ નહીં કરે.

*કન્વીનર, સમાજ સુરક્ષા સમિતિ*

# તબીબી સાધનો વપરાશ માટે આપવાની યોજના

**શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર નીચે મુજબના તબીબી સાધનો દૈનિક ભાડાના ધોરણે મળી શકશે. જેઓને આ સાધનોની જરૂરિયાત હોય તેઓ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર ફોન : ૨૬૫૭૮૮૯૨ / ૨૬૫૮૧૫૦૧ પર સંપર્ક સાધી શકશે.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. એર બેડ | રૂા.૧૦/- | ૫. વૉકર | રૂા. ૨/- | ૯. બેડ પાન | રૂા. ૨/- |
| ૨. વ્હીલ ચેર | રૂા. ૩/- | ૬. વૉકિંગ સ્ટીક | રૂા. ૧/- | ૧૦. ફાઉલર બેડ | રૂા.૧૦/- |
| ૩. ઓક્સિજન સિલિન્ડર (નાનો) | રૂા. ૫/- | ૭. કમોડ ચેર | રૂા. ૩/- | ૧૧. ટેબલ ટૉપ (ફાઉલર બેડ માટે) | રૂા. ૨/- |
| ૪. નેબ્યુલાઈઝર | રૂા. ૫/- | ૮. સેલાઈન સ્ટેન્ડ | રૂા. ૨/- | ૧૨. ઈલેક્ટ્રિક ઓક્સિજન મશીન | રૂા.૫૦/- |

નોંધ : **(૧)** સ્ટોકમાં હશે ત્યાં સુધી આ સાધનો ડીપોઝિટ આપીને ભાડેથી મેળવી શકાશે. **(૨)** સાધનો પાલડી ભવન પરથી લઈને ત્યાં જ પરત કરવાના રહેશે.

*હસમુખ બાબુભાઈ શાહ - માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

# યુવા વિકાસ સમિતિ

## આગામી કાર્યક્રમો

### અવકાશ દર્શન (તારા દર્શન)

યુવા વિકાસ સમિતિ દ્વારા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્ય પરિવારો માટે રવિવાર, તા. ૨૩-૧૨-૨૦૧૮ના રોજ અવકાશ દર્શન (તારા દર્શન)ના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

આ પ્રોગ્રામમાં તારા મંડળ, ગ્રહો વગેરેની જાણકારી મેળવી શકાશે. કાર્યક્રમ દરમિયાન વિવિધ ૪ ફિલ્મો બતાવવામાં આવશે અને સાથે સાથે ટેલિસ્કોપ દ્વારા લાઇવ તારા દર્શન નિહાળીશું. તે ઉપરાંત આ બાબતે વિદ્વાન શ્રી ધનંજયભાઈ રાવલ દ્વારા ઉપયોગી માહિતી આપવામાં આવશે.

આ પ્રોગ્રામ માટે રૂા. ૧૦૦/- રજિસ્ટ્રેશન ફી રાખવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં ૧૦૦ વ્યક્તિઓનું વહેલા તે પહેલાના ધોરણે રજિસ્ટ્રેશન કરવામાં આવશે. પ્રથમ ૬૦ વ્યક્તિઓ કે જેમના રજિ. પાલડી ભવન ઉપર થયેલા હશે તેમના માટે પાલડી ભવન ઉપરથી સ્થળ ઉપર અને ત્યાંથી પરત આવવાની બસની સુવિધા કરવામાં આવશે. બાકીની ૪૦ વ્યક્તિઓએ સ્વખર્ચે સ્થળ ઉપર આવવાનું રહેશે. જેની ખાસ નોંધ લેવી.

*સ્થળ :* વિસત ફાર્મ, ચીલોડાથી દહેગામ રોડ<br>મગોડી ગામ પહેલા,<br>માતાજીના મંદિરની સામે.

તા. ૨૩-૧૨-૨૦૧૮ના બપોરે ૨.૩૦ વાગે પાલડી ભવન ઉપરથી બસ ઉપડી જશે.

બપોરે ૪.૦૦થી ૬.૦૦ : દાબડા ઉજાણી (પોતાના ઘરેથી વાનગી બનાવીને લાવવી.)

સાંજે ૬.૦૦થી સ્ટાર દર્શનની ફિલ્મ અને ટેલિસ્કોપ દ્વારા અવકાશ દર્શનનો કાર્યક્રમ.

રાત્રે ૮.૩૦ વાગે ભોજનની વ્યવસ્થા સ્થળ ઉપર રાખેલ છે.

રજિ. પાલડી ભવન ઉપર કરાવવું ફરજિયાત છે.

કાર્યક્રમમાં ફેરફારનો નિર્ણય યુવા વિકાસ સમિતિ હસ્તક રહેશે.

*વધુ પૂછપરછ, માહિતી માટે સંપર્ક :*

*રોહિત સંઘવી : ૯૮૨૪૦ ૦૬૬૪૮*<br>*ડૉ. કેતન શાહ : ૯૮૨૫૬ ૮૭૭૪૧*

### Bye Bye 2018, Welcome 2019

યુવા વિકાસ સમિતિ દ્વારા સોમવાર, તા. ૩૧-૧૨-૨૦૧૮ના રોજ રાત્રે ૯.૦૦ વાગે Bye Bye 2018 and Welcome 2019 ના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

આ કાર્યક્રમની થીમ Halloween (Horror Theme) ના ડ્રેસ સાથે ડાન્સનું આયોજન કરવામાં આવ્યું છે. (Horror ડ્રેસ ફરજિયાત નથી.)

સૌપ્રથમ ૮.૦૦થી ૧૦.૦૦ સ્વરૂચિ ભોજન સાથે સેલ્ફી કોર્નરનો સમય રાખેલ છે. ત્યારબાદ ૧૦.૦૦થી Welcome 2019 D.J. Dance નો કાર્યક્રમ રાખેલ છે.

આ કાર્યક્રમ માટે રજિ. ફી રૂા. ૧૦૦/- વ્યક્તિ દીઠ રાખેલ છે. રજિ. પાલડી ભવન ખાતે તા. ૨૯-૧૨-૨૦૧૮ રાત્રે ૮.૦૦ વાગ્યા સુધી કરાવી લેવા વિનંતી. જેથી જરૂરી વ્યવસ્થા કરવામાં સુવિધા રહે.

*તારીખ-સમય* : સોમવાર, તા. ૩૧-૧૨-૨૦૧૮<br>રાત્રે ૮.૦૦ વાગ્યાથી

*સ્થળ* : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી.

*વધુ માહિતી માટે* : અજેશ મુનવર : ૯૨૨૮૧ ૨૯૭૬૭<br>ડૉ. કેતન શાહ : ૯૮૨૫૬ ૮૭૭૪૧

★

### ટ્રેકિંગ એડવેન્ચર એન્ડ એજ્યુકેશન ટુર

યુવા વિકાસ સમિતિ દ્વારા તા. ૫/૬ જાન્યુઆરી, ૨૦૧૯ શનિ / રવિવાર – એમ બે દિવસ માટે ટ્રેકિંગ, એડવેન્ચર એન્ડ એજ્યુકેશનલ ટૂરનું આયોજન કરવામાં આવેલ છે. આ બે દિવસ દરમિયાન ડેડિયાપાડા પાસે સગાઈનું જંગલ (Shoolpaneshwar Wild Life Sanctuary)ની મુલાકાત કરવામાં આવશે.

તા. ૪-૧-૨૦૧૯ શુક્રવારે પાલડી ભવન પરથી નીકળી, સવારે સગાઈ પહોંચવાનું રહેશે. તા. ૫-૧-૨૦૧૯ના ટ્રેકિંગ સાથે એડવેન્ચર તથા ત્રણ નદીમાંથી પસાર થઇને નેનોઇ ધોધ પાસે પહોંચવાનો અને નદીમાં નહાવાનો આનંદ પણ માણીશું. રાત્રે કેમ્પ ફાયર સાથે જંગલમાં કુદરતી વાતાવરણ માણીશું. બીજા દિવસે સવારે જંગલ વોક, બપોર જમીને પોઇચા થઈને અમદાવાદ પરત ફરશું. (પોઇચામાં બોટિંગ તથા અન્ય રાઈડ સ્વ-ખર્ચે રહેશે.) સાંજે જમીને રાત્રે ૧૨ વાગ્યાની આસપાસ અમદાવાદ પહોંચીશું.

આ ટૂરનો ખર્ચ વ્યક્તિ દીઠ રૂા. ૮૦૦/- રાખેલ છે. જેમાં ટ્રાવેલિંગ, બંને દિવસનો સવારનો નાસ્તો તથા બપોર-રાત્રિના જમણનો અને રહેવાની સગવડનો ખર્ચ આવરી લેવામાં આવ્યો છે. રજિસ્ટ્રેશન ફી પાલડી ભવનમાં જમા કરાવવાની રહેશે. માત્ર ૫૬ વ્યક્તિઓનું રજિસ્ટ્રેશન વહેલા તે પહેલાના ધોરણે થશે, જેની ખાસ નોંધ લેવી.

*બસ ઉપડવાની તારીખ અને સમય :*
શુક્રવાર, તા. ૪-૧-૨૦૧૯ રાત્રે ૧૦ વાગે
*બસ ઉપડવાનું સ્થળ :* શ્રી કચ્છી જૈન ભવન - પાલડી.
*વધુ માહિતી માટે સંપર્ક :*
*રોહિત સંઘવી : ૯૮૨૪૦ ૦૬૬૪૮*
*ડૉ. કેતન શાહ : ૯૮૨૫૬ ૮૭૭૪૧*

***ડૉ. કેતન શાહ, કન્વીનર - યુવા વિકાસ સમિતિ***

# ઉચ્ચ શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ

## हेतु से सेतु

ક્યારેય એવું સાંભળ્યું છે કે પંખીને દરરોજ સવારે ઉડવા માટે, સૂરજને રોજ સવારે ઉગમણે આવવા માટે, વૃક્ષને પાંગરવા માટે કે ફૂલને ખીલવા માટે ક્યારેય મોટિવેશનની જરૂર પડી હોય? નહીં જ સાંભળ્યું હોય! ડ્યુટી એટલે ડ્યુટી.

પણ આ બધા કરતાં બુદ્ધિશાળી એવા મનુષ્યમાં જ કંઈક ખાટલે એવી ખોડ છે કે પોતાની જ ડ્યુટી કરવા માટે મોટિવેશનની જરૂર પડે. એ પણ ઘડી ઘડી અને રોજે રોજ.

સદીઓથી વણસમજાયેલો અને છતાં યુવાઓનો ખૂબ માનીતો (!!!) ખાસ કરીને કોર્પોરેટ જગતમાં અત્યંત પ્રચલિત શબ્દ એટલે મોટિવેશન. કોલેજના પ્રિન્સિપાલ સાહેબનો અને કંપનીના HR સાહેબનો લાડકો શબ્દ એટલે મોટિવેશન. એટલે જ તો મોટિવેશનલ સ્પીકર્સ અને મોટિવેટેડ સેલ્સમેન હોટ ઈન ડિમાન્ડ છે.

વણસમજાયેલી વાત એટલા માટે કે મોટાભાગના કિસ્સામાં મોટિવેશનને એન્થ્યુઝિએઝમના પર્યાય તરીકે વાપરવામાં આવે છે અને એન્થ્યુઝિએઝમ હંમેશાં ક્ષણિક હોય.

યુ-ટ્યુબ પર કોઈકનો મોટિવેશનલ વીડિયો જોઈને ચડેલું શુરાતન વીડિયોની લંબાઈ જેટલી મિનિટ સુધી પણ કેમ ટકતું નથી, કારણકે એ ક્ષણિક હતું, બહારથી લાવેલ હતું.

મોટિવેશન એ એક્સેસરી નથી કે બહારથી પહેરાવી શકાય. એ તો નેસેસરી છે જે માત્ર અંદરથી જ ઉગાડી શકાય.

બહારથી લાવેલું અને અંદરથી આવેલુંનો તફાવત સમજીએ તો બહારથી લાવેલું મોટિવેશન એ એલોપેથી છે, માત્ર લક્ષણો પર કામ કરશે. તાત્કાલિક રાહત આપશે પણ ક્યોર નહીં કરે. જ્યારે અંદરથી આવેલું મોટિવેશન એ આયુર્વેદ છે, વાર લાગશે પણ કાયમી ઉકેલ આવશે.

આ મોટિવેશન અંદરથી લાવવા માટે મનના ખૂણે ખાંખાખોળા કરવા પડે અને તો જ મૂલ્ય આધારિત મોટિવેશનનું સરનામું મળે.

અંદરના સરનામેથી આવેલું મોટિવેશન જિંદગીને excel-lency બક્ષે છે.

આ અંદરના સરનામે ખાંખાખોળા કેવી રીતે કરાય, તેનો આશરે ૨ કલાકનો સેમિનાર એક્સેલર્સ ફાઉન્ડેશન અને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ઉપક્રમે તા. ૧૫-૧૨-૨૦૧૮ના રોજ રાત્રે ૮.૩૦ વાગે શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના બેઝમેન્ટમાં રાખવામાં આવ્યો છે.

આ સેમિનારના વક્તા ડૉ. સંજય રાજપાલ કે જેઓ M.Tech., MBA ઉપરાંત Ph.D. ની ડિગ્રી પણ ધરાવે છે અને ભારતભરમાં ભગવદ્ ગીતા આધારિત સેમિનારના આયોજનમાં સહભાગી બને છે.

આ કાર્યક્રમમાં મિત્રો, પરિવારજનો, પાડોશીઓ, સહ કર્મચારી અને જિજ્ઞાસુઓને સાથે લઈને આવવા સૌને સહર્ષ આમંત્રણ છે.

### हेतु से सेतु

***વક્તા*** : ડૉ. સંજય રાજપાલ, Ph.D.
***તારીખ*** : ૧૫-૧૨-૨૦૧૮, શનિવાર
***સમય*** : રાત્રે ૮.૩૦ વાગ્યાથી
***સ્થળ*** : બેઝમેન્ટ હોલ, શ્રી કચ્છી જૈન ભવન - પાલડી.

***કન્વીનર, શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ***

**"ઉડતી નજરે...."**
જુઓ પાના નં.-૬૪ ઉપર

# મેડિકલ સમિતિ

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત*
*નવનીત મેડિકલ સેન્ટર તથા*
*શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર દ્વારા*

## સાર્વજનિક હૃદયરોગ નિદાન કેમ્પ

| વાર | તારીખ | સમય | કાર્ડિયોલોજીસ્ટ |
|---|---|---|---|
| સોમવાર | ૧૭-૧૨-૧૮ | ૧૦થી ૧૨ | ડૉ. સંદર્ભ પટેલ (MD, DM) |
| મંગળવાર | ૧૮-૧૨-૧૮ | ૧૦થી ૧૨ | ડૉ. ધવલ દોશી (MD, DM) |
| બુધવાર | ૧૯-૧૨-૧૮ | ૩થી ૫ | ડૉ. ચિરાયુ વ્યાસ (MD, DNB, DM) |

**મર્યાદિત સંખ્યામાં દર્દીઓને લેવાના હોવાથી વહેલા તે પહેલાના ધોરણે રજિસ્ટ્રેશન કરવામાં આવશે.**

**રજિસ્ટ્રેશન ફી : રૂા. ૧૦૦/- (Non Refundable)**

**● રજિસ્ટ્રેશન તારીખ અને સમય ●**

તા. ૩-૧૨-૨૦૧૮થી તા. ૧૫-૧૨-૨૦૧૮
સવારે ૮.૦૦થી સાંજે ૬.૦૦
ફોન : (૦૭૯) ૪૮૯૦૬૦૦૧, ૪૮૯૦૬૦૦૬

### શું તમને...

- ★ હાઈ બ્લડ પ્રેશર, ડાયાબિટીસ, મોટાપો કે કોલેસ્ટેરોની તકલીફ છે?
- ★ એન્જિયોગ્રાફી કરવાની ડૉક્ટરે સલાહ આપી છે કે હાર્ટ ઍટેક આવેલ છે?
- ★ ચાલતી વખતે છાતીમાં દુ:ખાવો કે હાંફ ચઢે છે?
- ★ તમાકુ, બીડી કે સિગારેટનું વ્યસન છે?
- ★ કોઈ પણ નજીકના સગાને હાર્ટ ઍટેક આવેલ છે?
- ★ હૃદયના ધબકારા અચાનક વધી કે ઘટી જાય છે?
- ★ ડૉક્ટરે હૃદયરોગ નિષ્ણાતને બતાવવાની સલાહ આપી છે?

**ઉપરના કોઈપણ પ્રશ્નનો જવાબ "હા" હોય તો આ કેમ્પનો અચૂક લાભ લેશો.**

### આ કેમ્પમાં....

| Details | Regular Charge | Camp Charge |
|---|---|---|
| કન્સલ્ટેશન ચાર્જ | રૂા. ૧૦૦/- | FREE |
| કાર્ડિયોગ્રામ | રૂા. ૮૦/- | FREE |
| ટુ-ડી ઈકો | રૂા. ૭૦૦/- | રૂા. ૫૦૦/- |
| ટી.એમ.ટી. | રૂા. ૬૦૦/- | રૂા. ૪૦૦/- |

*ટુ-ડી ઈકો અને ટી.એમ.ટી. માટે અગર ડૉક્ટરશ્રીએ ભલામણ કરી હશે તો તેવા કિસ્સામાં જરૂરી એપોઈન્ટમેન્ટ હેઠળ થશે.*

# વયસ્ક સમિતિ

સમિતિ તરફથી એક કાર્યક્રમ તા. ૨૭-૧૦-૨૦૧૮ના રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે યોજાઈ ગયો. શરૂઆતમાં ફીઝિયોથેરાપિસ્ટ ડૉ. મિતાલીબેન શાહે સાંધાના ઘસારા, કમર અને હાડકાના અન્ય રોગો વિશે વિસ્તારપૂર્વક વિગત આપી હતી.

ઉપરોક્ત કાર્યક્રમ દરમિયાન શ્રીમતી કોકીલાબેન ભોગીલાલ પ્રેમચંદ શાહ અને શ્રી જિતેન્દ્ર ચંદુલાલ શાહના જન્મ દિવસ કેક કાપીને ઉજવવામાં આવ્યા હતા. કમલેશ દરજી અને અન્ય સાથીદારો દ્વારા મિમિક્રી પીરસીને ઉપસ્થિત સભ્યોનું મનોરંજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે ભોજન લઈને સૌ છૂટા પડ્યા હતા.

આ અવસરે નીચે જણાવેલ સભ્યશ્રીઓ તરફથી વિવિધ સ્વરૂપે દાનની જાહેરાત થઈ હતી.

રૂા. ૨૫,૦૦૦/- શ્રીમતી કોકીલાબેન ભોગીલાલ પ્રેમચંદ શાહ
રૂા. ૨૫,૦૦૦/- શ્રી જિતેન્દ્ર ચંદુલાલ શાહ
રૂા. ૧૧,૦૦૦/- શ્રીમતી તરૂબેન નરેન્દ્ર છગનલાલ શાહ (નૂતન ગૃહ પ્રવેશ નિમિત્તે)
રૂા. ૧૧,૦૦૦/- શ્રીમતી હંસાબેન રમેશભાઈ સાવલા (શ્રી રમેશભાઈ સાવલાના સ્મરણાર્થે)
રૂા. ૧,૦૦૦/- શ્રી ગુણવંત કાનજી શાહ (પૌત્ર જન્મની ખુશાલીમાં)

ઉપરોક્ત દરેક દાતાશ્રીઓનું, ડૉ. મિતાલીબેનનું અને કલાકાર ગ્રુપનું બહુમાન કરવામાં આવ્યું હતું.

### આગામી કાર્યક્રમ

સમિતિ તરફથી મંગળવાર, તા. ૧૮-૧૨-૨૦૧૮ના રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે બપોરના ૩ વાગે એક રંગારંગ કાર્યક્રમ રાખવામાં આવેલ છે. જેમાં રાજેશ પરીખ ગ્રુપ દ્વારા ગીત સંગીતનો કાર્યક્રમ નીચે મુજબ રાખવામાં આવેલ છે.

બપોરે ● ૩.૦૦ : આગમન | ● ૪.૦૦ : ગીત સંગીત
● ૩.૧૫ : હાઉસી | ● ૭.૩૦ : ભોજન

પ્રથમ ૫૦ વ્યક્તિને હાઉસીની ટિકિટ ફ્રી આપવામાં આવશે. ત્યારબાદ આવનાર ૫૧થી ૧૦૦ વ્યક્તિને રૂા. ૧૦/- ના ચાર્જથી અને તેના પછી આવનાર વ્યક્તિને રૂા. ૨૦/- ના ચાર્જથી અપાશે.

*(કાર્યક્રમની તસવીરી ઝલક માટે જુઓ – પાના નં. : ૬૩)*

**રજનીકાંત પારેખ, કન્વીનર - વયસ્ક સમિતિ**

# મહિલા ઉત્કર્ષ સમિતિ

## કાર્યક્રમનો અહેવાલ

પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ કેન્સર જાગૃતિ અભિયાન અંતર્ગત મેમોગ્રાફી રજિસ્ટ્રેશન કેમ્પનું આયોજન સ્વામિવાત્સલ્યના દિવસે કરાયું હતું.

ત્યારબાદ ૧૫ દિવસ સુધી દરેક બહેનોએ પોતાના અનુકૂળ દિવસે, લીધેલ એપોઇન્ટમેન્ટ પ્રમાણે, મેમોગ્રાફી ટેસ્ટ સાયન્ટીફીક લેબ - પંચવટી ખાતે કરાવેલ હતો.

***ઉંમર ૫૦ વર્ષ પછી દર બે વર્ષે આ ટેસ્ટ કરાવવો અનિવાર્ય છે.***

**કેન્સરનું નિદાન જેટલું વહેલું**
**તેટલી સારવાર સરળ...**

## બેકિંગ ડેમોન્સ્ટ્રેશન : કાર્યક્રમનો અહેવાલ

બેકિંગ ડેમોન્સ્ટ્રેશનનો કાર્યક્રમ તા. ૩/૪/૫ ઓક્ટોબર, ૨૦૧૮ના રોજ યોજાઈ ગયો. બેકિંગનો વિષય "હેલ્ધી બેકિંગ" હોવાથી health concious બહેનોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

આ ડેમોન્સ્ટ્રેશન બેકર્સ સ્ટુડિયો - પ્રહલાદ નગર ખાતે ગોઠવવામાં આવ્યો હતો. સ્ટુડિયોના સંચાલક શ્રીમતી હેના શાહે દરેક વાનગી ઝીણવટથી, ખંતથી, વિસ્તારપૂર્વક સરળ ભાષામાં શીખવી હતી. ડેમોન્સ્ટ્રેટ થયેલ વાનગીઓ ઓટ્સ, ફ્રૂટ્સ, ડ્રાય ફ્રૂટ્સ, જવનો લોટ, ઘઉંનો લોટ વગેરે સાત્વિક ચીજવસ્તુઓ વાપરીને બનાવવામાં આવી હતી. આ વાનગીઓના નામ :

1. Ragi Chocolate Almond Cake
2. Oats & Sooji Cake
3. Protein filled chocolate delight.
4. Sugar free Rum & Raisin + Carrot + Dates cake
5. Cinnamom Jav Cake
6. Jaggery Wheat cake
7. Sooji Cake
8. Oat Brownie
9. Granola Tarts



બહેનો સાત્વિક, પૌષ્ટીક અને ટેસ્ટી વાનગીઓ પોતાના સ્વજનો માટે ઘરે બનાવી શકે, ઉપરાંત ભેળસેળ અને કેમિકલ્સથી દૂર રહી શકાય, તેવો કાર્યક્રમનો હેતુ હતો.

હેનાબેનની કાર્યશૈલી ખૂબ જ આયોજનપૂર્વક હતી. જેથી તેઓ ૯ વાનગીઓ સફળતાપૂર્વક ડેમોન્સ્ટ્રેટ કરી શક્યા. જેને સૌ બહેનોએ બિરદાવી હતી.

***સુલુ જલદીપ શાહ, કન્વીનર - મહિલા ઉત્કર્ષ સમિતિ***





# જીવનમાંગલ્યનો માર્ગ બતાવતાં પુસ્તકો

**ફાધર વાલેસ**

| | |
|---|---|
| વ્યક્તિઘડતર (પુરસ્કૃત) | 100 |
| સમાજમંગલ | 200 |

**મોહમ્મદ માંકડ**

| | |
|---|---|
| સુખ એટલે | 150 |
| ચાલતા રહો, ચાલતા રહો | 150 |

**સ્વામી સચ્ચિદાનંદ**

| | |
|---|---|
| નવા વિચારો (પુરસ્કૃત) | 150 |
| આપણે અને સમાજ | 125 |
| વાસ્તવિકતા | 140 |

**ચંદ્રકાન્ત મહેતા**

| | |
|---|---|
| સુખી જીવનનું સીક્રેટ | 125 |
| ઉન્નત જીવનનું એવરેસ્ટ | 125 |

**રોહિત શાહ**

| | |
|---|---|
| આ અબ લૌટ ચલેં | 100 |
| મુઝકો યારો માફ કરના | 100 |

**દિનેશ પાંચાલ**

| | |
|---|---|
| સંસારની સિતાર | 200 |
| મનના માયાબજારમાં | 200 |

**ભાણદેવ**

| | |
|---|---|
| જીવનદર્શન | 125 |

**હસમુખ પટેલ**

| | |
|---|---|
| પોતાનું એવરેસ્ટ | 90 |
| વ્યક્તિત્વનો વ્યોમવિહાર | 120 |

**શ્રી ચંદ્રપ્રભ**

| | |
|---|---|
| સફળતાની સોનેરી ચાવી | 120 |
| મનનાં પાપ ધોવા શું કરશો ? | 100 |
| સફળતાનો શોર્ટકટ | 200 |
| જીવનમાં સફળતા મેળવો 100 % | 150 |

**શ્રી લલિતપ્રભ**

| | |
|---|---|
| જીવન જીવવાની કળા | 235 |
| 74 પ્રેરણાત્મક વાર્તાઓ | 100 |
| **Life Moulding Series (Books-6) Lalitprabh** | **182** |
| Spread Happiness | 30 |
| Say Goodbye to Conceit | 30 |
| Say Goodbye to Stress | 30 |
| Say Goodbye to Anger | 30 |
| Say Goodbye to Worry | 40 |
| Say Goodbye to Enimity | 22 |

**દેશ-વિદેશના શ્રેષ્ઠ અનૂદિત લેખ-સંગ્રહો**

**વસાવવા અને વહેંચવા જેવાં અણમોલ પુસ્તકો**

| | | |
|---|---|---|
| જ્ઞાન અને શરીર મન સંબંધની સમસ્યા | લે. કાર્લ પોપર, અનુ. અંબરિષ મહેતા | 125 |
| અલીબાબા's World | પોર્ટર એરિસમનિ, અનુ. કેયૂર કોટક | 160 |
| વનવાસમાં મુક્તિ | દલાઈ લામા, અનુ. યોગેશ દેસાઈ | 125 |
| સળગતાં સૂરજમુખી (અંગ્રેજી) | ઇર્વિંગ સ્ટોન, અનુ. વિનોદ મેઘાણી | 450 |
| દિલની વાણી બોલો | લે. માર્શલ બી. રોઝન બર્ગ, દિલીપ સોની, રેમંડ પરમાર | 200 |
| જીવનપરિવર્તનનું રહસ્ય (પુરસ્કૃત) | રોહિત મહેતા, અનુ. યોગેશ દેસાઈ | 56 |
| સંચય (બંગાળી) | રવીન્દ્રનાથ ઠાકુર, અનુ. સુરેશ હ. જોશી | 75 |
| એક દાર્શનિકની શોધયાત્રા | અનુ. યોગેશ દેસાઈ | 100 |
| રેવા ખંડ | અનુ. ભાનુપ્રસાદ જોશી | 100 |
| સહચિંતન | અહલ્યાચારી, અનુ. ગિજુભાઈ દવે | 35 |
| કાર્યશૈલી (મરાઠી) | અનિલ શિદોરે, અનુ. કિશોર ગૌડ | 100 |
| કાર્યસંસ્કૃતિ (મરાઠી) | અનિલ શિદોરે, અનુ. કિશોર ગૌડ | 100 |
| લોહીનાં આલિંગન | ઝવેરચંદ મેઘાણી, સંપા. વિનોદ મેઘાણી | 75 |
| નૈવેદ્ય | રવીન્દ્રનાથ ઠાકુર અનુ. નગીનદાસ પારેખ | 45 |
| તીર્થસલિલ (વિભૂતિઓ સાથેના વાર્તાલાપ, બંગાળી) | દિલીપકુમાર રાય, અનુ. નગીનદાસ પારેખ | 200 |
| એક યુગનો અંત | અનુ. હિંમતભાઈ મહેતા | 200 |
| કવિકથા | ભોળાભાઈ પટેલ | 50 |
| કથાસાહિત્યમાં નારી | અનિલા દલાલ | 50 |
| ધરતીની ભીની સોડમ | ઇન્દિરા સંત, અનુ. હીરાલાલ શાહ | 60 |
| ઓડીયા સાહિત્યદર્શન | સંપા. વર્ષા દાસ | 150 |
| સમાજ ચિંતન અને બીજા લેખો | સ્વામી આનંદ | 25 |
| તો ભલે તેમ જ હો (બંગાળી) | સોમેન્દ્રનાથ બસુ, અનુ. મોહનદાસ પટેલ | 20 |
| મહાભારત એક આધુનિક દૃષ્ટિકોણ | અનુ. અનિલા દલાલ | 42 |
| પ્રાચીન કાવ્યશાસ્ત્ર | અનુ. જયાબહેન મહેતા | 18 |
| ત્યારે કરીશું શું ? | લિયો તોલ્સતોય અનુ. નરહરિ પરીખ | 40 |
| પંચભૂત (બંગાળી) | રવીન્દ્રનાથ ઠાકુર, અનુ. નગીનદાસ પારેખ | 70 |

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

**ગૂર્જર સાહિત્યભવન**

રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ - 380 001
ફોન : 079-22144663.
e-mail : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**

102, લૅન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ સિટીસેન્ટર પાસે, સીમા હૉલની સામે,
100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર, અમદાવાદ-15 ફોન : 26934340, મો. 9825268759
ઇમેલ : gurjarprakashan@gmail.com

# વર્ષ ૧૯૫૮થી આખા ભારતમાં લોજીસ્ટીક સોલ્યુશન આપતી કંપની




**800+** MODERN VEHICLES

**22** STATES+ 4 UTs

**650+** BRANCHES

## અમારી વિશેષતાઓ – સિંગલ વિન્ડો પ્લેટફોર્મ

- VT/VX ની ૬૫૦+ શાખાઓ
- ISO 9001:2015 પ્રમાણિત કંપની
- Robust Systems & Processes પર કાર્યરત
- Trace & Track Facility સાથે સંપુર્ણ કોમ્પ્યુટરાઈઝ્ડ નેટવર્ક
- બુકીંગ થી ડિલીવરી સુધી સામાનને Complete Insurance Cover
- ૧૦ કિલોથી ફુલ ટ્રક લોડ સુધીના પાર્સલ સ્વીકારીએ છીએ
- ૧૦૦૦૦૦+ સંતુષ્ટ ગ્રાહકો
- Hard Freight Surface Transportation માં ૬ દાયકાનો અનુભવ
- રોડ, એર અને રેઈલ દ્વારા Door to Door Express Cargo
- વિસ્તૃત થઈ શકતી Sypply Chain & Inventory Management

**V-TRANS®**
Driving Excellence

Our other Divisions | V-Xpress (Safe and Reliable - For Your Peace of Mind) | V-Logis (Warehousing & Inventory Management)

Unit 6, Corporate Park, VN Purav Marg, Chembur, Mumbai, Maharashtra - 400071
Toll Free: 1800 220 180 / Website: vtransgroup.com / Email: info@vtransgroup.com
Download: V-Trans APP from Google/IOS

# દરેક દર્દીને "ની રીપ્લેસમેન્ટ" ની જરૂર નથી

# માઈક્રોપ્લાસ્ટી



## આધુનિક અભિગમ

- ઓછી પીડા - ઓછો હોસ્પિટલ સ્ટે - ઓછો રક્તસ્ત્રાવ - ઓછી ફીઝીયોથેરાપી - ઓછો ખર્ચ
- વધુ કુદરતી અનુભવ - વધુ સલામત - વધુ સંતોષ - વધુ ફ્લેક્સીબીલીટી - વધુ સ્ટેબીલીટી



## ડૉ. હેમાંગ બી. અંબાણી

**M.B.M.S**

**જોઈન્ટ રીપ્લેસમેન્ટ સર્જન**

**નિષ્ણાંત, માઈક્રોપ્લાસ્ટી, પ્રાઈમરી એન્ડ રીવીઝન ની રીપ્લેસમેન્ટ સર્જરી**

ફેલો એટલાન્ટા એન્ડ ઈન્ડીયાનાપોલીસ યુ.એસ.એ., વુઝબર્ગ જર્મની, બ્રેશીયા ઈટાલી

**ડૉ. અમીર સંઘવી**
**જોઈન્ટ રીપ્લેસમેન્ટ**
ફેલો ઓસ્ટ્રેલીયા, યુ.એસ.એ. યુ.કે.

**ડૉ. ચિરાગ પટેલ**
**જોઈન્ટ રીપ્લેસમેન્ટ**
ફેલો ઓસ્ટ્રેલીયા સીડની

**ડૉ. અતીત શર્મા**
**જોઈન્ટ રીપ્લેસમેન્ટ**
ફેલો બેલ્જીયમ, સીંગપુર, જર્મની. યુ.એસ.એ

Shivam Orthopaedic Hospital & Joint Replacement Centre

Shree Orthocare Strength in Togetherness

SAL HOSPITAL Healthcare With Human Touch

E-mail : h_amani@hotmail.com
Website : www.hemangambani.com I www.shivamhospitalinfo.co I www.shreeorthocare.com

**એપોઈન્ટમેન્ટ : ૦૭૯-૨૬૩૦૧૯૮૬, ૨૬૩૦૮૯૭૬, ૦૯૪૨૮૫૯૫૩૦૨, ૯૮૨૪૦૩૩૩૬૦**

"Mangal Mandir" - Regd. under Postal Registration No. GAMC-315/2018-2020 Valid upto 31st December, 2020 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 5th of Every Month.
R.N.I. No. of RNP is 33266/1978 • Published on 1st of Every Month

